Vol. 43, No. 1
May 2022
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

અનહદ બાની

□ સુભાષ ભટ્ટ

એમ કહેવાય છે કે ગૂગલને દર મિનિટે ૩.૮ મિલિયન, દર કલાકે ૨૨૮ મિલિયન, દિવસની ૫.૬ બિલિયન અને વરસની ૨ ટ્રિલિયન સર્ચની વિનંતી આવે છે. આપણે માનીએ છીએ કે દરેક પ્રશ્નનો ઉત્તર હોય છે અને તેને મેળવવાનો હોય છે. સવાલ પૂછવાથી જવાબ મળી જાય છે, પણ સમાધાન નથી મળતું. સમાધાન મેળવવા કે પામવા માટે ક્યારેક પ્રશ્નને પૂછવાનો નથી, પણ એની સાથે રહેવાનું હોય છે, જીવવાનું હોય છે.

એક ખોજી પ્રશ્નકાર એક ગુરુ પાસે જઈ ચડ્યો અને પૂછ્યું, 'ગુરુજી આપની પવિત્રતાનું રહસ્ય શું છે?' તો ગુરુજીએ સામો પ્રશ્ન કર્યો, 'તારો કૂવો કેટલો ઊંડો છે?' આ પળે ખોજી થોડો મૂંઝાયો અને બોલ્યો, 'હું તો નગરમાંથી આવું છું. અમારે ત્યાં કૂવાઓ નથી હોતા. અમારે તો નગરથી દૂરના કોઈ તળાવ - સરોવરમાંથી જળને પાઇપ દ્વારા અમારા ઘર સુધી પહોંચાડવામાં આવે છે.' ત્યારે ગુરુજી આમ બોલ્યા, 'કદાચ તારી આજ તો સમસ્યા છે. અહીંથી જા અને તારો કૂવો તું સ્વયં ખોદી કાઢ અને તારું જળ તું સ્વયંમાંથી પામી લે અને હા, જળની સરવાણી ન ફૂટે ત્યાં સુધી ખોદ્યા કરજે. જેથી તારા આત્માનું પોષણ, તારા સ્વયં પ્રાપ્ત કરેલ જળમાંથી થાય.'

કદાચ, આપણે સૌએ અંદરથી આવતા ઉત્તરની પ્રતીક્ષા કરવાની છે. પ્રયાસથી ઊંચાઈ મળે, પણ પ્રસાદથી ઊંડાઈ મળે છે. પવિત્રતામાં પ્રયાસ અને પ્રસાદનો સમન્વય છે. પવિત્રતા તો આપણા સમગ્ર હોવામાંથી આવે છે, બાહ્ય વિધિ-વિધાનોમાંથી નથી આવતી. ડુંગરપુરી કહે છે,

'દલ દરિયામેં ડૂબકી દેણા,
મોતી લેણા ગોતી હે - જી - હાં -

ખારા સમંદરમાં છીપ બસત હૈ, ભાત ભાતરાં મોતી;
ઈ મોતી કોક મરજીવા માણે, નહીં પુરાણ, નહીં પોથી.'

□□□

૧૨૯

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૩ અંક : ૧, મે ૨૦૨૨

સંસ્થાપકો :

કનૈયાલાલ મુનશી

શ્રીગોપાલ નેવટિયા

સમર્પણ : સ્થા. ૧૯૫૯

નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદક:

દીપક દોશી

સહાયક સંપાદક:

અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :

પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન, કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.

E-mail : deepsamarpan@yahoo.com
website : www.navneetsamarpan.com

રવાનગી વિભાગ :

૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ :
જયેશ જોશી, કેસૂડો

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.
❑ ઓનલાઈન લવાજમ માટે www.navneetsamarpan.com



મુનશીવાણી

જુલાઈ ૧, ૧૯૬૩

હિન્દુ ધર્મને થયેલા પડકારો, નવો પડકાર

મારા નવયુવાન મિત્ર,

હવે અર્વાચીન વિજ્ઞાન અને ટેક્નોલૉજીએ વળી એક નવો પડકાર આપ્યો છે. સંપત્તિ અને સફળતાને જ જીવનનાં ચરમ લક્ષ્યો માનતું નવું નગરજીવન સર્જાયું છે. આ જીવનમાં કોઈ નિશ્ચિત સામાજિક ધોરણો નથી. શાળાઓ અને કૉલેજો સામાજિક, નૈતિક, ધાર્મિક કે આધ્યાત્મિક આદર્શોથી અસ્પૃશ્ય અને કેવળ ભૌતિક મૂલ્યો પર ભાર મૂકતું વાતાવરણ સર્જે છે, છબીઘરો તેમનાં મંદિરો છે અને નિરતિશય પ્રમોદવાદ તેમનો સૌથી વધુ પ્રિય સંપ્રદાય છે.

પશ્ચિમમાંથી વિચારો ઉછીતા લેનાર શિક્ષિતો એમ માનવા લાગ્યા કે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે પરંપરાગત વિરોધ છે. આ તો પશ્ચિમે ઊભો કરેલો ભ્રમ માત્ર છે. હિંદુ ધર્મમાં હંમેશાં વિજ્ઞાનને સ્થાન અપાયું છે. આપણે હંમેશાં માનતા આવ્યા છીએ કે કેવળ મૃગજળ પર આધારિત ધાર્મિક સિદ્ધાંતો ક્યારેય ટકી શકતા નથી અને વિજ્ઞાન તથા ભૌતિકવાદ માનવીની ધાર્મિક આકાંક્ષાઓનો ક્યારેય સંતોષજનક ઉત્તર આપી શકતા નથી.

પશ્ચિમની મોહિનીથી અંજાયેલા કેટલાય શિક્ષિતો ધર્મને અનિષ્ટ તત્ત્વ અથવા તો સુખી અને સમૃદ્ધ જીવન માટે અનાવશ્યક તત્ત્વ માને છે. હું તેમની સમક્ષ એક સમસ્યા મૂકવા ધારું છું. આપણા જીવનમાંથી જો ધર્મને લઈ લેવામાં આવે તો શું રહે? જો રામાયણ અને મહાભારત ભુલાઈ જાય તો શું? જો એમાંથી શ્રીકૃષ્ણ કે ભગવદ્ગીતાને લઈ લેવામાં આવે તો શેષ શું રહે? આપણા જીવનને સ્થિરતા આપતી વિધિઓ કે પ્રાર્થનાઓને પડતી મુકાય કે આપણી શ્રદ્ધાનું કેન્દ્ર બનેલાં લાખો મંદિરોનો નાશ થાય તો?

જો એમ બને તો ધર્મની સાથે વિગ્રહ માંડી બેઠેલાઓ જે કંઈ ઝંખે છે એ બધું જ નામશેષ થશે. રહેશે કેવળ અનિષ્ટ-સંકુચિતતા, સ્વાર્થપરાયણતા, લાલસા, વાસના, દ્વેષ, રુશવતખોરી, દુષ્ટતા અને યુદ્ધો.

તો આપણા વચ્ચેથી ધર્મનો ઉન્નત કરતો પ્રભાવ અદૃશ્ય થશે, વ્યક્તિ અને સમાજને વધુ ઉન્નત ભૂમિકા ઉપર લઈ જતા રાજમાર્ગનાં દ્વાર બંધ થઈ જશે.

[ક્રમશઃ]

॥ શબ્દમૂળની શોધ ॥




ભીલી, ભેલી, ભેલું

☐ હેમન્ત દવે

જૂનો *સાર્થ ગુજરાતી જોડણીકોશ* 'ભેલી'નો અર્થ એ કાઠિયાવાડી શબ્દપ્રયોગ છે એમ નોંધીને 'ગોળની (નાની) ચાકી' અને 'ભેલું'નો અર્થ 'ગોળની ચાકી' આપી વ્યુત્પત્તિમાં 'હિન્દી' સૂચવે છે. સંશોધિત સાર્થ કોશ એની બે પ્રવિષ્ટિ કરી, જૂના કોશના અર્થ આપી એમાં 'રવો' એટલો નવો પર્યાય ઉમેરે છે, જે બરાબર છે. કે૰ કા૰ શાસ્ત્રીના *બૃ૰ ગુ૰ કોશ*માં આ બન્ને શબ્દો સામે 'ભીલી' એમ પ્રતિનિર્દેશ મુકાયો છે એટલે એમ લાગે છે કે એમના મતે મુખ્ય શબ્દ 'ભીલી' છે જ્યારે 'ભેલુ' અને 'ભેલી' એનાં અન્ય રૂપ છે. એમણે 'ગોળની ચાકી' એવી સમજૂતી આપી એની વ્યુત્પત્તિ 'અસ્પષ્ટ' હોવાનું જણાવ્યું છે. હિન્દીમાં 'ભેલી'નો અર્થ 'ગોળનો રવો' છે. આ શબ્દ હિન્દી ઉપરાંત નેપાળી, મરાઠી અને ઓડિયા ભાષામાં પણ છે. દ્રાવિડી ભાષાઓમાં તમિળ અને મલયાળમમાં 'વેલ્લમ'નો અર્થ ગોળ છે. કાનડી, તુળુમાં 'બેલ્લ' અને તેલુગુમાં 'બેલ્લમુ'નો અર્થ ગોળ થાય છે (દ્રા૰ વ્યુ૰ કોશ, ૫૪૯૪). બરો અને એમનો આ શબ્દની પ્રવિષ્ટિમાં મરાઠી અને ઓડિયા ભાષાના શબ્દોનો પ્રતિનિર્દેશ આપે છે. પણ એ શબ્દ ગુજરાતી અને નેપાળીમાં પણ છે એ જોતાં આ શબ્દનો વ્યાપ મોટો હતો એ સ્પષ્ટ થાય છે પણ એની વ્યુત્પત્તિ વિશે કશું કહી શકાય તેમ નથી.

❑❑❑



પ્રેમ એટલે...

☐ મકરન્દ દવે

૨૬-૭-૧૯૬૬
સવાર - ૮.૧૦

પ્રશ્ન ૧) પ્રેમ એટલે શું? એનું સ્વરૂપ શું? સાંસારિક માણસના પ્રેમ કરતાં આધ્યાત્મિક માણસનો પ્રેમ ક્યાં ને કેવી રીતે જુદો પડે છે? પ્રેમમાં self-interest કેટલો ને સામી વ્યક્તિનું સ્થાન કેટલું? જે માણસ frustration થતાં સામી વ્યક્તિનું ખૂન કરવા સુધી પ્રેરાય છે તે જ માણસ frustrate થવાને બદલે response પામે તો તીવ્ર પ્રેમ કરતો જ હોય છે. એ પ્રેમમાં અને સાચા પ્રેમમાં ફરક શો છે? પ્રેમમાં મુક્તિ - એનો અર્થ શો થાય છે?

જવાબ : પ્રેમ એ વિશ્વનું અનિર્વચનીય પણ મૂળભૂત બળ છે. અણુઓના સંયોજનથી માંડી બ્રહ્માંડોના નિર્માણ પાછળ આ પ્રેમની શક્તિ જ કામ કરી રહી છે. પદાર્થોની સુષુપ્ત, પ્રાણીઓની અર્ધસુપ્ત, મનુષ્યોની જાગ્રત (મનુષ્યરૂપે

રહેલ પશુ નહીં, પણ ખરેખર માનવ) – આકર્ષણશક્તિ પાછળ આ પ્રેમ રહ્યો છે. અત્યંત સ્થૂળથી માંડી અત્યંત સૂક્ષ્મ સુધી એની જ રમણા છે. સ્થૂળમાં એ પોતાને જ કેન્દ્રમાં રાખી, પોતાને માટે જ બીજાનો વિનિયોગ કરવા પ્રેરાય છે, સૂક્ષ્મમાં એ પોતાના કેન્દ્રમાંથી નીકળી અન્યમાં નામશેષ થઈ જવા નીકળી પડે છે.

પ્રેમનું આ સ્વરૂપ એક દૃષ્ટાંતથી સમજાવું. અત્યંત ઉત્કટ, તીવ્ર પ્રેમ પશુત્વમાંથી પરમહંસ દશા સુધી કેવી રીતે પ્રગટ થાય છે?

એક ઝરણાને કાંઠે વાઘ બેઠો છે. કલાકો સુધી, ચૂપચાપ બેસી રહ્યો છે. સામેથી હરણ ચરતું આવે છે. વાઘ હરણને ચાહતો હોવો જ જોઈએ, કારણ કે નહીં તો હરણ પર એની આંખો આમ અપલક મંડાઈ ન રહે. હરણને એ કદાચ એટલું બધું ચાહે છે કે એ પોતાની ભયાનક ક્ષુધામાં એ હરણને હોમી દેવા માગે છે અને એનું જુદું અસ્તિત્વ જ રહેવા દેવા માગતો નથી. હરણ પર વાઘ તરાપ મારે છે, એને ચૂંથી નાખે છે, એનો કોળિયો કરી જાય છે. – આમાં હરણ પ્રત્યે એક પોતાના આહાર તરીકે, ભોગ તરીકે, વાઘનો ઉત્કટ, તીવ્ર પ્રેમ જ રહ્યો છે.

હરણ નજીક આવે છે. ઝરણાને બીજે કાંઠે કોઈ સાધુ ધ્યાનમાં બેઠો છે. પરમાત્મના ચિંતનમાં મગ્ન છે. અચાનક એ કાંઈ હલચલ સાંભળે છે. જુએ છે તો વાઘના મોંમાં હરણ ધસી જાય છે. વાઘ ગર્જના કરતો તરાપ મારે ત્યાં સાધુ ઝડપથી વચ્ચે આવી ઊભો રહે છે. પોતાનો પ્રાણ જાય પણ હરણને ઊની આંચ પણ ન આવવી જોઈએ. હરણ પ્રત્યે એનો પ્રેમ એટલો ઉત્કટ, તીવ્ર છે કે પોતાની જાતનું ભાન ભૂલી જાય છે. એ પોતે જ જાણે વાઘના મોંમાં પડેલું હરણ બની જાય છે. વાઘમાં પ્રેમનો આત્મકેન્દ્રિત હુંકાર પ્રગટ થાય છે. સાધુમાં પ્રેમનું આત્મવિલોપિત સમર્પણ. પ્રેમના આ સ્વરૂપને તમે માનવ-વહેવારમાં પણ જોઈ શકો. બહુ જ રેશમી સ્વરૂપનો લાગે, પણ પશુત્વનો પ્રેમ પંજામાં પકડે છે, વ્યક્તિત્વનો નાશ કરે છે. પેલો કરોળિયો જાળ ગૂંથી કહે છે એમ : Will you please enter my parlour? Said the spider to a fly. આવી આહુતિની પાછળ ભયંકર લિપ્સા જોઈ શકાય છે. આંખો ઉઘાડી રાખી જોઈએ તો.

સાંસારિક માણસના પ્રેમ કરતાં આધ્યાત્મિક માણસનો પ્રેમ અહીં જુદો પડે છે. સાંસારિક માણસ વાઘની જેમ સ્થૂળ રીતે ખાઈ નથી જતો, પણ એની 'ભોગ્યભાવના' સામી વ્યક્તિના જીવનબળનો નાશ નોતરે છે. ગૌરાંગે પ્રેમની વ્યાખ્યા કરતાં આ સત્ય સચોટ બતાવી આપ્યું. બંગાળી કાંઈક આવું યાદ છે :

કામ જા'રે બોલે આત્મપ્રતિ,
પ્રેમ જારે બોલે કૃષ્ણરતિ.

પોતાના આનંદને ખાતર સામી વ્યક્તિનું શોષણ એ કામના. બીજાના આનંદને ખાતર પોતાનું વિલોપન એ પ્રેમ. આ પ્રેમ વિકૃત ન હોય તો કામથી શરૂ થઈ પ્રેમ સુધી પહોંચી શકે. સ્વાભાવિક સ્થિર ગતિથી ઉપર ને ઉપર ઊઠી તે પ્રેમમાં મુક્તિ પણ અનુભવી શકે. પ્રેમમાં self-interest શરૂમાં હોય તો પણ એનું પગલું self enlighten થતાં selfless દિશામાં પડે. એ જ પ્રગતિ. self મોટી બને તો અધોગતિ. જે માણસ frustrate થતાં ખૂન કરવા પ્રેરાય અને response મળે તો તીવ્ર પ્રેમ કરતો હોય ત્યારે પણ એની તીવ્રતામાં એની self, એનો interest for his own self જ કામ કરે છે. શિકારી અને શિકારની જ કથા, જરા જુદા level પર છે. એ પ્રેમમાં અને સાચા પ્રેમમાં ફરક એટલો જ કે જ્યારે frustration મળે, response ન મળે ત્યારે સાચો પ્રેમ અન્યની શુભકામના કરતો, સદાય સહાયમાં તત્પર રહેતો - અને જરૂર પડતાં પ્રાણને પણ ઓવારી નાખતાં પાછો નથી પડતો. જેને 'પ્રેમ' કહી શકાય એનું આ વિશુદ્ધ સ્વરૂપ છે. બાકી બીજાં તો સમાધાનો, સોદાગીરી, સામાજિક સલામતીની ગોઠવણો કે છેવટ છલના જ હોય છે. 'પ્રેમ ન વાડી નીપજૈ' - આ selfને સાચવી રાખવાની સલામતીની વાડ. 'પ્રેમ ન હાટ બિકાય' બોલો શું જોઈએ? હીરા-મોતી-માણેક! આ પ્રેમને નામે સમૃદ્ધિનો સોદો, પણ પોતાની કોઈ સલામતી કે સોદા વિના 'સિસ' દેવા તૈયાર થાય એને પ્રેમ મળે જ છે. આ પ્રેમ એટલે જ મુક્તિ, કારણ કે જ્યાં self ત્યાં desire અને જ્યાં desire ત્યાં subjection, ગુલામી. અરવિંદે સરસ કહ્યું : Desire is a badge of subjection. હું - એ ચાહે ત્યારે બાંધે અને બહાર નીકળો તો હત્યા કરે. તું - ચાહે ત્યારે તારે અને બહાર નીકળો તો પૂર્ણ જીવન આપે, - જ્યાં પછી અંદર કે બહારનું જુદું અસ્તિત્વ જ રહેતું નથી. વિદ્યાપતિનું પદ યાદ આવી જાય : બે પગલાં છે આ પ્રેમનાં :

કાહે દેર કરત, સજની!
સાજન કી નગરિયા જાના હૈ,
જો ખોયા થા, ઉસકો પાકર
ફિર ઉસમેં હી ખો જાના હૈ

0

લો, પ્રીત કી જીત હુઈ, સાજન!
જો બિછુડે થે વો મિલ ગયે
તૂ તૂ ન રહે, મૈં મૈં ન રહું
કુછ ઐસા દમ ઘુલમિલ ગયે
આનું નામ પ્રેમમાં મુક્તિ.

મને લાગે છે પ્રશ્નનો જવાબ મેં સ્પષ્ટ અને સવિસ્તર આપ્યો છે. છતાં ધૂંધળું અને અધૂરું લાગે ત્યાં વધુ ચોખવટ કરીશ.

બીજો પ્રશ્ન :

આદર્શ દાંપત્ય એટલે શું? પતિ-

પત્નીના પરસ્પર સંબંધનું સ્વરૂપ કેવું હોય તો તમે એને સુંદર, કલ્યાણકારક કહો? બે વચ્ચેની નિકટતા વધુમાં વધુ કેટલી હોઈ શકે? Complete oneness એ શું સિદ્ધ કરી શકાય એવી સ્થિતિ છે? પ્રેમ તેમને શું આપે છે? પ્રેમ માટે તેમને શું આપવું પડે છે? વિચારો, ખ્યાલો, concepts માત્ર નહિ પણ realistically તમે આ બધું વિચારી જોયું છે?

જવાબ : આદર્શ દાંપત્ય માટે આપણને કાલિદાસે એક બહુ જ સાર્થ અને સરસ શબ્દ આપ્યો છે. 'ભાવૈક્ય.' બટુક વેષધારી શિવ જ્યારે શિવનિંદા કરે છે કે એ તો સ્મશાનવાસી, વૈરાગી, દરિદ્ર, વિચિત્ર આચાર-વિચાર, સર્પનાં આભૂષણ, ભૂતનો સહવાસ, તારા જેવી રૂપસી માટે તે કાંઈ યોગ્ય સાથી નથી, ત્યારે પાર્વતી જવાબ આપે છે : શું કરું ભાઈ! તારી બધી જ વાતો સાચી, પણ શિવમાં મારું હૃદય ભાવૈક્ય પામી ગયું છે. આ 'ભાવૈક્ય'ની વ્યાખ્યા પણ કઠિન અને 'આન્તરઃ કોઽપિ હેતુઃ' બધાં જ બાહ્ય આવરણો, વિરોધાભાસો, મર્યાદાઓ ભેદીને જે પ્રગટ થયા વિના રહેતું નથી અને સાયુજ્ય પામ્યા વિના જંપતું નથી એ તત્ત્વ ગણવું જોઈએ. ભવભૂતિ કેટલું સાચું કહી ગયો!

વ્યતિખજતિ પદાર્થાન્ આન્તરઃ કોઽપિ હેતુઃ
ન બહિરુપાધિન્ પ્રીતયઃ સંશયન્તિ ।

અંતરાત્માની આ green light જ વૈવાહિક જીવનને પ્રેરે તો એ ever green and ever luminous રહી શકે. - તો આદર્શ દાંપત્યના મૂળમાં પડ્યું છે આ 'ભાવૈક્ય.'

જો મૂળમાં આ અમરબીજ પડ્યું હોય તો પતિ-પત્નીના પરસ્પર સંબંધમાં એક જાતનો સંવાદ પ્રગટે છે. આ આંતરિક સંવાદ જ બહારની બધી જ મર્યાદાઓ અને વિરોધાભાસોને હટાવીને અંકુરની જેમ માથું ઊંચકે છે. છોડની જેમ હવામાં આનંદ ઝૂમે છે. વૃક્ષ થઈ છાયા ઢાળે છે અને ફળ આપે છે. જીવનનું આ જ સાફલ્ય. પતિ-પત્નીનો આવો સંબંધ માત્ર પોતાના અંગત જીવનમાં જ નહીં, પણ સમાજમાંયે સુંદર અને કલ્યાણકારક પરિણામો લાવે છે.

'બે વચ્ચેની નિકટતા વધુમાં વધુ કેટલી હોઈ શકે? Complete oneness શું સિદ્ધ કરી શકાય એવી સ્થિતિ છે?' - 'ભાવૈક્ય'ની નિકટતા અંતરનાયે અંતરમાં ઊંડે-ઊંડે અડોલ હોય તો પછી બંનેનું જીવન જુદા-જુદા સ્તરો પર નિકટતા ને વધુ નિકટતાની આનંદયાત્રા જેવું બની જાય. આ નિકટતાની જે સ્તર પર, જે સમયે એ નિકટતા અનુભવાતી હોય ત્યારે અપૂર્ણ કે અતૃપ્તિકારક નથી હોતી, પણ એમાંથી જ - પૂર્ણમાંથી પૂર્ણના પ્રાગટ્યની જેમ નવી જ નિકટતા અનુભવાય અને જાણે નવું શિખર સર કર્યું હોય એવું લાગે. જેવી રીતે કળી બેસે છે ત્યારે એ સંપૂર્ણ કે અસુંદર નથી હોતી. એનું પોતાનું એક પૂર્ણ

સૌંદર્ય અને માધુર્ય હોય છે. એ કળી જ્યારે પુષ્પરૂપે પ્રગટે ત્યારે વળી એનું જુદું જ સૌંદર્ય. પોતાનામાં પરિપૂર્ણ અને સુવિકસિત, સુવાસિત. એ ફૂલ જ્યારે ફળરૂપે પરિણમે ત્યારે જુદો જ આહ્‌લાદ અને રસપૂર્ણ આવિર્ભાવ. આમ સહજીવનની નિકટતાના વિકાસનું પણ સ્વરૂપ છે. એ સ્વરૂપ એક રીતે દરેક સ્તરે complete onenessનું હોય છે અને વધુ complete oneness ભણી વિકસતું જતું હોય. વિદ્યાપતિએ એટલે જ કહ્યું : લાખ લાખ જુગ હિય હિય રાખિલ, તયો હિય જુડલ ન ગેલ.



સાંઈ-ઈશા અંતરંગ
મકરન્દ દવે અને કુન્દનિકા કાપડીઆ વચ્ચેનો લગ્ન પહેલાંનો પત્રવ્યવહાર
સંપાદક : મીનુ ભટ્ટ, વિમલ વ. દવે
પ્રકાશન – નવભારત સાહિત્ય મંદિર
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ - ૧, પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨,
પૃષ્ઠ : ૪૪૮, કિંમત રૂ. ૫૭૫/-

લાખો જુગ હૃદય સાથે હૃદય જોડી રાખો, પણ જાણે આ જોડાણથી વધુ જોડાણ હોય એમ અવકાશ રહ્યા જ કરે. આ અવકાશની યાત્રા એ પ્રેમની મુક્તિ ભણીની જ યાત્રા. હૃદય જોડાઈ જ ગયું. હવે જોડાવાનું કશું બાકી ન રહ્યું. Complete oneness આવી ગઈ. આ complete onenessની દરેક સિદ્ધિ – વધુ ઊંચી અને મહત્તર સિદ્ધિની ટૂક ચીંધી જતી હોય છે. થાય છે : આથી વધુ સ્પષ્ટતા કરવાની જરૂર નથી.

તો છેવટનો પ્રશ્ન :

પ્રેમ તેમને શું આપે છે?

આ જીવનનું સંપૂર્ણ માધુર્ય, જે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં, વ્યક્તથી અવ્યક્તમાં, જીવનથી મૃત્યુમાં - અને મૃત્યુમાંથી અમર જીવનમાં આગળ ને આગળ લઈ જાય છે. એક જ વ્યક્તિમાં સંપૂર્ણ લય પામીને વ્યક્તિ 'યુક્તાત્મા' બનીને જ સાચા અર્થમાં 'મુક્તાત્મા' બની જાય છે. આવી રીતે સ્ત્રી-પુરુષે - પ્રકૃતિનાં બે વિભિન્ન સ્વરૂપોએ યુક્ત થવું એ જ પ્રકૃતિલયનો માર્ગ - એટલે મુક્તિનો માર્ગ.

'પ્રેમ માટે તેમને શું આપવું પડે?'

પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ.

આને realistically વિચારી જોયું છે એમ કહી શકું અને વધારે તો આચરી બતાવવા સંનિષ્ઠ પ્રયત્ન કરું છું.

- પુસ્તકમાંથી સાભાર



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૭

☐ કૂપમંડૂક

પ્રશ્ન કરવામાં આવ્યો છે કે હું ‘કૂપમંડૂક’ના નામે શા માટે લખું છું? વાત એમ છે કે ભગવાન રામકૃષ્ણ તો ભક્તિ, જ્ઞાન, આધ્યાત્મિકતા વગેરે વગેરેના એક વિરાટ સાગર છે. કહો કે સાત સાગરોનો સમૂહ છે. અને હું કોણ? એક લીલાછમ વિરાટ વટવૃક્ષનું સુકાઈ ગયેલું પાંદડું. તેમના વિશે લખવાની મારી શી હેસિયત? તેમના ૧૬ સંન્યાસી ચેલાઓ અને અનેક ગૃહસ્થી શિષ્યોની તેમના વિશેની સમજનો સરવાળો કરો તો એ ઈશ્વરના આ અવતારનાં જીવન અને કાર્ય વિશે પાંચ ટકાનું પણ જ્ઞાન ન આપી શકે.

આ મહાસાગરમાંથી કોઈ બાલદીથી થોડુંક પાણી લઈ શકે તો કોઈ લોટાથી, મારા જેવો નાચીજ બંદો એક ખોબો લઈ શકે અને એ લેતાં, સમજતાં દાયકાઓ નીકળી જાય.

એક દિવસ એક સભામાં સ્વામી વિવેકાનંદને ભગવાન રામકૃષ્ણ વિશે બોલવાની વિનંતી કરવામાં આવી.

સ્વામીજીએ કહ્યું કે આ શક્ય જ નથી અને તેમણે એક ઉચ્ચતમ કક્ષાના શિલ્પીની વાત કરી. એ મૂર્તિના સ્વરૂપને મનમાં કેદ કરી કામ શરૂ કરે. રાત-દિવસ એક કરી એ મૂર્તિ પૂરી કરે. પૂરી થાય ત્યાં સુધી એ પાછળ હઠી મૂર્તિને જુએ પણ નહીં. એવો હતો એ લાજવાબ કલાકાર.

કોઈકે તેને શિવજીની પ્રતિમા ઘડવાનું કામ સોંપ્યું. તેની રીત મુજબ તેણે કામ શરૂ કર્યું. મૂર્તિ ઘડાઈ રહી કે તેણે બે કદમ પાછળ જઈને તેના સર્જન ઉપર નજર ઠેરવી. જુએ તો મહાદેવને બદલે વાંદરાની મૂર્તિ બની ગયેલી. કદાચ શિવજીએ તેને પોતાની કલા પર જે અભિમાન હતું એના આ રીતે ભુક્કા બોલાવી દીધા.

વિવેકાનંદે કહ્યું કે તેમણે ઠાકુર વિશે બોલવાની ચેષ્ટા નથી કરવી. નહીં તો તે શિલ્પી જેવા હાલ થાય. એક દિવસ ગિરીશ ઘોષે વિવેકાનંદને કહ્યું કે પ્લીઝ નરેન, તું ઠાકુરનું જીવનચરિત્ર લખ. નરેન આઘાત ખાઈ ગયો.

કહે, ''સમગ્ર સાગરને સૂકવી નાખવા તું મને કહે, હું એ કરીશ. બધા પર્વતોનો ભૂકો કરી નાખવા તું મને કહેશે તો હું એ કરીશ, પરંતુ મહેરબાની કરી શ્રી રામકૃષ્ણના જીવન વિશે લખવા મને કદી કહીશ નહીં.''

મતલબ કે ભગવાનને સમજવા અને તેમની લીલાને પામવી અને એનું વર્ણન કરવું એ સાગરને સૂકવવા અને પર્વતને જમીનદોસ્ત કરવા કરતાં પણ વધુ ભગીરથ કાર્ય છે. હવે જો વિવેકાનંદ આ કહેતા હોય તો આપણા કૂપમંડૂકનું શું ગજું? સ્વામી ભજનાનંદ લખે છે, ''એક અવતારનો એક અંશ પણ સમજવા માટે મનુષ્યજાતિને સૈકાઓ લાગે.''

વિવેકાનંદે કહ્યું હતું, ''શ્રી રામકૃષ્ણ તો તે કોણ હતા એની એના બધા જ શિષ્યોની સંયુક્ત સમજ કરતાં અનેકાનેક ગણા વધુ મહાન હતા.''

વિવેકાનંદે ઠાકુરના પૃથ્વી ઉપરના છેલ્લા દિવસ સુધી તેમના અવતાર હોવા વિશે શંકા સેવેલી. પછી જ્યારે તેમને ભાન પડ્યું ત્યારે તેમણે ચીખી-ચીખીને આ સત્ય દુનિયા સમક્ષ પેશ કર્યું. વિવેકાનંદે ઠાકુર ઉપર ઘણાંબધાં ભજનો લખેલાં જે આજે પણ તેમના ભક્તોનાં ઘરોમાં અને રામકૃષ્ણ મિશનના આશ્રમોમાં રોજ ગવાય છે. એમાં વિવેકાનંદે ઠાકુરને 'નવા યુગના ઈશ્વર', 'વિશ્વના ઈશ્વર' અને 'અવતારોમાં સર્વશ્રેષ્ઠ ને સૌથી મહાન' તરીકે વર્ણવ્યા છે. તેમની સંસ્કૃતમાં લખાયેલી સ્તુતિનો દરેક શ્લોક 'ૐ નમો ભગવતે રામકૃષ્ણાય' શબ્દોથી શરૂ થાય છે.

રોમાં રોલાંએ તેમના રામકૃષ્ણ ઉપરના પુસ્તકમાં લખ્યું છે : ''આ માનવી જેનું વર્ણન મેં અહીં કર્યું છે તે તો ૩૦ કરોડ લોકોનાં બે હજાર વર્ષોનાં આધ્યાત્મિક જીવનનો નિચોડ છે.'' વિવેકાનંદે કહેલું, ''આ માનવે આપણા રાષ્ટ્રની પાંચ હજાર વર્ષની આધ્યાત્મિક જિંદગી ૫૦ વર્ષમાં

જીવી બતાવી.'' ગાંધીજીએ લખ્યું હતું : ''શ્રી રામકૃષ્ણનું જીવન આપણને ઈશ્વરને પ્રત્યક્ષ જોવાની શક્તિ પ્રદાન કરે છે. જે તેમના જીવન અને કાર્ય પર ચિંતન કરે છે તેને તો ખાતરી થવાની જ કે ઈશ્વર જ માત્ર અસ્તિત્વ ધરાવે છે, બાકીનું બધુંય માત્ર ભ્રમ છે.''

વિવેકાનંદે કહેલું, ''હું તમને સ્પષ્ટપણે કહું છું કે આ પૃથ્વી પર શ્રી રામકૃષ્ણ જેવો સર્વાંગ સુંદર અને સંપૂર્ણ બીજો માનવી પેદા નથી થયો. દુનિયામાં ફેલાયેલા ગાઢ અંધકાર વચ્ચે તે ઝળહળતા પ્રકાશનો સ્તંભ છે. આ પ્રકાશને જ પકડીને મનુષ્ય સંસારસાગર પસાર કરી શકશે.''

વિવેકાનંદે એમ પણ કહેલું, ''જેનામાં જ્ઞાન, યોગ, ભક્તિ અને કર્મનાં ઝરણાંઓ એક થઈ નદી બનીને વહે છે તેવો અદ્ભુત, અપ્રતિમ મનુષ્ય દુનિયામાં કદી પેદા નથી થયો. રામકૃષ્ણના જે ભક્તનું ચારિત્ર્ય સર્વાંગ સુંદર અને સંપૂર્ણ છે એ જ તેમનો સાચો અનુયાયી છે. આવું ચારિત્ર્ય વિકસાવવું એ આ યુગનો આદર્શ છે. બધાએ એ માટે ભગીરથ પ્રયત્ન કરવાનો છે.''

હવે તમે કહો કે હું કૂપમંડૂક છું કે નહીં? ઠાકુરે કરેલી આ વાત છે : ''એક કૂવામાં એક દેડકો રહેતો હતો. એક દિવસ આકસ્મિક રીતે એ કૂવામાં દરિયાનો દેડકો આવી પડ્યો. પેલા દેડકાએ પૂછ્યું કે ભાઈ, તું ક્યાંથી આવ્યો? તો કહે કે સમુદ્રમાંથી. આ દેડકાભાઈએ કૂવાના એક છેડેથી બીજા છેડે કૂદકો માર્યો. પૂછે, તારો સમુદ્ર આટલો મોટો? જવાબ મળ્યો, આનાથી અનેકગણો વિશાળ. પેલો કહે, કૂવાથી ચાર ગણો, દસ ગણો, કેટલો મોટો? નવા દેડકાએ જવાબ આપ્યો, ભાઈ, હું કેવી રીતે દરિયાનું વર્ણન કરું? આપણી આંખો પહોંચે એનાથીયે અનેકગણો વિશાળ. આપણા દેડકાભાઈ મનમાં વિચારે છે - આ તો ગપ્પાંમાસ્તર લાગે છે. ખોટી બડાશ મારે છે. એને વહેલી તકે અહીંથી કાઢી મૂકવો પડશે.''

પોતાની દુનિયાને પોતાનામાં જ સમાવી દે એ કૂપમંડૂક. પોતે જે જોયું નથી, અનુભવ્યું નથી એ અસ્તિત્વ જ નથી ધરાવતું એવું માને એ કૂપમંડૂક. પોતાની છલાંગ સૌથી ઊંચી અને દમામદાર એવું સમજે એ કૂપમંડૂક. કૂવામાં રહી, સમુદ્રનું વર્ણન કરવાની ચેષ્ટા કરે એ કૂપમંડૂક. ઠાકુરની એક વાત છે. મીઠાની પૂતળી સમુદ્રનું ઊંડાણ માપવા ગઈ. (પછી શું થયું એ ધારી લો.)

હું મારા લખાણ માટે કયાં પુસ્તકોનો આધાર લઉં છું એવું મને પૂછવામાં આવ્યું છે. ભગવાન રામકૃષ્ણ વિશે સેંકડો પુસ્તકો લખાયાં છે. એમાં હું જે ફરી-ફરીને વાંચું છું એની યાદી આપું છું, પરંતુ એ પહેલાં એક અગત્યની હકીકત કહું.

હું ભગવાન રામકૃષ્ણ વિશે અંગ્રેજી ભાષાંતરો જ વાંચતો. એક દિવસ વતનથી મુંબઈ પાછા ફરવાનો પ્રસંગ આવ્યો. પિતાજીનું કબાટ ખોલ્યું તો શ્રી રામકૃષ્ણ

કથામૃતનો બીજો ભાગ હાથમાં આવ્યો. ગુજરાતી ભાષાંતર હતું. ટ્રેનમાં વાંચતો ગયો અને આશ્ચર્યચકિત થતો ગયો. અંગ્રેજી ભાષાંતરો કરતાં દસ ગણી વધુ સમજ અને આનંદ મળ્યાં. માતૃભાષા એ માતૃભાષા. એમાંયે આધ્યાત્મિક વિષયો માટે તો અંગ્રેજી ગુજરાતી સામે સાવ ફિક્કી પડી જાય. એટલે બને ત્યાં સુધી ઠાકુર વિશેનાં પુસ્તકો ગુજરાતીમાં જ વાંચવાં. સદ્‌ભાગ્યે બે મુખ્ય પુસ્તકોનાં એકથી વધુ ગુજરાતી ભાષાંતરો ઉપલબ્ધ છે. એક, 'એમ' (મહેન્દ્રનાથ)નું 'શ્રીરામકૃષ્ણ કથામૃત' અને બીજું ઠાકુરના સંન્યાસી શિષ્ય સ્વામી સારદાનંદનું 'શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ' જે ઠાકુરનું જીવનચરિત્ર છે. બન્ને દળદાર પુસ્તકો છે. અદ્‌ભુત, બેમિસાલ અને આનંદના ધોધમાં આપણને ડુબાડી દે એવાં પ્રાણવાન.

પછી સ્વામી ચેતનાનંદનું 'રામકૃષ્ણ એઝ વી ન્યુ હિમ' છે, જેમાં ઠાકુરના શિષ્યો અને તેમના સીધા પરિચયમાં આવેલાં ભાઈ-બહેનોનાં પોતપોતાના અનુભવોનું બયાન છે. ઉપરનાં બે પુસ્તકોને એ આગળ લઈ જાય છે. પછી ચેતનાનંદનાં જ બે પુસ્તકો છે : 'ગૉડ લિવ્ડ વિથ ધેમ' અને 'ધે લિવ્ડ વિથ ગૉડ.' પ્રથમ પુસ્તકમાં ઠાકુરના સંન્યાસી શિષ્યો વિશેના, તેમનાં જીવન અને અનુભવ અને ઉપદેશ ઉપર સુંદર લેખો છે. 'ધે લિવ્ડ વિથ ગૉડ' એ ઠાકુરના ગૃહસ્થી શિષ્યો વિશેનું પુસ્તક છે. ચેતનાનંદની કડી મહેનત, રિસર્ચ કરવાની અદ્‌ભુત શક્તિ, તેમની વિશાળ દૃષ્ટિ, જ્વલંત ચેતના અનુભવી આશ્ચર્યચકિત થઈ જવાય છે.

પછી આવે સ્વામી ભજનાનંદનું 'ધ લાઇટ ઑફ ધ મૉડર્ન વર્લ્ડ' પુસ્તક જેમાં રામકૃષ્ણને સમજવાની, તેમની અવતાર તરીકેની લીલાની, તેમના સર્વધર્મસમભાવના ઉપદેશની, ભારતવર્ષની આધ્યાત્મિકતાને સતેજ કરી એને સારી માનવજાત સાથે જોડવાની વગેરે સમજ સચોટ રીતે આપવામાં આવી છે.

પછી 'શ્રી રામકૃષ્ણના શિષ્યોની આધ્યાત્મિકતા' વિશેનાં પ્રવચનો-ઉપદેશો, લાટુ મહારાજ (અદ્‌ભુતાનંદ), સારદાનંદ, મહેન્દ્રનાથ, ગિરીશ ઘોષ વગેરેનાં જીવનચરિત્રો, વગેરે, વગેરે, વગેરે. રોમાં રોલાંએ લખેલું જીવનચરિત્ર, ક્રિસ્ટોફર ઈશરવુડે લખેલું 'રામકૃષ્ણ, ધ ફિનોમીનન' વગેરે ગ્રંથો પણ ઉપલબ્ધ છે. પરંતુ ઉપર પ્રાથમિકતા અપાયેલાં છ પુસ્તકો જ બસ થઈ પડે. એમાં રહેલા અર્કનો ત્રણસોમો ભાગ સમજવા ૧૦ જન્મ લેવા પડે.

પરંતુ એક વાત ચોક્કસ છે. ઠાકુર વિશે વાંચવું એટલે આનંદ જ આનંદ, પરમ આનંદમાં ડૂબેલા રહેવું. તેમની કથાઓ, ઉપદેશો, જીવનના પ્રસંગોમાંથી દર વખતે નવો અર્થ જડે. દર વખતે ઠાકુરની લીલાનો જરા સરખો સ્વાદ આપણને સાતમે આસમાને લઈ જાય.

[ક્રમશઃ]

રૂપાંતર કથા - ગઝલ ગુચ્છ

☐ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

કેડી બાળપણથી...

ને બરફના પ્હાડ- ઝરણાં- ખીણ - કેડી બાળપણથી,
જાગતાં- સૂતાં મને લઈ જાય તેડી બાળપણથી.

ગાઢ જંગલ, કોઈ આવે જાય ના એવી જગાઓ,
કલ્પનાઓમાં સફર એવીય ખેડી બાળપણથી.

દિવ્ય મંદિરો, સ્ફટિકની ગ્રંથો, પુસ્તક- ગુફાઓ,
થઈ જતી'તી - યજ્ઞશાળા રોજ મેડી બાળપણથી.

રોજ ઘરની એ જ મેડી શું રમાડે, શું ય જોતો,
રાતના રાજા બની ઓઢું પછેડી બાળપણથી.

ત્યારથી દેખાય રમતો એક જોગી સાથ મિસ્કીન,
દુઃખ અને ઘરની ગરીબી જાય ફેડી બાળપણથી.

રમતો જોગી

અલગ મુડ-મસ્તીમાં ભીતર રમતો જોગી,
કદી નીકળતો ફરવા ઘર ઘર રમતો જોગી.

દૂર દૂર લગ શોધે સૌ આ શેની ખુશ્બૂ?
અત્તરિયા જેવો જ નિરંતર રમતો જોગી.

કશેય ના રોકાય જાતરા સતત ચાલતી,
ખળ ખળ વ્હેતો સદાય અંદર રમતો જોગી.

યજ્ઞકુંડ આ દેહ સતત હોમાતું સઘળું,
જાણીને બેઠો છે જીવતર રમતો જોગી.

ધીરે ધીરે આંખેથી ઊતરતો ભીતર,
અને મને હું લાગું પળભર રમતો જોગી.

એના રસ્તે...

રમતા જોગી સાથ નીકળ્યો એના રસ્તે,
મને હજારોવાર હું મળ્યો એના રસ્તે.

કશુંય આગળ ખબર પડે ના એવી કેડી,
અવાજ ભીતરનો જ સાંભળ્યો એના રસ્તે.

એના અજવાળે જ ટકાયું અને ભળાયું,
શ્રદ્ધાનો જે દીપ ઝળહળ્યો એના રસ્તે.

વારંવાર સ્મરણનો પરચો ખૂબ નિહાળ્યો,
શબ્દ કોઈ પણ હોય એ ફળ્યો એના રસ્તે.

કેટકેટલાં જન્મો ને મૃત્યુ પણ જોયાં,
ખૂબ ખૂબીથી મને સાંકળ્યો એના રસ્તે.

પાછલા જન્મો

સૌ રહ્યા જીવી પળેપળ પાછલા જન્મો,
તોય લાગે માત્ર અટકળ પાછલા જન્મો.

કેટલી યાદો, હજારો ટેવ, મન રૂપે...,
આ જનમના શ્વાસ - અંજળ પાછલા જન્મો.

આ સમયમાં એક બીજો પણ સમય વહેતો,
સંભળાતા રોજ ખળખળ પાછલા જન્મો.

કર્મના ને ભાગ્યના કાંઠે વસેલો હું,
બેઉ કાંઠે રોજ ખળખળ પાછલા જન્મો.

એ જ સમકાલીન લાગે, સર્વકાલીન પણ,
આપતા સંદેશ કેવળ પાછલા જન્મો.

નાશ ના પામે કશુંયે થાય રૂપાંતર,
સૂર્ય માફક નિત્ય ઝળહળ પાછલા જન્મો.

હસ્તપ્રતો જોતાં...

છે દટાયેલું ઘણું આ અક્ષરોમાં,
એ નગર- એ આંગણું આ અક્ષરોમાં.

દીપ છે અજવાસ છે- વાતાવરણ છે,
ને થતું મોંસૂઝણું આ અક્ષરોમાં.

હું બની જઉં છું હિમાલયનો પ્રવાસી,
મંત્રમય છે બારણું આ અક્ષરોમાં.

ને પુનર્જન્મો ય હું મારા નિહાળું,
મૌન પણ સોહામણું આ અક્ષરોમાં.

એક તેજોમય ગજબ સાંનિધ્ય હરપળ,
લાગતું ઘર આપણું આ અક્ષરોમાં.

પ્હેલી વ્હેલી જાણ...

ને પરોઢે એ ચરણની, એ નજરની જાણ થઈ,
પ્હોંચતી મારી પળેપળની ખબરની જાણ થઈ.

દેહમાં ઊંડે વસે છે એ અમરની જાણ થઈ,
દેહની ભીતર ત્રિપુરાના નગરની જાણ થઈ.

હોય છે હરમંત્રની કેવી અસર, ની જાણ થઈ,
આ ઋણાનુબંધ - જન્મોની સફરની જાણ થઈ.

કેમ ભટક્યો આજ લગ, એ દર- બ-દરની જાણ થઈ,
જિંદગી જીવી ગયો કોના વગરની જાણ થઈ.

એ કૃપા દૃષ્ટિ લલિતાના પરમ સાંનિધ્યમાં,
થઈ ગયો ખાલી, થયો તરત જ સભરની જાણ થઈ.

કઈ દિશામાં ને કયે મારગ બધું છૂટી ગયું,
જ્યાં ગયું મસ્તક ઝૂકી, આગળ ઉપરની જાણ થઈ.

સદ્‌ગુરુ પરમ ભટ્ટારકનું સાંનિધ્ય...

કોઈ શ્હેરમાં ફરતાં જોતું અને એ પળે કોઈ તીર્થમાં,
પૂજા કરતા અહીં લાગતા અને એ મળે કોઈ તીર્થમાં.

સ્મિત સભર કોઈ બાળક જેવું રહે નીરખતા આ દુનિયાને,
અને એમના વૈદિક મંત્રો કોઈ સાંભળે કોઈ તીર્થમાં.

જગદંબાની કરે આરતી દેહભાન ભુલાય બધાનાં,
મંદિર- મૂર્તિ ખૂણેખૂણો દૂર ઝળહળે કોઈ તીર્થમાં.

સતત જાતરા ફરીફરીને વ્હાલ કરી લઈ જાતા સાથે,
કોઈ પ્રકારે ગાંઠ ઊકલે અહમ ઓગળે કોઈ તીર્થમાં.

હમણાં આવી, હાથ ફેરવી માથે, રોગ ભગાડી દીધો,
કહું આટલું અને શોધતાં... દૂર નીકળે કોઈ તીર્થમાં.

હતા સ્વયમ્ એ તીર્થ, આટલું કદીય ના મિસ્કીન સમજાયું,
ફરું ભટકતો એ આશાએ હવે એ મળે કોઈ તીર્થમાં.

કેટલા જન્મો? કેટલાં ઘર?

કેટકેટલા જન્મો ને ઘરબાર કેટલાં?
ફરી ફરી તેં મન માંડ્યા સંસાર કેટલા?

કેટકેટલી ભૂખ, તરસ પણ કેટકેટલી?
દરેક ઉમ્મરમાં શોધ્યા આધાર કેટલા?

આ વખતે તો સાચૂકલો છે આખરનો છે,
હૃદય! ગણી જો પ્રેમ કેટલીવાર કેટલા?

દુ:ખ પણ ઓછાં કદી થયાં ના વધતાં ચાલ્યાં,
દવા - તબીબો બદલ્યાં વારંવાર કેટલાં?

હિસાબ કરવા સઘળું છોડી બેઠો ત્યારે,
ખૂણે ખૂણેથી આવ્યા રાજેશ બ્હાર કેટલા?

મિસ્કીન ગમતાં સગપણ - સુખ- ઈશ્વર સુધ્ધાં મેં,
આ કાંઠેથી કલ્પ્યાં પેલે પાર કેટલાં?

શ્રદ્ધા

સાવ એકલા પડી જાઓ ત્યારેય સાચવે કેવળ શ્રદ્ધા,
લાખ હોય અંધારાં તો પણ ભીતર રાખે ઝળહળ શ્રદ્ધા.

નથી સુકાવા દેતું તમને, એ અસલી જીવનજળ શ્રદ્ધા,
જાઓ હજારોવાર ભલે ડહોળાઈ, રાખતી નિર્મળ શ્રદ્ધા.

મૂર્તિ- પૂજા બધુંય છૂટ્યું ખાવું પીવું કશું ગમે ના,
સાવ હતો બેધ્યાન એ સમે ધ્યાન રાખતી હરપળ શ્રદ્ધા.

બધા ભાવની આવન જાવન હસતું- રોતું સંસારી મન,
ડગલે પગલે સંભાળી લે કોક ખૂણેથી નિશ્ચળ શ્રદ્ધા.

તાપ આકરો પડે, જીવને જળની આશા હોય ક્યાંય ના,
ઘણીય વેળા ત્યારે જોયું વરસાવી દે વાદળ શ્રદ્ધા.

ઊંડે ઊંડે એક ઝંખના સતત ઝંખના હે જગદંબા,
ભક્તોને ભરપૂર તેં આપી મને આપ એ વિહ્વળ શ્રદ્ધા.

ભિક્ષાપાત્રમાં...

રોજ છપ્પનભોગનો રસથાળ ભિક્ષાપાત્રમાં,
ને વળી દૂધપાક સાથે દાળ ભિક્ષાપાત્રમાં.

માલ મિલ્કત જે ગણો એ એક ભિક્ષાપાત્ર આ,
આમ ભીતરની મળે છે ભાળ ભિક્ષાપાત્રમાં.

કોઈનીયે ક્યાં પડી છે? રામનો છે આશરો,
આ અહીં જોતો બધી ઘટમાળ ભિક્ષાપાત્રમાં.

હોય છે જેની કને જે એ જ આપી જાય છે,
આ પડી સિક્કાની સાથે ગાળ ભિક્ષાપાત્રમાં.

કોઈદી ઇચ્છા કશી જે થાય એ આવી મળે,
છે ત્રિભુવનનાથની સંભાળ ભિક્ષાપાત્રમાં.

કેટલો ક્યાં ક્યાં રઝળતો શોધતોતો હું મને,
હું જડ્યો છું ક્યાંક અંતરિયાળ ભિક્ષાપાત્રમાં.

મન સમેટાઈ ગયું મિસ્કીન સમેટાયું બધું,
થઈ ગયાં છે એક સ્થળ ને કાળ ભિક્ષાપાત્રમાં.

તે દિવસની વાત છે...

□ વિનોદ જોશી

જે દિવસથી રોજ દડતાં આંસુને ચોરસ કરી ભીંતે ચણ્યાંતાં, તે દિવસની વાત છે.
ગોખલામાં ટૂંટિયું વાળી પડ્યા અજવાસ છેલ્લું હણહણ્યા'તા, તે દિવસની વાત છે.

શ્વાસનો ટેકો સદંતર હોય તકલાદી અને જીવલેણ, એ અફવા ગળે ઊતરી હવે,
પંડમાં છુટ્ટા પડી ફરતા અજાણી હૂંફના પારા ગણ્યા'તા, તે દિવસની વાત છે;

ખાનગીમાં યુદ્ધ જે ખૂંખાર ખેલાયું હતું બંને તરફ ચુપચાપ એ વેઠ્યા કર્યું,
સાવ ઉજ્જડ ટેરવાંને ધાર કાઢી દૂઝતા ઘાવો ખણ્યા'તા, તે દિવસની વાત છે;

આમ તો બારાખડી સીવ્યા કરી જોયા વગર જાણ્યા વગર ટાંકો ન તૂટે એ રીતે,
છેવટે બુઠ્ઠી કલમમાં જાણભેદુ અર્થ ધીમું ગણગણ્યા'તા, તે દિવસની વાત છે;

તીર માફક સોંસરું વીંધી ગયું જે એ હતું શું તે નહીં જાણી શકાયું એટલે,
બે અભણ પંખી પછી તમસાતીરે જઈ શોકના શ્લોકો ભણ્યાં'તાં, તે દિવસની વાત છે.

ભ્રમ હતો ભાંગી ગયો

□ વિવેક મનહર ટેલર

કાયમી સહેવાસનો જે ભ્રમ હતો, ભાંગી ગયો,
સો ટકા વિશ્વાસનો જે ભ્રમ હતો, ભાંગી ગયો.

જે ઘડીએ વાસ્તવિકતાઓ મને ઘેરી વળી,
શાશ્વતી અજવાસનો જે ભ્રમ હતો, ભાંગી ગયો.

એક જૂની ખીલી ડંખી સાથના ચપ્પલમાં જ્યાં,
બેયને ઉલ્લાસનો જે ભ્રમ હતો, ભાંગી ગયો.

સાતની વાત જ નથી, બસ, બે જ પગલાંની ભીતર
હું જ સૌથી ખાસનો જે ભ્રમ હતો, ભાંગી ગયો.

ભીંત ચારે બાજુથી એવી ધસી કે છાતીમાં,
બે'ક ખુલ્લા શ્વાસનો જે ભ્રમ હતો, ભાંગી ગયો.



બૉરીસ પાસ્તરનાક કૃત ડૉક્ટર ઝિવાગો નવલકથામાંથી બે લારા કાવ્યો

☐ અનુ.: અશ્વિન ચંદારાણા

માર્ચ

સૂર્ય તો સ્ટીમબાથની તીવ્રતર પરાકાષ્ઠાથી પણ તીવ્રપણે ધખી રહ્યો છે;
નીચે ઉન્મત્ત ખીણ ધમધમી રહી છે,
પેલી વસંત... ઘાટીલી, માંસલ ભરવાડણ સરીખી,
વ્યસ્ત છે પોતાના કામમાં, લેશમાત્ર ચૂક્યા વગર!

ખતરનાક બરફવર્ષા થઈ રહી છે.
(વિઘાતક રક્તહીનતા -નપુંસક આકાશની પેલી રક્તવાહિનીઓ જોઈ કે?)
તે છતાં ગૌશાળામાં જીવન તો ધબકી જ રહ્યું છે, ધમધમી રહ્યું છે,
અને ખંપાળીના દાંતા તાજા-માજા થઈને ચમકી રહ્યા છે!

આ દિવસોમાં -દિવસે અને રાતે પણ!
બપોરે ટપકતાં ટીપાંનું ટપ-ટપ,
ઘરના છાપરાના ખૂણે નેવા પરથી લટકતી ક્ષીણ હિમશલાકાઓ,
અને ક્યારેય ન સૂતાં ઝરણાંનો કલકલ રવ!

બારણાં સઘળાં ખુલ્લાં છે -તબેલાનાં અને ગૌશાળાનાં પણ;
કબૂતરો બરફ પર વેરાયેલા ઓટના દાણા ચણી રહ્યાં છે;
અને આ બધાં માટે કારણભૂત અને જીવનદાતા સમ છાણનો ઢગલો
-ઓઝોનથી ખદબદી રહ્યો છે!

શહેરનો ઉનાળો

ધીમા-ધીમા અવાજે વાતો થતી રહે છે,
અધીર હાવભાવ સાથે ડોક પાછળ ઝૂલતો વાળનો આખો ઝૂડો
એ ઉપરની તરફ ઉછાળે છે.

ઘટ્ટ કેશરાશિમાંથી તેનો ચહેરો બહાર આવે છે
ત્યારે કોઈ સ્ત્રીએ શિરસ્ત્રાણ પહેર્યું હોય એવું લાગે છે.
તેનું માથું, તેના ગૂંથેલા વાળ, બધું જ પાછળ ફેંકાય છે.

બહાર ઉકળાટભરી રાત આપી રહી છે તોફાનના સંકેત

રાહદારીઓ ઝડપભેર પગ ઉપાડીને ઘર તરફ રવાના થઈ રહ્યા છે.

વાદળોની ગર્જના સંભળાય છે, અચાનક!
અને ગડગડાટ પડઘાયા કરે છે
પવનની લહેરો પડદાને ઝુલાવ્યા કરે છે.

એક પણ શબ્દ નિઃશબ્દતાને તોડતો નથી.
હવા ભેજલ પહેલાં જેવી જ, વીજળી ઉત્પાત મચાવી રહી છે પહેલાંની જેમ જ
આખાયે આકાશને ધમરોળતી સતત સતત સતત...

અને ગરમ અને ઉકળાટભરી સવાર પડીને
ફરી એક વખત રાતે વરસાદે ભરી દીધેલાં ખાબોચિયાંને
સૂકવવા મચી પડે છે.

લીંબોઈનાં મહેકદાર વૃક્ષો
યુગો પુરાણાં અને છતાં હજુયે એવાં જ ઘટાદાર,
દેખાવે થોડાં મ્લાન, ઉદાસ, ચુપચાપ, કેમ કે
તેમને આરામ મળતો જ નથી.



અનુમાન

☐ બાદલ પંચાલ

એક જ દિશા ભણી ચાલતી બંને ટ્રેનો એકાએક ઊભી રહી ગઈ. સ્ટેશન આવવાને હજુ વાર હતી. ટ્રેનની બારી આગળ માથું ટેકવીને બેઠેલા અનીશની આંખો, ઇયરફોનમાંથી વાગતાં જૂનાં ગીતો અને બારીમાંથી આવતા પવનને લીધે ઘેરાયેલી હતી. આખો દિવસ કામ કરીને થાકેલી આંખો ટ્રેનના ઊભા રહેવાથી સહેજ ઊઘડી. આસપાસ બેઠેલા, ઊભેલા માણસો ટ્રેનના આમ કસમયે ઊભા રહેવાથી અકળાયા. આજે તેને થોડી બેચેની લાગતી હતી એટલે ઑફિસેથી વહેલો નીકળી ગયો હતો, વહેલા નીકળ્યો હોવા છતાં ટ્રેનની ભીડમાં કોઈ નોંધપાત્ર ઘટાડો તેને દેખાયો નહીં. આસપાસનો મોટાભાગનો માનવસમૂહ પોતપોતાના મોબાઇલમાં કોઈ બીજી જ દુનિયા ફંફોસી રહ્યો હતો એટલે તેણે બારીની બહાર નજર કરી.

દૂર સંધ્યાને વરી ચૂકેલું આકાશ

રંગોમાં તરબોળ હતું. પંખીઓનું ટોળું એ રંગોમાં પાંખો ઝબોળતું દૂર ઊડી રહ્યું હતું. આજે ઘણા સમય પછી તેણે સાંજ જોઈ. સવારે ઑફિસે જતાં દિવસ અને પાછા ફરતાં રાત પડી જતી અને રવિવાર તો આળસમાં જ નીકળી જતો. મિષ્ટી હતી ત્યારે તેની મોટાભાગની સાંજ દરિયાકિનારાની પાળી પર ગિટાર વગાડતાં વીતતી. મિષ્ટી આંખો બંધ કરીને તેના ગિટારની દરેક ધૂનને ઘૂંટડે-ઘૂંટડે પીતી, કદીક ધૂનને અનુરૂપ કોઈ ગીત ગણગણતી અને પછી હળવેથી અનીશના ખોળામાં માથું મૂકીને આકાશમાં પથરાયેલા રંગોને જોયા કરતી. અનીશ મિષ્ટીના ચહેરા પર ઊતરી આવેલા રંગોની આભાને ઉકેલવા મથતો. બંને આમ જ એકબીજાનાં મૌન સહવાસને માણ્યા કરતાં.

અનીશને ઘણીવાર એવું થતું કે તે મિષ્ટીને પૂરેપૂરી સમજી શકતો નથી. આમ તો કોઈ પણ સ્ત્રીને સમજવી પુરુષ માટે અઘરી જ હોય છે, પણ મિષ્ટી અનીશ માટે ખૂબ જ અઘરો દાખલો હતી. મિષ્ટી આ પળે મુંબઈમાં તો બીજા કે ત્રીજા દિવસે કોઈ બીજા જ શહેરમાં પહોંચી ગઈ હોય, તે ધારણાની આરપાર જીવતી. તેનું કોઈ સ્વજન નહોતું. તે કહેતી કે તે દસેક વર્ષની હતી ત્યારે ગામડેથી ઘર છોડીને ભાગી આવેલી. ત્યાર પછીથી આજ લગી તે આ દુનિયામાં એકલી છે. તેને નવા-નવા પ્રેમમાં પડેલા કપલની જેમ કલાકોના કલાકો ફોન પર વાતો કરવી ગમતી નહીં, અનીશની સાથે હાથમાં હાથ નાખી ફરવું, શૉપિંગ કરવું ગમતું નહીં.

અનીશ હંમેશાં મૂંઝાયેલો રહેતો, કારણ કે તે સમજી શકતો નહીં કે મિષ્ટી કેવા સમયે, કઈ વાત પર, કઈ રીતે રિઍક્ટ કરશે. જે વસ્તુથી આજે તેને ચીડ ચડતી, કાલે એ જ વસ્તુ તેને ગમવા લાગતી. ક્યારેક તે અનીશને મળવા આવતી તો કશું જ બોલતી નહીં તો ક્યારેક અનીશને બોલવા ન મળે એટલું બોલતી. ક્યારેક મિષ્ટીના સ્પર્શથી તેને ઝણઝણાટી થઈ આવતી, તો ક્યારેક તેના સ્પર્શથી કશું જ નીપજતું નહીં.

આવનારા સમયમાં મિષ્ટી સાથેનો તેનો સંબંધ કયાં પરિમાણો પર જીવતો હશે, એવા વિચારોની મથામણોમાં તે રહેતો.

બસ, અનીશને એટલું જ ખબર હતી કે મિષ્ટીને સપનાં ખૂબ આવતાં અને મોટાભાગનાં સપનાંઓમાં તે પર્વતો પર કે કોઈ જંગલમાં એકલી હોય, પતંગિયાની જેમ દોડાદોડ કરતી હોય અને અંતે તેને પણ પતંગિયાની જેમ પાંખો ફૂટે અને એ પર્વતોમાં કે પછી જંગલોમાં દોડાદોડ કરતાં ખોવાઈ જાય. તેને પતંગિયાં ખૂબ ગમતાં. તેઓ ઘણી વખત દાદરના શિવાજી પાર્કના ગાર્ડનમાં આવતાં. બગીચામાં તે અને

અનીશ બેઠાં-બેઠાં વાતો કરતાં હોય ત્યારે એકાએક એ વાતો અધૂરી મૂકી પતંગિયાની પાછળ દોડી જતી અને અનીશનો જીવ અધ્ધર થઈ જતો કે હમણાં મિષ્ટીને પાંખો ફૂટશે અને તે ઊડતાં-ઊડતાં ક્યાંક ખોવાઈ જશે.

ઘણી વખત તો અનીશને શંકા થતી કે મિષ્ટી ખરેખર તેને પ્રેમ કરે છે કે નહીં. ક્યારેક-ક્યારેક બે-ત્રણ દિવસ સુધી મિષ્ટી ગાયબ રહેતી. ફોન, મૅસેજ, સોશિયલ મીડિયા બધું જ બંધ. જાણે કોઈ બીજા ગ્રહ પર ચાલી ગઈ હોય એમ! અનીશ હેરાન-પરેશાન થઈ જતો, તે તેનું ઘર, ઑફિસ બધે જ તપાસ કરી આવતો પણ કોઈને કશી જ ખબર ન હોય.

એક દિવસ અનીશે ખૂબ ગુસ્સામાં મિષ્ટીને કહેલું, 'ઍટલીસ્ટ, તું ક્યાં જાય છે, ક્યારે આવીશ એની તો મને જાણ કર, હું પાગલની જેમ તને અહીંતહીં શોધતો ફરું છું. તારાથી એક મૅસેજ પણ ડ્રૉપ નથી થઈ શકતો?'

મિષ્ટીની વિપ્લવી આંખો અનીશ તરફ ફરેલી અને એ કૉફી-ટેબલ પરથી ઊભાં થતાં બોલેલી, 'મારી પાંખો ધારદાર છે. મારી આસપાસ પીંજરું બાંધવાની કોશિશ ન કરતો.'

અનીશને એ દિવસે સમજાયું હતું કે મિષ્ટીના સ્વતંત્ર અને વિપ્લવી મિજાજ સામે તેનો સ્વપ્નમહેલ એક દિવસ જરૂર ભાંગી પડશે.

ભૂતકાળની સફરેથી પાછી ફરેલી અનીશની નજર આકાશમાંથી ઊતરી સામેની ટ્રેનના પાછળના ભાગના લૅડીસ કમ્પાર્ટમેન્ટ પર પડી. ખીચોખીચ ભરાયેલા લૅડીસ કમ્પાર્ટમેન્ટના દરવાજા આગળ તેને મિષ્ટી ઊભેલી દેખાઈ. પહેલાં તો તેને લાગ્યું કે તે મિષ્ટીનો વિચાર કરતો હોવાને લીધે આ તેનો ભ્રમ હશે, પણ ના, ત્યાં ખરેખર મિષ્ટી જ ઊભી હતી. કોઈ ચિત્રકારે દૂર શૂન્યમાં તાકતી સ્ત્રીનું ચિત્ર બનાવ્યું હોય તેવી! અનીશે આંખો ચોળી, બૅગમાંથી બૉટલ કાઢી પાણી પીધું, શર્ટની બાંયથી મોઢું લૂછ્યું, કાનમાંથી ઇયરફોન કાઢ્યો, મોબાઇલમાં સૉન્ગ બંધ કર્યું - આ બધું કરતાં-કરતાં પણ તેની નજર તો સામેની ટ્રેનના દરવાજે દૂર તાકી રહેલી મિષ્ટી તરફ જ હતી. મિષ્ટીની અનિમેષ નજર જાણે કોઈ વિચાર-વમળમાં ફસાયેલી લાગતી હતી. તેની આંખો પર નંબરનાં ચશ્માં આવી ગયાં હતાં, ખુલ્લા રહેતા વાળ બંધાયેલા હતા, હાથમાં ઘડિયાળ સિવાય કોઈ જ્વેલરી પહેરેલી નહોતી, પોતાને ગમતા બ્લૂ રંગનો જ ડ્રેસ તેણે પહેર્યો હતો.

તેણે મોબાઇલ કાઢીને દૂર આકાશમાં ડૂબી રહેલા કેસરી સૂરજ અને એની ફરતે રચાયેલી રંગસજ્જાનો ફોટો પાડ્યો.

અનીશ આ બધું જોઈ રહ્યો અને તેણે બારી નજીક આવીને 'મિષ્ટી'ને બોલાવી. બંને ટ્રેન વચ્ચે ઊતરી આવેલી સાંજના આછા અંધકારમાં તેના શબ્દો

ઓગળી ગયા. મિષ્ટી દૂર આકાશમાં તાકતી અને સંધ્યાના બદલાતા રંગોને મોજથી માણ્યા કરતી હતી. મિષ્ટીની રંગસૃષ્ટિમાં પ્રવેશી શકે એવો કોઈ તરંગ તેના શબ્દમાંથી નીકળ્યો નહીં. અનીશને લાગ્યું કે મિષ્ટીને બોલાવતો પોતાનો અવાજ કેવો બોદો અને પ્રાણહીન હતો. તેને વિશ્વાસ જ ન બેઠો કે આ પોતાનો જ અવાજ હતો કે કોઈ બીજાનો. તેણે ફરી બૂમ પાડી, પહેલાં કરતાં વધુ તીવ્રતાથી. આ વખતે તેના શબ્દો છેક મિષ્ટીની નજીક પહોંચીને પડી ભાંગ્યા. આસપાસ ઊભેલી બે-ત્રણ સ્ત્રીઓને એ શબ્દોની કરચો ખૂંચી, પણ તેમણે રિક્ત આંખોથી એ શબ્દોની પાયમાલીને અવગણી પોતાના મોબાઇલમાં જોવા માંડ્યું. અનીશને થયું કે મિષ્ટી દેખાય છે એના કરતાં ઘણી દૂર છે. પોતાનો અવાજ, પોતાના શબ્દો, પોતાના મોઢે લેવાયેલું મિષ્ટીનું નામ પણ આ અંતર કાપતાં-કાપતાં હાંફી જાય છે!

અનીશને એકાએક યાદ આવ્યું કે શું મિષ્ટી હજુ પણ આ નામ સાથે જીવતી હશે કે પછી નામવિહીન...

ભીડના ધક્કાને લીધે રંગસૃષ્ટિમાં આંટાફેરા કરતી મિષ્ટીની નજર જમીન પર પટકાઈ. મિષ્ટીની ટ્રેન હળવા આંચકા સાથે ચાલવા લાગી. મિષ્ટીનો કમ્પાર્ટમેન્ટ એકદમ અનીશની બારી સામે આવ્યો અને ટ્રેન ફરી ઊભી રહી ગઈ.

ટ્રેનમાં ભીડથી અકળાતી મિષ્ટી ચશ્માં સરખાં કરતી સામેની ટ્રેનમાં જોવા લાગી. અનીશને થયું કે ફરી તેને બૂમ પાડી બોલાવું, પણ બીજી જ ક્ષણે થયું કે તેને કયા નામથી બોલાવીશ? મિષ્ટીના નામની બૂમ પાડવા જતાં આવેલા શબ્દો તેના હોઠે જ અટકી ગયા. તે સામે દરવાજાના થાંભલાને પકડીને ઊભેલી મિષ્ટીને જોતો રહ્યો. અનાયાસે મિષ્ટીની નજર અનીશની નજર સાથે અથડાઈ. મિષ્ટીના હોઠ કંઈક બોલવા ઊઘડ્યા, પણ એમાંથી કોઈ શબ્દો નીકળી શક્યા નહીં અથવા તો નીકળ્યા, પણ બંને ટ્રેન વચ્ચેની સાંજમાં એ શબ્દો પણ ઓગળી ગયા કદાચ.

મિષ્ટી અને અનીશ એકબીજાને જોતાં રહ્યાં.

મિષ્ટીને લાગ્યું કે અનીશની આડે રહેલી બારી અદૃશ્ય થઈ ગઈ છે. અનીશનો ગંભીર ચહેરો, ટૂંકા વાળ અને ઝીણી દાઢીવાળો ફૉર્મલ લુક તેની આંખમાં ખૂંચ્યો. તેના ધોયેલા, વિખરાયેલા, ફરફર ઊડતા લાંબા વાળ હવે ટૂંકા અને ઓળેલા હતા. મિષ્ટીની આંગળીઓ તેના વાળને ફરી વિખેરવા જાણે જાગી ઊઠી. મિષ્ટીએ જોયું તો અનીશની આસપાસથી બારી, માણસો અને છેલ્લે ટ્રેન ભૂંસાઈ ગઈ અને અનીશ રેલવેના પાટા પર તેને જોતો ઊભો રહ્યો હતો.

અનીશે જોયું કે મિષ્ટીની આસપાસની સ્ત્રીઓ ગાયબ થઈ ગઈ છે. મિષ્ટી આખી ટ્રેનમાં એકલી ઊભી છે. આસપાસનો ઘોંઘાટ શમી ગયો છે અને સાંજની

ચુપકીદી બંનેને કંઈક કહી રહી છે. અનીશે આકાશમાં જોયું. કેસરી રંગનો દરિયો આકાશમાં હિલોળા લઈ રહ્યો હતો. અનીશે ફરી સામે નજર કરી તો મિષ્ટી સામેના પાટા પર ઊભી-ઊભી તેને તાકી રહી હતી. પેલા ચિત્રકારે ટ્રેનને ભૂંસી નાખી હોય એમ હવે ફક્ત મિષ્ટી અને તેની આસપાસ વીંટળાયેલી કેસરિયા રંગની સાંજને તે જોઈ રહ્યો.

દૂર આકાશમાંથી પંખીઓનું ટોળું આવ્યું અને બંનેને ઉડાડી પાંચ વરસ પહેલાંના સમયખંડમાં લઈ આવ્યું.

બંને મરીન ડ્રાઇવની પાળી પર બેઠાં હતાં. બંનેની વચ્ચે પાંચ વરસ પહેલાંનો છેલ્લો સંવાદ આવી ઊભો રહ્યો. એ છેલ્લા સંવાદની આગળ અસંખ્ય સાંકડી કેડીઓ દેખાતી હતી, જ્યાંથી હવે કોઈ એક કેડી પરથી એક જ વ્યક્તિ પસાર થઈ શકે એમ હતું. અનીશ અને મિષ્ટી બે જણ હતાં. જે રસ્તા પર ચાલીને તેઓ અહીં સુધી પહોંચ્યાં હતાં એ રસ્તા પર તેઓ કેમે કરતાં એકત્વ સાધી શક્યાં નહોતાં.

જે અસંખ્ય કેડીઓ તેમને છેલ્લે દેખાવા લાગી હતી, ત્યાં વધુ વજન લઈ જઈ શકાય એવું નહોતું, ઘણુંબધું અહીં, આ મુકામે મૂકી જવાનું હતું. આ કેડીઓ અંદરોઅંદર મળતી હતી કે નહીં એની પણ ખબર નહોતી અને જો મળતી પણ હશે તો એક જ સમયે, જુદી-જુદી કેડી પરના પ્રવાસીઓ મળતાં હશે કે નહીં એનું પણ કોઈ ચોક્કસ અનુમાન લગાવી શકાય એમ નહોતું.

મિષ્ટીએ પોતાના પર્સમાંથી અનીશે તેને આ બર્થડે પર આપેલું આલબમ કાઢ્યું, ખોલ્યું. એમાં જીવતા પતંગિયાને ટાંચણી ભોંકીને અનીશે આલબમ બનાવેલું. કલાકોના કલાકો બગીચામાં કાઢ્યા બાદ તેણે વિધવિધ રંગનાં પચ્ચીસ પતંગિયાં, મિષ્ટીના પચીસમા બર્થડે માટે, પકડીને આલબમમાં ટાંક્યાં હતાં. મિષ્ટીએ આલબમનું પહેલું પાનું ખોલ્યું અને પતંગિયામાં ભરાવેલી ટાંચણી ખેંચી કાઢી અને અનીશ સામે જોઈને બોલી, 'મને રંગો અને પતંગિયાં ખૂબ ગમે છે, એટલે તું મારા માટે પતંગિયાંઓનું આલબમ બનાવી લાવ્યો, પણ અફસોસ! તને તો રંગ પકડતાં પણ ન આવડ્યું. ન તો પતંગિયું હાથ લાગ્યું કે ન તો રંગ. તને ખબર છે પતંગિયાની ચંચળતા જ એનો રંગ છે, એની પાંખો છે.'

આમ કહીને મિષ્ટીએ અનીશના હાથમાં આલબમ મૂક્યું અને અનીશ પોતાની રંગીન અપેક્ષાઓના મૃતદેહને જોતો બેસી રહ્યો.

અનીશને થયું કે આજે તો આ અનામી સંબંધના ભવિષ્ય વિશે મિષ્ટીને પૂછવું જ પડશે. અનીશ કંઈ બોલે એ પહેલાં જ તેણે જોયું કે મિષ્ટી આંખો બંધ કરીને દરિયાનાં મોજાંની ચંચળતાને ખુદમાં સમાવી રહી હતી.

થોડી વાર એમ જ આંખો બંધ રાખીને મિષ્ટી બોલી, 'તું મને મારું નામ ભૂલવામાં મદદ કરી શકીશ?'

અનીશ કાંઈ સમજી શક્યો નહીં, તે ચૂપ રહીને મિષ્ટીને સાંભળી રહ્યો.

'આ પતંગિયાઓનું પોતાનું કાંઈ નામ હશે કે તેઓ અનામી જ જીવતાં હશે? આ ફૂલ, ઘાસ, જંગલ, પર્વત આ બધાં પતંગિયાંને કયા નામથી બોલાવતાં હશે? મને લાગે છે આ બધાં જ અનામી જીવે છે એટલે જ આટલી મુક્તતાથી, મસ્તીથી જીવી શકે છે, નહીં?'

અનીશને શું બોલવું એ સૂઝ્યું નહીં.

મિષ્ટી બોલતી રહી, 'તને નથી લાગતું નામ આપીને આપણે આપણા અસ્તિત્વને, આપણા હોવાપણાને બાંધવાના પ્રયાસો કરીએ છીએ? પતંગિયાને ખબર હશે કે આપણે એને પતંગિયું કહીએ છીએ, મોગરાને ખબર હશે કે એનું નામ મોગરો છે? નામ આપીને, ઓળખ આપીને આપણે કેટલાને સરળતાથી છેતરીએ છીએ, નહીં?'

અનીશને મિષ્ટીની આવી વાતો સમજમાં આવી નહોતી રહી, તેને મિષ્ટીની આવી વાતોમાં જરાય રસ નહોતો. તેને તો પોતાનો સવાલ પૂછવો હતો, પણ મિષ્ટી તો બોલે જતી હતી, 'મારે મારું નામ, મારું સ્ત્રી હોવું અને અંતે મારું માણસ હોવું પણ ભૂલી જવું છે, તું એમાં મદદ કરી શકીશ?'

અનીશનું માથું ખરેખર ભમવા લાગ્યું, તેણે વચ્ચે જ બોલવા માંડ્યું, 'મિષ્ટી, તારી આવી કિતાબી વાતો મને બિલકુલ સમજાતી નથી. મને તો તું જેવી છે એવી જ ગમે છે. મને તારી ગઈકાલ સાથે કાંઈ જ લેવાદેવા નથી, પણ હા, મને તારા વર્તમાનમાં અને તારા ભવિષ્યમાં રહેવું છે. મારાં મમ્મી-પપ્પાને મેં આપણા સંબંધની વાત કરી છે, તારો ફોટો પણ તેમને બતાવ્યો છે, તેઓ આપણા સંબંધથી રાજી છે અને જલદી આપણે લગ્ન કરીને સેટલ થઈ જઈએ એવી તેમની ઇચ્છા પણ છે. એટલે આપણા આ અનામી સંબંધને નામ આપવાનો સમય થઈ ગયો છે, શું તું તૈયાર છે?'

અનીશના એકીશ્વાસે બોલાયેલા આ શબ્દો સામે મિષ્ટી કોઈ રહસ્યભરી રીતે જોઈ રહી અને પછી ખુલ્લા હૃદયે હસી પડી. તેના હસવાથી દરિયાનાં મોજાં વધુ જોરથી ઊછળ્યાં. કદાચ, એ હસતાં-હસતાં ત્યાંથી ઊભી થઈ અને અનીશની સામે જોયા વગર જ મરીન ડ્રાઇવની પાળી ઊતરી ચાલવા લાગી.

અનીશને લાગ્યું કે સૂરજ દૂર દરિયામાં ડૂબી ગયો છે અને અંધારું ધીરે-ધીરે જમીન પર ઊતરી રહ્યું છે, તેની સામે ફેલાયેલો દરિયો એકીઝાટકે ભૂંસાઈ ગયો છે, દરિયાનો ઘુઘવાટ શમી ગયો છે. દરિયાની જગ્યાએ જંગલ ઊગી નીકળ્યું છે, અડાબીડ જંગલને લીધે આકાશ દેખાતું નથી.

અનીશે દૂર જતી મિષ્ટી તરફ જોયું, તેની પીઠ દેખાઈ રહી છે, મિષ્ટીનો આકાર નાનો થતો જાય છે, જોતજોતાંમાં મિષ્ટીની પીઠ પર પાંખો ફૂટી નીકળે છે, મિષ્ટીનું શરીર પતંગિયા જેટલું નાનું થઈ જાય છે અને અંતે એ પતંગિયું બનીને ઊડવા લાગે છે.

અનીશની નજર સ્મરણપોથીનાં પાનાં પલટાવી પાછી ફરી ત્યારે તેણે જોયું કે તેની ટ્રેન ચાલુ થઈ ગઈ છે, તેણે ટ્રેનની અંદરના ઇન્ડિકેટરમાં નજર કરી અને સામેની ટ્રેનમાં ઊભેલી મિષ્ટી તરફ જોઈને બૂમ પાડી, 'મિષ્ટી...' આ વખતે તેનો અવાજ મિષ્ટીને સંભળાયો. મિષ્ટીએ અનીશ તરફ નજર કરી. અનીશે કહ્યું, 'નેક્સ્ટ સ્ટેશન દાદર છે, શિવાજી પાર્કના ગાર્ડનમાં ઘણાંબધાં પતંગિયાં છે, જોવા આવીશ? બ્રિજ પર મળજે. હું રાહ જોઈશ.'

અનીશની ટ્રેન આગળ નીકળી ગઈ.

અનીશે વિચાર્યું કે શું મિષ્ટીને હજુ પણ જંગલ, પર્વતો, નદી, ફૂલ, પતંગિયાંનાં સપનાં આવતાં હશે? તેને પતંગિયાની જેમ પાંખો ફૂટેલી તો એ પાંખો આજે મને કેમ ન દેખાઈ? શું મિષ્ટી હવે બગીચામાં જતી હશે? જતી હશે તો તેને હજુ પણ પતંગિયાં ગમતાં હશે? ગમતાં હશે તો પણ શું તે મારા કહેવાથી દાદર ઊતરશે? ઊતરશે તો પણ તે મને દાદરના કયા બ્રિજ પર મળશે?

અનીશને થયું કે મેં તો કહી દીધું કે હું રાહ જોઈશ, પણ શું તેણે મારી રાહ જોઈ હશે?

અને સૌથી મોટો પ્રશ્ન કે તેનું મીઠડું લાગતું નામ - મિષ્ટી - તેની સાથે જોડાયેલું હશે કે પછી...

અનીશ અનુમાન લગાવી રહ્યો હતો અને તેની ટ્રેન દાદર સ્ટેશનથી ધીરે-ધીરે સરકી રહી હતી.

❑❑❑

નિઃશસ્ત્રીકરણ

વિશ્વના દેશો જ્યાં સુધી એકબીજાનું શોષણ કરતાં બંધ નહીં થાય ત્યાં સુધી સાચું નિઃશસ્ત્રીકરણ સંભવિત નથી. જો શસ્ત્રોની ગાંડી દોડ આ રીતે ચાલુ જ રહેશે તો વિશ્વના ઇતિહાસમાં ક્યારેય ન થઈ હોય તેવી કત્લેઆમ થશે. આ કત્લેઆમમાં જેની જીત થશે તે રાષ્ટ્ર પણ મૂઆ વાંકે જીવવા જેવું જ હશે. આ તોળાઈ રહેલા વિનાશને રોકવા માટે અહિંસાનો પૂર્ણતયા સ્વીકાર કર્યા વિના બીજો કોઈ રસ્તો જ નથી. જો લોભ નહીં હોય તો શસ્ત્રોની પણ જરૂર રહેશે નહીં. અહિંસાના સિદ્ધાંતમાં એ જરૂરી છે કે કોઈપણ પ્રકારનાં શોષણમાંથી દૂર રહેવું. જેવું શોષણનું તત્ત્વ નાબૂદ થશે કે તુર્ત જ શસ્ત્રો એ ન ઉપાડી શકાય તેવો બોજ બની જશે.

- ગાંધીજી



મન

☐ ડૉ. ભાલચન્દ્ર હ. હાથી

'મન હોય તો માળવે જવાય' આ એક લૌકિક ખ્યાલ છે. એનો અર્થ એવો થાય છે કે કંઈ પણ કરવું હોય તો મનની એમાં ઉપસ્થિતિ હોવી જરૂરી છે. આવો ગૂઢ વિચાર આ લોકોક્તિમાં સમાયેલો છે. આ મન શું છે? એ વિશે ભારતીય અને અન્ય ઘણાં સાહિત્યમાં અનેક બાબતો જોવા મળે છે. આમ મન પણ એક સંશોધનનો વિષય છે, જે ગહન છે.

આપણાં શાસ્ત્રોમાં આકાશ, જમીન, પાણી, અગ્નિ, પવન, આત્મા, મન, કાળ અને દિશા આ નવને દ્રવ્યો કહ્યાં છે. खादीनी आत्मा मनः कालो दिशश्च द्रव्यसंग्रह।।

આ નવ દ્રવ્યોમાં મનનો પણ સમાવેશ થયેલો છે. ષડ્દર્શનોમાં પણ મન વિશે અનેક બાબતો આપેલી છે. આપણે પણ શરીર વ્યાપારો સાથે મનને કેટલો સીધો સંબંધ છે એ રોજબરોજ અનુભવતા હોઈએ જ છીએ.

મહર્ષિ ચરકાચાર્યે તેમની સંહિતા 'ચરકસંહિતા'ના શરીર સ્થાનના પ્રથમ અધ્યાયમાં મનનું લક્ષણ આપ્યું છે. એમાં કહ્યું છે કે

लक्षणं मनसो ज्ञेयम् ज्ञानस्याभावोऽभाव एव च।।

જ્ઞાનનો અભાવ અને ભાવ (ન હોવાપણું અને હોવાપણું), એ મનનું લક્ષણ છે. એટલે કે 'એકસાથે જ્ઞાન ન થવું અને થવું' એ મનનું લક્ષણ છે. જ્ઞાન થવા માટે કોઈ વિષય સાથે એની ઇન્દ્રિય અને આત્માનો યોગ હોય, ત્યાં મનની હાજરી પણ હોય (ત્રણેનો સંનિકર્ષ હોય, બે વસ્તુ સાથે હોય એ 'યોગ' અને ત્રણ વસ્તુ સાથે હોય એને 'સંનિકર્ષ' કહેવાય) તો જ એ વિષયનું જ્ઞાન થાય છે, પણ જો સંનિકર્ષ હોય અને મન અન્ય કોઈ વિષયમાં પ્રવૃત્ત હોય તો એ જ્ઞાન સચોટ થતું નથી. દા. ત. આપણે કોઈ વાંચનમાં લીન થઈ ગયા હોઈએ અને બાજુમાં કોઈ વાતો કરતું હોય તો એની વાતો આપણા ધ્યાનમાં રહેતી નથી. અહીં ચક્ષુ ઇન્દ્રિય એના વિષય (દૃશ્ય)માં મન સાથે રહીને જોડાયેલી છે એથી દૃશ્યનો 'ભાવ' છે, પણ કર્ણેન્દ્રિયના શબ્દ વિષય સાથે મન જોડાયેલું નથી હોતું એથી શ્રવણ (સાંભળવા)નું જ્ઞાન નથી થતું. એ શ્રવણજ્ઞાનનો 'અભાવ' છે. આમ એક ઇન્દ્રિય સાથે રહીને એના વિષયના જ્ઞાનની ઉત્પત્તિ અને અન્ય ઇન્દ્રિય સાથે મન ન હોવાથી એના વિષયના જ્ઞાનની અનુત્પત્તિ, પણ સાથે જ થાય છે. આમ વાંચનમાં દર્શનનો 'ભાવ' અને એ જ વખતે થતી વાતોમાં શ્રવણનો 'અભાવ' એ બન્ને યુગપદ - એકસાથે થાય છે. અને એ જ મનનું લક્ષણ છે.

મનનું આ રીતનું લક્ષણ કેમ? આવો પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે, પરંતુ એ વાત પણ બહુ સરળ છે. જો 'જ્ઞાનનો અભાવ' એવું લક્ષણ ન આપવામાં આવે તો જ્યારે આંખ દ્વારા જ્ઞાન થતું હોય છે, ત્યારે ત્યાં મનની હાજરી કબૂલીએ છીએ, પરંતુ એ જ સમયે કર્ણાદિ ઇન્દ્રિયો દ્વારા શબ્દાદિ વિષયોનું જ્ઞાન થતું નથી એથી ત્યાં મન જેવી વસ્તુ નથી એવી માન્યતા ઊભી થાય. આથી જ્ઞાનનો અભાવ અને ભાવ એકસાથે જ થાય એ મનનું લક્ષણ છે અને એ દ્વારા જ ત્યાં મનની ઉપસ્થિતિ પણ સિદ્ધ થઈ જાય છે. મનનું જ્યાં સાંનિધ્ય હોય ત્યાં જ્ઞાન થવું અને એ સાંનિધ્ય ન હોય તો જ્ઞાન ન થવું એ જ મનનું લક્ષણ છે.

अणुत्वम् अथ च ऐकत्वम् द्वौ गुणौ मनसः स्मृतौ।

'અણુતા' (અતિસૂક્ષ્મતા) અને 'એકતા' (એકપણું) એ બે મનના ગુણો કહેલા છે.

મનનો એક ગુણ 'અણુતા' છે. એટલે કે એ અતિસૂક્ષ્મ છે. સર્વ શરીર વ્યાપી નથી. જો મન વ્યાપક હોય તો બધી જ ઇન્દ્રિયોનું જ્ઞાન પણ એકસાથે જ થાય, પરંતુ એમ થતું નથી. એટલે મન વ્યાપક નથી સૂક્ષ્મ છે - અણુ છે અને એ કુદરતની અવ્યવસ્થા થવા દેતું નથી. મનનો બીજો ગુણ 'એકત્વમ્' છે. જો મન એક કરતાં વધારે હોય, તો એક કરતાં વધારે ઇન્દ્રિયો સાથે એનો સંનિકર્ષ થાય અને તો દરેક ઇન્દ્રિયોનું જ્ઞાન પણ એકસાથે જ થાય, એટલે કે જોવું, સાંભળવું વગેરે બધી જ બાબતોનું જ્ઞાન એકસાથે જ સ્પષ્ટપણે થાય, પણ એમ થતું નથી એથી થતી અવ્યવસ્થા પણ એ થવા દેતું નથી. આ મનનું એકત્વ સિદ્ધ કરે છે. જો મન મહત પરિમાણવાળું હોય તો એ ત્વરિત ગતિ નથી કરી શકતું, પણ સૂક્ષ્મ હોવાથી એક ઇન્દ્રિયથી બીજી ઇન્દ્રિય તરફ ત્વરિત ગતિ કરી શકે છે.

મનના આ ગુણો કેવા? એ પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે, કારણ કે સિનેમાગૃહમાં દૃશ્યનું જોવું અને સંવાદોનું સાંભળવું, એકસાથે જ થતું હોય એમ લાગે છે, પણ ખરેખર એવું હોતું નથી. દૃશ્ય સાથે એના સંવાદોના શબ્દોને સંબંધ હોવાથી આવી ભ્રાંતિ પેદા થાય છે. જેમ કમળની હજાર પાંખડીઓની થપ્પીને સોયથી વીંધતાં પહેલી અને છેલ્લી પાંખડીઓ એકસાથે

જ વીંધાતી હોય એવું લાગે છે, પણ ખરેખર તો દરેક પાંખડી એક પછી એક વારાફરતી જ વીંધાતી હોય છે. ઘણી ઝડપથી આમ થતું હોવાને કારણે એકસાથે વીંધાતું જણાય છે. એ જ રીતે સિનેમાગૃહમાં દર્શન અને શ્રવણ પણ એકસાથે થતાં હોય એવું લાગે છે, બાજુની બેઠકવાળી વ્યક્તિ જો વાતો કરતી હોય, તો આપણે સિનેમામાં ધ્યાન નથી આપી શકતા. એથી આપણે તેને વાતો ન કરવા વિનવીએ છીએ. એ પણ બતાવે છે કે મન અણુ અને એક છે. ચલચિત્રની પટ્ટી હાથમાં લઈને જોતાં બધાં ચિત્રો એક સરખાં જ લાગે છે, પણ ખરેખર એમ હોતું નથી. એ દરેકમાં થોડો-થોડો ફરક હોય છે. એક સેકન્ડમાં આવા સોળ ચિત્રો જે ઝડપે પસાર થાય છે એ હલચલનો આભાસ ઊભો કરે છે અને આપણે ચલચિત્રની મજા માણીએ છીએ. આથી મન એક છે એ સિદ્ધ થાય છે. આ આખી ક્રિયા ભૌતિક વિજ્ઞાન દ્વારા થાય છે, એમ સમજાય છે.

મન એક ઇન્દ્રિય છે, તદનુસાર એને પણ એના વિષયો છે. મહર્ષિ ચરક એને આ રીતે દર્શાવે છે.

चिन्त्यम् विचार्यमुह्यं च ध्येयम् संकल्प्यमेव च।
यत्किन्चिन्मनसो ज्ञेयम् तत्सर्वं हि अर्थ संज्ञकम्।।

ચિંતન કરવા, વિચારવા, તર્ક કરવા, ધ્યાન કરવા અને સંકલ્પ કરવા યોગ્ય અને જે કાંઈ મનને જાણવા યોગ્ય હોય એ બધું મનના વિષયો છે.

શબ્દાદિ પાંચે વિષયોનું જ્ઞાન એ ઇન્દ્રિયો દ્વારા થતું હોય છે, પણ જો આત્મા એ વિષયોને મેળવવાનું ન ધારે, તો મન ઇન્દ્રિયોમાં પ્રવૃત્ત ન થાય અને એથી જ્ઞાન પણ થાય નહીં, એવી માન્યતા ઊભી થાય છે, પણ એવું નથી. મનના પોતાના જુદા જ વિષયો છે અને એ શબ્દાદિ જેવા જ છે. સુખ, દુ:ખ વગેરે મનના જ વિષયો છે એને બુદ્ધિના ભેદ જ માનવામાં આવે છે.

કર્તવ્ય કે અકર્તવ્યનું 'ચિંતન', સારું કે નઠારું એનો 'વિચાર', અમુક બાબતોનું હોવું કે ન હોવું એ અંગેનો 'તર્ક', ધ્યાન દ્વારા જ્ઞાન કરવું એ 'ધ્યેય', ગુણદોષનો વિચાર એ 'સંકલ્પ' અને આ ઉપરાંત મનથી જાણવા યોગ્ય જે કંઈ છે એ - એટલે કે અન્ય ઇન્દ્રિયોની સહાય વિના માત્ર મનથી જ જે જણાય, એ બધું જ - મનના વિષયો છે. આ 'યત્કિંચિત્ મનસો જ્ઞેયમ્' એ પણ શબ્દાદિ પાંચ વિષયોની અંતર્ગત જ આવે છે, એને એનાથી જુદું જ ગણીને છટ્ઠા વિષયની કલ્પના કરી ચોવીસ તત્ત્વો ઉપરાંત એક વધારાના તત્ત્વની ગણના કરવાની રહેતી નથી. વળી સુખ-દુ:ખ વગેરે પણ મનના જ વિષયો છે એ ભલે શબ્દાદિથી જુદા છે, પણ એ બુદ્ધિના જ ભેદ હોઈ એનો પણ સમાવેશ કરી દીધેલો છે.

મન તો 'ઉભયેન્દ્રિય' છે (જ્ઞાનેન્દ્રિય પણ છે અને કર્મેન્દ્રિય પણ છે).

જ્ઞાનેન્દ્રિય તરીકેના એના વિષયો આપણે ઉપર જોયા. કર્મેન્દ્રિય તરીકેનાં તેનાં કર્મો પણ વિશિષ્ટ છે. એમાં 'ઇન્દ્રિયાભિગ્રહ' એટલે કે દરેક ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમાં પ્રેરવી એ મનનું કર્મ છે અને વળી એનું સ્વનિયંત્રણરૂપી કર્મ પણ 'મનોનિગ્રહ'થી કહેલું છે. કોઈ અહિત વિષયોમાં મનની પ્રવૃત્તિ ન થાય એ જોવાનું પણ મનનું કર્મ છે.

મનનાં કર્મોની એક પ્રક્રિયા છે. ઇન્દ્રિયોને એના વિષયોમાં સાથે રહીને પ્રેરવી, એ 'ઇન્દ્રિયાભિગ્રહ' એક કર્મ છે, એ વિષયનું ગ્રહણ કર્યા બાદ એમ કરતાં જરૂર પડે તો અટકાવે, એ 'મનોનિગ્રહ' નામનું બીજું કર્મ છે અને ત્યાર બાદ એ વિષય વિશેના જ્ઞાનનો નિશ્ચય કરે છે. આમ ઇન્દ્રિયોને એના વિષયો સાથે જોડી એની ઓળખ અને તર્ક-વિતર્ક દ્વારા એની સ્પષ્ટતા કરવી એ મનનું કર્મ છે. આ આખી પ્રક્રિયા અતિઝડપી થાય છે.

નિગ્રહને કેટલાક એમ સમજાવે છે કે જ્યારે મન એક ઇન્દ્રિયાર્થ સાથે જોડાયેલું છે, ત્યારે એ અન્ય ઇન્દ્રિયાર્થ સાથે જોડાતું અટકે, એ કામ પણ મનનું જ હોય છે.

મનનાં બે કર્મો ઉપરાંત ત્રીજું કર્મ 'ઉહો વિચારશ્ચ' પણ કહેલું છે. ઉહ એટલે પૂરેપૂરી તપાસ કર્યા બાદનું મેળવેલું સંપૂર્ણ જ્ઞાન અને વિચાર એટલે કે તે જ્ઞાનનો ઉપયોગ કરવો કે ન કરવો એવો સંકલ્પ કે વિકલ્પ કરવો. તર્ક કર્યા બાદ વિચાર કરવો એ મનનું કર્મ છે, ત્યાર બાદ જે અનુસરણ કરવામાં આવે છે એ બુદ્ધિની પ્રવૃત્તિ છે. એટલે કે 'સારાને ગ્રહણ કરવું અને ખરાબને ત્યજવું' એવો નિશ્ચય બુદ્ધિ દ્વારા થાય છે. મનનું કાર્ય, બુદ્ધિ માટે કાર્યક્ષેત્ર તૈયાર કરવાનું છે. પછીનું બધું જ કાર્ય બુદ્ધિથી થાય છે! એટલે બુદ્ધિને निश्चयात्मक बुद्धिः (નિશ્ચય કે નિર્ણય કરે છે એ) કહે છે.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम्।।

મન જ સર્વ મનુષ્યોનાં બંધન અને મોક્ષનું મુખ્ય કારણ છે.

વિષયોમાં આસક્ત મન બંધનનું અને ઇચ્છા-સંકલ્પ વિનાનું મન મોક્ષ (મુક્તિ)નું કારણ માન્યું છે.

મનનાં લક્ષણો, ગુણો, વિષયો અને કર્મો વિશે ષડ્દર્શનોમાં સારો ઉલ્લેખ છે અને ભારતીય સાહિત્યમાં પણ એનું સ્થાન આગવું જ છે. શરીરની રચનામાં આત્માની સાથે મન પણ કેટલું મહત્ત્વનું છે એ વાત પણ સ્પષ્ટ છે. આયુર્વેદમાં સાંખ્યમત અનુસાર પંચવિંશતિપુરુષને ચિકિત્સા માટે અધિકારી માન્યો છે. ષડ્દર્શનોમાં પોતપોતાની માન્યતા અને સમજ પ્રમાણે રજૂઆત છે, પણ અંતે તો 'સર્વે નદીઓની ગતિ સમુદ્ર તરફની જ હોય છે.'

❑❑❑



તરંગી વિજ્ઞાની મોંતાનિયે

☐ દીપક જોશી

ડૉ. લુક મોંતાનિયે (Dr. Luc Montagnier) નામની શખ્સિયતનું ગઈ ૮ ફેબ્રુઆરીના રોજ અવસાન થયું. તેઓ ૮૯ વર્ષના હતા. SARC-CoV-2 વાઇરસની ઉત્પત્તિ અને કોરોના વૅક્સિન અંગેનાં વિધાનોથી જીવનનાં છેલ્લાં વર્ષો સુધી તેઓ ચર્ચામાં રહ્યા. ફિઝિયોલૉજી અથવા મેડિસિન ક્ષેત્રના વર્ષ ૨૦૦૮ના આ નોબલવિજેતા જિંદગીભર વિવાદોનો પીછો કરતા રહ્યા. વિજ્ઞાનજગતનો એક

તેજસ્વી સિતારો મૃત્યુ સમયે પોતાના પ્રશંસકોનો અળખામણો થઈ ચૂક્યો હતો. એઇડ્સ માટે જવાબદાર Human Immunodeficiency Virus (HIV)ના તેઓ સહસંશોધક હતા. HIV અને CoV-2 જેવા 'રિટ્રોવાઇરસ' તેમના સંશોધનનું મુખ્ય ક્ષેત્ર હતું. એંસીના દાયકાની શરૂઆતમાં 'ગે પ્લેગ' તરીકે ઓળખાતી બીમારીએ બિહામણું રૂપ ધારણ કર્યું હતું. ૧૯૮૧માં કેલિફોર્નિયા અને ન્યૂ યૉર્કના યુવાન સમલિંગી પુરુષોના અસામાન્ય સંખ્યામાં થયેલ મૃત્યુથી તબીબો ચોંકી ગયા હતા. રોગપ્રતિકારશક્તિ ગુમાવી દેનાર દર્દીઓના બચવાની શક્યતાઓ રહેતી ન હતી. એની ચોક્કસ દવા કે સારવાર ઉપલબ્ધ ન હતી.

મોંતાનિયે પૅરિસની પાશ્વર ઇન્સ્ટિટ્યૂટ ખાતે કાર્યરત હતા. ૧૯૮૩ના જાન્યુઆરીમાં ઇન્સ્ટિટ્યૂટને એક સમલિંગી ફૅશન ડિઝાઇનરના રોગિષ્ઠ ટિસ્યૂ (Lymph Node)નું સૅમ્પલ પ્રાપ્ત થયું. મોંતાનિયે અને તેમનાં વિદ્યાર્થિની તથા સહસંશોધક ફ્રાન્સવાસ બાર-સિન્યસી (Francois Barr'e - Sinoussi)ના જૂથે તે સૅમ્પલમાંથી એક રિટ્રોવાઇરસ શોધી કાઢ્યો. શરૂઆતમાં તે વાઇરસ LAV (Lymphadenopathy Associated Virus) નામે ઓળખાયો અને મે, ૧૯૮૩ના 'સાયન્સ' સામયિકમાં એ શોધ પ્રસિદ્ધ પણ થઈ. એ લેખમાં સ્પષ્ટતા કરાઈ હતી કે એઇડ્સ માટે એ વાઇરસની ભૂમિકા હજુ નક્કી કરવાની બાકી છે. ચાર મહિના પછી ન્યુ યૉર્ક ખાતેની એક કૉન્ફરન્સમાં મોંતાનિયેએ તે વાઇરસ એઇડ્સ માટે જવાબદાર હોવાનું જણાવ્યું, પણ પ્રશ્નોત્તરી દરમિયાન તેઓ ઉપહાસનું પાત્ર બન્યા. મોંતાનિયેની ટીમની આ શોધની ખાસ નોંધ ન લેવાઈ. જોકે તે વાઇરસની હાજરી નક્કી કરવાની મોંતાનિયેની પદ્ધતિના આધારે એઇડ્સ બીમારીના નિદાન માટેનો બ્લડ ટેસ્ટ તરત જ તૈયાર થયો. થોડા અરસા બાદ જ અમેરિકાની નૅશનલ કૅન્સર ઇન્સ્ટિટ્યૂટના ડૉ. રોબર્ટ ગૅલો અને તેમના સાથીઓએ પણ એ જ બીમારી માટે HTLV-3 નામનો વાઇરસ શોધ્યાનું જાહેર કર્યું. પછીથી મોંતાનિયે અને ગૅલોની પ્રયોગશાળાઓમાં શોધાયેલ બન્ને વાઇરસ એક જ હોવાનું પુરવાર થયું. ૧૯૮૬માં મોંતાનિયેની ટીમે HIVના બીજા એક સ્વરૂપની પણ ઓળખ કરી હતી. HIVનું એ સ્વરૂપ પશ્ચિમ આફ્રિકાના દર્દીઓમાં જોવા મળે છે.

એઇડ્સના બ્લડ ટેસ્ટ માટે મહદંશે મોંતાનિયે અને બાર-સિન્યસી દ્વારા વિકસાવાયેલ ટેસ્ટના પેટન્ટ અંગે વિવાદ શરૂ થઈ ચૂક્યો હતો. પાશ્વર ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ડિસેમ્બર, ૧૯૮૩માં U.S. પૅટન્ટ માટે અરજી કરાઈ હતી. ત્યારબાદ ગૅલોની ટીમ દ્વારા પણ HIV બ્લડ

ટેસ્ટના પૅટન્ટ માટે અરજી કરાઈ. ઘણી વિચારણા બાદ મે, ૧૯૮૫માં ગૅલોની ટીમને પૅટન્ટના હક્કો મંજૂર થયા એથી પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટ દ્વારા અમેરિકી સરકાર સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી. પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટનો દાવો હતો કે ગૅલો દ્વારા તૈયાર કરાયેલ ટેસ્ટ માટે ફ્રાન્સની પ્રયોગશાળાના વાઇરસનો જ ઉપયોગ કરાયો છે. AIDS માટે જવાબદાર વાઇરસની શોધ સૌપ્રથમ કોણે અને ક્યારે કરી એ મુદ્દે તકરાર પડી હતી. મોંતાનિયે ધીરગંભીર સ્વભાવના હતા, જ્યારે ગૅલો ઉગ્ર અને ઉતાવળિયા હતા. બ્લડ કૅન્સર માટેના રિટ્રોવાઇરસ-HTVLની શોધ માટે ગૅલો પહેલાંથી જ જાણીતા હતા. જય લેવી નામના સંશોધકે LAV અને HTLV-3 એક જ હોવાનું સાબિત કરતાં જ ગૅલોએ એઇડ્સ માટે જવાબદાર વાઇરસની અને એના બંધારણની શોધ પોતે જ પહેલાં કરી હોવાનું પ્રસ્થાપિત કરવાના પ્રયત્નો શરૂ કર્યા. પરસ્પર ગેરવર્તણૂક, સંશોધનની ચોરી અને અંગત સ્વાર્થ સિદ્ધ કરવાની તરકીબો અંગે આક્ષેપો - પ્રતિઆક્ષેપો થયેલા. વિવાદ સાથે અમેરિકા અને ફ્રાન્સની રાષ્ટ્રીય અસ્મિતા તથા પૅટન્ટથી મળનારી લાખ્ખો ડૉલરની રૉયલ્ટી પણ સંકળાયેલી હતી. પૅટન્ટ વિવાદની તપાસ - ઊલટતપાસ દરમિયાન સાબિત થયું કે સંશોધન માટે એ જ દર્દીની રોગિષ્ઠ પેશીનું સૅમ્પલ અન્ય પ્રયોગશાળાઓ સાથે ગૅલોની પ્રયોગશાળાને પણ મોકલવામાં આવ્યું હતું. ફ્રાન્સના વૈજ્ઞાનિકોએ સૌપ્રથમ વાઇરસ શોધી અલગ પાડ્યો હતો, જ્યારે અમેરિકનોએ એઇડ્સ સાથે એની કડીરૂપ ભૂમિકા પ્રસ્થાપિત કરી હતી. એ વિવાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ રીગન અને ફ્રાન્સના વડા પ્રધાન જાક ચિરાકની મધ્યસ્થીથી ૧૯૮૭માં ઊકલી શક્યો હતો. બન્ને વૈજ્ઞાનિકોને HIVના સહશોધકો જાહેર કરવાનું પણ સ્વીકારાયું. બન્ને વચ્ચેની સમજૂતીના ભાગરૂપે ઇન્ટરનૅશનલ કમિટી દ્વારા વાઇરસનું નામ HIV (Human Immunodeficiency Virus) આપવાનું નક્કી થયું હતું. મોંતાનિયે અને ગૅલોને ૧૯૮૭માં ક્લિનિકલ મેડિકલ રિસર્ચ માટે 'Lasker' ઍવૉર્ડ મળે છે. બન્નેને ૧૯૮૮માં પ્રતિષ્ઠિત 'જાપાન પ્રાઇઝ' પણ એનાયત થયેલું. વર્ષ ૨૦૦૮ના નોબલ ઇનામનો અડધો ભાગ મોંતાનિયે અને બાર-સિન્યસી વચ્ચે વહેંચાયો ત્યારે મોંતાનિયેએ જણાવ્યું હતું કે એઇડ્સની બીમારી માટે HIVને નિઃશંકપણે સાંકળવામાં ગૅલોની પણ ભૂમિકા હોવાથી તેમને પણ નોબલના હક્કદાર માનવા જોઈએ. જોકે નોબલ પુરસ્કાર પ્રશસ્તિપત્રમાં ગૅલોનો ઉલ્લેખ માત્ર પણ ન હતો. એ વર્ષના ઇનામનો બાકીનો ભાગ

જર્મનીના હેરાલ્ડ ઝુર હુસેનના ફાળે ગયેલો. તેમણે ગર્ભાશયના કૅન્સર માટે જવાબદાર પેપિલોમા વાઇરસ (Human Papilloma Virus)ની શોધ કરેલી.

મોંતાનિયે, બાર-સિન્યસી અને ગૅલોનું કાર્ય આધુનિક વિજ્ઞાનની એક મહત્ત્વની સફળતા ગણાય છે. ૨૦૦૮ સુધીમાં એઇડ્સ સંબંધિત બીમારીઓથી વિશ્વમાં અઢી કરોડ માણસો મૃત્યુ પામ્યા હતા અને અંદાજિત સાડાત્રણ કરોડ લોકો સંક્રમિત હતા. મૃત્યુદંડની સજા સમાન રોગનો ઉપાય દાયકાઓના બદલે થોડાં જ વર્ષોમાં શોધી શકાયો હતો. ૧૯૧૦થી ૧૯૬૦ દરમિયાન વૅક્સિન્સ અને ઍન્ટિબાયોટિક્સ સંબંધિત શોધોએ વ્યાપક રોગચાળાની શક્યતાઓ નાબૂદ કરી હતી, પરંતુ વાઇરસના સંક્રમણથી ફેલાતો એઇડ્સ નવા જ પ્રકારનો રોગ હતો. મોંતાનિયે અને તેમના સાથીઓના સતત સંશોધનના કારણે ઍન્ટિરિટ્રોવાઇરલ થેરપીની સફળ પ્રણાલીઓ પ્રસ્થાપિત થઈ. પરિણામે એઇડ્સના દર્દીઓ માટે તંદુરસ્ત વ્યક્તિ જેટલું જ લાંબું જીવન જીવવાનું શક્ય બન્યું છે.

૧૯૮૯માં HIVની શોધના પ્રશ્ને પુનઃ માથું ઊંચક્યું. એ વર્ષે જૉહ્ન ક્યુડસન નામના પુલિત્ઝર ઇનામવિજેતા પત્રકારે 'શિકાગો ટ્રિબ્યૂન' માટે ઇન્વેસ્ટિગેટિવ લેખમાં શંકા વ્યક્ત કરી કે ગૅલો દ્વારા ફ્રાન્સની પ્રયોગશાળામાંથી વાઇરસનો નમૂનો ચોરી લેવામાં આવ્યો હતો કે યેન કેન પ્રકારેણ હસ્તગત કરાયો હતો. ક્યુડસનના લેખને કારણે અમેરિકી સરકારના આરોગ્ય વિભાગે ગૅલોના સંશોધન અંગે તપાસ આરંભી દીધી. તપાસ દરમિયાન પ્રયોગશાળાનો વર્ષો જૂનો રેકૉર્ડ ચકાસાયો અને મોટી સંખ્યામાં ગૅલોના સહકાર્યકરોનાં નિવેદનો લેવામાં આવ્યાં. અમેરિકન વિજ્ઞાનના ઇતિહાસનો આ સૌથી લાંબો ચાલેલો અને સૌથી વધુ કુખ્યાત વિવાદ હતો. યુ.એસ. ઑફિસ ઑફ રિસર્ચ ઇન્ટિગ્રિટીના હુકમમાં ગૅલોને વૈજ્ઞાનિક ગેરવર્તણૂક માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા. જોકે એ હુકમ સામે અપીલ કરી પોતાની પ્રયોગશાળામાં પાશ્ચર ઇન્સ્ટિટ્યૂટના વાઇરસની ભેળસેળ થયાનું ગૅલોએ સ્વીકારી લેતાં તેમની સામેના આરોપો-કાર્યવાહી પડતી મૂકવામાં આવી હતી. ૧૯૯૪માં અમેરિકા અને ફ્રાન્સ વચ્ચે બ્લડ ટેસ્ટ ઍગ્રીમેન્ટ કરવામાં આવ્યો, જેના કારણે બ્લડ ટેસ્ટ માટેની કિટના વેચાણથી મળનાર રૉયલ્ટીનો મોટોભાગ ફ્રેંચ સંશોધકોને ફાળે ગયો.

આ બધાં વર્ષો દરમિયાન મોંતાનિયે પોતાના સંશોધનકાર્યમાં વ્યસ્ત હતા. એઇડ્સના ઇલાજ માટે કોઈ રામબાણ દવા હાથ લાગી રહી ન હતી એથી તેઓ ચિંતિત હતા. પોતાના આત્મકથનાત્મક નિબંધમાં મોંતાનિયે જણાવે છે કે યુવાન

વયથી જ તેમને ચિકિત્સાવિજ્ઞાનમાં રસ હતો, કારણ કે તેમણે પોતાના દાદાને મળાશયના કૅન્સરથી પીડાતા જોયા હતા. જેણે એઇડ્સ માટેનો વાઇરસ શોધ્યો છે તેની પાસે તેની દવા પણ ચોક્કસ હશે એવી શ્રદ્ધા સાથે દર્દીઓ તેમની પ્રયોગશાળા આગળ એકઠા થતા હતા, પરંતુ એઇડ્સના દર્દીઓને જોઈ તેઓ સ્વયં નિઃસહાયતા અનુભવતા હતા.

પછીથી મોંતાનિયેએ એઇડ્સની સારવાર અને ઉપાયો - દવાઓના વિકાસ માટે બાયોટેક્નૉલૉજી કંપનીઓ સ્થાપી હતી. 'વર્લ્ડ ફાઉન્ડેશન ફૉર એઇડ્સ રિસર્ચ ઍન્ડ પ્રિવેન્શન' નામની સંસ્થાના ૧૯૯૩માં તેઓ સહસ્થાપક બન્યા હતા. ૩૦૦ મિલિયન ડૉલરના ફંડથી ન્યૂ યૉર્કની ક્વીન્સ કૉલેજ ખાતે સ્થપાનારા એઇડ્સ રિસર્ચ સેન્ટરના વડા તરીકે ૧૯૯૭માં મોંતાનિયેની નિમણૂક થઈ હતી, પરંતુ પૂરતાં નાણાં ઉપલબ્ધ ન થવાથી એ પ્રકલ્પ પડતો મુકાયો. ૧૯૭૪થી ૧૯૯૮ સુધી તેઓ ફ્રાન્સના નૅશનલ સેન્ટર ફૉર સાયન્ટિફિક રિસર્ચના સંશોધન નિયામક હતા. ૨૦૧૧માં એઇડ્સની સારવારના વધતા જતા ખર્ચ અંગે સરકારોને તેમણે ચેતવી હતી. સારવારથી વાઇરસનું સંક્રમણ ઘટતું હોવાથી સારવારનો ખર્ચ ઘટાડવાના ઉપાયો કરવાના મોંતાનિયે આગ્રહી હતા.

પરંતુ મોંતાનિયે દ્વારા ન માની શકાય અને ન પુરવાર થઈ શકે એવા – વાહિયાત તુક્કાને ટેકો આપવાનું શરૂ કરવામાં આવ્યું. વિવાદ જગવતા કેટલાક તરંગ - તુક્કાઓના તો જનક જ તેઓ હતા. HIVના શોધક તરીકેની તેમની ખ્યાતિનાં શરૂઆતનાં વર્ષોમાં જ તેમણે જાહેર કરેલું કે માઇકોપ્લાસ્મા નામના બૅક્ટેરિયા સાથે સંકળાઈને જ HIV એઇડ્સનો રોગ ઉત્પન્ન કરે છે. પછીથી તો સાવ અવૈજ્ઞાનિક જ કહી શકાય એવા વિચારોને પણ તેમણે ટેકો આપ્યો. પાર્કિન્સન રોગના ઇલાજ માટે આથો ચઢેલ પપૈયાની પણ તેમણે તરફેણ કરેલી. ઓટીઝમ નામની ચેતાતંત્રની વિકૃતિ ઍન્ટિબાયોટિક્સથી મટી જઈ શકે છે – એવું પણ તેમણે જાહેર કરેલું. ઓટીઝમ કોઈક પ્રકારના ચેપથી ફેલાય છે એવું તે માનતા હતા. આ અંગે તેમણે પ્રયોગો પણ હાથ ધર્યા. પરિણામે ફ્રાન્સના ઘણા ડૉક્ટરો ઓટીઝમથી બીમાર બાળકોની સારવાર માટે ઍન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરવા માંડ્યા હતા. ૫,૦૦૦ જેટલાં બાળકોની જિંદગી જોખમમાં મુકાઈ હતી. અંતે ફ્રેંચ સરકાર દ્વારા તેવા ડૉક્ટરો સામે ૨૦૨૦માં ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

૨૦૦૯માં મોંતાનિયેએ સૂચવ્યું કે રોગકારક બૅક્ટેરિયાના DNAના દ્રાવણમાંથી વીજચુંબકીય શક્તિ

ધરાવતા તરંગો પ્રસરે છે. દ્રાવણને અનેકગણું મંદ કરી દેવામાં આવે તો પણ એ તરંગો યથાવત્ રહે છે. પોતાની વિભાવનાને સાબિત કરવા તેમણે કેટલાક પ્રયોગો કરી એનાં પરિણામ ૨૦૧૧માં પ્રસિદ્ધ કર્યાં હતાં. તેઓ પોતે જે સંશોધન સામયિકના તંત્રીમંડળમાં હતા – એ જ સામયિકમાં 'Water Memory' અંગેનું તેમનું સંશોધન પ્રસિદ્ધ થયું હતું. આ પરિણામો હોમિયોપથીમાં ઉપયોગમાં લેવાતી દવાઓની કાર્યપ્રણાલીને ટેકો આપનારાં હતાં. એ રીતે મોંતાનિયે હોમિયોપથીના સમર્થક બન્યા હતા.

તેમના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિરુદ્ધના અતાર્કિક વલણને કારણે તેમનાં સંશોધનો માટે જરૂરી નાણાકીય સહાય મળતી અટકી ગઈ હતી. ૨૦૧૦માં એક ઇન્ટરવ્યૂમાં તેમણે જણાવ્યું હતું કે 'બૌદ્ધિક ત્રાસ' (Intellectual Terrorism)ને કારણે યુરોપ છોડીને તેઓ ચીન જવા માગે છે, જ્યાં રોગકારક જીવાણુઓના DNAમાંથી પ્રસરતા ઇલેક્ટ્રોમૅગ્નેટિક તરંગો પર સંશોધન કરવા માગે છે. તેઓએ શાંઘાઈની Jiao Tong યુનિવર્સિટીની પ્રોફેસરશિપ સ્વીકારી પણ હતી.

એપ્રિલ – ૨૦૨૦માં મોંતાનિયેએ એક નવા વિવાદનો મધપૂડો છંછેડ્યો હતો. વિશ્વ કોરોનાની મહામારીનો માર સહન કરી રહ્યું હતું અને વિજ્ઞાનીઓ એ માટેના વાઇરસની ઉત્પત્તિનો તાગ મેળવવામાં વ્યસ્ત હતા, ત્યારે તેમણે જણાવ્યું કે SARS-CoV-2નો ઉદ્ભવ વુહાનની પ્રયોગશાળામાં જ થયો છે. એક ફ્રેંચ ન્યૂઝ ચૅનલ CNewsને તેમણે જણાવ્યું હતું કે કોરોના અને એઇડ્સની બીમારીઓ માટે જવાબદાર બન્ને વાઇરસ એક જ પ્રકારના – રિટ્રોવાઇરસ જૂથના છે. વુહાનની પ્રયોગશાળામાં બે દાયકાથી એઇડ્સ સામેની વૅક્સિન વિકસાવવાના પ્રયત્નો ચાલુ છે. એ પ્રયત્નો દરમિયાન SARS-CoV-2નું અકસ્માતે સર્જન થયું છે. તેમનો એ અભિપ્રાય પ્રમુખ ટ્રમ્પના ટેકેદારો તથા કેટલાક વૈજ્ઞાનિકોને ચીનની ટીકા માટે ઉપયોગી થઈ પડ્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી ડૉ. મોંતાનિયે પોતે જ ખૂબ ઝડપથી પોતાની પ્રતિષ્ઠાનું ધોવાણ કરી રહ્યા હતા. તેના ફળસ્વરૂપે તેમના નામે એવો ખતરનાક અભિપ્રાય પણ વહેતો થયો હતો કે જે લોકો કોવિડ-૧૯ માટેની વૅક્સિન લેશે તે આવતાં બે વર્ષોમાં મૃત્યુ પામશે! તેમના નામે વહેતા થયેલા આવા મતે રસી લેનાર ફ્રેંચ નાગરિકોમાં ગભરાટનું વાતાવરણ ફેલાવ્યું હતું અને વૅક્સિનના વિરોધીઓના હાથ મજબૂત બન્યા હતા.


મોંતાનિયે દ્વારા ફરજિયાત રસીકરણનો વિરોધ થયાની હકીકત જાણીતી હોવાથી તેમના નામે આવી અફવાઓ ફેલાયેલી. કેટલાક રોગો સામે

ફરજિયાત રસીકરણની ફ્રેંચ સરકારની નીતિનો ૨૦૧૭માં તેમના દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. તેમણે ત્યારે કહ્યું કે ફરજિયાત રસીકરણ આવતી પેઢીઓને તબક્કાવાર ઝેર આપવા સમાન છે. એના પ્રતિભાવમાં ૧૦૬ અગ્રણી વૈજ્ઞાનિકોએ મોંતાનિયેને એક ખુલ્લો પત્ર લખી સખત ઠપકો આપતાં જણાવ્યું હતું કે નોબલ પારિતોષિક મળવાથી મળેલ પ્રતિષ્ઠાનો દુરુપયોગ કરી પોતાની જાણકારી વિનાનાં ક્ષેત્રો અંગે તેઓ ભયજનક સંદેશા આપી રહ્યા છે. મોંતાનિયેનો વૅક્સિન સામેનો વિરોધ એ કારણે હતો કે તંદુરસ્ત વ્યક્તિના રસીકરણથી સુષુપ્ત વાઇરસ શરીરમાં સક્રિય બની એના નવા mutantsનું સર્જન કરે છે. તેઓ એમ પણ માનતા હતા કે રસી લીધેલી વ્યક્તિ ઍન્ટિબોડીઝ પર આધારિત બની જતો હોવાથી (Antibody Dependent Enhancement) તેને ગંભીર ચેપ લાગવાની શક્યતાઓ વધી જાય છે. જોકે વિવિધ રોગો સામે વિશ્વભરમાં ચાલી રહેલી રસીકરણ ઝુંબેશોનાં પરિણામોએ મોંતાનિયેની આ બન્ને ધારણાઓને ખોટી ઠેરવી છે.

મોંતાનિયેના અવસાન બાદ ફ્રાન્સના પ્રમુખ ઇમાન્યુએલ માક્રોંએ એઇડ્સ સામેની લડાઈમાં તેમના પ્રદાનનાં મહત્ત્વનાં વખાણ કરી તેમના કુટુંબીજનોને સાંત્વના પાઠવી હતી. અગ્રણી ફ્રેંચ વર્તમાનપત્ર Le Figaroએ મોંતાનિયેની ચક્રવર્તી વિજ્ઞાની તરીકે શરૂ કરી ચક્રમ ગણાવા સુધીની કારકિર્દીને ‘slow scientific shipwreck’ તરીકે ઓળખાવી છે. પોતાના બરોબરિયા વિજ્ઞાનીઓ દ્વારા બહિષ્કૃત થયેલ આ તુક્કાબાજ વિજ્ઞાની ફ્રાન્સના વૅક્સિન વિરોધીઓના નાયક બની ગયા હતા. તેમના મૃત્યુ પછી તેમને શ્રદ્ધાંજલિ આપનારાઓમાં ફ્રાન્સના જમણેરી રાજકારણી ફ્લોરિયાં ફિલિપો પણ મુખ્ય હતા. ફિલિપો દ્વારા સમગ્ર ફ્રાન્સમાં કોવિડ સામેના વૅક્સિનેશનની વિરુદ્ધ દેખાવોનું આયોજન થતું હતું. તેમણે રજૂ કરેલી પાયા વિનાની ધારણાઓના કારણે સંશોધન ક્ષેત્રે હાસ્યાસ્પદ સિદ્ધિઓ માટેનું Ig (Ignoble) નોબલ ઇનામ પણ તેમને મળી શકત! શરદી, હૃદયરોગ અને કૅન્સરની સારવાર માટે ઊંચી માત્રામાં વિટામિન-સીનો ઉપયોગ કરવાની સલાહ લિનસ પૉલિંગે આપી હતી. અવકાશમાંથી પૃથ્વી પર સૂક્ષ્મ જીવોની બૉમ્બવર્ષા થાય છે એવો પુરવાર થયા વિનાનો ખ્યાલ ફ્રેડ હોઈલે રજૂ કર્યો હતો. આખરે તો મોંતાનિયેએ આધુનિક વિજ્ઞાનના ઇતિહાસમાં પોતાની ધૂનને કારણે વિવાદ વહોરનારા લિનસ પૉલિંગ અને ફ્રેડ હૉઈલ જેવાઓની હરોળમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

❑❑❑

કવિ કાન્તની ખુરશી
(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૪૪. વિદાયસમારંભ

કમ્પાઉન્ડની બહાર ગેટ પાસે નાની ટ્રક ઊભી છે. સરસામાન એમાં ગોઠવાઈ ગયો છે. રિક્ષા પણ હાજર છે, અમને રેલવે-સ્ટેશને લઈ જવા માટે થનગનતી રાતની ટ્રેનમાં મહેસાણા (આ ટ્રેનના પાત્રનો પરિચય વાચકોને અગાઉ થઈ ચૂક્યો છે.) અને ત્યાંથી ટ્રેન કે બસ દ્વારા પાલનપુર પહોંચવાનું છે. હવે ભાવનગરમાં રહેવા માટે, રોકાણ લંબાવવા માટે તર્કસંગત કોઈ કારણ રહ્યું નથી. બાળકોની પરીક્ષા પૂરી થઈ ગઈ છે. એટલું જ નહીં, પરિણામ પણ જાહેર થઈ ચૂક્યું છે. 'દક્ષિણામૂર્તિ' તથા 'શિશુવિહાર'માંથી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર મેળવી લીધું છે.

જ્યાં અમારે જવાનું છે – પાલનપુર – ત્યાં રહેઠાણની વ્યવસ્થા થઈ ગઈ છે. મિત્રના ઘરનું આતિથ્ય પેટ ભરીને માણ્યું. દરમિયાન ભાડાના મકાનની શોધ ચાલુ હતી, જેમાં પહેલા કે બીજા પ્રયત્ને સફળતા મળી. શહેરના છેવાડે, કલેક્ટર કચેરી તથા બનાસ ડેરી તરફ જતા રસ્તા પર શાંત વિસ્તારમાં, મંગળદાસ મંડોરાની બંગલીમાં ('બંગલી' શબ્દ તેઓનો છે) નીચેનો ભાગ અમને ભાડે મળ્યો છે. દોઢ રૂમ અને બાથરૂમ જેવડું રસોડું. થોડે જ છેટે 'વિદ્યામંદિર' સ્કૂલ, બાળકો ચાલતાં જઈ શકે.

આખરે અમે ભાવનગર છોડી રહ્યાં છીએ.

એ થોડી ક્ષણો, એ દૃશ્ય.

આર્ટ ફિલ્મના કોઈ ડાયરેક્ટર દ્વારા, આ દૃશ્ય માટે ખાસ સેટ તૈયાર કરાવવામાં આવ્યો હશે એવો વહેમ જાય. વાતાવરણ, પશ્ચાદ્ભૂ, પ્રકાશ આયોજન – ક્યાંય ખામી કાઢી શકાય એમ નથી. મધરાત નહોતી, માંડ આઠ-સાડાઆઠ થયા હશે, છતાં શિશુવિહાર સર્કલ પાસેના એ વિસ્તારમાં સન્નાટો

છે. રસ્તા પરથી રડ્યુંખડ્યું વાહન પણ પસાર થતું નથી. રાહદારીઓની અવરજવર નથી.

નિષ્ઠુર ટ્રક, રિક્ષા પાસેથી પણ કયા પ્રકારની સંવેદનશીલતાની અપેક્ષા રાખવી? બંને ધમધમાટ અને ઘરઘરાટ કરી એમની ભાષામાં કહી રહ્યાં છે : ઝટ કરો, જલદી કરો.

કશું બાકી નથી. શાની, કોની રાહ જોવાય છે?

તો ચાલો; બેસો રિક્ષામાં.

હું છેલ્લી એક નજર આજુબાજુ ફેરવી લઉં છું. બધું ખાલીખમ, રસ્તાની બાજુમાં, મ્યુનિસિપાલિટીના દીવાઓના ઝાંખા પ્રકાશમાં ભજવાઈ રહેલા દશ્યમાં, વિદાય આપનાર પાત્રો મૂકવાં - માણસો નહીં તો પૂઠાનાં ખોખાં - એ જીવન એમ કલાની સૂક્ષ્મ સમજ ધરાવનાર દિગ્દર્શકને જરૂરી નહીં લાગ્યું હોય. 'વિદાયસમારંભ' એવો ભારેખમ શબ્દ જેને માટે રૂઢ બની ગયો છે એ ઔપચારિકતા તો અગાઉ બે વાર થઈ ચૂકી છે. શિક્ષક-આચાર્ય-સંચાલક એવાં જિલ્લાનાં બધાં સંગઠનોએ સાથે મળીને ભવ્ય સમારંભ યોજ્યો હતો એ યાદ નથી? ઑફિસના સાથીદારો સાથે ચા-પાણી કર્યાં એ પ્રસંગનું કદ નાનું, પરંતુ એમાં ઉષ્મા હતી, અંગતતા હતી એ પણ વીસરાઈ ગયું?

એ બધું સાચું, પણ-

આવડું મોટું ભાવનગર, આટઆટલા સંબંધો, લાગણીભીના ચહેરા-

અંધારામાં, દૂરથી પણ, એકાદ હાથ ઊંચો થતો કેમ દેખાતો નથી?

વિષાદ થાય છે?

વિ...ષા...દ...? હા, થાય છે, પણ સાથે સાથે હસવું આવે છે. દિગ્દર્શક પ્રત્યે માન થાય છે.

ભલામાણસ, આમ જ હોય. આનાથી જુદું હોઈ શકે નહીં, હોવું પણ ન જોઈએ.

* * *

કોઈ હાજર નથી એવું હું કેમ કહું છું? ભૂલ સુધારવી પડશે.

એક માણસ તો છે - ભોળાભાઈ. સામાન બાંધવા-ગોઠવવામાં મદદ કરી, રિક્ષા લઈ આવ્યા, નાના જયદીપને તેડીને રિક્ષામાં બેસાડ્યો.

હવે કોઈ કામ બાકી રહ્યું નથી, એથી ખસીને થોડે આઘે ઊભા છે.

હું તેમની પાસે જાઉં છું. હાથ જોડીને બોલું છું, 'ભોળાભાઈ'

તે શું બોલે? તેમની પાસે શબ્દો તો છે નહીં.

હા, બીજી એક ભાષા છે.

* * *

એ હતો મારો સાચો વિદાયસમારંભ.

હારતોરા નહોતા, તાળીઓના ગડગડાટ નહોતા, વિશેષણોની ભરમારવાળાં ભાષણો નહોતાં.

એ બધાનું સાટું ભોળાભાઈએ વાળી દીધું.

હું છું ને, સાહેબ-

એકે હજારાં!

* * *

'ભોળાભાઈએ આવું કેમ કર્યું હશે, પપ્પા?'

વિદાયની સાંજના એ પ્રસંગને યાદ કરીને મારાં બાળકો આ પ્રશ્ન પૂછતાં. ખાસ કરીને પુત્રી કવિતા તેની આંખો ભીની થઈ જતી.

સ્મરણોના આલેખનમાં લેખકને આંશિક સ્વતંત્રતા હોવી જોઈએ એમ હું માનું છું. ક્યાંક-ક્યાંક સંપાદન કરવું, રંગો ખૂબ ઘેરા હોય તો એમને થોડા નરમ બનાવવા અથવા સાવ દૂર કરવા, કાપકૂપ કરવી.

અમુક ઘટના આ રીતે બની હતી ને? માટે હું તો એ વિશે લખવાનો જ – આ અભિગમથી, આડુંઅવળું જોયા વગર, કોથળામાં સત્યના પથરા નાખ્યે જ જવા એમાં જડતા છે.

મારે દૃશ્યનો આટલો ભાગ બાદ કરવો હતો, પરંતુ નવ વર્ષની દીકરીનો ચહેરો અત્યારે પણ મને દેખાય છે. એના પ્રશ્નમાં આગ્રહ છે, આક્રોશ પણ છે મારા પ્રત્યે.

એથી હું એ આખા પ્રસંગને બાદ કરી શકીશ નહીં.

વીજળીની ગતિએ જે બની ગયું, જોવા ન માગતું હોય એને કદાચ દેખાય પણ નહીં, દેખાય તો દૃષ્ટિભ્રમમાં ખપાવી શકાય, એ આ પ્રમાણે હતું :

હાથ જોડીને મેં ભોળાભાઈ પાસે વિદાય માગી. બે ક્ષણ તે મારી સામે જોઈ રહ્યા, સામે હાથ જોડવા જેવું કર્યું પણ એ ફાવ્યું નહીં, જાડાં આંગળાં શ્રમજીવીનાં ભેગાં થઈ શક્યાં નહીં, હોઠ ઊઘડ્યા તો શબ્દો નીકળ્યા નહીં, ગાલ ધ્રૂજવા લાગ્યા.

અંતે, બધા પ્રયત્નો પડતા મૂકીને તે નીચે બેસી ગયા અને બે હાથે મારા પગને વળગી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

જાહેર રસ્તા પર.

ખભેથી સાહીને તેમને ઊભા કર્યા અને ઝડપથી પીઠ ફેરવીને રિક્ષામાં બેસી ગયો.

* * *

૪૫. અને છેલ્લે એક પોસ્ટકાર્ડ

કોણ કહી શકે કે પોસ્ટકાર્ડ નાનું હોય છે?

આ એ જમાનાની વાત છે જ્યારે દિવાળી અને નવા વર્ષ નિમિત્તે પરસ્પર શુભેચ્છાના પત્રો લખવાનો રિવાજ હતો. છાપેલાં, વિવિધ રંગો તથા ચિત્રકામવાળાં અનેક પ્રકારનાં કાર્ડ બજારમાં તૈયાર મળતાં. અપવાદરૂપે કોઈ કોઈ સ્નેહીઓ ટપાલ ખાતાના સાદા પોસ્ટકાર્ડમાં, લાલ શાહીથી સ્વહસ્તાક્ષરમાં શુભેચ્છા કે આશીર્વાદ મોકલતા. મેળવનાર વ્યક્તિ માટે એવા પત્રોનું મૂલ્ય અવશ્ય વધારે હોય.

મારે તો હવે અંગત ઉપરાંત સરકારી સંબંધો પણ ખરા, એથી ઘરના સરનામે તેમ ઑફિસમાં લગભગ વરસાદ થતો એમ કહી શકાય.

અહીં આપણે એમાંથી એકને જુદું

તારવીને એની વાત કરવી છે.

પાલનપુરની પહેલી દિવાળી પર એક કાર્ડ આવ્યું, હાથે લખેલું કોઈ સ્નેહીનું નહીં (આગળ, વધારે સ્પષ્ટતા થાય પછી, આ વિધાન ખોટું પડશે) સાવ અજાણી વ્યક્તિનું. નામ તદ્દન અપરિચિત. લાલ શાહીનો ઉપયોગ મથાળે 'નૂતન વર્ષાભિનંદન' એવા બે શબ્દો પૂરતો; બાકીનું લખાણ સાદા પત્રની જેમ બ્લૂ શાહીથી, આગળપાછળ ખીચોખીચ. ઝીણા સુવાચ્ય અક્ષરો, તસુએ તસુનો મહત્તમ ઉપયોગ.

ઉપર જમણી બાજુ મોકલનારનું આખું નામ, પિતાના નામ તથા અટક સાથે. સરનામું : મુકામ-પોસ્ટ અમુક, વાયા ફલાણા-ફલાણા, તાલુકે બોટાદ.

- જિલ્લે ભાવનગર (અહીં અદૃશ્ય ઉદ્ગારચિહ્ન હતું, જે હું વાંચી શક્યો હતો.)

'પરમપૂજ્ય, આદરણીય સાહેબશ્રી'

કાવ્યો સંકુલ હોય, અઘરાં હોય એ આપણે જાણીએ છીએ; કોઈ કોઈ પત્રો ઓછા સંકુલ નથી હોતા. અંતઃતત્ત્વની સમૃદ્ધિમાં તો એ ભલભલાં કાવ્યોની સાથે બેસે એવાં હોય છે.

'જત ગામ... થી...ના જેશી કૃષ્ણ વાંચશો.'

પછી તરત જ, પહેલા વાક્યથી તસુ પણ છેટું ન પડી જાય એ રીતેઃ મારી બા તથા મારા ઘેરથી સાહેબશ્રીને પ્રણામ કરે છે તથા જેશીકૃષ્ણ લખાવે છે...

અજાણ્યો યુવાન મને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી રહ્યો છે. તે એકલો નથી; તેને અન્ય બે, ઝીણા અને ઋજુ સ્વરોનું પીઠબળ છે. માતા (પિતાનો ઉલ્લેખ નથી એથી માની શકાય કે મા વિધવા હશે) તથા 'મારા ઘેરથી' કહેતાં યુવાન પત્ની બે હાથ જોડીને, જેને જોયો નથી, ઓળખતા નથી એવા એક માણસને ભીના-ભીના જેશીકૃષ્ણ લખાવે છે, જેનો સાદી ભાષામાં લગભગ આવો અનુવાદ થાય : ભગવાન તમારું ભલું કરે.

લખાણમાં ક્લિષ્ટતા છે, પુનરાવર્તનનો દોષ છે. આરંભમાં આવેલાં બે સ્ત્રીપાત્રો અંતમાં ફરીથી દેખા દે છે. અભિવ્યક્તિની મર્યાદાઓ પત્ર લખનારમાં છે. એક જ વિચારને, થોડા ફેરફારો સાથે, બે-ત્રણ શબ્દો આમતેમ કરી, શક્ય હોય ત્યાં પર્યાયો મૂકી, રજૂ કરવાની આવડત તેની પાસે નથી.

પરિણામે, તે અગાઉના વિધાનને જ ફરીથી ઘૂંટે છે. મારી બા તથા મારા ઘેરથી-

શબ્દની શક્તિ જુઓ : માધ્યમ છે ભાષા, પરંતુ મારા જેવા વાંચનાર માટે એ સ્વરૂપ બદલીને ચિત્ર બની જાય છે.

ભાડાની નાનકડી ઓરડી, મજૂર વિસ્તારમાં કે ઝૂંપડપટ્ટીમાં. બાવીસ-પચીસ વર્ષનો દૂબળો યુવાન (ટેબલ-ખુરશી તો શાનાં હોય!) ભીંતના ટેકે બેઠો છે અને ઢીંચણ પર થાળી ઊંધી

ગોઠવી, એના ઉપર પોસ્ટકાર્ડ મૂકીને લખી રહ્યો છે.

વૃદ્ધ માડી સામે બેઠાં છે. પત્ની મર્યાદા રાખી ખાસ્સી આઘે, પાછળ બેઠી છે.

ચિત્ર સ્થિર નથી, જડ નથી; જીવંત છે. એમાં ગતિ છે. એને અનેક છાયાઓ છે.

સહેજ વધારે ધ્યાનથી, ઝીણી આંખે જોવામાં આવે તો સમજાય કે યુવાન તો માત્ર માધ્યમ છે, લહિયો છે. તેની લાયકાત એટલી જ કે તે નિરક્ષર નથી. થોડું ભણ્યો છે. કાગળ લખવા પૂરતી (અને પટાવાળાની નોકરી માટે જરૂરી ગણાય એટલી) લાયકાત તેણે પ્રાપ્ત કરેલ છે.

આ ભાષા, આ લય તેનાં ન હોય.

વૃદ્ધા ધ્રૂજતા સ્વરે કહે છે, 'લખ, બેટા...'

ઘૂંઘટની આડશમાંથી આવતા યુવાન, પત્નીના સ્વરમાં મર્યાદા સાથે મીઠાશ પણ છે, 'લખો...'

- અમારા સામું કોણ જુએ?

- અમને ગરીબ માણસને નોકરી કોણ આપે?

- જીવીશું ત્યાં લગી...

* * *

ઋતુઓનું ચક્ર ફર્યા કરે. બાર મહિને દિવાળી આવે, થોકબંધ શુભેચ્છાઓ ટપાલ દ્વારા મળે. એમાં સૌથી જુદો પેલા અજ્ઞાત યુવાનનો જીવંત, સ્વયંપ્રકાશિત પત્ર હોય જ.

મને સૌથી વધુ સ્પર્શી જાય એ ભાગ આ : મારી બા અને મારા ઘેરથી...

પાલનપુરથી મારી બદલી અમદાવાદ થઈ અને સાડાચારેક વર્ષ પછી ગાંધીનગર, જ્યાં હોઉં ત્યાં (તેને સ્કૂલની નોકરી એથી માહિતી મેળવી લેતો હશે) ઑફિસના સરનામે પોસ્ટકાર્ડ આવતાં રહ્યાં.

સાચું કહું તો થોડી રમૂજ વધારે વિષાદ સાથે મને એની પ્રતીક્ષા રહેતી.

કશું સ્થિર નથી, કાયમી નથી એ ન્યાયે જીવનનાં બધાં ક્ષેત્રોમાં, દરેક સ્તરે, ભીતર તેમ બહાર, પરિવર્તન આવતાં રહ્યાં. એમાં દિવાળી નિમિત્તે શુભેચ્છા પત્ર દ્વારા પાઠવવાની પ્રણાલીના શ્વાસ ધીમા પડતા ગયા અને કાળક્રમે એનું અસ્તિત્વ જ નાબૂદ થઈ ગયું.

એ પત્રો સચવાયા નથી. એકાદ પણ રહ્યો હોત (ખાસ તો પ્રથમ પોસ્ટકાર્ડ) તો પત્ર નહીં, કાવ્ય તરીકે કોઈ-કોઈવાર વાંચવાની તક મળી હોત.

સ્મરણો તો ધુમ્મસ જેવાં હોય છે; ઝાંખાં પડી વીખરાઈ જાય છે, પરંતુ આની બાબતમાં એ નિયમ લાગુ પડતો નથી. કારણ કે એ તો અસલથી જ સાવ ઝાંખું હતું એથી વધારે ઝાંખા પડવાની શક્યતા નહોતી. લખનાર યુવાન કોણ, જેને તે સહકુટુંબ ઉપકાર માનતો હતો તે મેં કર્યો હશે તો ક્યારે અને કેવા સંજોગોમાં તે હું જાણતો નહોતો. યાદ નહોતું. ન હોય અને ન જ હોવું જોઈએ.

અજાણી દિશામાંથી આવતા પત્રો.

ઊડતાં ઊડતાં.

સંધ્યા સમયે પશ્ચિમ આકાશમાંથી નીકળીને આવતાં પંખીઓ જેવા.

[સમાપ્ત]



નૌકા અને કિનારો

☐ કિરણ વી. મહેતા

આવું પણ બનશે?

અક્ષયે તો સ્વપ્નેય આવું ધાર્યું નહોતું.

સ્થિર લટકી રહેલી બપોરને જાણે કોઈકે અચાનક ધક્કો માર્યો હતો. આથી એ ઘડિયાળના લોલકની જેમ સતત દોલાયમાન થઈ રહી હતી.

અક્ષય તો શાંતિથી સૂતો હતો. પાસે પલંગ પર રહેલા રેડિયામાંથી હિન્દી ફિલ્મ-ગીત સરી રહ્યું હતું. પંખો ઠંડી હવા નહીં, પરંતુ નિદ્રારસ ઢોળી રહ્યો હતો.

એની અસરથી રૂમનું ઝાંખું અજવાળું પણ નિરાંતે ડાબે પડખે થયું હતું. અક્ષયની આંખોમાં પણ ધીરે-ધીરે નિદ્રા પ્રસરવા લાગી હતી અને ત્યાં જ બહારથી વિદ્યુતવેગી તીરની માફક ઘૂસી આવેલા અવાજે એને જગાડી દીધો હતો.

''ટપાલ!''

ટપાલીનો અવાજ કુદરતી રીતે જ ખોખરો હતો. અક્ષયની નિદ્રાના મુલાયમ પાતળા રેશમ પર એ અવાજ રીતસરનો પથ્થરની માફક પડ્યો. એ ઊભો થઈને ટપાલ લેવા દરવાજે ગયો. એક કવર લઈને એ પાછો ફર્યો. ફરીથી પલંગ પર આડો પડ્યો. કવર ફાડ્યું. પત્ર વાંચ્યો. પત્રમાં તો લખાયેલી હતી કેવળ બે જ લીટીઓ! પણ આ બે લીટીઓએ અક્ષયની આંખોમાંથી ઊંઘને એક જ ઝાટકે ઉડાડી દીધી હતી. અક્ષયના મનમાં ધરબાયેલા અંગારા ફરીથી પ્રજ્વલિત થઈ ઊઠ્યા હતા. પત્રમાં ફક્ત આટલું જ લખાયેલું હતું :

''અક્ષય, વર્ષો પછી, કાલે રવિવારે સાંજે આવું છું, તારે ઘરે.

સ્વીકારીશને દીકરા?''

બાવીસ-તેવીસ વર્ષ પછી મા ઘરે આવવાની હતી. જીવનમાં આવું ક્યારેય થશે, એવું અક્ષયે સ્વપ્નેય નહોતું વિચાર્યું. તેના કર્ણપટ હવે રેડિયાના ગીતને ઝીલતા નહોતા. એના અંતરમાં થીજી ગયેલો અતીત રોષની ગરમીથી ઓગળવા લાગ્યો હતો.

એ દોઢેક વર્ષનો હતો, ત્યારે તેની મા મરી ગઈ હતી.

પિતાજીએ તેને મોટો કર્યો હતો. એણે જોયું હતું, પિતાજી ઘણીવાર તિજોરીના એક ખાનામાંથી માનો ફોટો બહાર કાઢતા, ગમગીન બનીને ફોટાને એ જોઈ રહેતા અને પાછો ખાનામાં મૂકી દેતા.

પંદરેક વર્ષની વયે એણે એકવાર પિતાજીને પૂછ્યું હતું, ''માનો ફોટો તિજોરીમાં પડ્યો રહે છે, એના કરતાં બેઠકખંડમાં દીવાલ પર આપણે એ ફોટાને લગાવી દઈએ તો?''

''ના.'' પિતાજીએ કહ્યું હતું.

પિતાજીને આ 'ના'નું કારણ પૂછવાની હિંમત તે કરી શક્યો નહોતો. પિતાનો દઢ ભાવરેખાઓ અંકાયેલો ચહેરો જોઈને તે નિ:શબ્દ થઈ ગયેલો.

ઉંમર વધવાની સાથોસાથ સંબંધોના તાણાવાણાની ગૂંથણીઓ તેની સમજમાં આવવા લાગી હતી અને એ દરમ્યાન દૂરના એક સંબંધી પાસેથી પિતાજીની અનુપસ્થિતિમાં એવું કારણ જાણવા મળ્યું હતું કે એ સ્તબ્ધ બની ગયો હતો! મા મરી નહોતી! એ દોઢ વર્ષનો હતો, ત્યારે મા કોઈ યુવક સાથે શહેર છોડીને જતી રહી હતી. આ વાત જાણ્યા પછી તેણે પિતાજીને નહોતું કહ્યું, ''પિતાજી, તમે જૂઠ્ઠું બોલો છો, તમે મને કહો છો કે તારી મા મરી ગઈ છે, પણ મને ખબર છે કે વિશાળ દુનિયાના કોઈક ખૂણે તે જીવે છે!''

પિતાજીનો અઢળક પ્રેમ તેને આવું કહેતાં અટકાવી દેતો, પણ... બે વર્ષ અગાઉ પિતાજી ઑફિસના કોઈ કામે અઠવાડિયા માટે મદ્રાસ જવાના હતા. એ વખતે તેમણે જાતે જ કહ્યું હતું, ''દીકરા, તારી મા જીવે છે. તે ક્યાં છે? કઈ હાલતમાં છે? એની મને કશી જાણ નથી! મેં શા માટે તારી આગળ આ વાત છુપાવી હતી, એનાં કારણો ન વિચારતો, નહીંતર બળબળતા દુઃખ સિવાય કશું જ નહીં મળે તને એમાંથી!''

આ શબ્દો સાંભળીને તેને લાગ્યું હતું કે પાંખો કપાઈ ગયેલા પંખી જેવા છે પિતાજી! પિતાજીની આંખોમાં આંસુ હતાં, એ આંસુનો રેલો જાણે એના હ્રદય પરથી ઍસિડની જેમ વહીને બાળતો હતો. મદ્રાસ ગયેલા પિતાજી પાછા નહોતા ફર્યા, પરંતુ પાછું આવ્યું હતું તેમનું નિર્જીવ શરીર. મદ્રાસમાં પિતાજી ગેસ્ટહાઉસમાં ઊતર્યા હતા. રાતે પિતાજી રૂમમાં બારણું બંધ કરીને સૂતા હશે. બીજા દિવસે બપોર થઈ છતાં તેમના રૂમનું બારણું ખૂલ્યું ન હતું. શંકા જતાં ગેસ્ટહાઉસવાળાઓએ બારણું તોડાવ્યું ત્યારે પિતાજીનો આત્મા તેમના શરીરમાં ન હતો. પછી ડૉક્ટરે તપાસ કરીને જણાવ્યું હતું કે, રાતે હાર્ટ ઍટેક...

પિતાજીની લાશ ઘરે આવી હતી, ત્યારે મનથી ભાંગી પડેલા અક્ષયને મિતાલીએ સહારો આપ્યો હતો. પિતાજીએ અક્ષયનું સગપણ મિતાલી સાથે નક્કી કરેલું હતું. પિતાજીના અવસાન બાદ અક્ષયે માના ફોટાને તિજોરીના ખાનામાં જ રહેવા દીધો હતો. એ ફોટાને ત્યાંથી બહાર કાઢીને મનભરીને જોવાની ઇચ્છા એણે સેવી ન હતી.

તેના મનમાં તિરસ્કારની જ્વાળાઓ ભભૂકી ઊઠતી. માના ફોટાને જોતાં જ,

એક રમતું સસલું પથ્થર થઈ જતું - માના ફોટાને જોતાં જ.

અને એ જ મા વર્ષોનાં વહાણાં વાયે આ જ ઘરમાં પાછી આવી રહી હતી! વર્ષો અગાઉ આ ઘરને તરછોડીને નીકળી જનારી મા કયા હેતુથી આ ઘરમાં પાછી આવી રહી હશે? કયા અધિકારથી એ દરવાજો ઉઘાડીને આ ઘરના આંગણામાં પગલાં પાડી શકે? અક્ષયના મનમાં પ્રશ્નો ઊઠ્યા. તેણે હાથમાં રહેલા પત્ર ભણી નજર કરી. પત્રમાં માનું સરનામું નહોતું. તેણે કવર પરનો પોસ્ટઑફિસનો સિક્કો વાંચવા પ્રયત્ન કર્યો, પણ સિક્કો ઝાંખો હતો. શહેરનું નામ ઉકેલી શકાયું નહીં, પણ એને માનું સરનામું જાણીને શું કામ? તેની માનું સરનામું જ ક્યાં હતું? માનું સરનામું તો માએ જાતે જ સેંથામાંથી ભૂંસી નાખેલા સિંદૂરની જેમ ભૂંસી નાખ્યું હતું. તેણે પત્ર રેડિયાની બાજુમાં મૂકી દીધો.

પિતાજી આજે હયાત હોત તો આ પત્ર વાંચીને કાં તો એ બોર-બોર જેવડાં આંસુએ રડી પડ્યા હોત કાં તો પત્ર વાંચીને નફરતથી તેમણે

પત્રને ફાડી નાખ્યો હોત. હવે માને દીકરો સાંભર્યો છે! આ તે કેવા પ્રકારનું સગપણ? સગપણના નામે છેતરપિંડી છે આ! જીવનનો સૌથી પવિત્ર અને પ્રેમાળ સંબંધ જીવનની સર્વોચ્ચ શરમ બની ગયો હતો. છોડી દીધેલો પેટનો જણ્યો આટલાં વર્ષે જનેતાને યાદ આવ્યો છે! કેવી અપાર માની મમતા! કડવાશભર્યો વ્યંગ તેના મનમાં ઊછળી આવ્યો. પિતાજીના મોત બાદ અક્ષયે ગરુડપુરાણ બેસાડ્યું હતું. ગરુડપુરાણમાં પાપોની કંપારીઓ છૂટે એવી સજાઓ છે. માને મોત બાદ કેવી આકરી સજા થશે? રૌરવ, કુંભીપાક... કયા નર્કમાં જશે મા? નર્ક જ માનું સાચું સરનામું છે? નાનકડા છોકરાને છોડીને જતાં તેનું કાળજું પળભર પણ કંપ્યું નહીં હોય? એ સાવ પાષાણ હૃદયની જ હોવી જોઈએ. હવે શા માટે તે આવતી હશે અહીંયાં? વરસાદની મોસમ પૂરી થયા બાદ આસોના છેલ્લા દિવસોમાં વિરાટ આકાશમાં ક્યારેક ટોળાથી એકલીઅટૂલી થઈ ગયેલી વાદળી જોવા મળે છે. મા પણ એવી સ્થિતિમાં હશે, એટલે કદાચ-

અનેક સવાલો ગણ-ગણ કરતા પીળી ભમરીઓની માફક ઊડી રહ્યા હતા અને તેને કરડી રહ્યા હતા. તીખી પીડા થતી હતી. જીવનમાં જે સંબંધ સુખ અને ગૌરવથી રૂપાળો લાગતો હોય છે, એ વ્યથા અને શરમની કાલિમાથી લીંપાઈને સર્વથા કુરૂપ લાગી રહ્યો હતો. તે મનોમન બબડ્યો, કાલ સાંજે કેટલાક સવાલોના જવાબ માગીશ હું માની પાસે. મારી આટલાં વર્ષો સુધી થયેલી હડહડતી ઉપેક્ષાનું કારણ માગીશ માની પાસે. ઘરની પાછલી ગલીમાં નાની ઉંમરે સંતાઈ-સંતાઈને રડવું, કોઈની માની આંખોમાં પોતાના દીકરા માટે ઊભરાતી મમતાને જોઈને લલચાવું, સપનાંઓમાં ક્યારેક ''મા... મા...'' એમ તીવ્ર ચીસો પાડીને ઊઠી જવું, જીવતરથી થાક્યાપાક્યા ટૂંટિયું વાળીને સૂતેલા પિતાજીની એકલતા જોઈને નિસાસો નાખવો, મા અને પિતાજી બંનેની ભૂમિકા નિભાવતા પિતાજીના ચહેરા પાછળ હંમેશાં છુપાયેલી લાચારીને મહેસૂસ કરવી... આ બધા જુલમોનો હિસાબ માગીશ હું મા પાસે. હવે તો મારી પાસે મારી પોતાની નવી દુનિયા છે. આ દુનિયામાં પિતાજીના મારા પ્રત્યેના નિઃસીમ સ્નેહની સ્મૃતિઓ છે, હાથ પકડીને જીવનપંથે ચાલવા તત્પર મિતાલી છે, મારાં અને મિતાલીનાં રંગીન સ્વપ્નપુષ્પોની સુગંધ મારી આ દુનિયા પર પથરાયેલી છે, સાંત્વનાની છત્રી નીચે હું અને મિતાલી આતપથી બચતાં કલ-કલ ચાલ્યાં જઈએ છીએ. આ સણોલી સૃષ્ટિના વર્તુળમાં મા હવે એનો નિષ્ઠુર પગ મૂકવા માગે છે? ના, ના... એ કદાપિ નહીં બની શકે, કદાપિ નહીં.

ચંપાની ડાળીએ ખીલેલી નમણી કૂંપળ જેવો રવિવાર ઊગ્યો.

હવાની લહેરખી જેમ બપોર પણ પસાર થઈ ગઈ.

સાંજના ચારેક વાગ્યે અક્ષય કૉફી બનાવી રહ્યો હતો. મનના એકાદ ખૂણે માના આગમનની પાતળી પ્રતીક્ષા શ્વાસ લઈ રહી હતી. છતાં એ પ્રતીક્ષાને અવગણવા મથતો તે પોતાના રોજિંદા લયને સહજતાથી જાળવી રહ્યો હતો. તેણે કૉફીનો કપ ભર્યો, તોય એક કપ જેટલી કૉફી તપેલીમાં વધી. કેમ? વિચારોમાં કૉફી વધારે બની ગઈ હતી? બે લીટીનો પત્ર શું આવ્યો, મનના આખાયે વિસ્તારને અજંપાની આંધીએ ઘેરી લીધો હતો. એ આંધીમાંથી મુક્ત થઈ શકાતું નથી. અક્ષય પોતાની જાત પર જ ધૂંધવાયો. શા માટે કરવા જોઈએ મા વિશેના વિચારો?

અને એ જ વખતે, દરવાજો ઊઘડવાનો અવાજ આવ્યો.

કોણ હશે?

મા જ હશે! તે મનોમન ઊકળ્યો. કૉફીનો કપ લઈને તે બેઠકખંડમાં આવ્યો. આવનાર માટે કોઈ પરવા ન હોય એવા હાવભાવ મુખ પર લાવીને તે આરામખુરશીમાં બેઠો. કૉફીની એક ચૂસકી ભરતાં તેણે દરવાજા તરફ નજર કરી.

મા જ હતી એ! ફોટામાં જોયો હતો, એવો જ ચહેરો! બહુ વધારે ફર્ક નહીં. ધીમી ચાલે તે ઓસરીમાંથી બેઠકખંડ તરફ આવી રહી હતી. લીલા રંગની અને સફેદ ચેક્સની ડિઝાઇનવાળી સાડી પહેરી હતી તેણે, ખભે એક બદામી પર્સ ઝૂલતું હતું. તેના માથા પર વાળ સાવ કાળા ન હતા. શ્વેત-શ્યામ વાળની એક લટ કપાળ પર આવી ગઈ હતી. પરસેવાનાં બિંદુઓ પણ કપાળ પર જામેલાં હતાં.

અને અક્ષયની નજર સાથે માની નજર મળી. અક્ષયે તરત જ પોતાની નજર પાછી વાળી લીધી. તે ધીમે-ધીમે કૉફી પીતો રહ્યો.

મા બેઠકખંડમાં આવી, પલંગ પર બેઠી, અક્ષય તરફ જ તે જોઈ રહી હતી. અક્ષય એ તરફ જોવાનું ટાળીને કૉફી પીવામાં મન ગૂંથવા મથી રહ્યો હતો. મહામહેનતે, માંડ-માંડ, માના હોઠ ઊઘડ્યા, ''અક્ષય...''

અક્ષય કશું ન બોલ્યો. તેણે આ શબ્દ સાંભળીનેય મા તરફ ન જોયું. જાણે આવી ઉપેક્ષા દ્વારા તે કોઈ બદલો લઈ રહ્યો હોય, એવો સંતોષ તે અનુભવી રહ્યો હતો.

''તું જ છે ને અક્ષય? બોલતો કેમ નથી? મારો પત્ર તો મળ્યો હતો ને?'' જાણે સાવ થાકી ગઈ હોય, એવા માંદલા અવાજે પાગલની જેમ મા પૂછી રહી હતી. તેની મોટી-મોટી આંખો બહાવરી-બહાવરી લાગતી હતી અને જાણે તેનું સમગ્ર અસ્તિત્વ અક્ષયનો જવાબ

સાંભળવા તલસી રહ્યું હતું.

અક્ષયની સ્થિતિમાં પરિવર્તનનો કોઈ ફણગો ન ફૂટ્યો.

માએ ખભેથી પર્સ ઉતારીને ખોલ્યું, અંદરથી રૂમાલ કાઢ્યો, તૂટક-તૂટક અવાજે તે બોલી, ''એકલી-એકલી રડીને હું થાકી ગઈ છું. આંસુઓ વહાવી-વહાવીને પણ પાપ ન ધોઈ શકાયાં મારાથી! પ્રાયશ્ચિત્ત ન કરી શકાયું, એટલે પ્રાયશ્ચિત્ત કરવા તારી પાસે અહીં આવી છું. એકવાર સમયની સપાટી પર પડી ચૂકેલાં પગલાં મિટાવી દેવાનું સામર્થ્ય કોઈનામાં નથી હોતું, એમ મારામાં પણ એ સામર્થ્ય નથી.'' આટલું બોલીને તે અટકી.

અક્ષયે મા તરફ જોયું.

રૂમાલથી મા આંખો લૂછી રહી હતી. અક્ષયની દૃષ્ટિ થોડીક ધ્રૂજી, તરત જ તેણે નજર પાછી વાળીને હાથમાં રહેલા કપ પર કેન્દ્રિત કરી.

મા ઊભી થઈ.

સર્વસ્વ હારી ચૂકી હોય એમ ધીમે પગલે તે બહાર ઓસરી તરફ જવા લાગી. અક્ષય ઘણું બોલવા-પૂછવા માગતો હતો, પણ તેને એવું પૂછવાની ઇચ્છા ન થઈ. બેઠકખંડની બારસાખ પકડીને તે ઊભી રહી. પાછું વળીને તેણે અક્ષય તરફ જોયું અને ડૂબતો માણસ અંતિમ ઝાવાં મારે એમ બોલી, ''તેં મને આજે સ્વીકારી હોત તો જીવતર સાવ એળે નથી ગયું એટલી ખુશી તો આ બદનસીબને મળી હોત! આ ખુશી મારા માટે જીવનના છેલ્લા શ્વાસેય મુખમાં ગંગાજળ કરતાં પણ વધુ પવિત્ર બની રહેત, પણ મારા જેવીને એ આનંદ પણ નસીબમાં નથી!'' એટલું બોલીને તે ભારે પગલે શરીરને બળપૂર્વક ઘસડીને લઈ જતી હોય, એમ દરવાજા તરફ ચાલી નીકળી. અંતર વધતું જતું હતું કે પછી અંતર પહેલેથી જ એટલું વધારે હતું કે એમાં બે ડગલાં વધવાથી કશો ફર્ક પડતો નહોતો? મા બીમાર છે? તેના જીવનનો છેડો આવી ગયો છે? નહોતું જ વિચારવું, તોય અક્ષયથી વિચારાઈ ગયું.

ઓસરીનાં પગથિયાં ઊતરતાં મા બબડી, ''આ ઘર પર મારો શો અધિકાર? આ ઘરમાં હવે મારી કોઈ જગ્યા નથી!''

આંગણાનો દરવાજો ઊઘડવાનો અને બંધ થવાનો અવાજ આવ્યો. અક્ષયે કપ નીચે ફર્શ પર મૂક્યો અને પછી એકાદ મિનિટ સૂનમૂન બેસી રહ્યો. ત્યારબાદ ઊભો થયો. ઝડપથી જઈને તેણે આંગણામાં જોયું, આંગણું ખાલી હતું. સપ્તપર્ણીનાં ખરેલાં પર્ણો આંગણામાં પડ્યાં હતાં. પવનનો ધક્કો આવ્યો અને એ વિખેરાયાં. ડાળથી વિખૂટાં પર્ણો કેવાં દિશાહીન રઝળતાં થઈ જાય છે! સાંજના સૂરજના ત્રાંસા તડકાનો પટ્ટો લંબાઈને બેઠકખંડની થોડેક અંદર સુધી આવી ગયો હતો. રૂમની હવા તડકાથી વધુ ગરમ બની રહી હતી. તેણે જોશથી અને રોષથી બેઠકખંડનું બારણું બંધ કરી દીધું.

સવારે ઑફિસે જતાં અક્ષય મિતાલી વિશે વિચારતો હતો. ત્રણ દિવસથી મિતાલીને મળાયું નથી, આજે સાંજે તેને મળી આવીશ. મોબાઇલ પર તો તેની સાથે વાર્તાલાપો થયા કરે છે, પણ રૂબરૂમાં વાતો કરવાની મજા અલગ જ હોય છે! મોબાઇલ પર ભલે વીડિયો કૉલિંગની સુવિધા હોય, પણ તે આમનેસામને - રૂબરૂ - થતા વાર્તાલાપોનું સ્થાન ન લઈ શકે. મોબાઇલ પર પણ તે મિતાલીને તો દિલ ખોલીને વાતો કરતો, પરંતુ ગઈકાલના પ્રસંગ વિશે તેણે મિતાલીને કશું જણાવ્યું ન હતું. જોકે મિતાલી એકદમ સ્માર્ટ છે. તેની સિક્સ્થ સેન્સ બહુ તેજ છે. આમેય સ્ત્રીઓની સિક્સ્થ સેન્સ પુરુષો કરતાં બહુ શાર્પ હોય છે, એમાંય પાછી મિતાલી જેવી તેજતર્રાર યુવતી! તે વાતોને સૂંઘી શકતી અને દૃશ્યની પેલે પારનું વિચારી શકતી. તેણે ફોન પર કહ્યું હતું, ''અક્ષય, મને લાગે છે કે તું આજે મનથી પૂરો સ્વસ્થ નથી! તારી માનસિક તબિયત કંઈક ઠીક લાગતી નથી! કહેને, શું થયું છે તને?''

''મને કશું થયું નથી.'' અક્ષયે વાત ટાળવા પ્રયાસ કર્યો હતો.

''ઓ.કે., તારે ના કહેવું હોય તો કંઈ વાંધો નહીં, પણ તારા દિમાગમાં કંઈક ગડમથલ ચાલે છે, એ નક્કી, કારણ કે આજે તારું મારી વાતોમાં ધ્યાન નથી! તું ખોવાયેલો-ખોવાયેલો અનુભવાય છે.''

''હું તારામાં ખોવાયેલો છું!''

''જૂઠ્ઠું બોલવાની કોશિશ તને સૂટ થતી નથી. ખોટી ટ્રાય ન કર.''

''છોડ હવે વાતને, વાતનો વિષય બદલ!''

''પકડાઈ ગયો ને! કોઈક વિષય તો છે તારા દિમાગમાં, પણ ચાલ તારી ઇચ્છા છે તો આપણે વાત બદલીએ! બોલ, કામવાળી હમણાંથી સમયસર રાંધવા આવે છે કે નહીં? ઘરવેરો ભરવાનો હતો, એ બિલ તેં ખોઈ નાખ્યું હતું, એ તેં શોધી કાઢ્યું કે નહીં?''

મિતાલીનાં ભાઈ-ભાભી ઇચ્છતાં હતાં કે ઉત્સવ, મિતાલીનો બીજા ક્રમનો મોટો ભાઈ કૅનેડાથી દિવાળી પર આવવાનો છે. એ આવે એટલે મિતાલીનાં લગ્ન અક્ષય સાથે કરી દઈશું. પાસેથી બાઇક પસાર થયું અને અક્ષયની મિતાલી વિશેની વિચારશૃંખલા તૂટી. રસ્તા પર ચહલપહલ વધી રહી હતી. નવી મમ્મીઓ તેમનાં રંગબેરંગી પતંગિયાં જેવાં બચ્ચાંઓને પાંખોથી પકડીને બાલમંદિરોમાં મૂકવા જતી હતી. કાળા મજૂરોનું એક ટોળું મશીનની જેમ પગ ચલાવતું સટાસટ-સટાસટ પસાર થયું. ધોતિયું પહેરેલો દૂધવાળો બાઇક પર દૂધનાં છ-સાત કેન બાંધીને એવી રીતે સરતો હતો કે જાણે સ્પેસ શટલ લઈને ના જતો હોય! એક મોટી સ્કૂલ-બસ એવી ઝડપ અને અદાથી પસાર થઈ, જાણે કે રોડ પર ચાલનારા માનવ સહિતનાં નાનાં-મોટાં જંતુઓની કોઈ હાજરી અને હેસિયત જ નથી!

આજના અખબારની ખબરોથી બેખબર છાપાવાળાઓ ખખડી ગયેલી સાઇકલોને પેંડલો મારતા જઈ રહ્યા હતા. હવા એકદમ પારદર્શક હતી, આથી, સૂરજનો પ્રકાશ એકદમ સાફ ચમકતો હતો.

અક્ષય ઊંચી ખજૂરી જેવી બહુમાળી ઇમારત પાસેથી પસાર થઈ રહ્યો હતો. પાણીની એક ધારા ઉપરથી ઇમારતના કંપાઉન્ડમાં પડી રહી હતી અને ઓગળેલી ચાંદીની જેમ સૂર્યપ્રકાશમાં ચમકી રહી હતી. એના અવાજથી અક્ષયે ઉપર જોયું. પહેલા માળની અટારીની પાળ ઉપર ફૂલો અને કંકાવટી હતાં. એક સ્ત્રી હાથમાં તાંબાનો કળશ લઈને ઊભી હતી. અક્ષયનું હૃદય પળભર ધબકારો ચૂકી ગયું. મા જ હતી એ! સૂર્યને જળ ચડાવી રહી હતી. તે નીચું જોઈ ગયો. થોડેક આગળ જઈને તેણે મોં ફેરવીને પાછળ દૃષ્ટિ કરી, મા ભાવભરી આંખે તેને તાકી રહી હતી.

તે ઑફિસના રસ્તે આગળ વધ્યો. મા અહીં રહેવા આવી લાગે છે! ભલેને રહે, આપણે કયો સંબંધ? આપણે શી લેવાદેવા તે સ્ત્રી સાથે? તેણે મનને સમજાવ્યું. સાંજે તે મિતાલીના ઘરે ગયો. મિતાલી ઘરે એકલી જ હતી. સોફા પર બેસતાં તે બોલ્યો, ''કોઈ ઘરે દેખાતું નથી.''

''ભાઈ-ભાભી ફરવા ગયાં છે.'' પાણીનો ગ્લાસ આપતાં મિતાલી બોલી.

''એટલે તું પીએચ.ડી.નો થીસિસ પૂરો કરવામાં લાગી છે, ખરું ને?'' અક્ષયે સ્મિત વેર્યું અને પાણીનો ગ્લાસ મોઢે માંડ્યો.

''હા, આજે સમય મળ્યો હતો, અમારી ઇન્સ્ટિટ્યૂટમાં નવા ડિપાર્ટમેન્ટનું ઉદ્‌ઘાટન હતું, એટલે બપોર પછી રજા હતી, એ મળેલા સમયમાં થીસિસનું કામ આગળ ધપાવવા ઇચ્છતી હતી, પણ વચ્ચે ડાયરી લખવાનું કામ યાદ આવ્યું, એટલે એ લખવા બેઠી અને ત્યાં જ તું આવ્યો!''

અક્ષયે પાણી પીને ગ્લાસ મિતાલીને આપ્યો. મિતાલી રસોડામાં ગઈ.

તેણે મિતાલીના ટેબલ તરફ જોયું, ખાસાં બધાં અંગ્રેજી પુસ્તકો ત્યાં પડ્યાં હતાં. મિતાલી ડાયરી લખતાં ઊભી થઈ હતી, એટલે પેન ડાયરીનાં પૃષ્ઠો વચ્ચે જ પડેલી હતી. અક્ષયે ઊભા થઈને મિતાલીની ડાયરી લીધી અને મિતાલીની ખુરશી પર બેસીને તેણે ડાયરી વાંચવી શરૂ કરી. તેને રસ પડ્યો વાંચવામાં. કેવું સમજણભર્યું લખે છે આ મિતાલી! એકાદ પાને કવિતા પણ ધ્યાનમાં આવી. થોડી જ વારમાં મિતાલી કૉફીના બે કપ લઈને આવી.

''મિતાલી, તું કવિતા પણ લખે છે?'' તેણે પૂછ્યું.

''હા, કવિતા ગણો કે કવિતા જેવું લખાણ ગણો. મનમાં સહજ ઊગ્યું, એ લખ્યું ડાયરીમાં!''

મિતાલીએ કૉફીના કપ ટેબલ પર મૂક્યા. બીજી ખુરશી ખેંચીને તે

અક્ષયની નજીક બેઠી.

ડાયરીનાં પાનાં ફેરવતાં અક્ષયને એક ચપ્પટ થઈ ગયેલું ગુલાબનું શુષ્ક ફૂલ મળી આવ્યું. તેણે એ ફૂલ ઊઠાવી મિતાલીને પૂછ્યું, ''વાહ! ક્યા બાત હૈ! ડાયરીમાં ફૂલ પણ સાચવે છે તું! ઘણું જૂનું લાગે છે આ ગુલાબ! કેટલાં વર્ષો જૂનું હશે આ ગુલાબ?''

''કહું...'' મિતાલી બોલી, ''બરાબર દસ વર્ષ જૂનું! મને નાનપણથી ગુલાબનાં ફૂલો બહુ ગમતાં. ગુલાબ માથામાં નાખવાનું મને ઘણું પ્રિય. માત્ર માથું જ નહીં, આખો ચહેરો ગુલાબને લીધે ગુલાબ સરખો સુવાસિત લાગે! મમ્મી દરરોજ સવારે નજીકની માળીની વાડીએથી પૂજા માટે ફૂલો લાવતી, એમાં મારા માટે પણ અચૂક યાદ રાખીને એક મોટું ગુલાબનું ફૂલ પણ લાવતી. એ ગુલાબ હું માથામાં નાખીને સ્કૂલે જતી. એ સવારે મારાથી મોડું ઉઠાયું હતું. સ્કૂલે મોડા પડીએ તો સ્કૂલના ગેટ પર મોટો દંડો લઈને ચશ્માંવાળાં પ્રિન્સિપાલ ચોકીદારની સાથે ઊભાં જ હોય, આપણું તો આવી જ બન્યું સમજો! આથી મોડું ઉઠાતાં જ ઉતાવળમાં અને ડરમાં હું માથામાં ગુલાબ નાખવાનું ભૂલી ગઈ હતી. મમ્મીએ મને જતી જોઈને બૂમ પણ મારેલી કે ‘બેટા, તારું ગુલાબ રહી ગયું’, પણ હું તો એટલી ઉતાવળમાં હતી કે મમ્મીનું વાક્ય પૂરું થાય એ પહેલાં તો હું ઘરની બહાર પહોંચી ગઈ હતી. હું સ્કૂલેથી ઘરે પાછી આવી ત્યારે મમ્મી મરી ગઈ હતી! એ દિવસ મમ્મીના જીવનનો છેલ્લો દિવસ! પાણિયારે પડી રહેલું આ ગુલાબ મેં એ દિવસનું મારી ડાયરીમાં સાચવીને રાખ્યું છે!''

અક્ષયે ગુલાબ ફરીથી ડાયરીનાં પૃષ્ઠો વચ્ચે મૂકી દીધું. એ બોલ્યો, ''બહુ લાગણીશીલ છે હૃદય તારું.''

''ના અક્ષય, મમ્મીનો પ્રેમ જ એવો હોય છે કે સંતાન આપમેળે એના પ્રત્યે લાગણીશીલ થઈ જતું હોય છે. આ ગુલાબનું ફૂલ મને સદાયે મમ્મીની મમતાની યાદ અપાવ્યા કરે છે. આ ફૂલ સામે નજર કરું છું ને મમ્મીની હૂંફ મને જીવંત અનુભવાય છે. અક્ષય, કોઈનીયે મમ્મી કદી મરતી નથી હોતી. સંતાનોના હૃદયમાં એ ગાઢ સ્મૃતિરૂપે હંમેશાં જીવતી જ હોય છે. સંતાનોની ધમનીઓમાં મા હંમેશાં નદીની જેમ વહેતી જ હોય છે!''

રૂમમાં મૌન પથરાઈ ગયું. તે મૌનને મિતાલીએ તોડ્યું, ''અક્ષય, કૉફી ઠરી જાય છે.''

ત્યાં જ અક્ષય ખુરશીમાંથી ઊભો થઈ ગયો અને બોલ્યો, ''કૉફી ભલે ઠરી જતી! મિતાલી, અત્યારે જ ચાલ મારી સાથે. વમળમાં અટવાયેલી નૌકાનો હું નવો કિનારો છું! મારે પણ એક મમ્મી છે!''

❑❑❑



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૧૭

☐ ડૉ. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડૉ. શેફાલી થાણાવાલા

દેશ-વિદેશના રઘુનાથ વિરુદ્ધ મારો-તમારો સુપરઇગો

મૂળ વાત એ છે કે આપણી લૈંગિકતાનાં અનેક પાસાંઓ હજુ આપણે જ ઓળખી શક્યા નથી. આજે લૈંગિક શિક્ષણનો ખુલ્લેઆમ વિરોધ કરવો એ ફેશનમાં ગણાતું નથી, પરંતુ વ્યક્તિગત સ્તર પર આ કિલ્લાઓ હજીય અભેદ્ય છે.

એટલા માટે જ, લૈંગિકતાનો વ્યાપક અર્થ શોધવાની શરૂઆત કરવી જોઈએ. કામ-આરોગ્ય એટલે કે સેક્સ્યુઅલ હેલ્થ એ કઈ રીતે આપણા આરોગ્યનો જ એક મહત્ત્વનો ભાગ છે એ જોવું જોઈએ. લૈંગિકતા વિશે, સ્ત્રી-પુરુષ સંબંધો વિશે, એવી ઘણી બધી માહિતી છે જેના વિશે લખવાનું ટાળવામાં આવ્યું છે. એનું કારણ એ જ કે કામવિષયક લખાણ એના નૈતિક ચોકઠાની મર્યાદામાં રહીને જ લખાય છે. દરેક વ્યક્તિનો લૈંગિકતા તરફ જોવાનો દૃષ્ટિકોણ ઉંમર તથા રુચિ (ઍપિટાઇટ) પ્રમાણે બદલાતો રહે છે એ એક સત્ય છે.

અને એટલા માટે જ, કામવિષયક લખતાં પહેલાં લખનારના નૈતિક ચોકઠા વિશેની માન્યતાઓ પર વિચાર થવો જોઈએ. હું જ્યારે આ કહું છું ત્યારે હું એ વાતથી પૂર્ણપણે સભાન છું કે એક વૈજ્ઞાનિક તરીકે મારું વિજ્ઞાનનિષ્ઠ નૈતિક ચોકઠું અને એક વ્યક્તિગત ચોકઠું, આ બન્ને વચ્ચે જો તફાવત હોય તો હું પણ લૈંગિકતાના સંદર્ભમાં આપણે જે બેવડું ધોરણ અપનાવીએ છીએ એનો જ એક ભાગ બની રહીશ. એવા અનેક પ્રસંગો આવશે જ્યારે મારા મનની આ બે ભૂમિકાઓ વચ્ચે એક સંઘર્ષ ચાલ્યા કરશે, પરંતુ એ સંઘર્ષ વ્યક્ત કરવો મહત્ત્વનું હશે, કારણ કે બીજા અનેક લોકોનાં મનમાં પણ આ સંઘર્ષ ચાલ્યા જ કરતો હશે.

તમને એક ઉદાહરણ આપું. કામવિષયક સમસ્યા હોય એવા દર્દીઓની સમૂહ ઉપચાર પદ્ધતિ (ગ્રૂપ થેરપી)ના સત્ર દરમિયાન અમારી ડૉક્ટર્સની જમાત રોજિંદી બોલચાલમાં આવતા બધા જ શબ્દો વાપરે છે. કારણ, લૈંગિકતાના સંદર્ભમાં આપણી સંસ્કૃતપ્રચુર ભાષા એક સામાન્ય દર્દી સાથે વાત કરતી વખતે અડચણરૂપ બની જાય છે (લૈંગિકતાને લગતા શબ્દોને સંસ્કૃતપ્રચુર બનાવવા એ આ શબ્દોને 'સોશિયલ રિસ્પેક્ટેબિલિટી' આપવાનો આપણો પ્રયત્ન તો નથી ને? હશે...). હા, તો સૌપ્રથમ મેં જ્યારે સમૂહ ઉપચારની શરૂઆત કરી ત્યારે પહેલા એકાદ-બે સત્ર પછી મને ખ્યાલ આવ્યો કે હું અમુક શબ્દો બોલું છું એની પાછળ માત્ર વૈજ્ઞાનિક તટસ્થતા કારણીભૂત નથી, પરંતુ આજુબાજુના વાતાવરણમાંથી મારી પર થયેલા સંસ્કાર કારણીભૂત છે. આ સંસ્કારની વિરુદ્ધમાં નાનું એવું શાબ્દિક બંડ પોકારવું અને એમાંથી વિરેચન (કૅથાર્સિસ)નો એક આનંદ લેવો, એ સુપ્ત હેતુ પણ હોઈ શકે. મને મારાં બન્ને ચોકઠાંઓ વચ્ચેનો દ્વંદ્વ સમજાયો અને ત્યાર બાદ હું વધારે મૅચ્યૉર થયો.

મહત્ત્વનો મુદ્દો એ છે કે લૈંગિકતા અને કામસૂત્રનો આખો વિષય સામાજિક મૂલ્યોથી અલગ કરવાનું શક્ય નથી. એના સામાજિક, સાંસ્કૃતિક તથા રાજકીય સંદર્ભો સામે આંખમીંચામણાં કરી શકાય નહીં. એટલા માટે જ, હસ્તમૈથુન વિશે વિચાર કરતી વખતે, ઓલ્ડ ટેસ્ટામેન્ટના 'સીન ઑફ ઓનાન'થી લઈને તે ફ્રેન્ચ રાજ્યક્રાંતિ પછી ઉદય પામેલા મધ્યમવર્ગીય સમાજે કયાં લૈંગિક મૂલ્યો શા માટે સ્વીકાર્યાં, એ બધી જ બાબતો કામસંવાદનો એક ભાગ બની રહે છે.

સુપરઇગોના ઘડતરમાં આ અને આવા અસંખ્ય વિષયોનો સમાવેશ થાય છે. હું એવું સ્પષ્ટપણે માનું છું કે આટલા બધા ઊહાપોહની આડમાં આગળ ઉપર ઉલ્લેખવામાં આવેલી જે

ચાર માન્યતાઓ અસ્તિત્વમાં આવી એની પર આધારિત પ્રસ્થાપિત વ્યવસ્થા ભૂલ ભરેલી છે. ભૂલ ભરેલી છે એનું એક કારણ એ કે એ અજ્ઞાનના પાયા પર આધારિત છે અને બીજું એ કે એને જ્ઞાનનો સામનો કરવો જ નથી. નીરોગી જ્ઞાન અને અંધ અજ્ઞાન એ બન્નેનો પ્રચાર કઈ રીતે થાય છે એનાં બે ઉદાહરણો જોઈએ.

પહેલું ઉદાહરણ છે, શિક્ષણશાસ્ત્રી એ. એસ. નીલના 'સમરહિલ' નામના પુસ્તકનો એક લેખ. પોતાની દીકરી વિશે તે કહે છે, "પોતાનાં બાળકોને તેમના જન્મ વિશે માહિતી આપનાર કેટલીક માતાઓ છે, પણ આવી માતાઓમાંની ઘણી એવી છે જે જન્મ વિશે કહે છે, પણ જાતીય જીવન વિશે ખોટી માહિતી આપે છે. લૈંગિક સંબંધો આનંદદાયક હોઈ શકે છે એવું કહેતી વખતે તેમની જીભ થોથવાય છે."

મારી દીકરીને લૈંગિક શિક્ષણ આપવું જોઈએ કે નહીં, એવો પ્રશ્ન મને કે મારી પત્નીને ક્યારેય થયો જ નથી. બધું જ કેટલું સાદું, સરળ અને સહજ હતું! આમ કરવામાં કેટલાક મુશ્કેલીમાં મૂકનારા પ્રસંગો પણ આવ્યા. એક વાર ઘરે આવેલી એક પ્રૌઢ કુમારિકાને મારી દીકરીએ કહી દીધું કે તેનો (મારી દીકરીનો) જન્મ થયો કારણ કે ડેડીએ મમ્મીને 'ફર્ટિલાઇઝ' કરી. ત્યાર બાદ તેણે ઉત્સુકતાપૂર્વક એ બહેનને પૂછ્યું, "તમને કોણ 'ફર્ટિલાઇઝ' કરે છે?"

પણ આવાં સ્વ-નિયંત્રિત બાળકો અમુક વાતો બહુ જલદી શીખી જાય છે. મારી દીકરી સાડાત્રણ વર્ષની હતી ત્યારે આવા પ્રશ્નો પૂછતી, પણ પાંચ વર્ષની થઈ ત્યાં સુધીમાં તેનામાં એટલી અક્કલ આવી ગઈ હતી કે અમુક પ્રકારના પ્રશ્નો અમુક વિશેષ વ્યક્તિઓને ન પુછાય.

લૈંગિકતાને વિકૃત અને હાનિકારક વહેણ મળે છે એ અજ્ઞાનને કારણે, નહીં કે જ્ઞાનને કારણે. બાળકોને વણજોઈતી માહિતી આપીશું તો તેઓ કાબૂબહાર જશે એવો ભય બધા જ વાલીઓને, શિક્ષકોને હોય છે. હું જ્યારે સાતમા-આઠમા ધોરણમાં હતો ત્યારે વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંનો 'જનન-સંસ્થા'નો પાઠ અમારાં શિક્ષિકાએ અમને શિખવાડ્યો જ નહીં. આ વિષય પર વાત કરવાનું તેમને કદાચ ગૌરવાસ્પદ નહીં લાગતું હોય. છેલ્લી પાટલીએ બેસતા એક ધીટ અને મસ્તીખોર છોકરાએ જાણીજોઈને એ શિક્ષિકાને 'એ' પાઠ રહી ગયો હોવાનું યાદ કરાવ્યું. ત્યારે એ શિક્ષિકા એકદમ ભોંઠાં પડી ગયાં અને તે છોકરો ખંધું હસતો નીચે બેસી ગયો. અમારું દબાયેલું હાસ્ય તેના એ ખંધા હાસ્યમાં ભળી ગયું.

આ બન્ને ઘટનાઓ ધ્યાનાકર્ષક તેમ જ મહત્ત્વની છે. કિશોરાવસ્થામાં છોકરાઓના મનમાં આ વિચારો કઈ

રીતે રોપવા, એવો નૈતિક પ્રશ્ન એ શિક્ષિકા સમક્ષ હતો, પણ છોકરાઓના પ્રશ્નો અને વર્તન પરથી એક વાત સાફ હતી કે 'આ' વિચારો' રોપવાની' જરૂર જ નહોતી, એ તો હતા જ. પુસ્તકો, સામયિકો, જાહેખબરો, ટીવી, ચલચિત્રો અને શાળાની મુતરડીઓ એ બધાં પર તો કોઈ જ બંધનો નહોતાં, પણ માત્ર બીજી અધિકૃત જ્ઞાનસામગ્રી અમારે માટે વર્જ્ય હતી.

જ્ઞાનના શરણે જાઓ - સતત આ મૂળ મંત્ર જપનારો આપણો સમાજ આ ક્ષેત્રની જ્ઞાન-સાધના પર બંધનો મૂકે છે. વાલીઓ જ જ્યાં છોકરા-છોકરીઓનાં અજ્ઞાનનું સમર્થન કરતા હોય ત્યાં તેઓ જવાબદારીપૂર્વક વર્તે એવી અપેક્ષા રાખવી કેટલું વાજબી છે? આના સંદર્ભમાં વૈજ્ઞાનિક સંશોધન કહે છે કે લૈંગિક માહિતી મેળવવાનું સાધન ભલે સમવયસ્ક મિત્રો અથવા તો બીજું કંઈ હોય, પરંતુ છોકરાઓ આ માહિતી જ્યાંથી લેવાનું પસંદ કરે છે (પ્રિફર્ડ સોર્સ ઑફ ઇન્ફર્મેશન) એ સાધન વાલીઓ જ છે, પણ આ વિષય પર છોકરાઓ અને વાલીઓ વચ્ચે સંવાદ થાય છે જ ક્યાં? કારણ કે દરેક વખતે વાલીઓના સુપરઇગોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને તેમની સંવાદ સાધવાની ક્ષમતા પર છોકરાના લૈંગિક સુપરઇગોનું ઘડતર થવાનું હોય છે. આવે વખતે વાલીઓ પોતાની સંવાદ સાધવાની ક્ષમતામાં ઊણપ અનુભવે તો પણ તેમના આવા પ્રયત્નોથી ઘણું સાધ્ય થઈ શકે. આ ઊણપ સામે આંખમીંચામણાં કરવાને બદલે જો એને યોગ્ય રીતે સ્વીકારવામાં આવે તો એ ચોક્કસ દૂર કરી શકાય. કેટલાક વાલીઓ મને કહે છે, "તમે જે કંઈ પણ કહો છો એ તમને સમજાય છે, પણ 'લિંગ' અથવા તો 'યોની' જેવા શબ્દો છોકરાઓ સામે બોલવાનું અમને ખૂબ જ ઑક્વર્ડ લાગે છે." મારું કહેવાનું એટલું જ છે કે આવી અગમ્યતા, થોડું ટેન્શન, થોડો અપરાધભાવ, આ બધું હોવું અયોગ્ય નથી, કારણ કે આ બધી ભાવનાઓ આ વાલીઓના બાળપણ સાથે સંકળાયેલી હોય છે. આવી જ એક માએ પોતાની દીકરીના એક પ્રશ્નના જવાબમાં કહ્યું, "સાચું કહું તને? મારી માએ કોઈ દિવસ મારી સાથે આવી વાત નથી કરી. મેં પણ ક્યારેય પૂછ્યું નહીં. એટલે તારી સાથે વાત કરતી વખતે મને થોડું ટેન્શન આવે છે."

તાજેતરમાં જ રજસ્વલા થયેલી તે છોકરી તેની માના ગળા ફરતે હાથ પરોવતાં કહે, "મા, એમાં તારો કંઈ જ દોષ નથી. તમારો સમય જ એવો હતો."

તે માએ કહ્યું, "એ દિવસ પછી મને ક્યારેય ટેન્શન નથી આવ્યું. આ વિષય પર વાત કરતી વખતે ટેન્શન આવે છે એ એક વાર સ્વીકાર્યા પછી એનાં કારણો શોધવામાં અને એ દૂર કરવામાં સમય લાગતો નથી. ટેન્શન આવે તો એની ઉપેક્ષા કરવા કરતાં એને સહજતાથી

સ્વીકારવાનું વધારે મહત્ત્વનું છે."

કિશોરાવસ્થાની માનસિક વિડંબનામાંથી પસાર થઈ રહેલો એક છોકરો એક વાર મને કહે, "મને મારા મિત્રો પાસેથી જેમ-જેમ બધી વાતો સાંભળવા મળી, તેમ-તેમ બધું જ ઘૃણાસ્પદ લાગવા માંડ્યું."

"પણ તેં ક્યારેય તારાં મા-બાપને આ બધું પૂછ્યું નહીં?"

"છી... મારાં મા-બાપ મને આવી ગંદી વાતો કઈ રીતે કહે?"

છોકરાઓના પહેલા નૈસર્ગિક શિક્ષકો બેશક મા-બાપ જ હોય છે. આ છોકરાનાં મા-બાપે આ મોકો ગુમાવ્યો હતો. પરિણામ સ્વરૂપ તેની બધી જ લૈંગિકતા વિકૃત થવા લાગી હતી. મા-બાપનો આ કુદરતી અને જન્મસિદ્ધ હક જો મુતરડીઓને મળવા લાગે તો આના સિવાય બીજું સંભવી પણ શું શકે? આ છોકરા સાથે વાત કરતી વખતે મને વિલિયમ બ્લેકની આ ચાર પંક્તિઓ સતત યાદ આવતી હતી :

ચિલ્ડ્રન ઑફ ધ ફ્યુચર એજ
રીડિંગ ધિસ ઇન્ડિગનંટ પેજ
નો ધૅટ ઇન એ ફૉર્મર ટાઇમ
લવ! સ્વીટ લવ! વૉઝ થૉટ એ ક્રાઇમ

એક શાળાના મુખ્યાધ્યાપક તેમનો એક અનુભવ ટાંકતાં કહે છે, "શાળા શરૂ થાય એ પહેલાં, મે મહિનાના અંતમાં હું મુતરડીઓનું રંગરોગાન કરવી લઉં છું અને શાળા ખૂલવાના એક અઠવાડિયામાં

તો એ પાછી ચીતરાઈ જાય છે."

મને લાગે છે આ સમસ્યા માત્ર એ શાળા પૂરતી જ મર્યાદિત નથી. મેં આજ સુધી જેટલી શાળાઓ અથવા કૉલેજો જોઈ છે, ત્યાં બધે આ જ દૃશ્ય જોયું છે. અમારી વૈદ્યકીય મહાવિદ્યાલયની મુતરડી પણ આમાં અપવાદ નથી. પ્રશ્ન એ છે કે આ અશ્લીલ સાહિત્ય સાર્વજનિક મુતરડીઓમાં જ કેમ જોવા મળે છે? એકાદા અવાવરું મંદિરના કોઈ એક પથ્થર પર 'વાસુ-સપના' કોતરીને પોતાના કવિત્વનું પ્રદર્શન કરનારા ઘણા લોકો હોય છે, પરંતુ અનિર્બંધ અવસ્થામાંની લૈંગિક પ્રતિમાઓની અભિવ્યક્તિ કરવા માટે આપણને મુતરડીઓની જ જરૂર પડે છે. મજાની વાત એ છે કે મુતરડીઓની ભીંતો ભરાયેલી હોવા છતાંય એમાંના એક પણ લેખકને આજ સુધી કોઈએ પકડ્યો હોવાનું સાંભળ્યું નથી. આટલી ગુપ્તપણે આ ‘સાહિત્ય-રચના’ઓ કઈ રીતે થતી હશે એ એક આશ્ચર્ય જ છે!

આ મુતરડીઓનું માનસશાસ્ત્ર ભલા શું હોઈ શકે? માનવીય ઉત્સર્જન-ક્રિયા માટે આવશ્યક એવું આ સ્થાન તો છે જ, પણ તે ઉપરાંત એની સાથે એક 'ગંદકી' સંકળાયેલી છે. લૈંગિકતા તરફ જોવાનો સામાન્ય દૃષ્ટિકોણ 'ગંદકી પણ જરૂરી છે' એવો જ છે. ઉત્સર્જન-ક્રિયા માટેની હજુ એક બાબત એ કે આ ક્રિયા જાહેરમાં ચાર લોકોની સમક્ષ થતી નથી. આ ગુપ્તતા સમજી શકાય એવી છે. ઉત્સર્જનને લગતી ગુપ્તતા અને લૈંગિકતા બાબતની ગુપ્તતા એ બન્નેની સમજણ વ્યક્તિને લગભગ એકસાથે જ મળવાની શરૂઆત થઈ જાય છે. ઉપરાંત આમાં 'કન્ડિશનિંગ'નો ફાળો પણ હોઈ શકે. શૈક્ષણિક સંસ્થાઓમાંની મુતરડીઓ એ ખોટા સુપરઇગોના ઘડતરના મજબૂત પુરાવાઓ છે, પણ એ તરફ ગંભીરતાપૂર્વક વિચારવામાં નથી આવતું. આ લૈંગિક મૂલ્યવ્યવસ્થા આપણી સંવેદના પર પણ સામ્રાજ્ય જમાવે છે.

'સ્પર્શ' એ સંવેદનાને કેવા દૃષ્ટિકોણથી જોવાનું આપણે છોકરાઓને શીખવાડીએ છીએ? મોટાભાગના છોકરાઓ મોટા થાય છે ત્યારે તેમની એક સમજણ ખૂબ જ દૃઢ થયેલી હોય છે કે સ્પર્શ દ્વારા પ્રેમ અથવા તો આત્મીયતા વ્યક્ત કરવી એ એક ગુનો છે. ખાસ કરીને ભિન્ન લિંગી વ્યક્તિનો સ્પર્શ તો નક્કી જ 'ગંદો' હોવાનો. આ વૃત્તિ સંસ્કારમાંથી જ આવતી હશે? હા, તો મોટા લોકો સ્પર્શ દ્વારા સંવાદ સાધતા હોય એવું બાળકો ભાગ્યે જ જુએ છે. આપણે બધા જ આપણા વર્તનને કારણે શારીરિક અભિવ્યક્તિને ખૂબ જ ગૌણ સ્થાન આપતા આવ્યા છીએ. શારીરિક સ્પર્શ એટલે જાણે કે સમાગમની જ પૂર્વસૂચના અને એનાથી જુદું કંઈ હોઈ જ ન શકે એવી આપણી મજબૂત સમજણ! અમેરિકા જેવા

તથાકથિત પ્રગતિશીલ દેશમાં પણ તમે દોસ્તના ખભે હાથ મૂકીને ભટકી ન શકો. એવું જો કરો તો લોકો તમને 'ગે' અથવા તો 'હોમો' કહે. આપણી ઉપર આ દૃષ્ટિકોણની પકડ એટલી મજબૂત હોય છે કે કેટલાય પિતાઓ પોતાની ઉંમરલાયક દીકરીઓને તથા ઘણી માતાઓ પોતાના જુવાન દીકરાઓને સ્પર્શ કરવાનું ટાળતાં હોય છે. આપણે સ્પર્શપ્રેમ એકદમ નાનાં બાળકો પૂરતો જ મર્યાદિત રાખ્યો છે. છોકરાઓ મોટા થઈ જાય પછી તેમને સ્પર્શપ્રેમની જરૂર નથી એ આપણું સામાન્ય સમીકરણ. આ માન્યતા આપણી અંદર એટલે ઊંડે સુધી ફેલાયેલી છે કે જો એવું થાય તો બન્ને પક્ષના મનમાં અપરાધભાવ આવે છે. ઉંમર પ્રમાણે સ્પર્શ કઈ રીતે કરવો એ પ્રશ્ન હોઈ શકે, પણ સ્પર્શ કરવો જોઈએ કે નહીં એ પ્રશ્ન હોઈ શકે નહીં.

છોકરાઓ જો સ્પર્શ દ્વારા પ્રેમ અથવા તો આત્મીયતા વ્યક્ત કરવા લાગે અને પાલક તરીકે તમને જો એ થોડું મૂંઝવણભર્યું લાગે તો એ મૂંઝવણ તમે વ્યક્ત કરી શકો છો. આ રીતનું વર્તન મને વ્યક્તિગત રીતે ગમતું નથી એવું કહી શકો, પણ આ અભિવ્યક્તિ 'ખરાબ' છે એવું તેમના મનમાં ઠાસવવું અયોગ્ય છે. મા-બાપના સ્પર્શનું ખેંચાણ બાળકોને ગર્ભનાળથી જ હોય છે. એકદમ બાલ્યાવસ્થામાં આને 'કૉન્ટેક્ટ કમ્ફર્ટ' અથવા તો 'વાત્સલ્યની હૂંફ' કહે છે. સ્તનપાનના અનેક ફાયદાઓમાંનો એક ફાયદો એટલે વાત્સલ્યની હૂંફ મળવી.

આપના ધ્યાનમાં આવ્યું જ હશે કે પ્રસ્થાપિત મૂલ્યવ્યવસ્થાનો ઑક્ટોપસ આપણી સંવેદનાઓ ઉપર કેવી પકડ ધરાવે છે. સ્ત્રી-પુરુષ સંબંધની મોટા ભાગની વ્યક્તિઓના સંદર્ભમાંની પ્રસ્થાપિત મૂલ્યવ્યવસ્થા જો ભૂલભરેલી હોય તો એનો પર્યાય એવી કોઈ વ્યવસ્થા પણ હશે જ ને? ચોક્કસ છે, પરંતુ આ પર્યાયી વ્યવસ્થાની સ્પષ્ટ સમજણ માટે કઠોર અત્મપરીક્ષણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

આપણા સુપરઇગોને સતાવતાં એવા છ પ્રશ્નો હવે અહીં વિસ્તારપૂર્વક રજૂ કરીશ. એના જવાબો દરેકે પોતે જ શોધવાના છે. આ કરવાનું ખૂબ જરૂરી છે. કુદરતે જ્યારે માનવપ્રતિમાને તેના પૂર્ણ રૂપમાં અસ્તિત્વમાં ઉતારવાનું નક્કી કર્યું ત્યારે એ પ્રતિમા એકાકી નહોતી. એમાં સ્ત્રી-પુરુષ બન્ને હતાં. દુનિયાના અત્યંત મૂળભૂત એવા આ સંબંધ સાથે લૈંગિકતા સંકળાયેલી છે, પરંતુ એથીય મહત્ત્વની બાબત એ છે કે વ્યક્તિના જીવનમાં લોકોને અને દુનિયાને જોવા માટે જરૂરી એવી જે ઉદારતા, સહનશીલતા અને સમજણ આવે છે એ લૈંગિકતા તરફ જોવાના એના સાચા અથવા તો ભૂલભરેલા દૃષ્ટિકોણમાંથી.

[ક્રમશઃ]



ગુજરાતી પત્રકારત્વની ગઈકાલ, આજ અને આવતીકાલ : રાજ ગોસ્વામીની મુલાકાત

☐ આરાધના ભટ્ટ

મારું નામ રાજેન્દ્ર જશવંતભાઈ ગોસ્વામી. ઉમાશંકર જોશી 'ઉ.જો.' લખે, લાભશંકર ઠાકર 'લા.ઠા' લખે, સુરેશ જોશી 'સુ.જો.' લખે. એના ચાળે ચઢીને રાજેન્દ્રમાંથી 'રા' અને જશવંતમાંથી 'જ'ને જોડીને 'રાજ' બનાવેલું. ઉપરાંત, રાજ કપૂર, રાજકુમાર, રાજ બબ્બરના નામોનો પણ વહેમ. આણંદ નજીક ગોપાલપુરા નામના નાનકડા ગામમાં 25 જૂન, ૧૯૬૩ના રોજ જન્મ થયેલો.

ફાટેલાં કપડાં અને ચંપલ સાંધીને વર્ષ ચલાવવાં પડે એવી ગરીબી. એ સામાજિક લઘુતાગ્રંથિમાંથી ઊભરવાનો રસ્તો જ્ઞાનમાં દેખાયો હતો. ગામની આખી લાઇબ્રેરી વાંચી નાખી હતી. એ પછી કૉલેજની, મ્યુનિસિપાલિટીની અને ગામની એમ ત્રણ લાઇબ્રેરીઓનાં કાર્ડ મારી પાસે હતાં. એક જ સમયે હું ત્યારે ત્રણથી ચાર પુસ્તકો વાંચતો હતો. રદ્દીઓની દુકાનોમાં ફરતો.

છ ધોરણ સુધી ગામમાં, સાતમું, આઠમું, નવમું અને દશમું બાજુમાં વડોદ ગામ છે ત્યાં કર્યું. અગિયારમું અને બારમું આણંદની ડી. એન. હાઈસ્કૂલમાં. 'આર્ટ્સમાં તો છોકરીઓ જાય' એવું સાંભળી-સાંભળીને ભૂલમાં આણંદની કૉમર્સ કૉલેજમાં દાખલ થઈ ગયો, પણ ગણિત આવડે નહિ એટલે કવિતાઓ લખતો રહેતો એટલે પહેલાં જ વર્ષે નાપાસ. હિંમત કરીને વલ્લભ વિદ્યાનગરની નલિની ઍન્ડ અરવિંદ આર્ટ્સ કૉલેજમાં નવેસરથી દાખલ થયો, ત્યાં અંગ્રેજીમાં ગ્રૅજ્યુએટ થયો. દિલાવરસિંહ જાડેજાસાહેબ એના પ્રિન્સિપાલ હતા, ત્યાં લખવા-વાંચવાની ટેવને મોકળું મેદાન મળ્યું. ભણવા કરતાં ઇતર પ્રવૃત્તિઓમાં વધુ રસ હતો. એ પછી શું થયું એની વિગતો ઇન્ટરવ્યૂમાં છે.

એક પુત્ર દેવ ગોસ્વામી છે, જે દિલ્હીમાં 'ઇન્ડિયા ટુડે'ના ડિજિટલ ન્યૂઝ પૉર્ટલમાં સિનિયર આસિસ્ટન્ટ એડિટર છે. પત્નીનું નામ ઉલ્કા ગોસ્વામી છે.

-રાજ ગોસ્વામી

પ્રશ્ન : રાજભાઈ, આપણે ચર્ચાની શરૂઆત પત્રકારત્વની તમારી યાત્રાથી કરીએ. તમારી આ યાત્રાના મુકામ તમારી દૃષ્ટિએ કયા અને તમારી આ યાત્રા દરમ્યાન તમે અખબારી પત્રકારત્વને કઈ રીત બદલાતું જોયું, એની વાત પણ કરો.

જરૂર. તમારો આ પ્રશ્ન બે ભાગમાં છે. પહેલો ભાગ મારી કારકિર્દીને લઈને છે અને બીજો ભાગ પત્રકારત્વનું જે સ્વરૂપ છે એને લઈને છે. મને લખવા-વાંચવાનો શોખ નાનપણથી જ ખરો. મારી કારકિર્દીની શરૂઆત થઈ હું જ્યારે કૉલેજમાં ભણતો હતો ત્યારે. વલ્લભ વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીની આર્ટ્સ કૉલેજમાં હું જ્યારે પહેલા વર્ષમાં હતો ત્યારે કૉલેજમાં ઘણીબધી પ્રવૃત્તિઓમાં ભાગ લેતો અને યુનિવર્સિટીનું સામયિક હતું એમાં અવારનવાર લખવાનું પણ થાય. નાની-મોટી સ્પર્ધાઓમાં ભાગ લઉં એટલે મિત્રોને અને પ્રોફેસરોને એટલી ખબર કે હું લખું છું અને વાંચું પણ છું. એ દરમ્યાનમાં આણંદમાંથી 'નયા પડકાર' નામનું એક દૈનિક શરૂ થયેલું, અત્યારે પણ છે. ચરોતરના સૌથી

મોટા સમાજવાદી નેતા ચીમનભાઈ પટેલે એ અખબાર શરૂ કર્યું. એમાં એક અનુવાદકની જરૂર હતી, જે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરી શકે. ગુજરાતી પત્રકારત્વની એક અગત્યની વાત એ છે અને અંગ્રેજી પત્રકારત્વથી એ જુદું એટલા માટે પડે છે કે આપણે ત્યાં અનુવાદનું મહત્ત્વ ખૂબ છે, કારણ કે દુનિયાની ઘણી બધી માહિતી અંગ્રેજીમાં હોય છે. એટલે ગુજરાતી પત્રકારની જો કોઈ પહેલી લાયકાત હોય તો એ અનુવાદની છે. એટલે મને એક પ્રોફેસરે કહ્યું કે તારી ઇચ્છા હોય તો અનુવાદ કરવા આવ. એ મને ગમતી પ્રવૃત્તિ હતી એટલે બીજા વર્ષમાં હતો ત્યારે હું 'નયા પડકાર'માં જોડાયેલો.

ત્યાં દિગંતભાઈ ઓઝા મારા પહેલા એડિટર હતા, તેમને હું ત્યારથી ઓળખું. દિગંતભાઈએ મને લખતો કર્યો એવું કહી શકાય. પરિવાર સાથે હું ફરવા દિલ્હી ગયો હતો, તો ત્યાં સાંસદ અમિતાભ બચ્ચનને મળવા ગયો, પણ કોઈક મિટિંગના કારણે મળવાનું ન થયું. પાછો આવ્યો ત્યારે દિગંતભાઈએ મારી પાસે એ લખાવ્યું હતું. મારી એક અઠવાડિક કૉલમ પણ દિગંતભાઈએ શરૂ કરેલી. એટલે પત્રકારત્વમાં એ મારા પહેલા ગુરુ હતા અને બીજા ગુરુ વજુ માતરી હતા, જે આપણા મોટા ગઝલકાર જલન માતરીના ભાઈ થાય. તે પણ સારા કવિ હતા અને બીજા એડિટર તરીકે આણંદ આવેલા. પછી વજુભાઈ 'નયા પડકાર' છોડીને મુંબઈમાં 'ગુજરાત સમાચાર'માં જોડાયા અને ત્યાંથી તેમણે મને મુંબઈ બોલાવ્યો. ભારતના કોઈપણ ગામડાના છોકરાને મુંબઈ જવાનો શોખ હોય. મને પણ હતો. એટલે મારી બીજી નોકરી તેમણે મને આપી. પૈસા ઓછા હતા, નાની નોકરી હતી, પણ હું ૧૯૮૬માં ત્યાં ગયો.

ત્યાં મારા કામની વિધિવત્ શરૂઆત થઈ એમ કહેવાય અને પછી તો કામ કામને શીખવે એમ ચાલ્યું. અનુવાદનું કામ, બીજાં પણ ઘણાં કામો હતાં. એ બધું હું શીખતો ગયો, મને જેમ હથોટી આવતી ગઈ એમ હું આગળ વધતો ગયો અને છેક ૨૦૦૩ સુધી હું ત્યાં 'ગુજરાત સમાચાર'માં હતો. હું 'ગુજરાત સમાચાર' મુંબઈમાં એડિટર પણ બન્યો. એ વચ્ચે બે-ત્રણ વર્ષનો મારો કાર્યકાળ વડોદરામાં 'ગુજરાત સમાચાર'માં પણ ખરો. ૨૦૦૩માં અમદાવાદમાં 'દિવ્ય ભાસ્કર' શરૂ થયું અને તેમણે મને આમંત્રણ આપ્યું, એટલે હું ત્યાં જોડાયો. પછી વડોદરામાં 'દિવ્ય ભાસ્કર'ના એડિટર તરીકે હું આવ્યો અને પછી પાછો અમદાવાદમાં 'સંદેશ'ના આમંત્રણથી હું ત્યાં એડિટર તરીકે ગયો. એમ કરતાં-કરતાં ત્રીસેક વર્ષનો ગાળો થયો. મારે ક્રિયેટિવ લખવું હતું એટલે મેં સક્રિય પત્રકારત્વમાંથી

સ્વેચ્છાએ રાજીનામું આપ્યું અને સંપૂર્ણપણે લેખન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એટલે હવે હું ઘરે બેસીને લખું છું અને વિવિધ અખબારોમાં મારી કૉલમો ચાલે છે. અનુવાદ મારો પહેલો પ્રેમ અને હવે ફરી હું એ જ કરી રહ્યો છું અને બીજાં પણ મૌલિક પુસ્તકો પર કામ ચાલે છે.


પ્રશ્ન : હવે મારા પ્રશ્નના બીજા ભાગ પર આવીએ. જે ત્રીસ વર્ષના ગાળાની વાત તમે કરી એ દરમ્યાન તમે પત્રકારત્વમાં પરિવર્તનો જોયાં. પત્રકારત્વ કઈ રીતે બદલાયું?

ભારતના બીજા પ્રદેશોનું અથવા તો જે અંગ્રેજી પત્રકારત્વથી આપણે પરિચિત છીએ, એ બૌદ્ધિક અને લોકશાહીના કેટલાક સિદ્ધાંતો પ્રમાણે ચાલે છે. એમાં ખાસ્સું એવું વૈચારિક અને સૈદ્ધાંતિક તત્ત્વ હોય છે. એની સરખામણીમાં, સ્વતંત્રતાનો જે ગાળો હતો એ દરમ્યાન ગુજરાતી પત્રકારત્વ પાસે એક મિશન હતું, એક સામાજિક નિસબત હતી. એટલે ગુજરાતમાં 'ફૂલછાબ', સુરતમાં 'ગુજરાતમિત્ર', મુંબઈમાં 'મુંબઈ સમાચાર' કે 'જન્મભૂમિ-પ્રવાસી', કચ્છમાં 'કચ્છમિત્ર', અમદાવાદમાં 'જનસત્તા' જેવાં અખબારો અલગ-અલગ શહેરોમાં હતાં. એમની ભૂમિકા એવી હતી કે સ્વતંત્રતા ચળવળમાં એમણે રાષ્ટ્રના ઘડતરમાં અથવા સમાજના ઘડતરમાં યોગદાન આપવાનું છે એટલે એમની પાસે એક ચોક્કસ પ્રકારનો હેતુ હતો, એક દિશા હતી. ગુજરાતી પત્રકારત્વને સમજવા માટે તમારે ગુજરાતના સમાજને પણ સમજવો પડે. કારણ કે એ બે અલગ નથી. આપણે નકારાત્મક રીતે એવું કહીએ છીએ કે ગુજરાતી લોકો પૈસાને બહુ માને. ગુજરાતી પરિવારોમાં પૈસાનું મહત્ત્વ ખૂબ છે, આપણી ઓળખ મની-માઇન્ડેડ લોકો તરીકેની છે. હું આને નકારાત્મક મુદ્દો નથી ગણાતો, પણ એ આપણી સંસ્કૃતિમાં છે. એટલે એ સાહસવૃત્તિ ગુજરાતમાં છે. એટલે એ બાબત પત્રકારત્વમાં પણ આવી. એને લીધે શું થયું કે સ્વતંત્રતાના સમય પછી તો આપણું પત્રકારત્વ મોટેભાગે આર્થિક પરિબળો દ્વારા સંચાલિત થયું, એમાં આર્થિક લાભાલાભથી ચાલતું પત્રકારત્વ છે. હું આને નકારાત્મક કે હકારાત્મકની દૃષ્ટિએ નથી મૂલવતો, પણ આ હકીકત છે. એટલે એમાં વ્યાવસાયિક હિતો ખૂબ આવ્યાં. એટલે 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' જેવાં મોટાં-મોટાં અખબારોએ આર્થિક રીતે દૃઢ થવા માટે અમુક પ્રકારના પત્રકારત્વનો અમલ કર્યો. જેમાં લોકોને મજા પડે, લોકોને મનોરંજન મળે, લોકોનો સમય પસાર થાય. આપણે જ્યારે પત્રકારત્વનો વિચાર કરીએ ત્યારે આપણા મનમાં એવો વિચાર હોય કે આ એક બહુ ઉમદા વ્યવસાય છે, એમાં ખૂબ આદર્શો હોય છે, ખૂબ સામાજિક નિસબત હોય છે, સમાજને

બહેતર બનાવવા માટે પત્રકારત્વ કામ કરે છે. આ બધું ઘણે અંશે સાચું છે, પણ આપણા કિસ્સામાં - ગુજરાતમાં પત્રકારત્વ થોડું વ્યાવસાયિક થયું, એટલે હું ગમે એટલું સારું લખું, પરંતુ લોકો જો એ ન વાંચવાના હોય તો એનો કોઈ મતલબ નથી. એટલે સમાચારથી લઈને કૉલમ-લેખન સુધી લોકભોગ્ય લખાવું જોઈએ, લોકોને જે ગમે છે, તેમને જે જોઈએ છે એ આપો. એ એક મોટું પરિબળ કામ કરતું હતું, કામ કરે છે અને મારા સમયમાં તો એ વધારે ને વધારે બળવત્તર થતું ગયું. એટલા માટે જ, બીજાં અખબારો જે ન કરી શક્યાં એ 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ'એ કર્યું. ગુજરાતનાં પ્રમુખ શહેરોમાં સ્વતંત્ર આવૃત્તિઓ શરૂ કરી અને જિલ્લા પ્રમાણે પૂલ-આઉટ શરૂ કર્યાં. હિન્દીમાંથી આવેલા 'દિવ્ય ભાસ્કર'ને પણ એ જ મૉડલ અનુસરવાની ફરજ પડી.

આજે તમે જુઓ તો ગુજરાતનાં જે મોટાં અખબારો છે એ આર્થિક રીતે ખૂબ સધ્ધર છે. ભારતમાં કોઈપણ પ્રદેશમાં જોઈએ તો મોટેભાગે બે અખબારો હોય, એ બે વચ્ચે સ્પર્ધા હોય. કોઈપણ બજારનો સહજ સ્વભાવ એવો છે કે એમાં બે વચ્ચે જ સ્પર્ધા હોય, પણ ગુજરાતમાં ત્રણ-ત્રણ ચાર-ચાર મોટાં અખબારો ચાલે છે, કારણ કે આપણે ત્યાં ખૂબ પૈસા છે. એવું કહેવાય છે કે બજારમાં કોઈપણ નવી બ્રાન્ડ આવે તો એમના પ્લાનિંગમાં સૌથી મોટું પ્લાનિંગ ગુજરાતનું હોય છે, કારણ કે સૌથી વધુ પૈસા અહીંથી આવે છે. એટલે હું કહેવા એમ માગું છું કે આપણું પત્રકારત્વ હંમેશાં માર્કેટ દ્વારા સંચાલિત અથવા વાચકો માટેનું રહ્યું છે. એટલે વાચકોને ગમે એવું આપીએ તો વધુ ને વધુ વાચકો આપણી પાસે આવે. દાખલા તરીકે તમે ગુજરાતનાં ત્રણ કે ચાર અખબારોની પૂર્તિ ઉપાડી લો અને તમે જો અખબારોનું નામ કાઢી નાખો તો તમને ખબર ન પડે કે આ કયું અખબાર છે. કારણ કે એના લેખો સરખા છે, એનાં લખાણો પણ સરખાં છે, એના વિષય પણ સરખા છે, એનો દેખાવ પણ સરખો છે, એટલે મેં એ આખો ગાળો જોયો કે જેમ-જેમ હું આમાં આગળ વધ્યો એમ-એમ અખબારને આર્થિક રીતે સફળ બનાવવાનાં પરિબળો મજબૂત થતાં ગયાં. ગુજરાત કદાચ વધુ સુખી પ્રદેશ છે અને સુખી લોકોમાં જરા મનોરંજન વધારે હોય એવું હોઈ શકે એમ મને લાગે છે.

પ્રશ્ન : તમે તમારી પોતાની વાત કરી એમાં તમે કહ્યું કે તમે સક્રિય પત્રકારત્વમાંથી નિવૃત્તિ લઈને હવે મૌલિક લેખન તરફ વળ્યા છો, એનાથી મને ખુશવંત સિંઘનું એક વાક્ય યાદ આવ્યું. તેમણે 'ખુશવંતનામા' પુસ્તકમાં પત્રકારત્વ ઉપરના પ્રકરણમાં કહ્યું છે કે 'જર્નાલિઝમ ઇઝ લિટરેચર ઇન



અ હરી' - પત્રકારત્વ એ ઉતાવળિયું સાહિત્ય છે. આપણા ગુજરાતમાં એવું વારંવાર જોવા મળે છે કે આપણે પત્રકારોને સાહિત્યકારોની પંગતે બેસાડી દેતા હોઈએ છીએ. આ સંબંધે તમારા વિચાર જાણવા છે.

ખુશવંત સિંઘે જે વાત કરી હતી એ એક જુદી ભૂમિકા પરથી કરી હતી. તેઓ પોતે અંગ્રેજી પત્રકારત્વના એડિટર રહ્યા હતા. તેમની પાસે પ્રાદેશિક ભાષાઓના પત્રકારત્વનો અનુભવ નહોતો. અંગ્રેજી પત્રકારત્વનું પોત જુદા પ્રકારનું છે. ઘણાંબધાં આદર્શો, મૂલ્યો, ઘણીબધી સૈદ્ધાંતિક વિચારધારા, પશ્ચિમના દેશોમાંથી આવેલી ઘણીબધી મુક્ત વિચારધારાની પરંપરાના એ ભાગ હતા. એટલે તેમણે કહેલું કે અંગ્રેજી પત્રકારત્વ એ ઉતાવળે લખાયેલું સાહિત્ય છે તે એ અર્થમાં કે અંગ્રેજી પત્રકારત્વના સ્વરૂપમાં ભાષાનું, વાક્યરચનાનું, શબ્દનું, શૈલીનું, વિષયનું મહત્ત્વ, જેને લિટરરી ફ્લેર કહેવાય એનું મહત્ત્વ છે. અખબાર સાત-આઠ કલાકમાં તૈયાર થતું હોય અને દરેક વસ્તુ ડેડલાઇન પ્રમાણે ચાલતી હોય, એટલે એ અર્થમાં એ ઉતાવળમાં લખાયેલું સાહિત્ય છે. ઘણા અંગ્રેજી પત્રકારો સારા સાહિત્યકારો રહ્યા છે, ખુશવંત સિંઘ પોતે સારા સાહિત્યકાર છે. ખુશવંત સિંઘમાં તમે સાહિત્યકાર અને પત્રકારને છૂટા પાડવા જાઓ તો તમને ખબર ન પડે કે ક્યાં પત્રકાર પૂરો થાય છે અને ક્યાંથી સાહિત્યકાર શરૂ થાય છે. એટલે ઘણા અંગ્રેજી ભાષાના પત્રકારો સારા લેખકો રહ્યા છે અને એક સારો તંત્રી હંમેશાં એક સારો વાચક હોય છે. એની અસર તેના કામ પર પડે, એટલે તેના અખબારના લેખનનું સાહિત્યિક મૂલ્ય પણ હોય.

હવે આને જો આપણે ગુજરાતી અખબારો સાથે જોડવા જઈએ તો થોડુંક નિરાશાજનક એટલા માટે છે કે મેં અગાઉ જે જમાનાની વાત કરી એ સમયના પત્રકારો અને તંત્રીઓ સારા સાહિત્યકારો હતા. એટલે એ સમયના પત્રકારત્વ વિશે તમે એવું કહી શકો કે એ ઉતાવળે લખાયેલું સાહિત્ય, પણ પછી જે રીતે વ્યાવસાયિક હિતો વધવા

લાગ્યાં એટલે ગુજરાતમાં એવું થયું કે એ પ્રકારના પત્રકારો અને તંત્રીઓ જેમની પાસે ભાષા હોય, જેમની પાસે વિચાર હોય, તેમનું મહત્ત્વ થોડું ઘટતું ગયું અને એવો સમય આવ્યો કે અમારે તો પેપર ચલાવે એવા લોકો જોઈએ. એમાં તમારી ભાષા ખરાબ હોય તો પણ ચાલી જાય. આજે તમે જુઓ લગભગ તમામ છાપાંઓની ભાષામાં તમને એટલી બધી નિરાશા થશે કે આને તો ઉતાવળે લખાયેલું સાહિત્ય પણ ન કહેવાય. આમાં તો ક્રિમિનલ નેગ્લિજન્સ - ગુનાહિત બેદરકારી છે.

મને એક અખબારમાં એવું કહેવામાં આવેલું કે આપણે એક અખબારમાં પાંચ-પાંચ પ્રૂફરીડરોની જરૂર શા માટે છે? હ્રસ્વ 'ઇ' છે કે દીર્ઘ 'ઈ' છે એનાથી શું ફરક પડે છે? જો વાચકને વાત સમજાઈ જતી હોય તો શબ્દની જોડણી અથવા વાક્યરચનામાં ભૂલ હોય તો ચાલશે એવું મને કહેવામાં આવેલું. એટલે ઉતાવળે લખાયેલું સાહિત્ય તો આવું ન હોય કે જ્યાં તમે ભાષાની દરકાર પણ ન કરો અને કહો કે ભાષા ખોટી હોય તો પણ ચાલે. જ્યારે 'દિવ્ય ભાસ્કર' અમદાવાદમાં શરૂ થયું ત્યારે એના માલિકો બિનગુજરાતી હોવાથી તેમને ભાષાશુદ્ધિની ચિંતા હતી અને તેમને પ્રૂફરીડર જોઈતા હતા, એટલે જ્યારે બીજાં ગુજરાતી અખબારોમાં પ્રૂફરીડિંગ ડિપાર્ટમેન્ટ બંધ થઈ રહ્યા હતા ત્યારે 'દિવ્ય ભાસ્કર'એ પ્રૂફરીડિંગનો ડિપાર્ટમેન્ટ શરૂ કર્યો. એ એમની જરૂરિયાત હતી, પણ ટ્રૅજેડી એ થઈ કે એમને પ્રૂફરીડર મળતા નહોતા. ગુજરાતમાં પ્રૂફરીડર મળતા બંધ થઈ ગયા છે. ગુજરાતમાં પ્રૂફરીડર નામની જે પ્રજાતિ હતી એ આખી ખતમ થઈ ગઈ છે. આજે પણ ગુજરાતી અખબારોમાં પ્રૂફરીડર નથી, તો મારો મુદ્દો એ છે કે ખુશવંત સિંઘે જે વાત કરી હતી એ અંગ્રેજી ભાષા માટે સાચી અને સારી હતી, પણ આજે આપણે ત્યાં જે છે એ તો ઉતાવળે લખાયેલું લખાણ પણ ન કહેવાય.

પ્રશ્ન : તમે ગાંધીયુગના પત્રકારત્વમાં સામાજિક નિસબતની વાત કરી. એના પરથી પ્રશ્ન થાય છે કે ૧૯૬૦ના દાયકામાં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના તંત્રી દિલીપ પડગાંવકર હતા અને એ વખતે તેમણે કહેલું કે 'નેક્સ્ટ ટુ ધ પ્રાઇમ મિનિસ્ટર, આઇ હેવ ધ મોસ્ટ ઇમ્પોર્ટન્ટ જૉબ ઇન ધ કન્ટ્રી' - વડા પ્રધાન પછી મારું કામ દેશમાં સૌથી મહત્ત્વનું છે. આજના પત્રકારો અને તંત્રીઓ તેમની જવાબદારી નથી સમજતા એવું તેમનું લખાણ વાંચીને લાગે ખરું? આજે આપણી પાસે ફ્રૅંક મોરાઇસ કે વર્ગિસ કે કસ્તુરી રંગા આયંગર જેવા તંત્રીઓ અને પત્રકારો નથી એનું કારણ તમને શું લાગે છે?

તમને આમાં થોડી ટીકા જેવું લાગશે,

પણ આપણું ભારતનું જે પત્રકારત્વ છે એ આપણે લઈ આવ્યા બહારથી. તમે જે નામો આપ્યાં ફ્રેંક મોરાઇસ, દિલીપ પડગાંવકર, કલકત્તામાં સી. આર. ઈરાની, ગિરિલાલ જૈન તેમનું પત્રકારત્વ યુરોપિયન દેશોમાંથી અથવા ઇંગ્લૅન્ડમાંથી આયાત કરેલું હતું. એક સમયે આપણા મોટાભાગનાં અખબારોમાં અંગ્રેજ એડિટર હતા, જેમ કે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' વર્ષો સુધી બ્રિટિશ એડિટરોના હાથમાં હતું. કલકત્તાના 'સ્ટેટ્સમૅન'માં અત્યાર સુધી અંગ્રેજી એડિટરો હતા, એટલે કે પત્રકારત્વનું આપણું જે મૉડલ છે એ પાશ્ચાત્ય મૉડલ છે. એને કારણે એવું થયું કે પત્રકારત્વ અને ભારતની જે વાસ્તવિકતા છે, જે સામાન્ય જનજીવન છે એની વચ્ચે એક અંતર રહી ગયું. એવું જ રાજકારણમાં થયું. એક સમયે રાજકારણીઓ લોકોની વચ્ચેથી આવતા હતા, ગામડાંમાંથી આવતા હતા, ખેતરોમાંથી આવતા હતા એટલે કે પહેલાં નેતાઓ નીચેથી ઉપર જતા હતા. હવે નેતાઓ ઉપરથી નીચે આવે છે. એટલે પત્રકારત્વ જ્યારે બ્રિટિશરોના હાથમાં હતું ત્યારે નીચેનો, જે બહુ મોટો વર્ગ છે, એની સાથે એ જોડાઈ ન શક્યા. યુરોપના લોકો આપણા કરતાં શિક્ષિત લોકો છે.

પત્રકારત્વનો વ્યવસાય બ્રિટનમાં એટલે વિકસ્યો કારણ કે ત્યાં લોકો શિક્ષિત હતા, લોકો જાગ્રત હતા અને લોકો વાંચતા પણ હતા, એટલે ત્યાંના પત્રકારત્વ અને ત્યાંના સમાજ વચ્ચે એટલું મોટું અંતર નહોતું. આપણે ત્યાં અક્ષરજ્ઞાન ખૂબ ઓછું, ગરીબી વધારે અને આપણા પ્રશ્નો પણ ખૂબ જુદા પ્રકારના. હું જો ગામડામાં રહેતો હોઉં અને મુંબઈમાં બેસીને દિલીપ પડગાંવકરની વાત વાંચું, તો એવું લાગે કે મારી વાસ્તવિકતા, મારી આસપાસના જીવન સાથે એને કોઈ લેવાદેવા નથી. દિલીપ પડગાંવકરે કહ્યું કે તેમની જૉબ દેશમાં બીજી સૌથી મહત્ત્વની છે, એ સમાજના ઉપલા વર્ગના અથવા સત્તાવાળા વર્ગના સંદર્ભમાં હતી, પણ આજે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ની એવી કોઈ ગણતરી નથી. એ એડિટરો પણ રહ્યા નથી, એ પરંપરા પણ રહી નથી, એ અખબારોનો જે પાવર હતો અથવા ખુશવંત સિંહ જેની વાત કરે છે એ અખબારોનું સાહિત્યિક સ્વરૂપ હતું એ નથી રહ્યું. તમે બીજાં પણ અનેક અંગ્રેજી અખબારો જુઓ તો એ પણ હવે એક વ્યવસાય જ બની ગયાં છે, એ બધાં માત્ર પૈસા જ બનાવે છે.

દિલીપ પડગાંવકર એ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના છેલ્લા મોટા ગજાના એડિટર હતા. આજે તમે કોઈને પણ પૂછો કે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના એડિટર કોણ છે તો તમને નામ નહીં મળે, મને પોતાને પણ ખબર નથી. કારણ કે એડિટરનો જે હોદ્દો હતો, એની

જે સત્તાઓ હતી, એ હવે રહ્યાં નથી. હવે છાપાંના માલિકો એવું કહે છે કે અમે તો એક પ્રોડક્ટ બનાવીએ છીએ. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના માલિકે એક ઇન્ટરવ્યૂમાં કહેલું કે ''અમે સમાચારના વ્યવસાયમાં છીએ, જેમ તમે સાબુ બનાવો છો કે ટીવી બનાવો છો એમ અમારે તો છાપું બનાવવાનું છે.'' આ તેમનો અત્યારનો અભિગમ છે, એટલે તેમને કોઈ એડિટરની જરૂરત નથી, તેમને મૅનેજર જોઈએ છે. તેમને એવા કોઈની જરૂર નથી જેનામાં બહુ જ્ઞાન છે, જેને લખતાં બહુ સરસ આવડે છે, જેને સાહિત્યની સમજણ છે કે જેના વિચારો ખૂબ સરસ છે. પચીસ વર્ષ પહેલાં જે પત્રકારત્વ હતું અને આજે જે છે એમાં ફરક પડી ગયો છે, આજે બધી જગ્યાએ મૅનેજરો છે, એડિટરો નથી. આજે એડિટરની ભૂમિકા એવી છે કે વડા પ્રધાનને એડિટર કોણ છે એ જાણવાની જરૂર નથી, વડા પ્રધાન છાપાંના માલિકોને ઓળખે છે. પચીસ વર્ષ પહેલાં ઊંધું હતું. એ વખતે વડા પ્રધાન એડિટરને જ ઓળખતા, માલિકોને નહીં.

પ્રશ્ન : ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશે થોડા સમય પહેલાં એક પુસ્તકવિમોચનના કાર્યક્રમમાં એવું કહ્યું હતું કે ભારતીય પત્રકારત્વમાં ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ હવે રહ્યું નથી. આ વિશે મારે તમારા વિચારો જાણવા છે.

હા, સાહેબે કહ્યું, મને ખબર છે તે બોલ્યા છે, પણ એમાં તેમનો પણ દોષ છે ને! આજે ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ કરનાર માણસને જ્યારે જેલમાં પૂરી દેવામાં આવે ત્યારે તેને બચાવવાનું કામ તો તેમનું છે. જો સાહેબ નહીં બચાવે તો કયો પત્રકાર એ જોખમ ઉઠાવશે? તેમની વાત સાથે હું સહમત છું. પત્રકારત્વનું કામ એ છે કે સમાજમાં, રાજકારણમાં જે ખોટું થતું હોય એને ખુલ્લું પાડવું જોઈએ, કારણ કે એ લોકહિતમાં છે, પણ આજે આ કામ કોઈ કરતું નથી, અખબારોના વ્યાવસાયિક હિત એમાં કામ કરે છે. એક જમાનામાં અખબારનું મૅનેજમેન્ટ એ અખબાર માટે હતું, એટલે એમનો એકમાત્ર ઉદ્દેશ એ હતો કે એમણે સારું અખબાર બહાર પાડવું છે. હવે વ્યાવસાયિક હિતો વધ્યાં છે તો જેટલાં પણ માધ્યમો છે એના માલિકોના બીજાં પણ હિતો છે. એ લોકો જે તે શહેરમાં પ્રૉપર્ટીમાં પૈસા રોકે છે અથવા તો એમની ફૅક્ટરીઓ છે, એ લોકોની હૉટેલની માલિકી છે, જ્યારે તમારાં બીજાં હિતો પણ કામ કરતાં હોય ત્યારે સ્વાભાવિક છે તમારાં હિતો ટકરાય અને એટલે ઇન્વેસ્ટિગેશન ન થાય.

આજથી પચીસ-ત્રીસ વર્ષ પહેલાં 'ઇન્ડિયન એક્સપ્રેસ' દિલ્હીમાં અરુણ શૌરિ એડિટર હતા. તેમને ખબર પડી

કે મધ્ય પ્રદેશ અને રાજસ્થાનની સરહદ પર સ્ત્રીઓને વેચવામાં આવે છે, ત્યારે અરુણ શૌરિ તેમના પત્રકાર રિતુ સરીનને કહે કે તમે ત્યાં જાઓ અને ઇન્વેસ્ટિગેશન કરો. રિતુ સરીન ત્યાં જાય, દસ દિવસ રહે અને જુએ કે અહીં તો સ્ત્રીઓનો કારોબાર ચાલે છે, એટલે રિતુ સરીન પોતે ગ્રાહક બનીને જાય, પોતે પૈસા આપીને સ્ત્રીને ખરીદે. ખરીદીને એ દિલ્હીમાં લઈ આવે, પત્રકાર પરિષદ બોલાવે અને પછી 'ઇન્ડિયન એક્સપ્રેસ'ના પહેલા પાના ઉપર એ સમાચાર છપાય અને આખા ભારતમાં હોહા થઈ જાય. આ કરતાં પહેલાં અરુણ શૌરિએ દિલ્હીના મુખ્ય ન્યાયાધીશને જાણ કરી હતી કે અમે આવું કરવા જઈ રહ્યા છીએ, અમે ગુનો કરીશું અને અમારી ધરપકડ થશે. આવો તેમણે પત્ર લખ્યો હતો. આખરે થયું પણ એવું કે મધ્ય પ્રદેશ પોલીસે સરીન સામે કેસ દાખલ કર્યો અને તેની સામે 'એક્સપ્રેસ' સુપ્રીમ કોર્ટમાં ગયું અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પાસે પહેલેથી માહિતી હતી જ એટલે એ કેસ આખો ડિસમિસ થઈ ગયો. એટલે આખી વાત એ છે કે ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ માટે ન્યાયતંત્રના સપોર્ટની પણ જરૂર પડે.

પ્રશ્ન : પત્રકારત્વની તમારી કારકિર્દી દરમ્યાન તમે અનેક યુવા પત્રકારોને માર્ગદર્શન આપતા રહ્યા છો. તાલીમબદ્ધ એટલે કે માન્ય ડિગ્રીવાળા પત્રકાર અને ડિગ્રી વિનાના પત્રકાર વચ્ચે તમે કોઈ ફરક જોયો? શું પત્રકારત્વની કળા અથવા હુન્નર ડિગ્રી લેવાથી આવડી જાય?

પત્રકારત્વ તમે જેમ-જેમ કરો એમ જ તમને શીખવા મળે, પત્રકારત્વ તમને ક્લાસરૂમમાં શીખવા ન મળે. તમને માત્ર જે પાયાનું જ્ઞાન છે, એનું સૈદ્ધાંતિક પાસું તમને ક્લાસરૂમમાં જાણવા મળે, પરંતુ પત્રકારત્વ એકમાત્ર કામ એવું છે જે તમે કરવા જાવ ત્યારે જ તમને આવડે. કારણ કે એમાં અલગ-અલગ પ્રકારના પડકારો આવતા હોય છે. મેં તમને વાત કરી એ પ્રમાણે તમારે મધ્ય પ્રદેશની સરહદ પર જઈને એક સ્ટોરી કરવાની હોય તો એ કરતી વખતે કયા-કયા પ્રકારના પડકારો આવશે એ તમને અગાઉથી ખબર ન હોય, એટલે જેમ-જેમ તમને એનો અનુભવ થતો જાય એમ-એમ તમને એ આવડે. ગુજરાતમાં અત્યારના અને જૂના પત્રકારોની તમે જો વાત કરો તો તમને ખબર પડશે કે દરેકની પાસે માત્ર અનુભવ જ છે, ડિગ્રી નથી. હું પોતે પણ એમાંનો એક છું, મારી પાસે પત્રકારત્વની ડિગ્રી નથી.

આ સ્વિમિંગ જેવું છે, જ્યાં સુધી તમે પાણીમાં પડો નહીં ત્યાં સુધી તમને એ ન આવડે. પુસ્તકોમાંથી તમને સ્વિમિંગની માહિતી મળે, પણ તરવા માટે તમારે પાણીમાં પડવું જ પડે. તમે પત્રકારત્વ

ભણો, એના વિશે તમને માહિતી હોય એ બરાબર છે અને હવે તો એ જરૂરી પણ છે. પહેલાં તો જેને લખતાં આવડતું હોય એ પત્રકાર બની જાય, હવે તો ડિગ્રી માગે છે. મારી કારકિર્દીમાં મેં જેટલા લોકોને નોકરીમાં રાખ્યા હશે તો એમાં પહેલી શરત મારી એ હોય કે સ્નાતક છો કે નહીં, સ્નાતક ન હોય એને નોકરીમાં રાખતા નથી, પણ એ ઉપરાંત પત્રકાર તરીકે તમારે ફીલ્ડ પર જવું પડે, તમારે બહાર નીકળવું પડે, તમારે ડેસ્ક ઉપર બેસીને સાત-આઠ કલાક કામ કરવું પડે, તમારી ભૂલો થાય અને એમ તમે શીખતા જાવ, તો મને લાગે છે કે તમને જ્ઞાન મદદ કરે પણ અનુભવ વધારે મદદ કરે.

પ્રશ્ન : આજના યુવા પત્રકારો માટે સૌથી મોટો પડકાર શું છે, તમારી દૃષ્ટિએ?

વાંચનનો મોટો પડકાર છે. આપણે ત્યાં ગુજરાતી ભાષામાં વાંચન મોટેભાગે ઑનલાઇન થઈ ગયું છે. એટલે તેની પાસે પુસ્તકોનું વાંચન નથી. પત્રકાર થવા માટે તમારી પાસે પુસ્તકોનું બૅકગ્રાઉન્ડ હોવું જોઈએ અને પુસ્તકોનું જ્ઞાન નથી, પુસ્તકોનું વાંચન નથી એટલે તેમની પાસે ભાષા પણ નથી. આજે જો સૌથી ખરાબ સ્થિતિ હોય તો એ ભાષાની છે. તમારી પાસે એટલું બધું શબ્દભંડોળ હોવું જોઈએ કે તમારે એક લેખ લખવાનો હોય કે એક સમાચાર લખવાના હોય તો



દરેક પ્રકારના લેખનમાં તમારે કેવી રીતે ભાષા વાપરવાની છે એ તમને ખબર પડે. સમાચારની ભાષા અલગ હોય છે, લેખની ભાષા અલગ છે, લેખમાં પણ વિષય કયો છે એ પ્રમાણે ભાષા બદલાય છે. વિષયને ન્યાય આપવા માટે તમારી પાસે ભાષાનો વૈભવ જોઈએ, તમારી પાસે શબ્દોનું ભંડોળ જોઈએ, તમારી પાસે ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ હોવું જોઈએ. તમને એની ખબર પડવી જોઈએ કે દુનિયામાં શું થઈ રહ્યું છે, એટલે મારી દૃષ્ટિએ જે ત્રણ મોટા પડકારો આજના પત્રકાર સામે છે એ વાંચનના, જ્ઞાનના અને ભાષાના છે.

પ્રશ્ન : ડિજિટલ મીડિયાએ પરંપરાગત પત્રકારત્વની રૂખ કઈ રીતે બદલી છે? માહિતીનો અતિરેક પત્રકારત્વને કઈ રીતે અસર કરે છે?

એમાં એવું છે કે દર પેઢીએ માધ્યમો બદલતાં રહ્યાં છે. માણસ બદલાય છે,

મૂલ્યો બદલાય છે, સમાજ બદલાય છે એમ એનાં માધ્યમો બદલાય છે. યાદ રાખવા જેવું એ છે કે માધ્યમો ટેક્નોલૉજીના મહોતાજ છે. આપણે કાગળ-પેનથી લખતા હતા, પછી ટાઇપ રાઇટર આવ્યું, હવે કૉમ્પ્યૂટર આવ્યું, પછી વૉઇસ ટાઇપિંગ આવશે, ટપાલ હતી, રેડિયો આવ્યો, ટેલિવિઝન આવ્યું, ઇન્ટરનેટ આવ્યું, તો પત્રકારત્વ પણ બદલાયું. એનાથી પ્રિન્ટ પત્રકારત્વનો વિકાસ અટકી ગયો છે. પ્રિન્ટ રહેશે, પણ ફેલાવો અટકી ગયો છે. જાહેરખબરો સ્થિર છે. સામયિકો તો સાવ જ બંધ થઈ ગયાં છે. ભવિષ્ય ડિજિટલમાં છે. દરેક પ્રિન્ટ ઑર્ગેનાઇઝેશન્સ ડિજિટલમાં જઈ રહ્યાં છે. આંગળીના ટેરવે દુનિયા હોય, તો માહિતી પણ એ પ્રકારે જ હોય ને.

ડિજિટલમાં પણ પડકારો છે. હવે ખાલી માહિતી કે સમાચારથી કામ નથી ચાલતું. તમારે એ માહિતી શા માટે કામની છે એ પણ વિચારવું પડે અને એ રીતે એને રજૂ કરવી પડે. માહિતીનો અતિરેક અવરોધ નથી, અવસર છે. હવે લોકો પાસે માહિતીઓનો વિકલ્પ છે. તમને જો અખબાર વાંચવાનો અનુભવ યાદ હોય તો ખબર હશે કે તમારે એ જ વાંચવું પડતું હતું જે જ્ઞાની એડિટરો નક્કી કરતા હતા કે તમારા કામનું શું છે. આજે મને પોતાને પણ એમ લાગે છે અખબારોમાં આવું ઘણું આવતું હતું જે મારા માથા પર મારવામાં આવતું હતું.

ડિજિટલમાં માહિતીનું લોકતંત્રીકરણ થયું છે. એટલી બધી માહિતી છે કે ‘મારા કામનું નથી’ એ ફરિયાદ તો દૂર થઈ ગઈ છે. એક વાચક તરીકે મારે વધુ સજ્જ થવાની ફરજ પડી છે, જેથી હું મારા કામની માહિતી તારવી શકું. એના પરિણામે પરંપરાગત પત્રકારત્વએ પણ કસ્ટમાઇઝ માહિતીઓ આપવાની ફરજ પડી છે.

પ્રશ્ન : તમે ઘણાં સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પર સક્રિય છો. સોશિયલ મીડિયાના ગુજરાતી ઉપભોક્તાઓ સાથેના તમારા અનુભવો કેવા છે? સોશિયલ મીડિયા કેટલી આવશ્યકતા જણાય છે અને કેટલી અસારતા?

સાચું કહું તો હું જ્યારે અખબારોમાં હતો ત્યારે એક ભ્રમ કેળવાયો હતો કે ‘આપણને જ બધી ખબર છે’ અથવા ‘આપણને જ બધું આવડે છે.’ ઘણા પત્રકારો એવી ગુરુતાગ્રંથિમાં જીવતા હોય છે. પત્રકારત્વનો એ પાવર છે, જે તમને આ રીતે પણ કરપ્ટ કરી નાખે છે. સોશિયલ મીડિયાએ એ ભ્રમ તોડી નાખ્યો. મેં અગાઉ કહ્યું એમ ઇન્ટરનેટ અને માહિતીઓના અતિરેકના કારણે લોકો બહુ જાણકાર થઈ ગયા છે, એટલે સોશિયલ મીડિયા પર સક્રિય ગુજરાતી લોકોને જોઈને મને તો આશ્ચર્ય થયું હતું. મારા જેવા પરંપરાગત પત્રકાર, જેણે ત્રણ દાયકા પ્રિન્ટ મીડિયામાં પસાર કર્યા

હોય, તેના માટે એ એક સુખદ આંચકો હતો કે પરંપરાગત માધ્યમોની બહાર પણ આટલી જીવંત દુનિયા છે. ગુજરાતી સોશિયલ મીડિયા ઘણું વાઇબ્રન્ટ અને ક્રિયેટિવ છે.

સોશિયલ મીડિયાની ત્રુટીઓ ચોક્કસ છે. એનાં અલગોરિધમ જે રીતે કામ કરે છે, એમાં જે પ્રકારનું વૈચારિક ધ્રુવીકરણ થાય છે, એમાં જે પ્રકારનું મેનિપ્યુલેશન થાય છે, એમાં જે રીતે બિઝનેસ અને રાજકારણનાં હિતો કામ કરે છે એનાથી આપણાં માનવીય ગુણો અને મૂલ્યોને ક્ષતિ પહોંચી છે, પરંતુ એ વૈશ્વિક પ્રશ્ન છે. હું એવું કહેતો રહું છું કે આ નવી ટેક્નોલૉજી વાંદરાના હાથમાં દારૂ આપવા જેવી છે. કદાચ આપણે ઘણુંબધું ભોગવ્યા પછી આગામી બીજી પેઢી સુધીમાં સોશિયલ મીડિયા લિટરસી શીખીને સરખી રીતે વર્તતા થઈશું, પરંતુ તમારો પ્રશ્ન ગુજરાતીઓ પૂરતો માર્યાદિત હતો, તો હું તટસ્થ રીતે જોઉં તો એમાં ઘણી ટૅલેન્ટ અને સર્જનાત્મકતા છે, જે પરંપરાગત માધ્યમોમાં નથી.

હું જો આજે કોઈ પ્રકાશન શરૂ કરું તો મને પ્રતિભાઓ શોધવા માટે જાહેરખબર આપવી ન પડે એટલા અને એવા સારા લોકો ત્યાં લખે છે. ઘણા સારા આશાસ્પદ કવિઓ, વાર્તાકારો, કલાકારો સોશિયલ મીડિયા પર છે. અંગ્રેજીની જેમ આપણે ત્યાં બ્લૉગ કલ્ચર એટલું વિકસ્યું નથી, પણ બ્લૉગિંગમાં ઘણા ગુજરાતીઓ છે. સાચું કહું તો સોશિયલ મીડિયામાં જે ગુજરાતીઓ છે તેમણે અખબારોની અનિવાર્યતા ખતમ કરી નાખી છે. રશિયા-યુક્રેન પર ગુજરાતી અખબારોમાં જેટલું નથી લખાયું એટલું સોશિયલ મીડિયામાં લખાયું છે.

પ્રશ્ન : આપણે હમણાં મહામારીના સમયમાંથી પસાર થયા અથવા થઈ રહ્યા છીએ. કોઈપણ પ્રકારની કટોકટીના સમયમાં અખબારી પત્રકારત્વની ભૂમિકા શું હોવી જોઈએ અને આ દૃષ્ટિએ તપાસીએ તો ગુજરાતી અથવા તો ભારતીય અખબારોએ કોવિડની મહામારી દરમ્યાન કેટલી હદે એમની જવાબદારી અદા કરી?

એમાં તો કબૂલ કરવું જોઈએ કે બીજી સામાજિક કટોકટીઓમાં પત્રકારત્વની ભૂમિકા વખાણવા જેવી નથી. એવી ઘણી બાબતો છે જેમાં અખબારો નેતૃત્વ લઈ શક્યાં હોત, પરંતુ મેં આગળ કહ્યું એમ આપણે ત્યાં મુખ્યત્વે વ્યાવસાયિક હિતો પ્રમાણે પત્રકારત્વ થાય છે, એટલે ‘આવું કરીએ તો આપણને શું ફાયદો થાય?’ એવા પ્રશ્નને આગળ ધરીને જ અખબારો તેમની ભૂમિકા નક્કી કરતાં હોય છે. બીજું સમજવા જેવું એ છે કે અખબારો અને રાજનીતિનો સંબંધ ઘેરો છે. બંને વચ્ચે આડા-સંબંધો છે એમ કહો તો વધુ સારી રીતે સમજમાં આવે. એટલે સમાજને સ્પર્શતી ઘણી બાબતોમાં અખબારોની ભૂમિકા ટીકાને

પાત્ર છે અને આ તો પૂરા દેશની સ્થિતિ છે.


પરંતુ કોવિડની મહામારીમાં અમુક મીડિયા અને અમુક પત્રકારોએ ઘણું સારું કામ કર્યું હતું. એ સંકટ અભૂતપૂર્વ હતું. સરકારી વહીવટ (કે એની ગેરહાજરી)ના કારણે આટલા બધા લોકોએ ભોગવવું પડ્યું હોય એવું બીજા કોઈ દેશમાં થયું નહોતું અને એનું રિપોર્ટિંગ અદ્‌ભુત હતું. આપણે હમણાં સોશિયલ મીડિયાની વાત કરી. કોરોનાની મહામારીમાં આખું સોશિયલ મીડિયા લાઇવ રિપોર્ટિંગ કરતું એક તોતિંગ ટેલિવિઝન બની ગયું હતું. ભારતનું ટ્વિટર તો જાણે હેલ્પલાઇન બની ગયું હતું. ત્યાં લગાતાર મદદ માટે પોકાર પડતા હતા અને આસપાસમાં જે કોઈ હોય તે મદદ પહોંચાડતા હતા. એમાં ભારત સરકાર સાચે જ ઊંઘતી ઝડપાઈ હતી. સોશિયલ મીડિયા પર ઑક્સિજન કે ઇન્જેક્શનની અછતની બૂમો પડી તો સરકારે એને રાબેતા મુજબ 'સરકાર-વિરોધીઓ'ની બૂમાબૂમ ગણીને ઉપેક્ષા કરી હતી, પણ સોશિયલ મીડિયાએ માહિતીઓનો મારો એટલો ચાલુ રાખ્યો કે આપણે એવું કહી શકીએ કે સરકારે શબ્દશ: આગ લાગી ત્યારે કૂવો ખોદવો પડ્યો.

ગુજરાતમાં 'દિવ્ય ભાસ્કર,' 'સંદેશ,' 'ગુજરાત સમાચાર' અને અન્ય શહેરોનાં નાનાં અખબારોએ જબરદસ્ત કામ કર્યું હતું. જ્યારે સરકાર પાસે માહિતીઓ નહોતી અને હૉસ્પિટલોમાં અંધાધૂંધી હતી ત્યારે ગુજરાતી પત્રકારોએ સ્મશાનમાં જઈને કેટલાં લાકડાં વપરાયાં, કેટલી પાવતીઓ ફાટી, કેટલી ઍમ્બ્યુલન્સ આવી હતી એના આંકડા મેળવીને તાળો મેળવ્યો હતો. દુર્ભાગ્યે એનું જે ફોલોઅપ થવું જોઈતું હતું અથવા એની જવાબદારી ફિક્સ થવી જોઈતી હતી એ ન થઈ.

પ્રશ્ન : રાજભાઈ, આપણે વાર્તાલાપની શરૂઆત એક અંગત પ્રશ્નથી કરી, સમાપન પણ થોડી અંગત વાતોથી કરીએ. તમારી કારકિર્દીમાં બનેલો સૌથી યાદગાર પ્રસંગ યાદ કરીને કહેશો? અને પત્રકારત્વમાં તમારા આદર્શ કોણ?

અલગ-અલગ અખબારોમાં અલગ-અલગ પ્રકારના અનુભવો તો ખૂબ બધા છે. અખબારોમાં તો શું છે કે દરેક દિવસે કંઈ ને કંઈ બનતું રહેતું હોય. તમે આમ અચનાક પૂછી લીધું એટલે યાદ કરવામાં પણ સમય જાય, પણ અંગત રીતે, એક સારા વાચક તરીકે અને દુનિયાભરની દરેક બાબતમાં રસ હોય એવા એક જિજ્ઞાસાવૃત્તિવાળી વ્યક્તિ તરીકે મને પૂછો તો નાનકડી એક ઘટના છે, જેણે મને સંતોષ આપ્યો હતો. આમ સામાન્ય છે. એ કોઈ જબરદસ્ત પત્રકારત્વ નહોતું. તમને સાચું કહું? મેં કશું એવું કામ કર્યું પણ નથી કે

[અનુસંધાન પૃ. ૧૨૦]



ધ કાનખજૂરા ફાઈલ્સ

☐ નટવર પંડ્યા

અમારા બાજુના ફ્લૅટમાંથી સવારની શાંતિને ચીરતી એક તીણી ચીસ સંભળાઈ. મેં જોયું તો હજુ ફક્ત પોણાસાત જ વાગ્યા હતા. ચીસ અમારી બાજુનાં કરુણાબહેનના ફ્લૅટમાંથી સંભળાઈ. મેં તત્ક્ષણ પથારીનો ત્યાગ કર્યો. હજુ કાલે જ કરુણાબહેનના પતિ પ્રેમશંકર પાલનપુર ગયા હતા. કરુણાબહેન એકલાં જ હતાં. એટલે મેં એ ચીસની ગંભીર નોંધ લીધી. એટલામાં જ મારા ફ્લૅટના દરવાજે ડૉરબેલ હોવા છતાં ઉપરાછાપરી ટકોરા પડ્યા. ડૉરબેલ હોવા છતાં ટકોરા પડે તો સમજવું કે ઘટના સામાન્ય નથી, પણ ટકોરાબંધ ગંભીર છે. મેં દોડીને દરવાજો ખોલ્યો તો દરવાજે કરુણાબહેન ઊભાં હતાં. તેઓ રીતસર હાંફતાં હતાં. તેમનું ઑક્સિજન લેવલ હંમેશાં અઠ્ઠાણું ઉપર રહેતું હોવા છતાં તેમને હાંફતાં જોઈ મને થયું કે આ ઘટના માટે ઑક્સિજન નહીં, પણ કોઈ દુર્જન જવાબદાર છે. બાકી હવે તો કોઈના ઑક્સિજન ઘટે એવી સ્થિતિ નથી. મેં તેમને હાથના ઇશારાથી પૂછ્યું, "શું થયું?"

તેમણે તેમના દરવાજા તરફ હાથ ચીંધ્યો. મેં મારા ઘરમાંથી ધોકો ઉઠાવ્યો અને બહાર આવ્યો. તેઓ આગળ ચાલ્યાં, હું પાછળ. મને થયું કે નક્કી

કોઈ બદમાશ, ચોર, લૂંટારો ઘૂસી આવ્યો લાગે છે. તેને એક જ ધોકાથી ધરાશાયી કરી આ પૃથ્વી પર પુનઃ ધર્મસ્થાપના કરવાના શુભ ઇરાદાથી હું ધરણી ધ્રુજાવતો આગળ વધ્યો. જેથી આવતી પંદરમી ઑગસ્ટે બહાદુરીનો વીરતા ચંદ્રક આપણા શર્ટ પર લટકતો હોય. કરુણાબહેન દોડીને બાથરૂમ પાસે ગયાં. હું પણ તેમની પાછળ ગયો. મેં જૂની ગુજરાતી ફિલ્મના હીરોની જેમ બુલંદ સ્વરે બૂમ પાડી, "કોની માએ સવા શેર સૂંઠ ખાધી છે કે અમારી હયાતીમાં પારકી બહેન-દીકરી સામે આંખ ઊંચી કરે. હરામખોર જ્યાં હોય ત્યાંથી બહાર આવ. તારી છઠ્ઠીનું ધાવણ ઓકાવી દઉં."

કરુણાબહેન અને અમે બાર-બાર વર્ષથી બાજુ-બાજુમાં રહેતાં હતાં, પણ મેં તેમના મુખેથી આવી તાર સપ્તકની ત્રીજી કાળીથી લાગેલી ચીસ ક્યારેય સાંભળી નહોતી અને તેમણે મારા મુખેથી આવી બુલંદ સ્વરની બૂમ ક્યારેય સાંભળી નહોતી. આજે અમને એકબીજાનો સ્વર પરિચય થયો. મારા ગળામાંથી પ્રગટેલી આવી ગગનભેદી બૂમ સાંભળી તેઓ હેબતાઈ ગયાં. મેં ફરીથી કહ્યું, "ક્યાં છુપાયો છે, હરામખોર!" તેમણે હાથ ચીંધીને હરામખોર બતાવ્યો. મેં જોયું અને મારા હાથમાંથી ધોકો ઢીલો પડી ગયો, કારણ કે સામે હતો એક કાનખજૂરો. બાથરૂમની દીવાલ પર સાવ બેશરમ બનીને ચોંટ્યો હતો.

કાનખજૂરો જોતાં જ હું ધૂંધવાઈને મનોમન બોલી ઊઠ્યો, "મારી વીરતાનું આવું હળહળતું અપમાન! અમને શું આવું નાનકડું કાનખજૂરું મારવા બોલાવવાના! કોઈ અજગર-બજગર હોય તો ઠીક છે." જોકે આમ તો આપણે ક્યારેય કાનખજૂરાય માર્યા નહોતા. છતાં સ્વમાન તો ઘવાય ને! કાનખજૂરાની કનડગત દૂર કરવામાં શું આપણા વિરલ વ્યક્તિત્વને વેડફી નાખવાનું? આપણી બહુમુખી (કે બહુદુ:ખી!) પ્રતિભાનો આવો દુરુપયોગ કરવાનો? પણ કદાચ કરુણાબહેનનો એવો શુભ ઇરાદો હોય કે લેખકશ્રી કાનખજૂરાથી શરૂ કરે તો આગળ જતાં સ્ટેપ બાય સ્ટેપ અજગર સુધી પહોંચે. મૂળ તો બહેનને આપણી પ્રગતિમાં રસ. પછી ભલે દિશા ગમે એ હોય, પરંતુ કાનખજૂરાને કઈ રીતે કાળધર્મ પમાડવો એની બુનિયાદી તાલીમ તો આપણે લીધી નહોતી એટલે હું વિચારે ચડી ગયો કે કાનખજૂરાને મારવામાં ધોકો કામ આવે કે નહીં.

મને એક વાતની નવાઈ લાગી કે કરુણાબહેન મારો દરવાજો ખટખટાવીને, ખોલાવીને મને બાથરૂમ સુધી દોરી લાવ્યાં ત્યાં સુધી કાનખજૂરો બાથરૂમની દીવાલ પર જ હતો. એ તકનો લાભ લઈને નાસી છૂટ્યો નહોતો. મને થયું કે

શું તેઓ કાનખજૂરાને કહીને આવ્યાં હશે કે હમણાં આવું છું ક્યાંય આડાઅવળો જતો નહીં. જેમ પેલાં હરણોએ જંગલમાં પારધીને વચન આપ્યું હતું કે ઘેર અમારાં બચ્ચાં ભૂખ્યાં છે એને ધવડાવીને જરૂર પાછાં આવીશું અને પાછાં આવ્યાંય ખરાં! શું કાનખજૂરો એ હરણો જેવી ઉમદા ભાવના ધરાવતો હતો! મને કાનખજૂરો કહ્યાગરો લાગ્યો. મને થયું કે એ અગાઉ પણ અહીં આવી ગયો હોવો જોઈએ. સાવ અજાણ્યો તો નથી જ. એ કરુણાબહેનને જરૂર ઓળખતો હોવો જોઈએ. એથી જ આટલી તક મળવા છતાં કાનખજૂરો ઘટનાસ્થળ છોડી ગયો નથી. નહીં તો બીજો હોય તો ક્યારનોય ભાગી જાય. વળી એનો અર્થ એવો પણ થાય કે કાનખજૂરાને કરુણાબહેન પર ભારોભાર ભરોસો હશે કે કરુણાબહેનમાં નામ એવાં ગુણ છે એટલે તેઓ જીવલેણ હુમલો તો નહીં જ કરે. જોકે આમ તો કોઈ સ્ત્રીઓ કાનખજૂરા પર ઘાતક હુમલો કરતી નથી, પણ તે આજુબાજુમાંથી હુમલાખોરને બોલાવી લાવે છે.

મારા હાથમાં ધોકો હતો છતાં હું 'કેકે' ને (કંખજૂરાને) સાવ સ્વર્ગસ્થ કરી દેવા માગતો નહોતો, પણ તેના બે-ચાર ટાંટિયા ભાંગી નાખવાનો ઇરાદો હતો. એટલે કાનખજૂરો મરે નહીં ને ધોકો ભાંગે નહીં. મારા હાથમાં ધોકો હોવા છતાં એ જરા પણ વિચલિત ન થયો. એનો અર્થ એ જ કે એને ખ્યાલ આવી ગયો હોવો જોઈએ કે આ લેખક છે અને લેખક જે કાંઈ કરે એ કલમથી કરે, ધોકાથી નહીં. બહુ બહુ તો તે આવતીકાલના અખબારમાં કાનખજૂરાવિરોધી લેખ લખશે. એનાથી કદાચ તંત્ર હરકતમાં આવશે તો મને પકડવાનાં ચક્રો ગતિમાન થશે, પણ મારી તો નહીં જ નાખે.

મેં કરુણાબહેનને કહ્યું, "જરાય ગભરાશો નહીં, હું બેઠો છું." એટલે કે ઊભો છું. છતાં તેઓ મને ગભરાયેલાં લાગ્યાં. જ્યારે-જ્યારે માણસને એમ કહેવામાં આવ્યું છે કે 'જરાય ગભરાશો નહીં' ત્યારે તે ઊલટાનો વધુ ગભરાયો છે, કારણ કે માણસને સહજ રીતે ખ્યાલ આવી જાય છે કે 'હવે જ ગભરાવા જેવું છે' એટલે જ લોકો કહે છે કે 'જરાય ગભરાશો નહીં', પણ હવે એ નક્કી નહોતું થતું કે તેઓ મારાથી ગભરાયેલાં છે કે કાનખજૂરાથી!

કરુણાબહેને મને આગળ વધવાનો ઇશારો કર્યો. કાનખજૂરાના મુદ્દે! મેં કાનખજૂરા પર કડપ પાડવા ફરી એકવાર ચૌદ બ્રહ્માંડ ધ્રૂજી ઊઠે એવો, કાવા-કસુંબા લીધા વિનાનો પ્રસંગોચિત ખોંખારો ખાધો. કાનખજૂરા પર એની થોડી અસર થઈ. એને થયું હશે કે હવે હું માથું હલાવીશ તો આ માથું ઉતારી લેશે. એટલે એ માથું હલાવતો અટકી ગયો. મેં કરુણાબહેનને કહ્યું, "અત્યારે

આપણી પાસે બે વિકલ્પ છે."

"હેં... એ... એ... એ...!" કરુણાબહેન ચોંકી ઊઠ્યાં ને થોડાં ગભરાયાં.

મેં ફરી વાર કહ્યું, "એટલે કે આપણી પાસે કાનખજૂરાના મુદ્દે બે વિકલ્પ છે."

તેમણે કહ્યું, "પણ કાનખજૂરો તો એક જ છે ને!"

મેં કહ્યું, "આપણી પાસે એક કરતાં વધુ વિકલ્પ હોય એ કાનખજૂરાના ભવિષ્ય માટે સારી નિશાની છે."

કરુણાબહેન મારી સામે જ જોઈ રહ્યાં. કાનખજૂરો કરુણાબહેન સામે જોઈ રહ્યો. મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો કે કરુણાબહેન અને કાનખજૂરો બેમાંથી એકેય મારું નિવેદન સમજી શક્યાં નથી. મેં ફરીથી તેમને સમજાવ્યાં કે આપણી પાસે કાનખજૂરો ભલે એક જ હોય, પણ વિકલ્પ બે છે. એક વિકલ્પ છે, 'કાનખજૂરાને જાનથી મારી નાખવો' અને બીજો 'એને જીવતો પકડીને તડીપાર કરવો' એટલે કે ઘરની બહાર કાઢી મૂકવો. તેઓ બે વિકલ્પને કારણે બમણા વિચારમાં પડી ગયાં. હું કાનખજૂરા સામે ગાવા લાગ્યો, "માર દિયા જાય કે છોડ દિયા જાય, બોલ તેરે સાથ ક્યા સુલુક કિયા જાય." કરુણાબહેને એ બંને વિકલ્પો પર ગહન ચિંતન કર્યા પછી કહ્યું, "પહેલાના પ્રમાણમાં બીજો વિકલ્પ પસંદ કરવો વધુ યોગ્ય રહેશે. એને તડીપાર કરીએ. તડીપાર થવાથી ભવિષ્યમાં એને સારી તક મળશે."

મેં કહ્યું, "બસ, મને તમારી પાસેથી એ જ અપેક્ષા હતી અને કાનખજૂરાને પણ આપણી પાસેથી આવી જ અપેક્ષા હોય એ સ્વાભાવિક છે."

મેં કરુણાબહેનને પૂછ્યું, "તમારી પાસે કાનખજૂરો પકડી શકાય એવો ચીપિયો છે?"

તેમણે કહ્યું, "એવો ચીપિયો તો ક્યાંથી હોય! તમે કહો તો માર્કેટમાંથી ખરીદી લાવું."

મેં કહ્યું, "...પણ કાનખજૂરાનોય સમય કીમતી હોય ને! તમે માર્કેટમાંથી ચીપિયો ખરીદીને આવો એટલો બધો સમય તો કાનખજૂરો ક્યાંથી રોકાઈ શકે! એનેય બીજા કાર્યક્રમમાં હાજરી આપવાની હોય ને!"

કરુણાબહેન આશ્ચર્યથી બોલ્યાં, "ખરેખર તમે ઘણું વિચારી શકો છો."

મેં કહ્યું, "આવા સંવેદનશીલ મુદ્દે વિચાર્યા વગર એક પગલું પણ ન ભરાય, બહેન! કાનખજૂરા તો ક્યારેય વગર વિચાર્યે એક પગલું નથી ભરતા, કારણ કે તે એક પગલું ભરે એટલે કેટલાં બધાં પગલાં ભરવા પડે!"

કરુણાબહેને આજુબાજુના ફ્લૅટમાં પણ પૂછી જોયું, પણ ક્યાંય કાનખજૂરો પકડી શકાય એવો ચીપિયો મળ્યો નહીં. એક આધુનિકાએ કહ્યું, "ઑનલાઇન મગાવી લઈએ તો?"

મેં કહ્યું, "ઑનલાઇન સેલરને એવું

પૂછી જુઓ કે જો તમે ડિલિવરી કરો ત્યાં સુધી ઘરમાં કાનખજૂરો રોકાશે તો ચીપિયો ખરીદશું નહીં તો તમારે કોઈ ચાર્જ લગાડ્યા વગર પાછો રાખવો પડશે." આધુનિકા ઑનલાઇન પર તે પૂછવામાં વ્યસ્ત થઈ ગઈ. થોડીવાર પછી તેણે કહ્યું, "તેઓ કહે છે કે ચીપિયાની સાથે કાનખજૂરો પણ ઑનલાઇન મળી શકશે, તો ઑર્ડર મૂકવો છે?"

મેં કહ્યું, "ઑફર ઘણી સારી છે. આ કાર્યક્રમ પતે પછી એ મુદ્દે વિચારીએ."

કરુણાબહેનના ઘરમાં કાનખજૂરાના પ્રવેશથી ઘરમાં અન્ય મહિલાઓની ગરદી વધી ગઈ. તેઓ એ જોવા આવી હતી કે 'આ લોકો કાનખજૂરાને કઈ રીતે કેદ કરીને તડીપાર કરે છે.' કારણ કે જોયું હોય તો કામ લાગે. વહેલામોડા કાનખજૂરા તો બધાના ઘરમાં નીકળવાના જ! આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય અને કાનખજૂરો નીકળે ત્યારે ચીપિયો ગોતવા ન જવાય.

વળી 'કાનખજૂરાને પકડવા માટે મને નિયુક્ત કરવામાં આવ્યો છે' એવી જાહેરાત કરુણાબહેને બધી મહિલાઓ સમક્ષ કરી દીધી હતી. એટલે હવે હું આ યજ્ઞકાર્યમાંથી રાજીનામું દઈ શકું એમ નહોતો. મને થયું કે કોઈ ચોર-બદમાશ હોત તો બૂમાબૂમ કરી, સોસાયટીને ભેગી કરી, તેને પકડીને પોલીસને સોંપી દેત, પણ કાનખજૂરાને તો કાંઈ પોલીસને સોંપાય નહીં. એવું કરીએ તો આપણી ઇમ્પ્રેશન ખાડે જાય અને બીજીવાર કોઈ કાનખજૂરાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ પણ ન આપે. એથી હું 'હવે શું કરવું?' એવા વિચારે ચડી ગયો. સામે કાનખજૂરો પણ વિચારમાં પડી ગયો કે 'હવે શું કરવું?' અહીં તો કોઈ પકડતું પણ નથી. આમાં આપણી આબરૂ શું? કરુણાબહેન એ વિચારમાં પડી ગયાં હતાં કે 'હું શું વિચારી રહ્યો છું.'

ઑપરેશન કાનખજૂરા જોવા માટે બાથરૂમ પાસે મહિલાઓ એકત્રિત થઈ હતી. આ બધી મહિલાઓ કાનખજૂરાથી દુભાયેલી હતી. ભૂતકાળમાં તેમના બાથરૂમમાં કાનખજૂરો ક્યારેક તો પગલાં પાડી તેમને ચીસો પડાવી ચૂક્યો હતો, પણ કાનખજૂરાએ જોયું કે કાર્યક્રમ કોઈ રીતે આગળ વધતો નથી. એટલે તેણે જવાની તૈયારી કરવા માંડી. એને થયું કે આજે નહીં જામે, ફરી ક્યારેક વાત. કાનખજૂરો આ રીતે એની જાતે જતો રહે તો કાનખજૂરા ભેગી આપણી આબરૂય જાય ને! એટલે છેવટે 'યુદ્ધ એ જ કલ્યાણ'ના ધોરણે મેં કહ્યું, "કાંઈ ન મળે તો રોટલી શેકવાનો ચીપિયો લાવો." કરુણાબહેન એ ચીપિયો શોધવા લાગ્યાં. તેમણે ફરી એકવાર જાહેર જનતાને ચીપિયો લાવવા માટે હાર્દિક અપીલ કરી, પણ જાહેર જનતા તરફથી અપીલને જોઈએ એવો પ્રતિસાદ મળ્યો નહીં. એટલામાં જ નીચે રસ્તા

પર એક બાવો નીકળ્યો, તેના હાથમાં ત્રણ ફૂટનો મોટો ચીપિયો હતો. તરત જ એક બહેને કહ્યું, "પેલા બાવા પાસે બહુ મોટો ચીપિયો છે, તેમને બોલાવવા છે?" મેં કહ્યું, "એ ચીપિયો કાનખજૂરા માટે બંધબેસતો નથી." મારી વાત સાંભળી બાવાને બોલાવવાનું સજેશન પડતું મુકાયું.

બરાબર ત્યારે જ કરુણાબહેનનો ઘરનોકર ડુંગરજી આવ્યો. તે સીધો જ બાથરૂમ તરફ આવ્યો. તેણે આવીને જોયું કે બાથરૂમની દીવાલ પર કાનખજૂરો ચોંટ્યો છે. તે મારવાડી બોલીમાં 'અટે રહો, કટે રહો' એવું કંઈક બોલતો બોલતો આગળ વધ્યો અને પોતાના માથા પર બાંધેલો મેલો ગમછો હાથમાં લઈ કાનખજૂરા પર મૂકી, તેને દબોચી લીધો અને બહાર શેરીમાં ખંખેરી આવ્યો. પછી તેણે ઉભડક બેસીને બીડી જગાવતાં કહ્યું, "એક કાનખજૂરામાં આટલાં બધાં શું ભેગાં થયાં છો? આ ક્યાં વાઘ-દીપડો હતો? હવે બધાં જાવ ઘરે એટલે હું કામે વળગું." આમ કહી તેણે અનપેક્ષિત રીતે કાર્યક્રમની આભારવિધિ કરી નાખી. કરુણાબહેન મારી સામે જોઈ રહ્યાં, કારણ કે કાનખજૂરાના કાર્યક્રમમાં હું કોઈ મહત્ત્વની ભૂમિકા અદા કરી શક્યો નહોતો. આમ કાનખજૂરાએ અને ડુંગરજીએ મારી આબરૂના કાંકરા કર્યા. છતાં મેં સ્વબચાવ અર્થે કહ્યું, "હવે બીજી વાર કાનખજૂરો નીકળે ત્યારે વાત! એક ઘા ને બે શું, ચાર કટકા ન કરું તો મારું નામ નહીં." આટલું કહી હું પણ નતમસ્તકે ઘટનાસ્થળ છોડી ગયો.

❑❑❑

પુસ્તકિયું જ્ઞાન ઉપદ્રવ માત્ર છે. એ પ્રસાધન તરીકે ચાલી શકે, પરંતુ આધારભૂત પાયા તરીકે બિલકુલ નહીં.

- મોન્ટેઈન

* * *

જ્ઞાનની શોધમાં પણ આત્યંતિકતાનો અભાવ હોવો જોઈએ, નહીં તો આપણે એવી બાબતોથી અવગત થઈશું જેને ન જાણવામાં જ સાર હોય.

- બાલ્ટાસર ગ્રેસિઅન

* * *

હિંમત વગરનું જ્ઞાન નપુંસક છે. **- બાલ્ટાસર ગ્રેસિઅન**

* * *

મધ્યમ વર્ગના લોકોનું જ્ઞાન મોટાભાગે સંચિત કરેલું હોય છે.

– ક્લાઉડ બર્નાર્ડ



મારી દીકરીઓ મને પાછી આપો!

☐ નયના પટેલ

હજુ તો ઘરમાં આવીને કોટ ઉતારું ત્યાં તો મારી સેક્રેટરી રીટાનો ફોન મારા મોબાઇલ પર રણકી ઊઠ્યો. મેં તરત ફોન ઉપાડ્યો. 'વંદનાબહેન, પ્લીઝ હમણાં જ આવી શકશો? સોશિયલ સર્વિસમાંથી ફોન આવ્યો છે અને હમણાં જ કોઈ મળવા માટે...'

'ઓ.કે. આવું છું.' કહી ફરી કાર ઑફિસ તરફ હંકારી. આ યુથ વર્કરના જૉબમાં આમ અચાનક જવાનું ઘણીવાર બનતું. એક તો પરદેશ, એમાં સાવ ભિન્ન સંસ્કૃતિ, અંગ્રેજી ભાષા અને અહીંનાં રીતરિવાજોથી અપરિચિત અને ઓછું ભણેલા એવા ભારતથી આવેલા કેટલાય લોકો તો માત્ર કમાવા માટે જ યુ.કે.માં આવતા રહે છે. આ તરફ તેમનાં

જ બાળકો જેઓ ક્યાં તો નાનપણથી આ દેશમાં આવ્યાં હોય અથવા અહીં જ જન્મ્યાં હતાં, તેમનો અલગ સંસ્કૃતિમાં પોતાની ઓળખ ટકાવી રાખવા માટેનો તરફડાટ, માતાપિતા તરફથી તેમનાં જૂનાં રીત અને રિવાજોને પકડી રાખવાની જીદ અને આ દેશની પ્રલોભન આપતી પ્રવૃત્તિઓ – આ ત્રિભેટે ઊભેલા કિશોરો, યુવાનો અને તેમના વડીલો માટે એશિયન યુથ વર્કરની આ ખાસ જગ્યા મને ફાળવવામાં આવી હતી.

શિયાળાના દિવસો છે એટલે ઠંડીથી ધ્રુજાવી દેતા, અંધકારભર્યા રસ્તે જતાં કોણ આવ્યું હશે, શાનો કેસ લઈને સોશિયલ વર્કર આવવાના હશે? વગેરે વિસ્મય સાથે ઑફિસમાં પ્રવેશી. બે વર્ષ પહેલાં જે ભારતીય મૂળની જોડિયાં, કિશોર વયની છોકરીઓને સ્કૂલમાં મળી હતી અને ત્યારે તે બન્ને બહેનોને વ્હીલચૅરમાં જોઈ હતી, આજે પણ વ્હીલચૅરમાં બેઠેલી બન્ને કિશોરીઓને અને ખૂણાની ખુરશીઓમાં તેમનાં માતાપિતા બેઠાં હતાં તેમને મેં હસીને ‘હલો’ કહ્યું. હજુ સોશિયલ વર્કર ટીમમાંથી કોઈ આવ્યું લાગતું નહોતું. મને જોઈને તે બન્ને છોકરીઓએ એકબીજાની સામે કંઈક સંદેહભરી નજરે જોયું અને પેલાં માતાપિતાનાં મોં પર હાશકારો વર્તાયો.

મારી યાદશક્તિને ઢંઢોળવી ન પડી, કારણ કે આવા કેસ ઓછા આવતા હોય છે. રૂમમાં બેઠેલાં સૌ સૂનમૂન હતાં. બે વર્ષ પહેલાંનો એ દિવસ તરત જ મારા મનની વ્હીલચૅરમાં પૂરપાટ આંખ સામે ઊપસી આવ્યો.

એ દિવસે સ્થાનિક સ્કૂલમાંથી હેડમાસ્ટર મિ. વ્હાઇટનો ફોન આવ્યો હતો, ‘વન્ના, તું તરત જ મારી ઑફિસમાં આવી શકીશ?’ નસીબજોગે હું ત્યારે એ સ્કૂલમાં એક શિક્ષક સાથે કામ કરતી હતી. બધું જ કામ પડતું મૂકી હું ઑફિસમાં પહોંચી ત્યારે આ બે છોકરીઓ ત્યાં સામે વ્હીલચૅરમાં બેઠી હતી. મોં પર મૂંઝવણ સાથે આંસુસભર આંખોમાંથી નિરાધારપણું ટપકતું હતું. સાવ જ બેબાકળી નજરમાં ‘હવે શું થશેનો’ ભય થીજી ગયો હતો. શરીરનાં અંગેઅંગમાંથી પરાવલંબતાની લાચારી ઊભરાતી હતી. આત્મવિશ્વાસની ખોટ પ્રદર્શિત કરતી મોં પરની ઝીણામાં ઝીણી રેખાઓ હું જોઈ શકતી હતી.

મિ. વ્હાઇટે તેમની ઓળખાણ આપી અને નમ્રતાથી બન્નેને બહાર બેસવા કહ્યું હતું.

વ્હીલચૅરનાં વ્હીલને હાથેથી ધક્કા મારતી બન્ને છોકરીઓ મારા તરફ સધિયારાની આજીજી કરતી આંખે બહાર ગઈ.

મિ. વ્હાઇટે તે છોકરીઓની ક્લાસટીચર મિસ. રીચમૅનને ઑફિસમાં બોલાવ્યાં. તેમણે મને જે વાત કરી તે સાંભળી મારું મગજ ચકરાઈ ગયું

હતું. સાવ જ અનઅપેક્ષિત વાત સાંભળી હું પણ પહેલાં તો નિઃશબ્દ બની ગઈ હતી. તે દસ-અગિયાર વર્ષની છોકરીઓને મિસ. રીચમૅન ‘કિશોર વયની છોકરીઓએ રાખવાની સલામતી’ની વાતો વર્ગ દરમિયાન કરતાં હતાં. એમાં તેમણે કહ્યું કે, ‘છોકરીઓએ ખાસ ધ્યાન રાખવાનું કે મેડિકલ સ્ટાફ સિવાય, છાતીને કે બે પગ વચ્ચે, ઉપર તરફ આવેલી જગ્યાએ કોઈ પણ તમને અડકે અને ખાસ કરીને પુરુષ, તો ચીસો પાડો અને રૂમ છોડી દો. તાકીદે કોઈ પણ જવાબદાર વ્યક્તિને એ વાત જણાવી દો.’ મિસ. રીચમૅને જોયું તો કામિની અને માનિની એકબીજા સામે જોઈને નીચું જોઈ ગયાં. વર્ગ છૂટ્યો એટલે મિસ. રીચમૅને તે બન્નેને બેસવા કહ્યું, ‘તમે બન્ને ઓ.કે. છો?’ કંઈક ક્ષોભ સાથે તે લોકોએ કહ્યું હતું, ‘મિસ, મારા ડૅડ અમને એ બન્ને જગ્યાએ અડકે છે.’ મિસ. રીચમૅન સ્તબ્ધ થઈ ગયાં. કળ વળી એટલે મિ. વ્હાઇટને વાત કરી. તેમનાં માતાપિતાને કહેણ મોકલ્યું. તેમના પિતા જૉબ ઉપર હોઈ તેમની મૉમ હાંફળીફાંફળી સ્કૂલમાં આવી હતી.

ત્રણેક વર્ષ પહેલાં જ દીવથી આવેલી તેમની મૉમને અંગ્રેજી આવડતું નહોતું. કિશોરો અને યુવાનો સાથે હું કામ કરતી હોવાથી અને ગુજરાતી મારી માતૃભાષા હોવાથી એ દિવસે મેં દુભાષિયાનું કામ પણ ઉપાડી લીધું હતું. મિ. વ્હાઇટે મને જે બન્યું હતું એ વાત તેમને જણાવવા કહ્યું.

વાત સાંભળીને મિસિસ કિશોર-વિમળાબહેન સ્તબ્ધ થઈ ગયાં હતાં. ગુજરાતીમાં બોલવા માટે પણ તેમને શબ્દો નહોતા મળતા. મેં તેમને પાણી આપ્યું અને શાંત થવા કહ્યું હતું. પછી કળ વળતાં વિમળાબહેને કહ્યું કે, ‘છોકરીઓ અપંગ હોવાથી તે લોકો સાવ નાનાં હતાં ત્યારથી હું વારાફરતી એ બન્નેને નવડાવું અને તેમના પપ્પા તેમને ટુવાલથી લૂછી અને કપડાં પહેરાવે, ત્યારે તેમને કોરાં કરવા માટે ત્યાં અડકવું તો પડે જ ને?’ સૌ દ્વિધાભરી વિમાસણમાં મુકાઈ ગયાં હતાં.

એટલી તો નાજુક પળ હતી. મારે તટસ્થતાથી મારો નિર્ણય જણાવવાનો હતો. આવી વખતે મારી છઠ્ઠી ઇંદ્રિય સજાગ હોય છે. મેં તે છોકરીઓને જે સવાલ પૂછ્યો એ માટે તે લોકોનો ત્વરિત જવાબ જ સત્ય તરફ લઈ જશે એની મને ખાતરી હતી. મિ. વ્હાઇટ, મિસ. રીચમૅન અને વિમળાબહેનની હાજરીમાં મેં તે બન્નેને શબ્દો છૂટાં પાડીને પૂછ્યું હતું, ‘તમે બન્ને જણ મને તરત જ જવાબ આપો, તમારા ડૅડી તમને જ્યારે શરીર લૂછી આપતા હોય ત્યારે બીજાં બધાં અંગોને લૂછે એમ જ એ બે જગ્યાએ લૂછે કે પછી એ બે જગ્યાએ

લૂછવામાં વધારે સમય લેતા હોય છે?' એમાંથી કામિનીએ કહ્યું હતું કે 'વધારે વખત લે છે' અને માનિનીએ કહ્યું હતું, 'એવું કંઈ યાદ નથી.' આખો કેસ વધારે ને વધારે ગૂંચવાતો જતો હતો. આખરે સોશિયલ વર્કરને એ કેસ સોંપવો પડ્યો, કારણ કાયદાની આંટીઘૂંટીના અમે કોઈ નિષ્ણાત તો નહોતાં! અને યુ.કે.ના કાયદા આ વિષય માટે ખૂબ જ સંવેદનશીલ અને કડક છે એની અમને સૌને ખબર હતી.

એ આખી રાત મારી ખૂબ જ અચંબાભરી પસાર થઈ હતી. આવા સંજોગોમાં જ્યાં સુધી સોશિયલ સર્વિસીસ કોઈ નિર્ણય પર ન આવે ત્યાં સુધી ફોસ્ટર પેરન્ટ્સ (પાલક માતાપિતા) શોધી તેમને ત્યાં ખસેડે. આમેય ભારતીય મૂળનાં ફોસ્ટર પેરન્ટ્સનો અભાવ છે એ મને ખબર હતી. એટલે કોઈ અંગ્રેજ ફોસ્ટર પેરન્ટ જ સ્વીકારશે એની મને ખાતરી હતી. સંપૂર્ણ જુદા વાતાવરણમાં ક્યાં તો બાળક ન ગોઠવાઈ શકે અથવા ગોઠવાઈ જાય તો પછી પાછા પોતાના વાતાવરણમાં ઍડ્જસ્ટ થતાં વાર લાગે, એ મેં મારા અનુભવે નોંધ્યું હતું. હવે ફરી એ વાત મને મૂંઝવતી હતી કે અહીંની સંસ્કૃતિ અને આપણી સંસ્કૃતિની ભિન્નતાથી ઓછા પરિચિત એવા લોકોના હાથમાં આવી નાજુક વાત કેટલું ભયાનક પરિણામ લાવી શકે? કરવું હોય તો પણ હું શું કરી શકું?

મિસ્ટર કિશોર સાચે જ એવું કરતા હશે? એક નાની સરખી ભૂલ પણ ક્યાં તો તે બે છોકરીઓનું જીવન બગાડી શકે અથવા જો તેમના પિતાએ એવું કંઈ ન કર્યું હોય તો તેમનું જીવન ધૂળધાણી થઈ શકે! આખા કુટુંબનાં સુખ, શાંતિ આ વાતે છિન્નભિન્ન થઈ ગયાં હતાં. સાચું શું હશે, ખોટું શું હશેની દ્વિધા મને એટલી તો સ્પર્શી ગઈ હતી કે પછીના બે દિવસ સુધી હું કોઈ કામમાં ધ્યાન કેંદ્રિત કરી શકી નહોતી.

પછી તો સોશિયલ વર્કર રોબે એ કેસ હાથમાં લીધો હતો. એને મેં ખાસ ભલામણ કરી હતી કે બન્ને સંસ્કૃતિ જ્યાં ક્રૉસ થતી લાગે ત્યાં જરૂર પડે તો સંકોચ વગર મારો સંપર્ક કરી શકે છે.

પછી તો અન્ય કામોમાં હું ખૂબ જ વ્યસ્ત થઈ ગઈ હતી. એક વખત મને મિ. વ્હાઇટે સમાચાર આપ્યા કે તે બન્ને છોકરીઓને ફોસ્ટર કરવાની કામગીરી ચાલે છે. અહીંના કાયદા પ્રમાણે સોશિયલ સર્વિસને યોગ્ય લાગે તો જ મારાં જેવાં યુથ વર્કરનો સંપર્ક કરે, જે મારી સાથે કરવામાં આવ્યો નહોતો!

'હાય, વન્ના. સૉરી, તને અત્યારે બોલાવવી પડી.' ઑફિસમાં પ્રવેશતાં રોબે માફી માગી. પછી વાતથી અવગત કરવા મને ટૂંકમાં જે સંજોગોમાં કામિની

અને માનિનીને ફૉસ્ટર કરી હતી એ જણાવ્યું, 'આ કુટુંબ ભારતથી આ દેશમાં નવું જ આવ્યું હતું અને સ્વાભાવિક છે કે અહીંના કાયદાઓથી અજાણ હોય.' તેને અટકાવીને મેં કહ્યું, 'અને આપણી યુ.કે.ની સિસ્ટમ ભારતીય સંસ્કૃતિથી અપરિચિત છે, એ વાત માનશો ને તમે રોબ?'

'ચોક્કસ, અને એટલે જ અમે અમારી ટીમમાં ભારતીય સોશિયલ વર્કર રાખીએ છીએ.'

મારું દયામણું સ્મિત જોઈને રોબે મારી સામે પ્રશ્નાર્થભરી નજરે જોયું.

'સારી વાત છે, રોબ, પણ સોશિયલ વર્કરનો અભ્યાસ કરવાવાળા જે યુવાન ભારતીયોને તમે રાખો છો તે લોકો આ દેશમાં જ જન્મ્યા અને મોટા થયેલા હશે ને, રોબ? કેટલા સોશિયલ વર્કર્સ ભારતથી કે આફ્રિકાથી આવ્યા હોય અને ભારતીય સંસ્કૃતિમાંથી ઊભરીને આવ્યા હશે?'

થોડીવાર માટે વિચારીને રોબે કહ્યું, 'તું તારી રીતે સાચી છે, પરંતુ અમારા તરફથી અમે બનતા પ્રયત્ન કરીએ જ છીએ. ઍની વે, મિસ્ટર અને મિસિસ કિશોર સાથે વાટાઘાટ કરીને પછી એવા નિર્ણય પર અમે આવ્યાં હતાં કે કામિની અને માનિની બન્ને જણને ફૉસ્ટર કરવાવાળું કોઈ મળે તો ત્યાં તે લોકો થોડાં સ્વતંત્ર બને અને જાતે જ પોતાનાં કામ કરતાં થાય એ જરૂરી હતું. એ સમયના ગાળામાં તેમનાં માતાપિતા પણ અહીંના કાયદા-કાનૂન અને રીતરિવાજથી થોડાં પરિચિત થાય.

બન્ને છોકરીઓની શારીરિક અક્ષમતાને લીધે ૧૮ મહિના સુધી, ફૉસ્ટરિંગ માટે રજિસ્ટર એક અંગ્રેજ દંપતી ફૉસ્ટર કરવા માટે તૈયાર થયું હતું. મને કહેતાં દુઃખ થાય છે કે ખૂબ જ ઓછાં ભારતીય મૂળના ફૉસ્ટર પેરન્ટ્સ અમારી સાથે રજિસ્ટર્ડ થયા છે અને અક્ષમ બાળકોને રાખવા માટે તો તે વખતે કોઈ પણ ઇંડિયન ફૉસ્ટર પેરન્ટ તૈયાર નહોતાં. એવા સંજોગોમાં મિસ્ટર અને મિસિસ સ્મિથને જ બન્ને બહેનોને અમારે સોંપવી પડી હતી.

મિસ્ટર અને મિસિસ કિશોરને અંગ્રેજીમાં ખાસ સમજણ પડતી નહોતી એટલે વચ્ચે હું તેમને ગુજરાતીમાં સમજાવતી જતી હતી.

રોબે હવે આવનારી મોટી મુશ્કેલી જણાવતાં કહ્યું, 'મૂંઝવણ એ છે વન્ના કે કામિની અને માનિનીને હવે પાછાં પોતાને ઘરે જવું નથી. તેમને ડર છે કે અંગ્રેજ કુટુંબમાં મળતી સ્વતંત્રતા તેમને તેમનાં માતાપિતા ન આપે. આ તરફ ફૉસ્ટર પેરન્ટ્સને તેમના કૉન્ટ્રેક્ટ મુજબ અન્ય બાળકોને ફૉસ્ટર લેવાનાં હોય એટલે હવે મિસ્ટર અને મિસિસ સ્મિથ કામિની અને માનિનીને મુદતથી વધારે ન રાખી શકે. મુશ્કેલી એ છે કે આ બન્ને જણ પોતાને ઘરે જવાની ના

પાડે છે. તારી શું સલાહ છે, વન્ના?'

મારો ડર વાસ્તવિક બનીને આખા રૂમમાં પથરાઈ ગયો. મારી નજર ચારે જણ પર ફરી વળી. વિમળાબહેન રડતાં અવાજે બોલ્યાં, 'તે લોકો જે કહે એ કરવા અમે તૈયાર છીએ. પારકાને તાં કાં હુધી રેહો?' કહી બન્ને દીકરીઓ તરફ લાચારીથી જોયું.

કામિની અને માનિનીએ તેમની મૉમ તરફથી ઝડપથી નજર ખસેડી બારી બહાર જોયા કર્યું.

મારે તો સલાહકારની સાથે સાથે દુભાષિયા પણ થવું પડે એટલે રોબને વિમળાબહેને કહ્યું એ અંગ્રેજીમાં કહી સંભળાવ્યું.

ત્યાં તો અમારી ધારણા બહાર, કામિનીએ તેની મૉમ સામે જોઈને આક્રોશથી પૂછ્યું, 'અઠવાડિયાના ત્રણ દિવસ મિસ્ટર અને મિસિસ સ્મિથ અમને સાંજે છ વાગ્યે જમીને અમારા બૉયફ્રેન્ડને મળવા જવા દે છે, તમે જવા દેશો? અમારા બીજા ફ્રેન્ડ્સની બર્થડે પાર્ટીઓમાં રાતના દસ વાગ્યા સુધી જવાની છૂટ અમને આપી હતી, તમે આપશો? ત્યાં જવા અને આવવાની સગવડ તે લોકો કરતાં હતાં, તમે કરી શકશો? ખાતાં-ખાતાં અમારાથી જમીન પર પડે તો તે લોકો ખિજાયા વગર સાફ કરી નાખે, એમ કરશો?'

હું તો આ છોકરીઓમાં આવી ગયેલાં જાગૃતિ અને આત્મવિશ્વાસને બિરદાવું કે 'સ્વચ્છંદતા' કહી વખોડું?'

મિસ્ટર અને મિસિસ કિશોર તો અવાક બની દયામણા ચહેરે અમારાં સૌ સામે જોઈ રહ્યાં.

મેં એ સમયમાં રોબને કામિનીએ કહેલી વાતનું ભાષાંતર કરી આપ્યું.

માનિનીએ પોતાનો સૂર પુરાવ્યો, 'અમને પિત્ઝા, પાસ્તા, ફિશ ઍન્ડ ચિપ્સ લાવી આપશો? અમને ખાવું હોય તે મીટની આઇટમ બનાવી આપશો? જ્યારે તમારે ત્યાં રહેતાં હતાં ત્યારે તું તો મૉમ કહેતી કે 'છોકરીની જાતને બહુ લાડ સારાં નહીં અને પાછી બન્ને જણી અપંગ' કહી વારંવાર અમારી અક્ષમતાને યાદ અપાવ્યાં કરતાં. અમારાં મિસ્ટર અને મિસિસ સ્મિથ અમને જે કરવું હોય એ કરવા દે છે અને ક્યારેય અમને અમારી ડિઝેબિલિટીને યાદ નથી કરાવ્યાં કરતાં. વળી તમારે ત્યાં તો જે કોઈ આવે તે કહે, 'ઓ બિચારાં, ગયા જન્મે ખબર નહીં શું પાપ કર્યાં હશે!' તે લોકોને એવું કહેતાં અટકાવી શકશો? અમને તમારા જેવા જ માણસ તરીકે રાખી શકવાની ખાતરી આપતાં હો તો જ આવીશું.' કહી બન્ને જણે એકબીજાનો હાથ પકડી લીધો.

રોબ સિવાયનાં અમે ત્રણે જણ વાસ્તવિકતામાંથી જન્મેલા વજ્રાઘાતથી હતપ્રભ થઈ ગયાં!

તે લોકોની વાતો આપણા સમાજની જે કુરૂપ વાસ્તવિકતા છે એ દર્શાવતી

હતી અને એ શરમજનક તો હતી જ, પરંતુ જે રીતે કહેવામાં આવી એ સાંભળી મારું મન એટલું તો ક્ષુબ્ધ થઈ ગયું કે હું કંઈ પણ કહેવા માટે અક્ષમ બની ગઈ.

મિ. કિશોરે પોતાના આંસુવાળા ગાલ પર તમાચા મારતાં કહ્યું, 'મને એમ હતું કે લંડન આવીને માલામાલ થઈ જઈશું, પણ અહીં આવીને પાયમાલ થઈ ગયાં!' પિતાની લાચારી ડૂસકાં ભરતી હતી.

મારા મનમાં હજુ પણ એ સ્પષ્ટ નહોતું કે મિસ્ટર કિશોરે ગુનો કર્યો હશે કે નહીં. કાયદાએ તો શકનો લાભ આપી અને પત્નીને મદદ કરતા પતિને છોડી મૂક્યો હતો, પરંતુ 'સાચી વાત શું હશે?'ની વિમાસણ તો મને આખી જિંદગી રહેશે.

ખામોશી તોડી વિમળાબહેને બધાં તરફ બે હાથ જોડી, ચૂંદડીથી ખોળો પાથરતાં રુદનભર્યા સ્વરે અમારાં તરફ ફરી કહ્યું, 'ખોળો પાથરું, જે તમે કહેશો એ કરીશું, મને મારી દીકરીઓ પાછી આપો, બસ!'

પછી કામિની અને માનિની તરફ ફરી બોલ્યાં, 'બેટા, અમને...' પ્રખર રુદનના આવેગમાં 'માફી' માગતી માની લાગણી નાયગરાના ધોધની જેમ પછડાટ ખાતી વરસતી હતી.

અને અમે સૌ યુવાની તરફ ડગ ભરતી એ ભારતીય બેટીઓ તરફ ધડકતે હૈયે તેમના ઉત્તરની રાહ જોઈ રહ્યાં!

❑❑❑



શ્રદ્ધાંજલિ : ભાનુપ્રસાદ પંડ્યા

(૨૪-૦૪-૧૯૩૨ - ૦૯-૦૪-૨૦૨૨)

કવિ, વિવેચક અને પ્રાધ્યાપક ભાનુપ્રસાદ પંડ્યાનું જીવન અને સર્જન ગુણવત્તાસભર હતું. ૧૯૬૯માં તેઓને કુમારચંદ્રક એનાયત થયો. ૨૦૧૯માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'શબ્દે કોર્યાં શિલ્પ' એમની સમગ્ર પદ્યરચનાઓનો સંચય પ્રગટ થયો છે. વિવેચનના ૧૨ ઉપરાંત સંગ્રહો છે. ૨૦૧૧નો નરસિંહ મહેતા એવોર્ડ એમને એનાયત થયો હતો. ઉપરાંત એમણે પાંચેક સંગ્રહો પ્રેરણાત્મક સાહિત્યના પણ આપ્યા. એ ઉપરાંત કવિ દલપતરામ એવોર્ડ અને ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક પણ પ્રાપ્ત થયા હતા. છેલ્લા લાંબા સમયથી નાદુરસ્ત હતા. પ્રભુ એમના પરિવારને આ ઘા સહન કરવાની સમતા આપે અને સદ્ગતને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.


મંદિર પરિસર

લોહિતના કિનારે

☐ હસમુખ જોષી

આખું આસામ વટાવીને વહેલી સવારે અમે તિનસુકિયા પહોંચ્યા. બ્રહ્મપુત્રના દક્ષિણ કિનારે રાતભર બસની મુસાફરી પછી પણ હજુ સફરનો છેડો તો નહોતો આવ્યો. લોહિત અને પરશુરામકુંડ હજુ દૂર હતાં. અહીં જાણે કોઈ ત્રિભેટા પર ઊભા હોઈએ એમ નજર સામે બે માર્ગ હતા. એક તો બ્રહ્મપુત્ર પરના દેશના સૌથી લાંબા પુલ ભૂપેન હજારિકા બ્રિજ પર થઈને સદિયા પહોંચી ત્યાંથી જિલ્લામથક તેજુ થઈને જવું, અથવા બ્રહ્મપુત્ર વટાવ્યા વગર જ સીધા પૂર્વ તરફ જઈને નામસે પાસેથી અરુણાચલપ્રદેશમાં પ્રવેશ કરવો. જે વાહન તુરત મળે એમાં જવું એમ નક્કી કરી લીધું.

તિનસુકિયા ઊતરીને બસ-સ્ટેશનમાં તપાસ કરી તો એક જણે અમને એક બસ ચીંધી દેખાડી. એ બસ બ્રહ્મપુત્ર ઓળંગ્યા વગર અરુણાચલના વાકરો ગામ સુધી જતી હતી. વાકરો ગામથી લોહિત નદી પર આવેલા પરશુરામકુંડ ફક્ત પંદર કિલોમીટર દૂર રહે છે. બસમાં બધા જ સ્થાનિક લોકો હતા. અમે બે જણ ઉપરાંત એક બિહારી દંપતી અને એક મહારાષ્ટ્રીય સાધુ, પાંચ જણ જ બહારના પ્રવાસીઓ હતાં.

વરસો જૂની મહેચ્છા પાર પડવાનો સમય આવે ત્યારે મનમાં ઉત્સાહ તો સ્વાભાવિક રીતે જ હોય. આમ તો આસામની મારી આ બીજી મુલાકાત હતી,

પણ છેક લોહિતના કિનારે પહોંચવાનો પહેલો જ પ્રસંગ હતો એટલે નવું જોવાની આતુરતા ટોચ પર હતી. પુરાણોમાં વર્ણવેલો કિરાતપ્રદેશ નજર સામે પ્રત્યક્ષ થવાનો હોવાથી અનેક પ્રાચીન કથાઓ સાથે અર્વાચીન સાહસોની સંખ્યાબંધ વાતો એક પછી એક યાદ આવતી હતી (અલબત્ત, કિરાતપ્રદેશ વિશે ઘણા મતભેદ છે, પણ મોટાભાગના ઇતિહાસવેત્તા માને છે કે પૂર્વોત્તરના રહેવાસીઓ જ કિરાતપ્રજા છે).

આ વિસ્તારનો નકશો કે સેટેલાઇટ મેપ જોઈએ તો કોઈ વિરાટ વૃક્ષમાં ચોતરફ ફેલાયેલી શાખાઓની જેમ નાની મોટી નદીઓની અસંખ્ય ધારાઓ ચારે દિશામાંથી આવી, યુક્તવેણી બનીને એક મહાનદનું સર્જન કરતી દેખાશે. આવો આશ્ચર્યજનક દેખાવ આપણા દેશમાં બીજા કોઈ પ્રદેશમાં જોવા નથી મળતો, અહીં તો નકશામાં આંગળી ફેરવીને કોઈ એક નદીના મૂળ સુધી પહોંચવામાં પણ ગૂંચવાઈ જવાય એવું છે પછી આ દુર્ગમ પ્રદેશ સુધી પહોંચવામાં પ્રાચીન આર્યોને કેટલી જહેમત ઉઠાવવી પડી હશે? અજેય નિશ્ચયબળ વગર એ શક્ય જ ન બને. આજે તો આપણે જાણીએ છીએ કે બ્રહ્મપુત્ર એ જ તિબેટની ત્સાંગપો નદી છે, જે આપણા અરુણાચલપ્રદેશમાં આવીને દિહાંગ અને સિયાંગ જેવાં નામો ધારણ કરીને વહેતી-વહેતી આસામની ઉપત્યકામાં પ્રવેશ કરે છે ત્યારે બ્રહ્મપુત્ર



નદી કાંઠે પરશુરામકુંડ



પ્રવાહ વચ્ચે પુરાણો ખડક

નામ મેળવે છે, પણ જૂના સમયમાં તો લોહિતને જ બ્રહ્મપુત્રની મુખ્ય ધારા માનવામાં આવતી. બહુ રસપ્રદ વાતો એની સાથે જોડાયેલી છે.

આ વિસ્તારમાં બ્રહ્મપુત્રને મળતી અસંખ્ય નદીઓમાં લોહિત નામ કંઈક અલગ પડે છે, એ સિવાય અહીં મોટાભાગની નદીઓનાં નામ ઇન્ડો-તિબેટન કે ઇન્ડો-બર્મન ભાષાનાં છે! બ્રહ્મપુત્રનું પ્રાચીન નામ લોહિત્ય હતું. આસામની લોકકથાઓમાં પણ બ્રહ્મપુત્ર નહીં, પણ 'લૂઈત' ઉલ્લેખ જોવા મળે છે. આજે પણ કિનારાની પ્રજા બ્રહ્મપુત્રને લૂઈત તરીકે જ ઓળખે છે. લોહિત એ સંસ્કૃત લોહિત્ય પરથી ઊતરી આવેલું નામ લાગે છે, પણ હકીકત કંઈક અલગ છે. આ લોહિત નદી જ્યાંથી નીકળે છે એ તિબેટના પ્રદેશમાં તેનાં નામ અલગ-અલગ છે. દેશની સીમામાં એનો પ્રવેશ પટકાઈ અને મિસમી પહાડીઓ દ્વારા થાય છે. ત્યાંના આદિવાસીઓમાં તે લોહિત નહીં, પણ તિલ્લુ (તિ-લૂ) તરીકે ઓળખાય છે, જે લૂ-તિ તરીકે પણ બોલાય છે, જે તિબેટો-બર્મન ભાષાનો શબ્દ છે. આ લૂ-તિ પરથી લુઈત અને એના પરથી લોહિત નામ આવ્યું એવો નિષ્ણાતોનો મત છે. ભાષા બદલાતાં અર્થ પણ કેવા બદલાય છે એ જાણવું રસપ્રદ બનશે. લૂ-તિ નામનો અર્થ 'સ્વચ્છ પાણી' થાય છે જ્યારે લોહિત્યનો અર્થ લાલ નદી અથવા લોહીની નદી!

અમે આસામના મેદાની પ્રદેશમાંથી અરુણાચલના પહાડી પ્રદેશમાં પ્રવેશ કર્યો. સીમા પર અટકાવવામાં આવ્યા. અરુણાચલમાં પ્રવેશવા માટે ઇનરલાઇન મંજૂરી લેવાની રહે છે, જે અમે ગુવાહાટી ઍરપૉર્ટ પરથી જ કઢાવી લીધી હતી એટલે એ બાબતે ખાસ વિલંબ ન થયો,

છતાં કોરોનાની સ્થિતિને કારણે સીમા પર લગભગ એક કલાક રોકાઈ રહેવું પડ્યું, પછી સફર નિર્વિઘ્ન ચાલી અને અરુણાચલના લોહિત જિલ્લામાં પ્રવેશ કર્યો.

અરુણાચલપ્રદેશના લગભગ દરેક જિલ્લાનાં નામ ત્યાં વહેતી મોટી નદી ઉપરથી પડેલાં છે. રાજ્યનો ઉત્તર ભાગ તો હિમાલયના ઉત્તુંગ પહાડોથી ઘેરાયેલો હોવાથી પાર વગરની નદીઓ નીચે ઊતરી આવે છે, પણ દક્ષિણનો આ ભાગ પણ કંઈ ઓછો સરિતાસમૃદ્ધ નથી. માર્ગમાં ડગલે ને પગલે નદી-ઝરણાં આવી મળતાં હતાં. આ પ્રદેશની લોકકથાઓ કે લોકગીતો ઉપર નજર ફેરવતાં જ નદીનું મહત્ત્વ આ પ્રજામાં કેટલું છે એ સમજાઈ જાય છે. ગામ, પ્રદેશ કે પરગણાનાં નામ કોઈ ને કોઈ રીતે એકાદ નદી સાથે જોડાયેલાં હોય છે.

બૌદ્ધ મઠ અને ગોલ્ડન પૅગોડા માટે જાણીતું નામસે શહેર પસાર થયું અને થોડીવારમાં જ અમે કામ્લાંગ રિઝર્વ ફોરેસ્ટમાં નાનામોટા લીલાછમ ડુંગરો વચ્ચે ઘેરાઈ ગયા. મધ્ય ઑક્ટોબરનો સમય હતો, એટલે ચારે તરફ ઘેરા લીલા રંગનું બાહુલ્ય હતું. આમેય આ પ્રદેશ દેશમાં સૌથી વધારે વર્ષા ઝીલતો વિસ્તાર હોવાથી અહીં માત્ર પાનખરને બાદ કરતાં સૂકાપણું જોવા જ મળતું નથી. સદાહરિત પ્રદેશ છે. પટકાઈની



મેદાન ભણી ધસતી લોહિત

આ ટેકરીઓ હિમાલયમાં નથી ગણાતી છતાં હિમાલયનો છેડો હોવાથી જાણે તરાઈમાંથી મધ્ય હિમાલયના પહાડી પ્રદેશમાં પ્રવેશી રહ્યા હોઈએ એવી અનુભૂતિ થતી હતી! લગભગ અઢી કલાકની મુસાફરી પછી મોટી કામ્લાંગ નદી વટાવીને વાકરો ગામે પહોંચી ગયા.

વાકરો ટેકરીઓથી ઘેરાયેલું સરસ નાનું ગામ હતું. અહીં પહોંચતાં પહેલાં જ બસ લગભગ ખાલી થઈ ગઈ હતી, બાકી હતા એ અહીં અમારી સાથે જ ઊતરી ગયા. અહીંથી લગભગ પંદર કિલોમીટરનું અંતર કાપીને ઉત્તર દિશામાં જે પહાડીઓ દેખાતી હતી એને પેલે પાર વહેતી લોહિત કિનારે પહોંચવાનું હતું. એક જીપવાળો અમને લઈ જવા તૈયાર થયો, પણ તે કંઈક કામમાં હોવાથી કલાક પછી જીપ ઉપાડશે એમ જણાવ્યું. અમારે હવે કોઈ ઉતાવળ તો હતી નહીં. હું અને મારા ફોટોગ્રાફર મિત્ર અશ્વિનભાઈ ગામની 'કિરાત' વસ્તી જોવા નીકળી પડ્યા! આર્યાવર્તના ઈશાન ખૂણે કે હિમાલયના પર્વતોમાં વસ્તી મોંગોલિયન વંશની પ્રજાને મહાભારત જેવા ગ્રંથોમાં કિરાત તરીકે વર્ણવવામાં આવી છે. ભીમસેને લોહિત્યના કિનારે એક કિરાત રાજાને હરાવ્યો હતો એવી કંઈક વાત આવે છે. પુરાણોમાં વર્ણવેલી કિન્નર, ગંધર્વ જેવી જાતિઓને જોવાના પ્રસંગ હિમાલયમાં અગાઉ ઘણા મળેલા, પણ કિરાત કે નાગ લોકોની ભૂમિ પર પગ મૂકવાનો આ પ્રથમ જ અવસર હતો! પછી જે જોયું અને અનુભવ્યું એના પરથી કહેવું પડે કે માનવવંશના ઇતિહાસથી અજાણ લોકો તો કોઈ આદિવાસી પ્રજા આટલી લાવણ્યમયી હોય એની કલ્પના પણ ન કરી શકે! અહીં મોટાભાગે બૌદ્ધ ધર્મ પળાય છે.

અમે બપોરે બ્રહ્મકુંડ (પરશુરામકુંડ) પહોંચી ગયા. જેને જોવા વરસોથી તડપતો હતો એ લોહિત હવે નજર સામે હતી. પહાડોનાં ધોવાયેલાં પડખાં વચ્ચે પાણીનો પ્રવાહ વહેતો હતો. એનો ધસમસતો વેગ જોતાં જ સમજાઈ ગયું કે શા માટે આ નદીને આદિકાળથી ક્રોધિત કે તોફાનીનું બિરુદ મળ્યું છે! જોકે લોહિત જેને માટે કુખ્યાત છે એવાં લાલ પાણીને બદલે અહીં તો એકદમ નિર્મળ નીલાભૂરાં જળ વહેતાં જોવા મળ્યાં. એ અપેક્ષિત જ હતું, ચોમાસું વીત્યા પછીનો સમય હતો. માટી નિતારીને પાણી સ્વચ્છ બન્યાં હતાં. પૂરના પ્રકોપ સમયે આ જ પાણી ખરેખર લોહીનો રંગ ધારણ કરે છે, કેમ કે એના માર્ગની ટેકરીઓ એકદમ લાલ માટીની બનેલી છે. ભારે વરસાદ સમયે લોહિતને મળતાં તમામ ઝરણાં એ માટી ખેંચી લાવે ત્યારે નદીનું નામ એવું રૂપ જોવા મળે છે, પણ અત્યારે તો અમને લોહિતનું સુંદર અને શાંત લૂ-તિ (સ્વચ્છ પાણી) સ્વરૂપ જ જોવા મળ્યું.

ટેકરીઓ વચ્ચે વહેતી લોહિતના કિનારા પર જ નાનકડું મેદાન હતું. નદી પર લાંબો પુલ હતો એના પરથી પસાર થતી સડક સામા કાંઠે ટેકરીઓ ચડતી દેખાતી હતી, એ રસ્તો તેજુ શહેર તરફ જતો હતો. આ મેદાનમાં જ કેટલાંય મકાનો હતાં, પણ બધાં જ ખાલી અને નિર્જન જોવા મળ્યાં. જાણે અહીં કોઈ વસ્તી જ ન હતી. આ મકાનોમાં એક પરશુરામકુંડ ટુરિસ્ટ ભવન હતું એમાં અમે મુકામ કર્યો. બાકીના ત્રણ સહપ્રવાસીઓએ મંદિરની ધર્મશાળામાં મુકામ કર્યો હતો.

સામાન્ય રીતે અહીં બહુ ઓછા પ્રવાસીઓ જોવા મળે છે, પણ મકરસંક્રાંતિના પર્વ ઉપર અહીં સ્થાનિક લોકોનો મોટો મેળો આ મેદાનમાં ભરાય છે ત્યારે લાખ જેટલા શ્રદ્ધાળુ ઊમટી પડે છે. સ્થાનિક પ્રજાજીવન જાણવાનો એ મોટો અવસર ગણાય છે.

સામાન રૂમ પર મૂકીને બહાર નીકળ્યા, થોડું ચડાણ ચડીને મંદિર પરિસરમાં પહોંચાતું હતું. અહીં મુખ્ય શિવમંદિર ઉપરાંત બીજા મંદિરો, ગૌશાળા વગેરે છે. બધું નવેસર બનેલું અર્વાચીન હોવા છતાં સુરમ્ય વનરાજીથી ઘેરાયેલું આ સ્થળ કોઈ પ્રાચીન આશ્રમની યાદ અપાવતું હતું. નદીમાં આવેલા કુંડ સુધી જવા માટે ઠીક-ઠીક ઉતાર ઊતરીને જવું પડે છે, છેક સુધી પગથિયાં હોવાથી પહોંચવું સરળ હતું પણ દીવાલ જેવો સીધો પહાડ



કુંડ તરફ જતો માર્ગ

હોવાથી એ જ રસ્તે જ્યારે ચડવાનું આવે ત્યારે ઠીક કસરત કરાવે! જોકે મનોહર વૃક્ષઘટા વચ્ચે ચાલતાં થાક યાદ પણ ન આવે એવું સુંદર સ્થાન છે. જંગલ ઝાડી એવાં તો ગીચ કે છેક નીચે પહોંચીએ ત્યારે જ લોહિતનાં દર્શન થાય. અહીં વૃક્ષો અને પંખીઓની અપાર વિવિધતા જોઈને હું તો ચકિત રહી ગયો.

નીચે પહોંચતાં જ પવિત્ર પરશુરામકુંડ નજર સામે પ્રત્યક્ષ થયો. કુંડ નામ સાંભળતાં જ કલ્પનામાં સરસ ઘાટ, પગથિયાં બાંધેલ ગોળ કે લંબચોરસ કુંડનું ચિત્ર ખડું થઈ જાય, પણ અહીં એ કલ્પના જરા પણ ચાલે એમ ન હતી. અહીં તો નદીનો કિનારો એ જ કુંડ! પગથિયાં પૂરાં થતાં હતાં ત્યાં ભારે વેગથી પાણી વહેતાં હતાં, કાળમીંઢ ખડક સાથે અથડાતાં પાણીની છોળો ઊડતી હતી, વેગ એટલો કે બાહોશ તરવૈયો પણ ખેંચાઈ જાય. ક્યારેક અહીં લોખંડની આડશ કરવામાં આવી હશે, પણ આ વેગવંતી નદીને કોઈ નાથી શક્યું નથી, ત્યાં આવી આડશનું વળી શું ગજું? તેના માત્ર અવશેષ જોવા મળતા હતા, પણ મારું ધ્યાન તો બીજે હતું. સામા પ્રવાહની વચ્ચે જ જબરો ખડક બહાર ડોકાતો હતો. એ ખડક જ ખરેખરા પ્રાચીન કુંડનો અવશેષ હતો! આગળ એ વાત જોઈશું.

પરશુરામકુંડનું નામ આવે એટલે પુરાણોમાં આવતી પેલી વાત યાદ આવે. અહીં સ્નાન કર્યા પછી પરશુરામજીને માતૃહત્યાના પાપથી મુક્તિ મળી હતી અને તેમના હાથમાંથી લોહિયાળ પરશુ અહીં છૂટી ગયું હતું. આ કારણે જ આ કુંડનું મોટું માહાત્મ્ય ગણાય છે. મોટાભાગના શ્રદ્ધાળુઓ આનાથી વધુ જાણતા નથી હોતા કે વધુ જાણવાની તેમને જરૂર પણ લાગતી નથી, પણ અહીં બીજી અનેક રસપ્રદ અને આશ્ચર્યજનક દંતકથાઓ જોડાયેલી છે.

પ્રાચીન આર્યસંસ્કૃતિનો વ્યાપ અહીં સુધી હતો એ તો પરશુરામજીના આ આખ્યાન પરથી સમજી શકાય છે. માર્કંડેયપુરાણ, વાયુપુરાણ કે કાલિકાપુરાણ અને મહાભારત જેવાં મહાકાવ્યોમાં એનો ઉલ્લેખ આવે છે. પ્રાચીનકથા મુજબ, જગતપિતા બ્રહ્માના જમીન પર પડેલા વીર્યને ઋષિ શાંતનુનાં પત્ની અમોઘાએ ધારણ કરેલ અને એ ગર્ભ લોહિતા નામના સરોવર (કુંડ)માં ઊછરેલો. પુત્ર લોહિત્યનો જન્મ ત્યાં જ થયેલો. બ્રહ્માનું સંતાન હોવાથી તે બ્રહ્મપુત્ર તરીકે ઓળખાયો. લોહિતા સરોવર પણ એ કારણે બ્રહ્મકુંડ તરીકે પ્રસિદ્ધ થયું હતું. પરશુરામજી પાપનું પ્રાયશ્ચિત્ત કરવા અહીં પહોંચ્યા અને પાપમુક્ત થયા ત્યારે તેમને વિચાર આવ્યો કે આ પવિત્ર પાણી આવી દુર્ગમ જગ્યાએ બંધાઈ રહે એના કરતાં મેદાનોમાં વહેતું થાય તો અનેક પાપીઓને શાંતિ પહોંચાડી શકે. એમ વિચારી તેમણે પરશુ વડે સરોવરના પાળામાં ખાંચો

પાડ્યો અને સરોવરનાં પાણી ભારે વેગથી વહેતાં થયાં. બહુ સમય બંધિયાર રહેલ લોહિત્ય મુક્ત થયા પછી ઝાલ્યો રહે ખરો? પ્રચંડ વેગથી કિનારાઓ તોડતો આગળ વધ્યો અને રસ્તે આવતાં ગામો, શહેરોને ધોઈ નાખ્યાં, અનેક તીર્થોને પણ ડુબાવ્યાં! એનો પ્રકોપ શાંત કરવા કેવાં વિધિવિધાન થતાં એની રસપ્રદ વાતો તો આજે પણ લોકકથાઓમાં કહેવાય છે. એમાં કુંવારી કન્યાનું બલિદાન દેવા વિશેની દંતકથાઓ પણ છે! કેટલાક બૌદ્ધ ધર્મગ્રંથોમાં પણ બ્રહ્મપુત્રના જન્મ વિશે બિલકુલ આવી જ વાતો કહેવાઈ છે. આજે પણ તેની ઊછળકૂદ શાંત થઈ નથી, દર વરસે બ્રહ્મપુત્રનાં પાણી કેવું તોફાન મચાવે છે એ તો બધા જાણે જ છે.

આ રીતે પુરાણો મુજબ ગંગાને વહેતી કરવાનું શ્રેય જેમ મહારાજા ભગીરથને જાય છે એ જ રીતે લોહિતને કુંડમાંથી બહાર કાઢી વહેતો કરવાનો યશ પરશુરામજીની મહેનતને મળે છે. તેમના કારણે જ બ્રહ્મપુત્ર જેવો મહાનદ વહે છે. બીજી પણ અનેક પુરાણકથાઓ કહેવાય છે, પણ એ બધું લખવું અહીં ઉપયુક્ત નથી, પણ આ રીતે લોહિત અને બ્રહ્મપુત્રનો પુરાણસંબંધ જરૂર મળી રહે છે.

હવે પેલા ખડકની વાત કરીએ. અહીં સરોવર હતું એ વાત માત્ર પુરાણોની દંતકથા નથી. ભૂસ્તરશાસ્ત્રીઓ પણ એ જ વાત કહે છે. અહીં સરોવરનો કેટલોક અંશ



મંદિર પરિસરમાં એક દુકાનદાર

તો હજુ હમણાં પોણોસો વરસ પહેલાં પણ જોવા મળતો હતો. એ વખતે આ જગ્યાએ નદી પર એક પ્રાકૃતિક પાળો હતો અને વહેતા પ્રવાહને બદલે સરોવરનાં લહેરાતાં પાણી જોવા મળતાં હતાં, પણ 1950માં અહીં ભયંકર ધરતીકંપ આવ્યો ત્યારે ભૂપૃષ્ઠમાં ભારે ઊથલપાથલ થઈ એમાં સરોવરનો રહ્યોસહ્યો પાળો પણ નાબૂદ થયો અને સરોવરનું અસ્તિત્વ મટી ગયું. પ્રવાહ વચ્ચે દેખાતો એક ખડક એ પ્રાકૃતિક પાળાની એકમાત્ર નિશાની બાકી રહી છે.

પહાડી પ્રદેશમાં, ખાસ કરીને હિમાલયના પહાડોમાં સરોવર તૂટવા એ કોઈ નવાઈની વાત નથી. તાજેતરમાં જ કેદારનાથની પૂર-હોનારતની પાછળ એ જ મુખ્ય કારણ હતું. એવી એક જબરદસ્ત હોનારત ૧૮૯૪માં થયેલ. ગઢવાલમાં બદરીનાથ માર્ગે આવેલી બિરહીગંગા નદી ઉપર ભૂસ્ખલન થતાં એનો પ્રવાહ રૂંધાયો અને એક વિશાળ સરોવરનું સર્જન થયેલું, એકાદ વરસ સુધી પાણી જમા થતું રહ્યું અને પછી એ પાળો તૂટ્યો અને ભયંકર પૂરનાં પાણી અલકનંદા નદીમાં ભળતાં કલ્પનાતીત તબાહી મચી હતી. અસંખ્ય ગામડાંઓ સાથે શ્રીનગર જેવું મોટું શહેર પણ સંપૂર્ણ સાફ થઈ ગયેલું. આવું બનવાનો અગાઉથી જ ખ્યાલ આવી ગયો હોવાથી કિનારાનાં ગામોમાંથી વસ્તીને ખસેડી લેવામાં આવેલ એટલે જાનહાનિ તો ખાસ ન થઈ પણ ઘર-મકાનોના અવશેષ પણ બાકી નહોતા રહ્યા. શ્રીનગરનાં અનેક પ્રાચીન સ્થાપત્યનું નામ મટી ગયું હતું. એ તૂટ્યુંફૂટ્યું સરોવર આજે પણ ત્યાં જોવા મળે છે, બાજુમાં આવેલ ગામના નામ પરથી એ ગોહનાતાલ તરીકે ઓળખાય છે. પરશુરામકુંડની વાત પણ કંઈક આ પ્રકારની જ ગણી શકાય. ફરક એટલો કે અહીં ભૂતકાળમાં કુંડ કે સરોવર હોવાની આજે કલ્પના સરખી આવી શકે એમ નથી!

લોહિતના કિનારે, પરશુરામકુંડના સાંનિધ્યમાં બે દિવસ ક્યાં પસાર થઈ ગયા એ ખબર પણ ન પડી. નદીનો નિર્મળ પ્રવાહ અને પ્રકૃતિનું મોહક પણ શાંત સ્વરૂપ ચારે તરફ વિલસતું હતું. વિચાર સરખો નહોતો આવતો કે દેશના સુદૂર પૂર્વોત્તર છેડે બેઠા છીએ અને ઈશાન ભણી જોતાં તિબેટ, તો પૂર્વમાં મ્યાનમાર હાથ લાંબો કરતાં સ્પર્શી શકાય એટલાં જ દૂર છે! અહીં જરા પણ પરાયું નહોતું લાગતું. કુદરતની સાથે અહીંના માયાળુ રહેવાસીઓના પ્રેમે પણ અમને ભીંજવ્યા હતા.

સંદર્ભસૂચિ-

‘The Brahmaputra’ Arup kumar Dutta.
‘Rivers of India’ Radhakant Bharti.
‘Myths of the North-East Frontier of India’ Verrier Elwin.
'मेरी तिब्बत यात्रा' राहुल सांकृत्यायन.
'પૂર્વોત્તર' ભોળાભાઈ પટેલ.



જીવનમાં દુઃખ શા માટે છે?

☐ ભાણદેવ

૧. પ્રસ્તાવ

એક યુવાન છે, બુદ્ધિમાન છે અને તેજસ્વી પણ છે. આ યુવાન આશ્રમ પર વારંવાર આવે છે. એક વાર આશ્રમ પર એકલો જ આવ્યો. તેના ચહેરા અને હાવભાવ પરથી લાગ્યું કે આજે આ શ્રીમાન કાંઈક ગુસ્સામાં છે. તેના ચહેરા પર આક્રોશનો ભાવ વાંચી શકાય છે.

સાંજનો સમય છે. એક વિશાળ વટવૃક્ષ નીચે હું બેઠો છે. આગંતુક યુવાનને પણ આસન આપ્યું. તે પણ બેઠો. મને લાગ્યું કે આજે આ યુવાન કાંઈક જુદા જ ભાવથી આવ્યો છે. મને લાગ્યું કે આ યુવાનને કાંઈક કહેવાનું છે, કાંઈ પૂછવાનું છે. તો પણ પ્રારંભ તો મારે જ કરવો પડશે. તદનુસાર મેં જ પ્રારંભ કર્યો.

‘‘કહો, શી વાત છે?’’

‘‘વાત તો છે, પણ બહુ આકરી વાત છે.’’

‘‘કહો, જે હોય તે કહો.’’

‘‘તો, સાંભળો.’’

‘‘હું શાંત રહ્યો.’’

તેણે બૉમ્બ ફોડતો હો તેમ પ્રશ્ન પૂછ્યો, ‘‘આ સૃષ્ટિ કોણે બનાવી છે?’’

‘‘આપણાં શાસ્ત્રો તો સ્પષ્ટ કહે છે કે આ સૃષ્ટિ સર્જનહાર પ્રભુએ બનાવી છે.’’

‘‘સર્જનહારે આ સૃષ્ટિનું સર્જન શા માટે કર્યું છે?’’

‘‘પ્રભુએ આ સૃષ્ટિનું સર્જન કોઈ હેતુની સિદ્ધિ માટે નથી કર્યું.’’

‘‘તો?’’

‘‘પ્રભુએ આ સૃષ્ટિનું સર્જન લીલાભાવે

કર્યું છે, તે તો સ્વયંપૂર્ણ છે. તેને વળી શો હેતુ હોય?''

''લીલાભાવે એટલે આનંદભાવે?''

''હા, એમ જ નિજાનંદભાવે!''

''જો પ્રભુએ આ સૃષ્ટિ લીલાભાવે, નિજાનંદભાવે સર્જી છે, તો જીવનમાં આટલું દુઃખ શા માટે છે? આવું અપરંપાર દુઃખ શા માટે છે?''

આ યુવાને જીવનનો એક પાયારૂપ પ્રશ્ન પૂછ્યો છે. ઘડી ભર તો મૂંઝવી દે એવો પ્રશ્ન છે. તે યુવાનને જે રીતે સમજાવ્યું અને તેની સાથે આ પાયારૂપ પ્રશ્ન જીવનમાં દુઃખ શા માટે છે? - વિષયક જે વાર્તાલાપ થયો, તે અહીં અભિવ્યક્ત કરું છું.

The life is a mystery and it is to remain a mystery for ever.

'જીવન એક રહસ્ય છે અને તે રહસ્ય જ રહેશે.'

આમ આપણે જીવનને, જીવનનાં સર્વ રહસ્યોને યથાર્થ અને સાંગોપાંગ જાણી-સમજી શકીએ એમ થવું અશક્ય છે. આમ છતાં આપણે આ જીવન અને અસ્તિત્વને વિશે કાંઈ જ ન જાણી શકીએ એમ પણ નથી. આપણે જીવન અને અસ્તિત્વ વિશે બધું જ ન જાણી શકીએ, પરંતુ કાંઈક જાણી શકીએ.

આટલી ભૂમિકા મનમાં સ્વીકારીને આપણે જીવનની આ સમસ્યા-જીવનમાં દુઃખ શા માટે છે? - ને સમજવાનો પ્રયત્ન કરીએ.

આ જીવનમાં અને આ અસ્તિત્વમાં કશું જ નિરર્થક નથી. બધું જ હા, બધું જ હેતુપુરઃસર છે. તદનુસાર દુઃખ પણ હેતુપુરઃસર છે. જીવનમાં દુઃખનું પણ કાંઈક વિધાયક મૂલ્ય છે.

૨. દુઃખ એટલે શું?

સુખદુઃખ યુગ્મ સ્વરૂપ છે. દુઃખના સ્વરૂપને સમજવા માટે સુખદુઃખને સાથે સમજવાં જોઈએ.

સુખ અને દુઃખ, બંને લાગણી છે. અનુકૂળ સંવેદના પ્રત્યે આપણા ચિત્તમાં જે વિધાયક લાગણી અનુભવાય, તે સુખ છે અને પ્રતિકૂળ સંવેદના પ્રત્યે આપણા ચિત્તમાં જે નિષેધક લાગણી અનુભવાય તે દુઃખ છે. આમ સુખ એટલે પરિસ્થિતિ પ્રત્યેનો સ્વીકારાત્મક પ્રતિભાવ અને દુઃખ એટલે પરિસ્થિતિ પ્રત્યેનો ઇન્કારાત્મક પ્રતિભાવ.

ભારતીય મનોવિજ્ઞાનની સુખદુઃખ વિશેની એક વિશિષ્ટ સમજ છે. ભારતીય મનોવિજ્ઞાન સ્પષ્ટ રીતે કહે છે કે આનંદ આત્માનું સ્વરૂપ છે. તદનુસાર આનંદ એટલે આત્માનો સ્વરૂપગત આનંદ. આ સ્વરૂપગત વિશુદ્ધ આનંદ કોઈ વિષય દ્વારા મળતો નથી. જે કોઈ નિમિત્ત દ્વારા નિષ્પન્ન થતો નથી, પરંતુ આત્માના સ્વરૂપગત ધર્મ સ્વરૂપે સદાસર્વદા છે જ, તે આનંદ છે.

હવે પ્રશ્ન એ છે કે આનંદ આપણું સ્વરૂપ છે, સ્વરૂપગત તત્ત્વ છે, તો એ સતત કેમ નથી અનુભવાતો? તો જીવનમાં

સુખદુઃખ કેમ છે? આપણાં સુખદુઃખનું કારણ છે, અવિદ્યા અને તજ્જન્ય આત્મવિસ્મૃતિ - સ્વરૂપ વિસ્મૃતિ.

સુખ એટલે આત્માનંદનો આભાસ. જ્યારે કોઈ વિષયની સંવેદના અંતઃકરણને અનુકૂળ લાગે, ત્યારે એ વિષય સાથે આપણું ચિત્ત તલ્લીનતા અનુભવે છે. આ તલ્લીનતાને કારણે ચિત્તના અન્ય વૃત્તિવ્યાપાર બંધ પડે છે. એ વખતે થોડી ક્ષણો માટે અંતઃકરણ વૃત્તિમુક્ત બની જાય છે. અંતઃકરણ વૃત્તિમુક્ત બનતાં જ એમાં આત્માનંદનું પ્રતિબિંબ પડે છે. આત્માનંદનું અંતઃકરણમાં પ્રતિબિંબ એ જ સુખ છે. આમ, આ રીતે સુખ આત્માનંદનું પ્રતિબિંબ છે, આભાસ છે.

હવે જોઈએ કે દુઃખ શું છે.

દુઃખ આત્માનંદનો અભાવ છે, જ્યારે અંતઃકરણ સમક્ષ પ્રતિકૂળ વિષય ઉપસ્થિત થાય, ત્યારે આપણે એનો પ્રતિકાર કરીએ છીએ, એની સાથે તલ્લીન થતા નથી. એથી પ્રતિકૂળ સંવેદના દરમિયાન અંતઃકરણમાં આત્માનંદનું પ્રતિબિંબ પડતું નથી. આમ બનવાને લીધે એ વખતે અંતઃકરણમાં આત્માનંદનો અભાવ જણાય છે. આ આત્માનંદના અભાવનો અનુભવ એ જ દુઃખ છે.

આમ દુઃખ પ્રતિકૂળ સંવેદના પ્રત્યેની નિષેધક લાગણી છે, પરંતુ આ લાગણીને ગહન દૃષ્ટિથી તપાસીએ તો જોઈ શકાય છે કે દુઃખ એટલે આત્માના આનંદનો અભાવ.

આમ આનંદ એટલે આત્માનંદ. સુખ એટલે આત્માનંદનું પ્રતિબિંબ અને દુઃખ એટલે આત્માના આનંદનો અભાવ.

આપણે અહીં સુખ અને દુઃખનાં સ્વરૂપને તો સમજ્યા. હવે સૌથી મૂલ્યવાન પ્રશ્ન એ છે કે દુઃખનું જીવનમાં કોઈ વિધાયક મૂલ્ય છે કે નહિ? હોય તો કેવી રીતે?

૩. દુઃખનું વિધાયક મૂલ્ય

અજ્ઞાનનું આવરણ ઓઢીને શિવ જીવ બને છે, પરંતુ જીવને પુનઃ શિવત્વ સુધી પહોંચવાનું છે. જીવની શિવત્વ સુધીની યાત્રા એ જ અધ્યાત્મયાત્રા છે. જીવની શિવત્વ સુધીની યાત્રા માટે દુઃખનું એક વિશિષ્ટ વિધાયક મૂલ્ય છે. જો જીવના જીવનમાં દુઃખ જ ન હોય તો તેની વિકાસયાત્રાનો પ્રારંભ ન થાય. દુઃખ જીવને ઊર્ધ્વગતિ માટે ધક્કો મારે છે. દુઃખ એટલે વિકાસ માટેનો પોકાર. દુઃખ જીવને એમ સૂચવે છે કે તમે જ્યાં છો ત્યાં બરાબર નથી. તમે આગળ વધો. દુઃખ જીવની વિકાસયાત્રા માટે એક પ્રેરકબળનું કાર્ય કરે છે. જો દુઃખ જ ન હોય તો જીવ જ્યાં છે, ત્યાં જ રહી જાય. અરે! જીવ પથ્થરની જેમ પડ્યો રહે! જ્યાં સુધી જીવ પોતાની સ્વરૂપભૂત કેન્દ્રસ્થ ચેતના પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી દુઃખ તેને જંપીને બેસવા દેતું નથી, ત્યાં સુધી દુઃખ તેને આગળ વધવા માટે તાકીદ કરે છે. વસ્તુતઃ દુઃખ વિકાસ માટેની એક પ્રકારની તાકીદ જ છે.

જ્યાં સુધી જીવ પોતાની સ્વરૂપગત

કેન્દ્રસ્થ ચેતનામાં અવસ્થિત ન થાય ત્યાં સુધી દુઃખનું વિધાયક મૂલ્ય છે. દુઃખ આવશ્યક તત્ત્વ છે અને ત્યાં સુધી દુઃખનું સંપૂર્ણ નિવારણ શક્ય પણ નથી. જીવન વિધાનનું આવું સ્વરૂપ છે.

દુઃખ, વિપત્તિ, વિટંબણા, પીડા - જો યોગ્ય રીતે લેતાં આવડે તો આ સર્વ જીવનવિકાસનાં સોપાન છે.

દુઃખનું આવું વિધાયક મૂલ્ય છે, એથી જ કુંતીજી ભગવાન શ્રીકૃષ્ણ પાસે દુઃખ માટે માગણી કરે છે.

મહાભારતનો ઘોર સંગ્રામ પૂરો થયો છે. ભગવાન શ્રીકૃષ્ણ હવે દ્વારિકા જવા તત્પર થયા છે. સાત્યકિ અને ઉદ્ધવને સાથે લઈને ભગવાન રથ પર સવાર થયા છે. રથ ચાલવાની તૈયારીમાં છે, એ જ સમયે 'પાહિ પાહિ'ના પુકારો કરતાં ઉત્તરા ભગવાન સમક્ષ દોડતાં-દોડતાં આવી રહ્યાં છે. ઉત્તરા કરગરીને કહે છે,

कामं दहतु मां नाथ मा मे गर्भो निपात्यताम्

श्रीमद् भागवत; १.८.१०

''હે નાથ! આ શસ્ત્ર ભલે મને સળગાવી નાખે, પરંતુ મારા ગર્ભને નષ્ટ ન કરે.''

ભગવાન શ્રીકૃષ્ણ સમજી ગયા કે પાંડવોના વંશને નિર્બીજ કરવા માટે અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે. ભગવાને સુદર્શનચક્ર દ્વારા પોતાના નિજજનોની રક્ષા કરી.

આ પ્રસંગે પાંડવો, દ્રૌપદી, કુંતીજી આદિ ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. એ વખતે કુંતીજી યાચના કરે છે :

विपदः सन्तु नः शश्वत्तम तत्र जगद् गुरो ।
भवतो दर्शन यत्स्यादपुनर्भवदर्शनम् ।।

श्रीमद् भागवत, १.८.२५

''હે જગદ્‌ગુરુ! અમારા જીવનમાં સર્વદા પગલે-પગલે વિપત્તિઓ આવતી રહે, કારણ કે વિપત્તિઓમાં જ આપનાં દર્શન થાય છે અને આપનાં દર્શનથી મુક્તિ પ્રાપ્ત થાય છે.''

કુંતીજી વિપત્તિઓની માગણી કરે છે, કારણ કે કુંતીજી વિપત્તિઓનું વિધાયક મૂલ્ય સમજે છે.

આવું છે – દુઃખનું વિધાયક મૂલ્ય!

સમાપન

આનો અર્થ એવો નથી કે...

(૧) આપણે જીવનમાં દુઃખ ઇચ્છવાં જોઈએ.
(૨) આપણે દુઃખમુક્તિના પ્રયત્ન ન કરવા.

આનો અર્થ એવો છે કે

(૧) આપણે દુઃખને ઉચિત દૃષ્ટિકોણથી જોઈએ તો દુઃખનું જોર ઓછું થઈ જાય છે.
(૨) દુઃખ આવી પડે ત્યારે રડારોડ કરવાને બદલે શાંત ભાવે દુઃખદર્શન કરીએ તો દુઃખનું જોર ઘણું ઓછું થઈ જાય છે.
(૩) વળી આપણે સમજીએ કે

દુઃખનું નિમિત્તકારણ બહાર હોય છે, પરંતુ ઉપાદાનકારણ આપણી અંદર હોય છે. નિમિત્તકારણ પર આપણે હંમેશાં નિયંત્રણ ન રાખી શકીએ, પરંતુ ઉપાદાનકારણ પર નિયંત્રણ રાખી શકીએ.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया,
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुख भागभवेत।

❑❑❑



નદી

☐ માના વ્યાસ

શાળામાં પરીક્ષામાં પર્યાયવાચી શબ્દોમાં નદી તો હોય જ. કેટલાં બધાં નામ. સરિતા, નદ્ય, તટિની, વાહિની, તરંગિણી...

નામ લેતાં જ અમૃતમય રૂપેરી જળપ્રવાહ વહેતો સ્મરણે આવે. દરેક નગર સંસ્કૃતિના ઉદ્ભવ અને વિકાસ પાછળ એને જીવન સિંચનાર કોઈ નદી હોય જ.

મારા વતન વાલોડને કંઠે પણ શોભતી મૌક્તિકમાળ સમી નદી વહે છે. પેલી સુરેશ જોષીવાળી ઝાંખરી જ, પણ મને તો એનું જરા સભ્ય નામ ‘વાલ્મીકિ’ ગમે. કહે છે વાલ્મીકિઋષિનાં પગલાં એની ભેખડો પર પડ્યાં હતાં. કોને ખબર મહાન ઋષિની તૃષા છિપાવવાનું સદ્ભાગ્ય એને સાંપડ્યું હશે!

એક વાર અહીં મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ આ સુંદર નદીને જોઈને કહ્યું હતું કે મારું ચાલે તો આ નદીને બગલમાં ઘાલીને લઈ જાઉં.

અમારા ઘરની પાછળથી વહેતી એ નદીને જોતાં મન કદી ભરાય જ નહીં. નદીને પર્યાય હોય, પણ વાલ્મીકિ તો અનન્યા જ.

ઘણીવાર મેડા પરથી એને જોતાં એમ થાય કે કૃષ્ણની જેમ લાં...બો હાથ કરી પાણીમાં ઝબોળી દઉં?

વહેલી સવારે ઊગતા સૂર્યની લાલિમા ધારણ કરી એવી તો શોભે જાણે ગુલાબી ઘૂમટામાંથી શુભ્ર દંતાવલી દેખાતી હોય.

દિવસભર અલસતી વહેતી વાલ્મીકિના બંને કિનારા પરનાં વૃક્ષો પાણીમાં પોતાની ઘટાટોપ વનરાજી નિહાળીને રાજી થતાં રહે.

સાંજે તો વાલ્મીકિના રંગઢંગ જ બદલાઈ જાય. સોનાનો સૂરજ પીગળીને રેલાઈ ગયો હોય એમ આખી નદી સોનાવર્ણી થઈ જાય. એના બંને સામસામે કિનારે આવેલા મહાદેવનાં મંદિરોમાં ઘંટારવ થવા માંડે. આરતી કરવા આવેલા સૌ સૂર્યાસ્તનો નજારો પ્રસાદમાં લઈ જાય. રોજની બેઠકવાળા મંદિરને ઓટલે બેસી આ ક્ષણો ચૂકી જાય તો મનમાં અફસોસ કરતા રહે. પૂનમની રાતે અમારા ઘરના મેડાની અગાસી પરથી પૂર્ણ ચાંદને આકાશમાં ને નીચે તરતો પાણીમાં સ્વૈરવિહાર કરતો જોતાં મન સૃષ્ટિના સર્જનહારને નમન કર્યા વગર ન રહે. ઘણીવાર નિઃશબ્દ રાત્રે એવી ઝગમગતી ચાંદનીને નદીમાં રેલાતી જોઈ સ્તબ્ધ થઈ જવાયું છે.

વર્ષ દરમિયાન પાણીનો વેગ ધીમો હોય અને મોટી ભેખડ વચ્ચેથી નીકળતાં તો રીતસર ઠાગાઠૈયા કરતી હોય એમ માંડ આગળ વહે, પણ વર્ષા ઋતુમાં એનું આળસ ક્યાંય ભાગી જાય. આમે દક્ષિણ ગુજરાતનો નળિયાફોડ વરસાદ નદીઓમાં ઘોડાપૂર લાવી દેવા જાણીતો છે. ધસમસતાં આવતાં એનાં પાણીનો વેગ જોવા અમે એને કિનારે આવેલા મહાદેવના મંદિરે પહોંચી જઈએ. ઘણા બળૂકા જણ વહેતાં લાકડાં, ઝાંખરાંને તાણી લાવે, જે ઘેર બાળવા કામ લાગે. અમારા બારમા ધોરણના વર્ગખંડની બારીમાંથી ચોમાસામાં ગાંડીતૂર થયેલી નદી મને ગણિત કરતાં વધુ રોમાંચક લાગતી હતી. રેલ આવી હોય ત્યારે પાણીના સતત જોરદાર વેગનો હુંકાર કાનમાં પડઘાયા કરે.

હજુ પણ વાલોડની ધૂળમાં રમ્યાં હોય એને ત્યાં પહોંચ્યા પછી સાંજે પગ નદીએ ખેંચી જ જાય. પછી નદી,વૃદ્ધ પીપળો અને મહાદેવ, એક ખળખળ, એક સરસર અને હરહર તમારી સાત પેઢીની વાત માંડે. તમે ઊભાં રહો એક એક ખરતા પર્ણ જેવા ઠૂંઠાની જેમ. સાંજનો લાલચટ્ટક સૂર્ય વાલ્મીકિમાં ઓગળી જાય ત્યાં સુધી.

❑❑❑





જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડૉ. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડૉ. પંકજ જોશી

૩૦. ક્રિયા અને પરિણામ

આપણે કર્મ અને એનો સિદ્ધાંત એના વિશે કંઈક વાત આગળ કરી ગયા. આપણે એવી વાત કરી કે જ્યારે પણ કંઈ પણ ક્રિયા, કર્મ થાય ત્યારે એ ક્રિયા પ્રમાણે એનું ફળ અવશ્ય થાય જ છે. શાસ્ત્રીજીએ એવું સમજાવ્યું કે પરિણામ તમારા ધાર્યા પ્રમાણે અથવા માન્યા પ્રમાણે જો ન હોય તો એનો અર્થ એવો સમજવો કે ક્રિયા બરાબર થઈ નહોતી. એની દિશા યોગ્ય નહોતી અથવા જેવી, જે રીતે અને પૂરતા પ્રમાણમાં થવી જોઈએ એ થઈ નથી. તેમની વાત એ છે કે ક્રિયા હોય અને એનું પરિણામ ન હોય એવું કદી બનતું નથી.

આમ તો આ વાત ઘણી વૈજ્ઞાનિક પણ જણાય છે, જેમ કે ન્યુટનનો ગતિનો નિયમ પણ એવું જ કહે છે કે બાહ્ય જગતમાં જ્યારે પણ 'એક્શન' થાય ત્યારે

'રિઍક્શન' પણ થાય જ અને આ ક્રિયા અને એનું પરિણામ અથવા તો પ્રત્યાઘાત વિચારીએ ત્યારે એ એક સરખા અને સામસામા હોય છે.

પરંતુ આ સઘળી વાતમાં સહજ રીતે કેટલાક પાયાના પ્રશ્નો તથા મુદ્દાઓ પણ ઊભા થાય છે.

જો એવું જ હોય કે જે ક્રિયા હોય એ પ્રમાણે એનું પરિણામ અવશ્ય આવે જ, અને એ ક્રિયા પ્રમાણે જ આવે, તો પછી ભગવદ્ગીતા અને અન્ય જગ્યાએ એવું શા માટે કહ્યું છે કે તમે કર્મ કરો, પણ ફળની આશા ન રાખો. બીજા શબ્દોમાં કહીએ તો ફળની આશા રાખ્યા સિવાય કર્મ કરવાનું શા માટે વારંવાર ગીતા જેવા સંદર્ભોને ટાંકીને કહેવામાં આવે છે? શું આ એક વિરોધાભાસ નથી? વળી એનાથી પણ આગળ જતાં, બીજી બાજુએ આજના આધુનિક મૅનેજમેન્ટ અથવા તો વ્યવસ્થાપનના વિજ્ઞાનની વાત કરીએ તો એમાં તો 'ગોલ સેટિંગ' એટલે કે ધ્યેય નક્કી કરવાનું અથવા કોઈ ચોક્કસ પ્રાપ્તિનું લક્ષ્ય નક્કી કરવું એનું બહુ મહત્ત્વ જણાવાયું છે. આનો અર્થ એવો થયો કે કોઈ ચોક્કસ ફળની પ્રાપ્તિ માટે જ તમારે કામ કરવાનું છે એવી વાત થઈ! તો આ પરસ્પર સાવ વિરુદ્ધ એવી પદ્ધતિ ન ગણાય?

પરંતુ આ વાતના પાયામાં જઈને જો આપણે વિચારવું હોય તો એવો પ્રશ્ન પણ આપણે પૂછી શકીએ કે કોઈપણ ક્રિયા કરવાની અથવા તો કોઈપણ કર્મ કરવાનું તો એ શા માટે કરવાનું છે? છેવટે કંઈ પણ ક્રિયા, કર્મ કરવાં કે મહેનત કરવી એનો હેતુ શો છે?

આ માટે જુઓ તો આજની આધુનિક સંસ્કૃતિની દૃષ્ટિએ વિચારતાં એનો સાદો અને સરળ જવાબ એ આપવામાં આવે છે કે આપણે સુખી થવું અને સમૃદ્ધ બનવું એ જ જીવનનો હેતુ છે. એ માટે તો કૉલેજ, યુનિવર્સિટીમાં જવાનું છે, ડિગ્રીઓ લેવાની છે, અન્ય વિદ્યાઓ અથવા વિજ્ઞાન કે કમ્પ્યૂટર શીખવાનાં છે. એ બધું કરીને મોટી નોકરી મેળવીને સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની છે. તાજેતરમાં ગુજરાતમાં હું એક યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર હતો ત્યારે એવો પ્રશ્ન કરનારાં માતા-પિતાઓ પણ મને અનેક મળતાં કે બીજું બધું બરાબર છે, પણ આ ડિગ્રી કરીએ એટલે અમારા પુત્ર અથવા પુત્રીને પૅકેજ કેટલું મળશે? છેવટે તો તે જીવનમાં સ્થિર થઈ જાય અને તેને સારી નોકરી અને પગાર મળી જાય આ જ ધ્યેય છે ને! આ જ વાતને જો ભારતીય પરંપરાની દૃષ્ટિએ વિચારીએ તો આપણે ત્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આવા ચાર પ્રકારના પુરુષાર્થ બતાવ્યા છે. એટલે કે ભૌતિક સમૃદ્ધિની સાથે આધ્યાત્મિક પ્રાપ્તિની વાત પણ આપણે ત્યાં આવે છે. આ વિશે શાસ્ત્રીજી શું કહેતા હતા એ વાત આપણે પછી જોઈશું.

અત્યારે તો આ સંદર્ભે એટલા માટે

ઉલ્લેખ કર્યો કે જ્યારે આ પ્રકારે પુરુષાર્થ કરવાની અથવા તો ક્રિયા કરવાની વાત આવે અને એ પણ ખાસ કરીને અધ્યાત્મના સંદર્ભમાં, ત્યારે આપણે ત્યાં ઘણા લોકો એ રીતે કહેતા હોય છે કે અમારે તો આવો કોઈ પુરુષાર્થ, વળી ધર્મ અને મોક્ષ અને એ સઘળું કરવું નથી. અમે તો એક જ વાત માનીએ અને સમજીએ કે ધર્મ અને અધ્યાત્મની વાત આવે તો ઈશ્વરની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લેવી. બસ, બધા ધર્મ અને મોક્ષ એમાં જ સમાયા છે અને પછી ઈશ્વર આપણી કાળજી લેશે. વળી તેઓ ભગવદ્‌ગીતાની વાત પણ કરશે કે એમાં ભગવાને કહ્યું છે કે બધા ધર્મોનો ત્યાગ કરી અને મારું શરણ સ્વીકારી લે, હું તારો ઉદ્ધાર કરી દઈશ.

તો પછી પ્રશ્ન આપણે અહીં એ કરવાનો કે ખરેખર આવા કોઈ પુરુષાર્થની જરૂર છે કે કેમ? ફળની આશા રાખવી કે કેમ? જીવનમાં કોઈ ધ્યેય જરૂરી છે કે કેમ? આવા પ્રશ્નોથી જ આપણે આજની આપણી વાત શરૂ કરી છે. બીજી રીતે કહીએ તો તમે એવું ભલે કહો કે ક્રિયા પ્રમાણે પરિણામ આવશે જ, પરંતુ એવા પરિશ્રમની શું જરૂર છે. અર્થ અને કામ, એટલે કે પૈસો અને સમૃદ્ધિ તો ભાગ્ય પ્રમાણે મળશે અને ધર્મ તથા અધ્યાત્મની વાત હોય તો ઈશ્વરની શરણાગતિ સ્વીકાર્યા પછી વાત પૂરી થઈ જાય!

તો બાપાની વાતના સંદર્ભમાં આ મુદ્દાઓ વિશે આપણે વિચારીએ. એમાં સૌથી પહેલી વાત તો ઉપર કહ્યું એ પ્રમાણે શરણાગતિની લઈએ. શરણાગતિની ભાવના અને સતત એને જાળવી રાખવી, જીવનના પ્રત્યેક સંયોગોમાં, એ પોતે જ સૌથી મોટો પુરુષાર્થ તથા સૌથી મોટી ક્રિયા છે! શરણાગતિની વાત થાય ત્યારે એવું પણ કહેવાય છે કે જેમ માતાના ખોળે બાળક હોય એવી રીતે આપણે ઈશ્વરની શરણાગતિ સ્વીકારવી, પરંતુ અહીંયાં વાત એવી બને છે કે રોજબરોજનું જીવન જીવતાં શરણાગતની વાત આપણે ભલે કરીએ, પરંતુ છેવટે એ પરમ શક્તિ જ બધું સંભાળે છે આવો દૃઢ વિશ્વાસ ભાગ્યે જ આપણે કેળવી શકીએ છીએ. બીજી રીતે કહીએ તો એવી દૃઢ શ્રદ્ધા પામવા અને સ્થિર કરવા માટે જ એક ભવ્ય પુરુષાર્થ તથા સતત જાગૃતિ રૂપ ક્રિયાની જરૂર રહે છે! જો સંપૂર્ણ શરણાગતિ આપણામાં સહજ સ્થિર હોય તો કોઈ પ્રશ્ન નથી, પરંતુ વાસ્તવમાં શરણાગતિની આ અવસ્થા કેળવવી અને જાળવવી એ પોતે જ પરમ પુરુષાર્થ છે! માતાને ખોળે બાળક તો સહજ રમે છે, પોતાની બધી જરૂરિયાતો માટે માતાને શરણે જાય છે, પરંતુ આપણી તકલીફ એ છે કે આપણે હવે આ નિર્દોષ બાળક રહ્યા નથી. બાળપણ પછી જે વર્ષો જીવનનાં વિતાવ્યાં એમાં અનેકવિધ સંસ્કારોને આપણે મનમાં, બુદ્ધિમાં ભેગા કર્યા છે. આથી સંપૂર્ણ શરણાગતિની ભાવના રાખવી હોય તો પણ એ સતત અને જીવનના દરેક પ્રસંગે

રહેતી નથી. કંઈક વિપરીત ઘટના બને એટલે મન છટકીને તરત આધિ-વ્યાધિ અને ઉપાધિની ચિંતાઓ કરવામાં ફસાઈ જાય છે!

અહીં વાત એવી છે કે ભલે આપણે મોટા વિદ્વાન હોઈએ કે અન્ય કોઈપણ સિદ્ધિઓ કરી હોય, પણ આપણું મન અને અંતઃકરણ જે સરળતા અને શુદ્ધિ સંપૂર્ણ શરણાગતિ માટે જોઈએ એ ગુમાવી બેઠું છે. આમ શરણાગતિની પ્રાપ્તિ કરવી એ જ એક મોટી ક્રિયા બની જાય છે. આવી દૃઢ શ્રદ્ધા હોય નહીં, પણ કેવળ વાતો હોય તો એમાં કંઈ નક્કર પરિણામ આવે નહીં.

આથી જ આ વિશે એક જાણીતી વાર્તા કહેવાય છે. કથાકાર પંડિતજીએ ઉપદેશ કર્યો કે ઈશ્વરના નામસ્મરણમાં, રામનામમાં એવી અદ્ભુત શક્તિ છે કે નામજપ કરતાં ચાલી જાઓ તો ચાલીને નદીનાં પાણી ઉપર પણ ચાલી જવાય અને ઊંડી નદી પણ પાર કરી દેવાય. પેલી શુદ્ધ હૃદયની ભોળી ભરવાડણે આ વાત સાંભળી અને તેણે તો ઈશ્વરનું નામસ્મરણ કરતાં નદી પર ચાલીને પાર કરી દીધી! આ વાત સાંભળી ત્યારે કથા કરનાર પંડિતજીને ભારે આશ્ચર્ય થયું કે આ તે શું વાત છે? કથામાં જે મેં વાત કરી એ મારી વાત તો સાચી લાગે છે! ચાલો, હું પણ પ્રયોગ કરી જોઉં કે શું થાય છે. પછી તેમણે શંકાશીલ હૃદય સાથે જપ કરતાં નદી પર ચાલવાનો પ્રયોગ કર્યો, પણ તેઓ તો પાણીમાં ફસાઈ ગયા! આમ, હૃદયની શુદ્ધિ હોય નહીં તો કેવળ શરણાગતિની વાત કામ કરતી નથી.

હવે બીજી વાત લઈએ. ફળની આશા છોડવાની. ભગવદ્‌ગીતાની સૂચના અને ઉપદેશ વિશે. એ માટે ગીતામાં જે કહેવાયું છે એ આ પ્રમાણે છે, 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.' એટલે કે કર્મ કરવામાં આપણો અધિકાર છે, પરંતુ એના ફળ અથવા તો પરિણામને માટે નહીં. એમાં એટલી વાત તો સ્પષ્ટ અને સીધી છે કે આપણાં દેહ, અંતઃકરણ અને ઇન્દ્રિયો દ્વારા જ સર્વ કર્મ થાય છે. વળી આ ત્રણ દ્વારા આપણે જે કર્મ કરવાં હોય એને માટે ઘણે અંશે આપણે સ્વતંત્ર છીએ. કુદરતે આ કર્મ-સ્વાતંત્ર્ય આપણને આપ્યું છે, પરંતુ ગીતા એવું સમજાવે છે કે એનાં ફળ,પરિણામની આશા કે અપેક્ષા રાખવાની નથી.

તો પછી આવું કેમ અને શા માટે કહેવાયું છે? મોટેભાગે એવું થાય છે કે જ્યારે આપણે કોઈપણ ક્રિયા અથવા કર્મ કરતા હોઈએ ત્યારે એનું આ પ્રમાણે જ પરિણામ આવશે, આ પ્રમાણે જ એની પરિણતિ થશે એમ માનીને આપણે ચાલતા હોઈએ છીએ. ઘણીવાર તો આવી ફળની આશા એ જ આપણાં કર્મનું ચાલકબળ હોય છે. એમાં ગીતા એવું સમજાવે છે કે આવી માન્યતા આપણે રાખવાની નથી. એ માટે આપણો અધિકાર નથી, પરંતુ ગીતામાં આવું કેમ અને શા માટે કહ્યું છે?

આ સમજવા માટે ફરી બાપાની વાત પર જઈએ તો તેમણે એટલું તો સ્પષ્ટ સમજાવ્યું છે કે જે ક્રિયા કરશો એ પ્રમાણે બ્રહ્માંડમાં, કુદરતમાં પરિણામ તો અવશ્ય થવાનું જ છે, પરંતુ આ પરિણામ શું થશે એ તમારી ધારણા પ્રમાણે જ થશે કે કેમ એની કોઈ ખાતરી બાપાની વાતમાં પણ નથી! એમાં વાત એવી છે કે એ પરિણામ એ તો તમારી ક્રિયા પ્રમાણે વિશ્વનાં, કુદરતનાં અનેકવિધ પરિબળો જ નક્કી કરશે. એ માટે તમારી ધારણાઓ, તમે જે આગળથી પરિણામ માટે નક્કી કરી રાખી છે એ કલ્પનાઓ નહીં ચાલે!

વાત એવી છે કે તમે જ્યારે કોઈપણ ક્રિયા અથવા કર્મ કરો છો ત્યારે વાસ્તવમાં તો તમે આ બ્રહ્માંડ રૂપી મહાસાગરમાં એક તરંગ ઊભો કરો છો. આ તરંગ પછી વિશ્વના નિયમો પ્રમાણે પોતાની રીતે સર્વત્ર ફેલાવાનો છે, સમગ્ર બ્રહ્માંડને એ એક અથવા બીજી રીતે નાની અથવા મોટી અસર કરવાનો છે. સામાન્ય મનુષ્ય આવો તરંગ પેદા કરે, તો આઇન્સ્ટાઇન કે ગાંધી જેવા મહાપ્રાણ લોકો વળી કોઈ સુનામી નહીં તો મોટું મોજું પણ આ મહાસાગરમાં ફેલાવે. આ તરંગ અથવા મોજાની અસર કે પરિણામ તો થવાનાં જ, પરંતુ અહીં ખાસ સમજવાની વાત એ છે કે આવાં જ અન્ય તરંગો અને સ્પંદન કે મોજાંઓ અન્ય સર્વ પ્રાણીમાત્ર દ્વારા અને જડ-ચેતનમાં ચાલતી સર્વ પ્રક્રિયાઓ દ્વારા સતત પેદા થાય છે. સતત સર્જાયા જ કરે છે. આ સર્વનો પરસ્પર સાથે સંવાદ અને પારસ્પરિક અસર જ છેવટનું પરિણામ ઉત્પન્ન કરે છે.

આમ ક્રિયા તો આપણે કરીએ, પરંતુ એનું પરિણામ આવવામાં સમગ્ર પર્યાવરણ અને સમગ્ર બ્રહ્માંડ ભાગ ભજવે છે! હવે આપણે કોઈપણ સમયે કોઈપણ ક્રિયા કરી ત્યારે એ સમયે આખા બ્રહ્માંડમાં બીજાં કેવાં કેવાં પરિબળો કામ કરી રહ્યાં છે એની આપણને આજે - અત્યારે કોઈ ખબર નથી, પરંતુ આપણી ક્રિયાનું છેવટનું પરિણામ તો એ સર્વના સરવાળા અને સરેરાશ એટલે કે ઍવરેજિંગ દ્વારા જ થવાનું છે. આ રીતે સમગ્ર બ્રહ્માંડની રચનામાં આ એક નવું સ્પંદન અને ક્ષણેક્ષણની એકબીજા સાથે સંકળાતા જવાની ક્રિયા, પ્રક્રિયા અને પરિણામ એ એક ગહન ક્વૉન્ટમ વિજ્ઞાન માત્ર નક્કી કરે છે. આથી આપણે એવું કહી શકીએ કે ક્રિયા તો આપણે જરૂર કરી શકીએ, કર્મ તો આપણે જરૂર કરીએ, પરંતુ એના પરિણામની કલ્પના કરવી હંમેશાં કેવળ મુશ્કેલ નહીં, પણ અશક્ય છે. આથી જ કદાચ કહ્યું છે કે પરિણામ, ફળ પરત્વે આપણો કોઈ અધિકાર નથી.

એક થોડો જ વિચાર કરો. કોઈ સામાન્યમાં સામાન્ય લાગતી ઘટના પાછળ પણ કેટલી લાખો અને અબજો ક્રિયાઓ અને પ્રક્રિયાઓ સમાયેલી છે. થોડો વિચાર કરતાં જ આ વાત આપણને સ્પષ્ટ થાય એવું છે. આજે આ લખાણ હું કરી રહ્યો છું

તો એની પાછળ મારી આંખ, મગજ, મન, ઇન્દ્રિયો, તેના લાખો કોષો સંકળાયેલા છે. હવે આ લખાણ સંપાદક પાસે પહોંચતાં પણ અનેકવિધ પ્રક્રિયાઓ થાય. વળી એનું છાપકામ થઈ મૅગેઝિન બને અથવા તે કોઈક વેબસાઇટ ઉપર મુકાય. પછી એ પહોંચે તમારી આંખો દ્વારા તમારા મગજના અંતરંગ વિભાગોમાં. ત્યાં વળી લાખો-કરોડો મગજના ન્યુરોનની પ્રક્રિયાઓ થઈ અને એના પરિણામરૂપે તમને આખી વાતના અર્થનો બોધ થવાનો. આ બોધ દ્વારા તમે આનંદ અનુભવો કે આશ્ચર્ય પણ અનુભવો. પછી કોઈ વાર્તા કે નવલકથા હોય તો સુખદુઃખનો અનુભવ પણ થવાનો! વળી આવી કરોડો-અબજો પ્રક્રિયાઓ દરેક વાંચનાર અને દરેક લેખક દ્વારા પણ થવાની અને અનુભવાવાની. ક્વૉન્ટમ વિજ્ઞાનના સૂક્ષ્મ નિયમો દ્વારા આ સઘળું સંચાલન થતું રહે છે, જે વિશ્વની રચનામાં જ વણાયેલા છે.

ખરેખર તો આ સઘળી પ્રક્રિયાઓનો વ્યાપ અને વિશાળતા તમે જુઓ અને વિચારો તો તમે કરેલી ક્રિયાનું અનેક વાર યોગ્ય પરિણામ આવે છે એ પોતે જ બ્રહ્માંડનું એક મોટું આશ્ચર્ય ગણાય! પણ મૂળ વાત એ છે કે તમે ધારેલું, વિચારેલું અને ઇચ્છિત પરિણામ ન પણ આવે. તમે કર્મ કરો છો, પણ પરિણામ વિશ્વનાં અનેકવિધ પરિબળો નક્કી કરે છે. આથી જ કહ્યું છે કે એ પરિણામ પરત્વે તમારો અધિકાર નથી, તમારો અધિકાર છે એ કેવળ કર્મ કરવાનો છે.

હવે છેવટની વાત રહી એ મૅનેજમેન્ટના વિજ્ઞાનમાં પહેલાથી ધ્યેય નક્કી કરીને એને માટેનો પ્રયત્ન કરવાની. અલબત્ત, આવું કરવા માટે પણ કુદરતે તમને સ્વતંત્રતા તો આપી જ છે! તમે એકવાર ધ્યેય નક્કી કરો એટલે પછી તમારું તીર બરાબર એ જ નિશાન પર લાગે એ માટે સતત પ્રયત્ન તમે કર્યા કરો. આવા એકધારા પ્રયત્નથી અને સતત એકાગ્રતા દ્વારા એવું બની શકે કે ધારેલું પરિણામ તમારી ક્રિયા દ્વારા મળી પણ જાય. જો આવું થાય તો તમારો ઉત્સાહ વધે અને કર્મ કરવાની તમારી કુશળતા પણ વધતી જાય. આમ આવો પ્રયત્ન કરવામાં ખોટું કાંઈ નથી. માત્ર વાત એટલી જ છે કે એ બધું કર્યા પછી જો તમારું ધારેલું પરિણામ ન આવે તો એમાં તમારે નારાજ થવાનું નથી, દુઃખી થવાનું નથી અને તમારા મનમાં એની વ્યથા કરવાની રહેતી નથી.

અહીં મજાની વાત એ છે કે કર્મનું અને ક્રિયાનું વિજ્ઞાન આટલું સૂક્ષ્મ, ગહન તથા વ્યાપક હોવા છતાં, જો એકધારી અને સતત અને એકાગ્રતાપૂર્વકની ક્રિયા થાય તો છેવટે એનું કંઈ ને કંઈ ઉત્તમ પરિણામ તો આવે જ છે. આ પણ બ્રહ્માંડનો જ એક નિયમ છે, જે અનેક પ્રયોગ, અનુભવ દ્વારા પુરવાર થયો છે. પછી એ પરિણામ ભલે તમે જે પહેલાં ધાર્યું હોય એવું ન પણ હોય!

[ક્રમશઃ]



“વિરલની વહુ”

☐ રાધિકા પટેલ

એક સફેદ કપડામાં ઢંકાયેલા મૃતદેહ પાસે બેસેલી એક પ્રૌઢ મહિલા વિલાપ કરી રહી હતી, ''મારો લાડલિયો... મારો ખોળાનો ખૂંદનાર... મારા ઉરનો તે અવતાર... મારો લાડલિયો... મારા ક્ષીરનો રે ધાવનાર... મારા હૈયા કેરો હાર...'' એનાં કાળાધોળા વાળ પવનથી આમતેમ ઊલળી રહ્યા હતા. ઊંડી ઊતરી ગયેલી આંખોમાંથી વહી રહેલ ચોધાર આંસુથી તેની સફેદ સાડી ભીંજાઈ ગયેલી. નજીકમાં જ એક કઠેડામાં ઊભી રહેલી પોતે કઠેડાના બંને ગોળાઈવાળા ભાગને ચુસ્તતાથી પકડીને ઘડીક તે સ્ત્રી સામે તો ઘડીક ન્યાયાધીશની ઠક-ઠક થતી હથોડી સામે જોઈ રહેલી. હવે તે સ્ત્રી ઊભી થઈને બે હાથ ઊંચા કરીને ન્યાય માટે કરગરવા લાગી. આ સઘળું દૃશ્ય જોઈ

પોતે પોતાના બે હાથ કઠેડાના હૅન્ડલ પર જોરથી દબાવવા લાગી, ત્યાં જ હથોડીનો ઠક-ઠક અવાજ મોબાઇલની રિંગમાં પરિવર્તિત થઈ ગયો. ભયાનક સ્વપ્નમાંથી બહાર આવી નીલિમાએ ફોન રિસીવ કર્યો. "હા, બોલ. હું અત્યારે બરોડા જાઉં છું. હા, અચાનક. હું રાત સુધીમાં પાછી આવી જઈશ. અત્યારે હું તને કશું જ ના કહી શકું. ના, એવી કોઈ ચિંતાની વાત નથી. બસ, એક જૂનું કામ નીકળી આવ્યું છે, યાર. હું તને આવીને બધું જ કહીશ. બસમાં છું. ના, મારે ગાડી-ડ્રાઇવર... મારે જરૂર નો'તી. તું કશીય ચિંતા ના કર. હું રાત પહેલાં જ આવી જઈશ. અરે, આઇ નો... હું અહીં રોકાવા નથી આવી... આવી જઈશ. ચાલ, હવે ફોન મૂક.'' કહી નીલિમાએ ફોન કટ કર્યો.

અમદાવાદથી બરોડા જઈ રહેલ બસમાં પોતાની બાજુની સીટ પર કોઈ હતું નહિ, એટલે થોડી રાહત અનુભવી. બે દિવસમાં અનેકવાર વંચાઈ ગયેલો પત્ર ફરી ખોલ્યો. ફરી વાંચ્યો.

પ્રિય નીલિમા,

તને એકવાર મળવું છે. અત્યંત જરૂરી છે. શક્ય હોય એટલી જલદી આવી જજે.

લિ. વિરલની મમ્મી.

નીલિમાની આંખો સામે રીટાબહેનનો ચહેરો દૃશ્યમાન થયો.

મોકલનારનું સરનામું ફરી-ફરી વાંચી ગઈ. બે દિવસમાં અનેકવાર જવું-ના જવુંની દ્વિધામાંથી છેવટે નીકળી તો પડી, પણ મન અનેક શંકા-કુશંકાઓથી ઘેરાયેલું હતું. બરોડામાં રહેતી પોતાની એક જૂની મિત્રને પૂછ્યું તો તેણે વિરલ વિશે ગોળ-ગોળ વાત કરી. ઘણું પૂછવા છતાં સ્પષ્ટ ના કહ્યું. વાત ટાળી દીધી. બેચેનીએ છેવટે તેને મજબૂર કરી દીધી બરોડા સુધી દોડી આવવા. ફરી એકવાર ફેસબુક ચેક કર્યું, પણ અફસોસ... પોતે જ તો બ્લૉક કરેલો વિરલને. ફરી મોકલેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ હજુ સુધી 'નોટ એક્સેપ્ટેડ.' વધુ જાણવા માટે ઘણાં ફાંફાં માર્યાં, પણ વિરલે પોતાની પ્રોફાઇલ ટોટલી લૉક્ડ રાખેલી. પ્રોફાઇલ પિક પણ નહીં. છેલ્લા બે દિવસમાં અનેકવાર ચેક કરેલું, પણ... એક ઊંડો નિસાસો નાખ્યો.

પાવન સોસાયટીના 'એ' બ્લૉકમાં થર્ડ ફ્લોર પર ૩૦૨ નંબર પાસે પહોંચીને નીલિમા ક્ષણવાર અટકી. સામેના ૩૦૧ નંબરમાં એક મહિલા તેને તાકી રહી હતી. નીલિમાએ ડૉરબેલ વગાડી. સાઠેક વર્ષનાં રીટાબહેને દરવાજો ખોલ્યો. નીલિમા તેમની સામે જુએ ના જુએ ત્યાં સામેનો દરવાજો જોરથી પછડાઈને બંધ થયો. નીલિમાએ ત્યાં જોયું અને પછી રીટાબહેન સામે. ઉંમર પહેલાં જ વૃદ્ધત્વથી નખાઈ ગયેલા શરીર પર સાડી અસ્તવ્યસ્ત હતી. પાલવથી કપાળ લૂછતાં-લૂછતાં તે

આવ્યાં ને દરવાજો ખોલ્યો. નીલિમાને જોઈને જાણે તેમના ચહેરા પર કોઈ દીવો પ્રગટે એવી પ્રસન્નતા ઊભરી આવી. નીલિમાને, ''દીકરી! આવ, અંદર આવ...'' કહી, નીલિમાનો હાથ ઝાલી તેને અંદર બોલાવી. એમ તો ખૂબ જૂજ, પણ મુલાકાત તો થયેલી જ રીટાબહેન સાથે, પણ આજે તેને રીટાબહેન કોઈ અજાણી વૃદ્ધ સ્ત્રી જેવાં લાગવા લાગ્યાં. નીલિમાને મનમાં અણગમા અને ભયની મિશ્રિત લાગણી ઊપજી આવી. શું થયું હશે એ પ્રશ્ન છેલ્લા બે દિવસની એક-એક ક્ષણને થડકા મારતો હતો. કોઈ અશુભ સંકેતો તો ખાસ અહીં નજરમાં ના આવ્યા. દીવાલ પર વિરલના પપ્પાનો ફૂલહારવાળો ફોટો તો સાત વર્ષ પહેલાં પણ અહીં જ હતો. એ સિવાય કશું...? રીટાબહેન અંદર પાણી લેવા ગયાં.

નીલિમા ડ્રૉઇંગરૂમને ધ્યાનથી જોવા લાગી. પોપડીઓ, બાવા-ઝાળાંવાળી મેલીઘેલી દીવાલોમાં અંધકાર ઘૂમરાતો હતો. ફાટ્યાતૂટ્યા પડદામાં પવન જાણે સ્થિર થઈને પડ્યો હતો.

અચાનક મેલીઘેલી દીવાલોમાં રંગ મઘમઘવા લાગ્યા. પડદા જીવંત થઈ ફરફરવા લાગ્યા. નીલિમાની શિફોનની ઓઢણી ખૂણામાં જઈને પડી. ગોળ-ગોળ ફરતા પંખાની નીચે વિરલના બાહુપાશમાં પોતે આમતેમ ઊછળી રહેલી. ''ઓહ... વિરલ, છોડ મને... વિરલ છોડ મને....'' અવાજથી આખો ડ્રૉઇંગરૂમ ઊછળવા લાગ્યો. પોતે સોફામાં પટકાઈને પડી, હાથમાં પડદાનું કાપડ ખેંચાઈ ગયું અને પડદો ફાટવાની સાથે ઉપરનું હૅન્ડલ પણ તડાક દઈને તૂટી ગયું.

રીટાબહેન પાણી લઈને બહાર આવ્યાં. ઉછાળા મારતો ડ્રૉઇંગરૂમ અચાનક શાંત થઈ ગયો. ફાટેલો પડદો સિવાઈ ગયો, પણ એ તૂટેલું હૅન્ડલ હજુ સુધી મૂક સાક્ષી બની જાણે નીલિમાને તાકી રહ્યું હતું.

પાણી પીધા પછી નીલિમાને જરા ટાઢક વળી. રીટાબહેન નીલિમાની બાજુમાં આવીને બેસી ગયાં. ગુમ થઈ ગયેલી અત્યંત કીમતી ક્ષણ જાણે પાછી મળી હોય એવી પ્રસન્નતા તેમના ચહેરા પર હતી. તેમણે નીલિમાના ચહેરા પર હાથ ફેરવ્યો. ''દીકરા, તું આવી તો જીવમાં જીવ આવ્યો. મને એમ કે તું કદાચ નહિ આવે, પણ તું આવી. હવે બધું સારું થઈ જશે. નીલિમા સંકોચ, ભય અને જિજ્ઞાસાની મિશ્રિત લાગણીઓથી ઘેરાવા લાગી. હવે વધુ પરીક્ષા નથી આપવી. ''આન્ટી, શું થયું છે? વિરલ ક્યાં છે? બધું ઠીક તો છે ને?'' રીટાબહેને નીલિમાના માથા પરથી હાથ માંડ-માંડ ઊંચક્યો અને અન્યમનસ્ક થઈ એમ જ ચૂપ બેસી રહ્યાં. નીલિમાના ધબકારા વધી ગયા. તેણે રીટાબહેનને ઢંઢોળીને ફરી પૂછ્યું, ''આન્ટી, બોલો શું થયું છે?

આન્ટી... વિરલ... વિરલ ઠીક તો છે ને?'' રીટાબહેને નીલિમાનો હાથ પકડી લીધો. ''અરે, એવું કશું ખાસ ચિંતા જેવું નથી. વિરલ હેમખેમ છે, પણ, જરા...'' 'પણ જરા' બોલતી વખતે તેમના હાવભાવ નીલિમાએ વાંચી લીધા. ''કોઈ બીમારી... હૉસ્પિટલ... એવું કશું તો નથી ને આન્ટી?'' રીટાબહેને નીલિમાના માથે હાથ ફેરવતાં-ફેરવતાં શાંત ચિત્તે કહ્યું, ''અરે ના, એવું કશું પણ નથી.'' પછી જરા અટકીને, ''હું બધી વાત કરું તને નિરાંતે. તું મુસાફરી કરીને આવી છો. ફ્રેશ થઈ જા. મેં જમવાનું બનાવ્યું છે તારી માટે. તું જમી લે પછી વાત કરીએ.'' આટલું બોલી તે અંદર ચાલ્યાં ગયાં. નીલિમાએ ફરી એક વાર ફોન ચેક કર્યો, પણ એ જ અફસોસ.

રસોડામાં જ બે ખુરશી અને નાના ટેબલ પર થાળીમાં જમવાનું પીરસી તેમણે નીલિમાને બોલાવી. નીલિમાની ઇચ્છા ના હોવા છતાં રીટાબહેનના પ્રેમાગ્રહથી ક્ષોભ-સંકોચ સાથે કોળિયા ગળા નીચે ઉતારતી હતી. પોતે ના કહી શકી હોત, પણ કોણ જાણે કયા કારણે પોતે અત્યારે આમ... દરવાજેથી જ પાછી વળી જવાનું મન થયેલું, તો જતી જ રહી હોત. જે વાત જાણવા માટે અહીં આવી એ જાણ્યા વિના, પણ શું જાણવું છે? પોતે જે જાણે છે એ જ? પોતાની જ શંકાઓને સાચી પાડવા કે પછી શંકા એ ફક્ત શંકા છે, સત્ય નથી - એવો દિલાસો પોતાને દેવા માટે દોડી આવી, અહીં સુધી! ''થોડું હજુ લે દીકરા.'' કહી રીટાબહેને એક વધુ મીઠાઈ થાળીમાં પીરસી દીધી. ટેબલ પર ટેકવેલી કોણીના ટેકે પોતાના હાથમાં ચહેરો નીલિમા સામે ગોઠવી તેને સ્નેહભર્યાં નયનથી જોઈ રહ્યાં. નીલિમા ઘણું જ ઑક્વર્ડ ફીલ કરી રહી હતી. પોતે આમ... પરિણીત હોવા છતાં અત્યારે... આમ. આન્ટી પણ આ વાત સારી રીતે જાણે છે. તેમ છતાં મને આ રીતે બોલાવી અને હુંય પાછી દોડી આવી! બસ, હવે જમીને મને શું કામ અહીં બોલાવી છે એ કહી દે એટલે રવાના. હાશ, માંડ પત્યું.

રીટાબહેન નીલિમાને અંદરના નાનકડા બેડરૂમમાં લઈ ગયાં. પલંગની ધારે નીલિમાને બેસાડીને માળિયામાં મૂકેલી સૂટકેસ ઉતારવા લાગ્યાં. નીલિમાએ તેમને મદદ કરી. જાણે કોઈ ખજાનો ખોલતાં હોય એવા હાવભાવ તેમના ચહેરા પર તરી આવ્યા. સૂટકેસમાં સૌથી ઉપરની સાડી ખૂબ સાચવીને બહાર કાઢી. પલંગ પર ખોલીને એનો પાલવ બતાવ્યો. "જો, આ બનારસી સિલ્ક સાડી. અઢારસો રૂપિયાની છે હોં." કિંમત બોલતી વખતે જરા લહેકો કર્યો. નીલિમા બસ જોઈ રહી. પછી, ''આ જામનગરી બાંધણી, રંગ ગમ્યો તને? લાલચટ્ટાક.''

''હા આંટી.'' કહી નીલિમાએ તેમનો

ઉત્સાહને વધાવ્યો. બસ, હવે જલદી કામની વાત કરે તો સારું. અંદરથી ધીમી ગતિની અકળામણ બહાર આવવા મથામણ કરતી હતી, પણ નીલિમાએ એના પર કાબૂ રાખી રીટાબહેનની હામાં હા ઉમેરવાનું ચાલુ રાખ્યું. ''અને આ... આ... પટોળું. એની ભાત તો તું જો. હું બતાવું તને...'' કહી, ખોલીને એમાં મોર-પોપટ નીલિમાને બતાવવા લાગ્યાં. 'મોર-પોપટ શેના? પોતાને તો કાળાં અક્ષર જ દેખાય છે, જે વાંચીને પોતે ઝાઝું વિચાર્યા વિના અહીં દોડી આવી! ''અને... આ એક શિફોન-જોર્જેટ. શ્રીદેવી 'ચાંદની'માં પહેરે છે ને એવી જ પીળા રંગની, છે ને સરસ?'' નીલિમાએ નાછૂટકાનું ડોકું ધુણાવ્યું. એક તરફ મનમાં ફફડાટ અને આ તરફ સાડીઓનો ફરફરાટ. ''અને આ છેલ્લે ઘરચોળું...'' કહી છેલ્લી સાડી કાઢી. "આ પૂરા ચાર હજાર રૂપિયા આપીને લીધું છે અને એમાં આ ટેભા-ટાંકણ મેં જાતે કર્યું છે''. 'મેં જાતે કર્યું છે' કહેતી વખતે તેમના ચહેરાના હાવભાવ જોઈ નીલિમા વધુ ને વધુ બેચેન બનવા લાગી. ''પાંચેય સાડીના રંગ મેં જુદા-જુદા જ લીધા છે. એક મહિનો રખડેલી પાંચ સાડી માટે. કેટલીય બધી જોયા પછી ભાવ અને પસંદગીનો માંડ-માંડ મેળ પડ્યો. બધી સાડીના બ્લાઉઝ-પીસ કપાવીને ફોલ-બીડિંગ-રોલપ્રેસ કરાવીને કમ્પ્લિટ રાખ્યું છે.''

''પણ, આંટી આ બધું... તમે મને...'' નીલિમાથી વધુ ના સહેવાતાં તેણે પૂછી જ લીધું. ''એ કહું છું તને. પહેલાં તું મને... આ... હમ્મ... કઈ લઉં... (પસંદગી કરતી વખતે) હા, આ બનારસી સિલ્ક રાણી કલરની છે. તારા પર ખૂબ શોભશે.'' કહી સાડી ખોલીને નીલિમાના ખભા પર મૂકીને, ''આ જરા વીંટાળીને પહેરીને બતાવ... પ્લીઝ.'' હવે નીલિમાને તેમના ગાંડપણ પર ગુસ્સો આવી રહ્યો હતો. એમ છતાં બસ, હવે થોડીવાર. વધુ... પછી નહીં જ. નીલિમા સાડી વીંટાળતી હતી ત્યાં તે ડોકું હલાવતાં-હલાવતાં તિજોરી પાસે ગયાં અને કમર પર રાખેલા ચાવીના ઝૂડામાંથી ચાવી લઈ તિજોરીમાંથી બે-ત્રણ બૉક્સ લાવીને પલંગ પર મૂક્યાં. બૉક્સમાંથી એક પછી એક ઘરેણાં કાઢીને નીલિમાને પહેરાવવા લાગ્યાં. ઝાંઝર, કડાં અને છેલ્લે હાર.

બેચેની હવે ગુસ્સા તરફ જઈ રહી હતી. છતાં નીલિમાએ કંટ્રોલ કરી તે જે કરે એ કરવા દીધું અને સહકાર આપતી રહી અને આ બધું પહેરાવતી વખતે રીટાબહેનના ચહેરા પર છલકાતો અમૂલ્ય વાત્સલ્યભાવ... જેનો પ્રતિકાર કરવો નીલિમા માટે અશક્ય હતું. ઊંડે-ઊંડે દાટી દીધેલો અપરાધભાવ અચાનક અંકુરિત થવા લાગ્યો. તે આવીને પોતાને ઘેરી વળે એ પહેલાં જ અહીંથી ભાગી છૂટવાનું મન થયું, પણ... નીલિમાને

ઊભી કરી તે નીલિમાને અનિમેષ જોવા લાગ્યાં. છેલ્લે ઓવારણાં લેવા બે હાથ લંબાવ્યા ત્યાં તો નીલિમાની આંખો ભરાઈ આવી. નીલિમાની આંખમાં આંસુ જોઈ, હજુ હમણાં જ રીટાબહેનના ચહેરા પર કલરવ કરતાં હતાં એ પક્ષીઓ, જાણે ઊડી ગયાં. નીલિમાના શૂન્યમનસ્ક ચહેરા સામે જોઈ રહ્યાં. ફરી ધ્રુજાવી દેતી કલ્પનાઓ... છાતીમાં ઊંડો લિસોટો... નીલિમા ધ્રૂજી ઊઠી, ત્યાં જ મોબાઇલમાં બિંગ થયું. 'વિરલ પ્રજાપતિ હેઝ એક્સેપ્ટેડ યૉર ફ્રેન્ડ રિક્વેસ્ટ.' રીટાબહેન હજુ પલંગ નીચે જમીન પર માથે હાથ દઈને એમ જ બેસી રહેલાં, સામેની દીવાલ પર નજર સ્થિર કરીને. નીલિમાએ તરત જ મોબાઇલ હાથમાં લઈ ફેસબુક ખોલ્યું અને ખૂબ ઝડપથી તેની પ્રોફાઇલ જોઈ લીધી. એક ધ્રુજારી છૂટી ગઈ.

થોડીવાર મૌન છવાઈ ગયું. એક પછી એક આરોપ... સામે બધા પુરાવા. ચારેકોર 'ન્યાય... ન્યાય'ની બૂમાબૂમ. જજની હથોડી ઠક-ઠક... ફરી કઠેડામાં ઊભી રહેલી પોતે હવે ચુકાદો આવતાં જ નીચે ફસડાઈ પડી. ઘરચોળામાં મણ-મણ બેડીઓનું વજન. પગનાં ઝાંઝર જાણે મોટી સાંકળ... હાથમાં પહેરેલાં કડાં અચાનક બની ગયાં હથકડી! ગળામાં પહેરેલો હાર એક દોરડાનો ફાંસો બની ગયો. 'બસ, હવે એક ઝાટકે...' નીલિમા પરસેવે રેબઝેબ થઈ ગઈ. વિચારોએ તેને ઘેરી લીધી. ગળામાંથી ફંદો કાઢતી હોય એમ પહેરેલા હારને કાઢીને પલંગ પર ફેંક્યો. એ જોઈને રીટાબહેને, ''નીલિમા... નીલિમા... શું થયું? તું આમ અચાનક? નીલિમા... મારો વિરલ એવો નથી, હોઈ જ ના શકે.'' કહી નીલિમાને વિનવવા લાગ્યાં. સાંકળોના ભારથી લદાયેલી હોય એમ નીલિમા એમાંથી બહાર નીકળવા સાડી દૂર કરવા લાગી. ''નીલિમા, તું તો જાણે છે, બધા જાત-જાતની વાતો કરે છે...'' નીલિમાને હવે કશું સાંભળવું ન હતું. તેને અહીંથી ભાગી છૂટવું હતું. પગમાં પહેરેલાં મજબૂત કડાં કાઢીને પલંગ પર ફેંક્યાં. આ બધું જોઈને રીટાબહેન હવે વધુ ને વધુ વ્યાકુળ બનવા લાગ્યાં. ''નીલિમા, મેં તેને એક સાવ સામાન્ય બાળકની જેમ જ જન્મ આપલો. તો પછી, આવું કેવી રીતે? નીલિમા તારાં લગ્ન પછી તે સાવ બદલાઈ ગયો.'' નીલિમા હાથમાં પહેરેલાં કડાં ખોલવા લાગી. ''નીલિમા, તું તો વિરલને ઓળખે છે, નજીકથી. તું જ કહે દીકરા... તે કાળમુખો રંજન... (એકદમ ગુસ્સાથી) તારા ગયા પછી કાયમ વિરલની સાથે ને સાથે જ... મને એમ કે તે તેનો મિત્ર, તેના દુ:ખમાં... પણ આવું તો મેં સપનામાં પણ નો'તું ધાર્યું. બધાએ અમારી સાથે સંબંધ-વ્યવહાર તોડી નાખ્યા. તે ભૂંડા રંજનના કારણે.''

કહી નીલિમાનો હાથ પકડી લીધો. નીલિમાએ તરત જ હાથ છોડાવી, ''આન્ટી, પ્લીઝ મને જવા દો.'' કહી પોતાનું પર્સ લઈ રૂમમાંથી બહાર ચાલવા લાગી. રીટાબહેન આજીજી કરતાં-કરતાં તેની પાછળ-પાછળ... ''નીલિમા, મેં ઘણા પ્રયત્ન કર્યા તેને રંજનની ચુંગાલમાંથી છોડાવવા... પણ... પણ... હવે તો કાયદો પણ તેની તરફ છે... હું શું કરું... દીકરી ? આખો સમાજ મારા પર થૂથૂ કરશે. મને મારો વિરલ પાછો જોઈએ છે. એ જ વિરલ. મારી મદદ કર. બધા જ તેને એવો સમજે છે... પણ તે એવો નથી એ તો તું જાણે જ છે...''

નીલિમા, ''આન્ટી! પ્લીઝ મોડું થાય છે, મને જવા દો. હું કશું ના કરી શકું.'' કહી ચાલવા લાગી. રીટાબહેન હવે દરવાજે આડાં ઊભાં રહી ગયાં. બે હાથ જોડીને કરગરવા લાગ્યાં, ''નીલિમા, તું જ કશુંક કરી શકે છે. મને વિશ્વાસ છે કે તું તેને ફરી પહેલાં જેવો... તું તેના મનમાં ફરી ભૂખ...'' આટલું સાંભળતાં જ નીલિમા ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ, ''આન્ટી...'' કહી એ રીટાબહેનનો હાથ હટાવવા લાગી. ''નીલિમા, આ ફક્ત અને ફક્ત તું જ કરી શકે છે. હું તો તેની મા છું, નહીંતર હું...'' કહી તેના પગમાં પડી ગયાં. આ સાંભળી નીલિમાના મનમાં કીડા ખદબદવા લાગ્યા. ઊબકો આવી જાય એ હદે શબ્દોના જીવડાં તેને બાઝી પડ્યાં. તેણે ત્યાંથી ચાલતી પકડી. તેના વેગ કરતાં વધુ ગતિએ શબ્દો દોડ્યા અને કાનમાં આવીને ભફાક દઈને પડ્યા. ''નીલિમા, મને ખબર છે એ દિવસે તું અને વિરલ અહીં, આ જ ઘરમાં... તમને ખલેલ ના થાય એટલે પાછી વળી ગયેલી...''


❑❑❑

[પૃ. ૭૮થી ચાલુ]

જેની પત્રકારત્વના ઇતિહાસમાં નોંધ લેવી પડે. ગુજરાતમાં બીજા ઘણા સારા અને સંનિષ્ઠ પત્રકારો છે, જેમણે સાચા અર્થમાં સમાજને બહેતર બનાવાનું કામ કર્યું છે.

પણ તમે પૂછ્યું જ છે એટલે કોઈક તો જવાબ અપાવો જોઈએ એટલે એક નાનકડી બિનાની વાત કહું છું. તમે ખગોળશાસ્ત્રી સ્ટીફન હૉકિંગનું નામ સાંભળ્યું હશે, એ આધુનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહેવાય છે. બચપણમાં 'સંસાર કેવી રીતે કામ કરે છે' એ સમજવા માટે અધ્યાત્મમાં રસ પડ્યો હતો, એ મોટા થયા પછી બુનિયાદી વિજ્ઞાન (જેમ કે ફિઝિક્સ) તરફ ગયો. એમાં આઇન્સ્ટાઇન પછી જેના નામમાં અને કામમાં દિલચસ્પી પેદા થઈ એ

સ્ટીફન હૉકિંગ, નરીમાન પૉઇન્ટ, મુંબઈ, ૨૦૦૧
ફોટોગ્રાફર: દિલીપ ઠાકર



આ હૉકિંગ.

એ પોતે મોટર ન્યુરોન ડિસીઝ નામની બીમારીથી પીડાતા હતા અને કાયમ માટે ખુરશીમાં બેસતા હતા. એક સહાયક તેમની સાથે કાયમ હોય. ૨૦૦૧માં તે મુંબઈ આવ્યા હતા. ભારતની તેમની એ પહેલી અને છેલ્લી મુલાકાત. ૨૦૧૮માં તેમનું અવસાન થયું.

તેમની એકમાત્ર ભારત મુલાકાત હું જ્યારે મુંબઈમાં હતો ત્યારે થયેલી. તેમનો એક જ કાર્યક્રમ મુંબઈમાં છે એની મને ખબર પડી. મુંબઈના ટાટા મેમૉરિયલ રિસર્ચ સેન્ટરમાં તેમનું વ્યાખ્યાન ગોઠવવામાં આવેલું અને તેઓ લંડનથી ત્યાં આવેલા. મેં અમારી સાથે એક ફોટોગ્રાફર હતા, દિલીપભાઈ ઠાકર તેમને મેં કહ્યું કે મને સ્ટીફન હૉકિંગનો એક ફોટો જોઈએ છે, જે અલગ હોય. મેં કહ્યું કે તેમના વક્તવ્યના કાર્યક્રમના ફોટા તો મળશે, પણ મારે એક ઑફ-બીટ ફોટો જોઈએ છે. મારે એક એવી ક્ષણનો ફોટો જોઈએ છે જેમાં તે તેમની દૈનિક ક્રિયામાં વ્યસ્ત હોય. દાખલા તરીકે કોઈ જગ્યાએ તે ખાતા હોય કે કોઈની સાથે વાત કરતા હોય.

અમે તપાસ કરી તો અમને જાણવા મળ્યું કે મુંબઈમાં નરીમાન પૉઇન્ટ પર હૉટેલ ઑબેરોયમાં એ ઊતર્યા હતા અને અમને એવી પણ ખબર પડી કે સ્ટીફન હૉકિંગ રોજ સવારે તેમની ખુરશીમાં





વિનોદ મહેતા, આઉટલુક મૅગેઝિન

બેસીને ચોપાટી પર ટહેલવા નીકળે છે. તો દિલીપભાઈ ચોપાટી પર સવારે આઠ વાગ્યે પહોંચી ગયા અને સ્ટીફન હૉકિંગ અને તેમની એક મદદનીશ હતી જે તેમની ખુરશીને ધક્કો મારે અને સવારના તડકામાં તેમનો આ રીતે ફરતા હોય એવો ફોટો દિલીપ ઠાકરે પાડેલો. એ ફોટો ભારતના કોઈપણ ફોટોગ્રાફર પાસે નથી. એ ફોટો અમે 'ગુજરાત સમાચાર'ના પહેલા પાને છાપેલો અને એ ફોટો આજે મારી પાસે પણ છે અને એ મારે માટે સૌથી યાદગાર પ્રસંગ હતો.

પ્રશ્ન : અને પત્રકારોમાં તમારો આદર્શ કોણ છે?

સાચું કહું તો, પત્રકારોમાં મારા આદર્શ ગુજરાતીમાં કોઈ નથી. એને નેગેટિવ અર્થમાં નહીં લેતાં, પણ મને જે વિષયોમાં રસ પડતો હતો એવું કશું લખવાવાળા ગુજરાતીમાં નહોતા. મને દેશ અને દુનિયામાં બહુ રસ હતો અને એ ભૂખ ભાંગી બહારના પત્રકારોએ. એવાં નામો અંગ્રેજી ભાષામાં ખૂબ બધાં છે. એમાં તમે જે નામ બોલ્યા એ ખુશવંત સિંઘ, જેમણે વિભાજન પહેલાંનું અને પછીનું ભારત જોયું હોય તેવા પત્રકારો પૈકીના તે એક હતા. બિનસાંપ્રદાયિકતા, સાહિત્ય, કવિતા અને વિનોદવૃત્તિ માટેનો તેમનો પ્રેમ ગજબનો હતો. એક જમાનામાં તેમની કૉલમ ભારતનાં ૬૦ અખબારોમાં છપાતી હતી.

બીજું નામ છે વિનોદ મહેતાનું, જે છેલ્લે 'આઉટલુક' મૅગેઝિનમાં એડિટર હતા. 'પ્લેબૉય'ની તર્જ પરનું ભારતનું પહેલું 'ગંદું' મૅગેઝિન 'ડેબોનેર'ને તેમણે લોકો વાંચી શકે એવું બનાવેલું. અટલ બિહારી વાજપેઈએ એકવાર મહેતાને કહેલું કે તમારું મૅગેઝિન સરસ આવે છે, પણ તકલીફ એ છે કે ઓશીકા નીચે છુપાવી રાખવું પડે



વિનોદ મહેતા, ધ સન્ડે ઑબ્ઝર્વર

છે. મારી પાસે એના ઘણા અંકો છે. હું 'ડેબોનેર'ને (ઇન્દ્રિયોત્તેજક નહીં) વિચારોત્તેજક મૅગેઝિન કહું છું. વિનોદ મહેતા પહેલા સંપાદક હતા, જેમણે ઉઘાડી છોકરીઓના ફોટા વચ્ચે-વચ્ચે વી. એસ. નાઇપોલ, નિરદ સી. ચૌધરી, ખુશવંત સિંઘ, વિજય તેંડુલકર, નિસીમ ઇઝીકેલ, અરુણ કોલાટકર અને આર. કે. નારાયણ જેવા ધૂંઆધાર લેખકોના લેખ છાપ્યા હતા.

મુંબઈમાંથી તેમણે 'સન્ડે ઑબ્ઝર્વર' નામનું અખબારોની સાઇઝનું એક અઠવાડિક શરૂ કરેલું. એ વખતે ભારતમાં માત્ર રવિવારે નીકળતું છાપું હોય એવો કન્સેપ્ટ નહોતો. લંડનમાં આ નામનું એક છાપું છે, જે માત્ર રવિવારે જ નીકળે. ભારતમાં આવું છાપું કોઈએ પહેલું શરૂ કર્યું હોય તો એ વિનોદ મહેતાએ શરૂ કરેલું. એમાં લાંબા લેખો હોય. એ અખબાર તેમણે ખૂબ સારું બનાવેલું. તમે જે વાત કરો છો એ સાહિત્યવાળા પત્રકારો, ભારતના સારામાં સારા લેખકો અને એડિટર એ અખબારમાં હતા. ભાષા, વિષયો, લે-આઉટ બધી દૃષ્ટિએ એક આધુનિક અખબાર કેવું હોય એનો એ નમૂનો હતો. હું એ જોઈ-વાંચી મોટો થયો હતો.

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ મુંબઈમાં વિનોદ મહેતા પાસે 'ધ ઇન્ડિપેન્ડેન્ટ' શરૂ કરાવ્યું ત્યારે શિમોર હર્ષ નામના અમેરિકન પત્રકારે મોરારજી દેસાઈને સીઆઇએના ભારતીય જાસૂસ ગણાવેલા એનો વિવાદ ચાલતો હતો. વિનોદ મહેતાએ 'ધ ઇન્ડિપેન્ડેન્ટ'માં આઠ કૉલમનું 'એક્સક્લુઝિવ' મથાળું ઠઠાળેલું : અમેરિકા માટે જાસૂસીના કામમાં મોરારજી દેસાઈ નહીં, વાય. બી. ચવ્હાણ. સ્વતંત્ર મહારાષ્ટ્રના પ્રથમ મુખ્ય મંત્રી યશવંતરાવ બલવંતરાવ ચવ્હાણને 'બદનામ' કરવાની મહેતાની જુર્રતથી માલિકો સાથે એવી તનાતની થઈ કે પહેલા પાને માફી માગવી પડી અને નોકરીય ગઈ.

તેમણે કહેલું "હું એ સંપાદકોમાં નથી જે પ્રેસ ફ્રીડમની માત્ર વાતો જ કરે. મેં એક વાર નહીં, બે વાર નહીં, ત્રણ વખત નોકરી છોડી છે. એવુંય નથી કે મારી પાસે બીજી નોકરી હતી. લાંબો સમય સુધી હું બેકાર રહ્યો છું. માલિક હોય તો નાની-મોટી વાતો તો માનવી પડે, પરંતુ એક લક્ષ્મણરેખા હોય છે,

જેને પાર કરવી મુશ્કેલ હોય છે.''

વિનોદ મહેતામાં એ સાહિત્ય અને પત્રકારત્વનું મિશ્રણ હતું અને તમે જે વાત કરી એ પ્રમાણે 'આઉટલુક' મૅગેઝિનમાં તો તેમણે ખૂબ બધા ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ કહેવાય, જેને સ્કૂપ કહેવાય, જેમાં કૌભાંડો હોય એવા અહેવાલો છાપેલા. ટેલિકૉમમંત્રી એ. રાજા અને કૉર્પોરેટ એજન્ટ નિરા રાડિયા વચ્ચેની ટેલિફોનિક વાતચીતમાં પત્રકારો, રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓની ક્રિમિનલ સાઠગાંઠ 'આઉટલુકે' ખુલ્લી પાડી હતી, એટલે તમારા પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપું તો આગલી પેઢીમાં ખુશવંત સિંઘ અને નવી પેઢીમાં વિનોદ મહેતા મારા આદર્શ.

પ્રશ્ન : તમે હવે ફ્રીલાન્સર તરીકે કેટલાંક અખબારોમાં કૉલમ લાખો છો એ સિવાય પત્રકારત્વમાંથી સ્વેચ્છાએ નિવૃત્ત થઈને તમે હવે લેખન કરો છો. આ નિર્ણયની ભૂમિકા? સાંપ્રત પત્રકારત્વની નિરાશાજનક સ્થિતિએ આ નિર્ણય લેવા પ્રેર્યા?

નિરાશાજનક સ્થિતિના કારણે તો નહીં, પરંતુ વ્યક્તિગત રીતે એવો અભિગમ ખરો કે તમારી વ્યાવસાયિક ઉપયોગિતા ખતમ થઈ જાય એ પહેલાં, વર્ષોથી તમે જે કામ કરતા હતા એને સામેથી ત્યજીને બીજું કોઈ કામ સ્વીકારવું જોઈએ, જેથી બીજાં 20 વર્ષ એ રીતે સક્રિય રહી શકો. એ બાબતમાં ઍક્ટર દિલીપકુમાર મારા આદર્શ છે. તે માણસ તેની સફળતા અને શોહરતના શિખર પર હતો, ત્યારે સ્વયં નિવૃત્ત થઈ ગયો હતો. અંગ્રેજીમાં એને ગ્રેસફુલ એક્ઝિટ કહે છે. મેં એવું નક્કી જ કર્યું હતું કે કોઈ આપણને કહે કે કાલથી નહીં આવતા, એ પહેલાં આપણે આપણો રસ્તો કરી લેવો. અખબારની નોકરીના કારણે લખવા-વાંચવાનું, રચનાત્મક કામ ઘટી ગયું હતું એ સાલતું હતું. એટલે એવું થયું કે આપણે એક વ્યાવસાયિક દૃશ્યમાંથી બીજા વ્યાવસાયિક દૃશ્યમાં શિફ્ટ થવું જોઈએ. એટલે હું સક્રિય પત્રકારત્વમાં નથી, પરંતુ જોડાયેલો તો અખબારો સાથે જ છું. અનેક અખબારોમાં કૉલમ લખું છું અથવા ફ્રીલાન્સ કરું છું એટલે દૂર રહીને પણ મુખ્ય ધારાના પત્રકારત્વ સાથે જ જોડાયેલો છું. પત્રકારત્વ જો એક્સપ્રેસ હાઈવે હોય, તો હું બાજુના સર્વિસ રોડ પર છું એવું કહેવાય.

પ્રશ્ન : વિશ્વસાહિત્યનાં કેટલાંક અગત્યનાં પુસ્તકોના તમે ગુજરાતી અનુવાદ કર્યા છે, કરી રહ્યા છો. અનુવાદ પ્રત્યેનો તમારો અનુરાગ અને અનુવાદની પ્રક્રિયા દરમ્યાન ભાષાઓ સાથેના તમારા અનુભવો વિશે...

પત્રકારત્વમાં મેં શરૂઆત કરી હતી અનુવાદથી. આજના પત્રકારોની મુસીબત એ છે કે તેઓ અનુવાદને નીચું કામ ગણે છે. ઍક્ચ્યુઅલી, એ સૌથી

ઉત્તમ કામ છે. હું આજે પણ કોઈ છાપાની ઑફિસમાં બેસીને સમાચારોના તરજુમા કરી શકું. જુઓને, આ તરજુમો શબ્દ કેટલો સરસ છે! મને શરૂમાં દિગંતભાઈ ઓઝા, વજ્ર માતરી, ઈશ્વર પંચોલી, નૂર પોરબંદરી જેવા એડિટરો મળેલા તેમની પાસેથી આ શબ્દ મળ્યો હતો. હવે એ કોઈ બોલતું નથી.

અનુવાદ મારો પહેલો પ્રેમ છે. આઇ ઍમ વેરી કમ્ફર્ટેબલ ઇન ઇટ. મને ગમે છે. મને એક બીજી ભાષાના લેખકે લખેલી વાતને ગુજરાતીમાં ઉતારતી વખતે એવું ગૌરવ અનુભવાય કે 'આ કામ તમારું નહીં, આ તો હું જ કરી શકું.' મને એ વાક્ય અથવા શબ્દનો ગુજરાતી પર્યાય બનાવાની મથામણ ગમે છે. હું એ વખતે ઇન્ટરનેટ પર અનેક વિન્ડો ખુલ્લી રાખીને એને આનુષંગિક વાંચતો પણ રહું છું.

એનાથી એક ફાયદો એ થયો છે કે અંગ્રેજી ભાષાનું વાંચન અને સમજ તો બહેતર બની જ છે, મારી ગુજરાતી ભાષા પણ સુધરી છે. અંગ્રેજી ભાષા બહુ ડાયનેમિક છે. પચીસ વર્ષ પહેલાં હું જે અંગ્રેજી વાંચતો હતો, એ આજે એવી ને એવી નથી. બીજું, અલગ-અલગ લેખકોના પરિચયમાં આવો તો તમારી ભાષામાં પણ સુધાર આવે. બીજી ભાષાની સેન્સિબિલિટી પણ તમારામાં આવે. અનુવાદના પ્રેમના કારણે મારી લખવા, વિચારવા, વાંચવાની શૈલીમાં સકારાત્મક બદલાવ આવ્યો અને હજુ લાવવો છે. મેં દુનિયાનો એક પણ એવો વિષય નથી, જે વાંચ્યો ન હોય. એમાં હું નિષ્ણાત નહીં હોઉં, પણ બેઝિક સમજણ તો હોય. આ અંગ્રેજીના કારણે સંભવ છે.

પ્રશ્ન : તમે એવા સમયમાં લખવાનું શરૂ કર્યું, જ્યારે ગુજરાતી વાચકોની સંખ્યા ખૂબ ઝડપથી ઘટી રહી છે એવું પ્રકાશકો કહે છે. તમારાં પુસ્તકો આવા સમયમાં બેસ્ટ-સેલર જેવાં બન્યાં છે. ગુજરાતીઓની વાંચન પ્રત્યેની અભિમુખતા વિશે એક લેખક તરીકેના તમારા અનુભવો શું કહે છે? પત્રકારો નથી વાંચતા એની વાત આપણે અગાઉ કરી.

હું પણ એવું માનતો હતો, બીજા ઘણા માને છે, પરંતુ મારા પ્રકાશક કહે છે કે વાચકો નથી વાંચતા એ વાત ખોટી છે. તેમણે મને કહ્યું હતું કે પ્રકાશકો સારાં પુસ્તકો આપવામાં નિષ્ફળ જાય છે એટલે વાચકો વિમુખ થાય છે. તમે વિચાર કરો કે વાચકો નિરાશ કરતા હોય, તો યુવલ નોઆ હરારીના વર્લ્ડ બેસ્ટ સેલર પુસ્તક 'સેપિયન્સ'ને આર. આર. શેઠ ગુજરાતીમાં શા માટે લાવે? એનો અનુવાદ મેં કર્યો છે.

તમે અગાઉ સોશિયલ મીડિયાની વાત કરી. આ પુસ્તકના મૂળ લેખક હરારીને બહુ ફોલો કરું છું. હું ફેસબુક પર તેમની વાતો અને વિચારો લખતો પણ રહું

છું. એ મુંબઈમાં બ્રિટિશ લાઇબ્રેરીમાં એક પ્રવચન માટે આવ્યા હતા. મેં એ સાંભળીને એનો ગુજરાતી તરજુમો ફેસબુક પર મૂક્યો હતો. રત્નરાજ શેઠ એ વાંચીને મારી પાસે આવ્યા હતા, ''તમે 'સેપિયન્સ' ગુજરાતીમાં કરશો?'' આ સાહસ કહેવાય. અત્યંત રસપ્રદ, પરંતુ ગંભીર પુસ્તક છે. શેઠબંધુઓ કહે છે કે ગુણવત્તાવાળાં પુસ્તકો કોઈ આપતું નથી, એટલે વાચકો વિમુખ થઈ ગયા છે. વ્યાવસાયિક સિક્રેટના કારણે હું નામ ન આપી શકું, પરંતુ અમે ગુજરાતીમાં કોઈને કલ્પના ન હોય એવા અટપટા, પરંતુ વાચકોનું જ્ઞાન વધારે એવાં, વિષયો પર પુસ્તકો લાવી રહ્યા છીએ. મારું એક લક્ષ્ય એ પણ છે કે હવે મારી પાસે સમયની સમૃદ્ધિ છે તો આવતાં વીસ વર્ષમાં આવું કામ પણ કરવું છે.

પ્રશ્ન : આ વર્ષ ગુજરાતી પત્રકારત્વની દ્વિશતાબ્દીનું વર્ષ છે. આવી રહેલાં વર્ષોમાં તમને ગુજરાતી પત્રકારત્વની દશા અને દિશા કેવી લાગે છે?

આપણે આગળ વાત કરી એ પ્રમાણે પ્રિન્ટ પત્રકારત્વની એક સીમા આવી છે, પણ ડિજિટલનો દાયરો વધી રહ્યો છે. ગુજરાતના મીડિયાના ઇતિહાસમાં આજે સૌથી વધુ ચૅનલો છે. એની ગુણવત્તાના પ્રશ્નો છે, પરંતુ જગ્યાઓ ઘણી છે. ઇવન, ગુજરાતી સિનેમામાં જબરદસ્ત પરિવર્તન આવ્યું છે. તમને યાદ હશે કે એક જમાનામાં ગુજરાતી ફિલ્મો પર ગામ, ગોકીરો અને ગરબાનું મહેણું હતું. આજે અર્બન ગુજરાતી ફિલ્મો બને છે. ઘણા કલાકારો અને કસબીઓ એમાં પોષાય છે. દર્શકો, વાચકો કે ગ્રાહકો બદલાય એટલે માસ મીડિયાને પણ બદલાવું પડે.

અત્યારની પરિસ્થિતિ પ્રમાણે ઘણું સારું છે. આપણે વાત કરી એ પ્રમાણે આપણે થોડા વધારે વ્યાવસાયિક થઈ ગયા છીએ, પણ એ ઠીક છે. આખી દુનિયા ટકી રહેવા માટે પ્રયત્નશીલ છે અને વ્યાવસાયીકરણના કેટલાક ફાયદા પણ છે. ગુજરાતનું અખબારી પત્રકારત્વ એ રીતે મજબૂત છે એટલે એ ટકી રહ્યું છે. આપણે અત્યારે મૂલ્યોની વાત ન કરીએ, ગુણવત્તાની વાત ન કરીએ, પણ માત્ર વ્યાવસાયિક રીતે જોઈએ અથવા એક ઉદ્યોગ તરીકે જોઈએ તો એ ઘણું મજબૂત છે અને એ ચાલતું રહેશે અને આવનારાં વર્ષોમાં એ ખતમ થઈ જાય કે બંધ થઈ જાય એવું નથી. ગુજરાતીમાં ઘણા પત્રકારો અને સબ-એડિટરોને નોકરીઓ મળવાનાં ઘણાં સ્થાનો છે એ સારી વાત જ કહેવાય.

પ્રશ્ન : તમારી દૃષ્ટિએ જીવન એટલે શું? તમારા લખાણમાં ચિંતન પણ જોવા મળે છે તો પત્રકારત્વ માટે એની ઉપયોગિતા કેટલી?

બીજો કોઈ સારો શબ્દ નથી એટલે 'ચિંતન' શબ્દ વાપરો તો ચાલે, પરંતુ હું જે લખું છું એ ચિંતન કે મોટિવેશન

કરતાં આઇડિયા વધુ છે. આઇડિયા માટે સારો ગુજરાતી શબ્દ નથી, પરંતુ મને માણસો જે રીતે વિચાર કરે છે, જે રીતે વર્તન કરે છે એની પાછળ તેમનાં મનોવૈજ્ઞાનિક કારણો શું છે એ સમજવાનું ગમે છે અને પછી હું એમાંથી એક આઇડિયા તારવું છે. પત્રકારત્વમાં અને સાહિત્યમાં સાઇકોલૉજિકલ અને ફિલૉસૉફિકલ સમજ હોવી અનિવાર્ય છે. ખુશવંત સિંઘ કે વિનોદ મહેતા જેવા પત્રકારોમાં એ સમજ હતી. તમે તેમને વાંચો તો ખ્યાલ આવે કે તેઓ ઘણા ચિંતનશીલ પત્રકાર હતા. ચિંતનનો અર્થ 'વિદ્યા વિનયથી શોભે છે' જેવાં સ્કૂલબોર્ડનાં સુવાક્યો નથી. એનો અર્થ માણસની સાઇકોલૉજિકલ સચ્ચાઈ છે.

તમે જીવનની વાત કરતા હો, ત્યારે એ સપાટી પર જેટલું દેખાય છે એના કરતાં અનેક ગણું નીચે પેટાળમાં હોય છે. પત્રકારત્વએ જો ઘટનાના ફૅક્ટ-ફિગર રિપોર્ટિંગથી આગળ જવું હોય, તો તેના સાઇકોલૉજિકલ અને ફિલૉસૉફિકલ ઊંડાણમાં જવું પડે. આટલાં વર્ષો સુધી મેં સમાચારો અને સામાજિક પ્રવાહો પર કામ કર્યું, હવે હું માણસનાં દિલ અને દિમાગમાં ચાલતા પ્રવાહો પર કામ કરું છું. માણસે બહારની યાત્રા કર્યા પછી એક સમયે ભીતર વળવું પડે. હું બહાર તો છું જ, સાથે ભીતર સાથે પણ સંવાદ કરું છું.


દાખલા તરીકે, તમે મને આ બધું પૂછતાં હતાં અને હું બોલતો હતો, તો હું મારી જાતને દૂર ઊભો રહીને જોતો, સાંભળતો પણ હતો કે હું જે બોલું છું એમાં કેટલું સત્ય છે, તથ્ય છે, કેટલું મોટિવેટેડ છે, કેટલું ઇમ્પ્રેસ કરવા માટે છે?

પોતાની જાતને ઈમાનદારીથી જોવી એને હું ચિંતન કહું છું. એ હોય તો જ હું બહારની દુનિયાને ઈમાનદારીથી જોઈ શકું અને ઈમાનદારી એ પત્રકારત્વનો પહેલો ગુણ છે.

❑❑❑

અક્ષરની ઓળખાણ

☐ **અવની સોલંકી**
☐ **ઋષભ પરમાર**



વહેતું તેજ – ગીતા નાયક (કાવ્યસંગ્રહ)
પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૨૦૧૯, પૃષ્ઠ : ૬૯, કિં. રૂ. ૧૭૫/- પ્રકાશક : સાહચર્ય પ્રકાશન, c/o ગીતા નાયક, C-૭૦૩, વીણા સરગમ, મહાવીરનગર, કાંદિવલી (વે.), મુંબઈ – ૪૦૦ ૦૬૭. ફોન : ૦૭૫૦૬૧૯૭૯૪૪.

વાર્તા, કાવ્યો, નિબંધ અને સંપાદન ક્ષેત્રની તીવ્ર સાહિત્યપ્રીતિ અને સુરેશ જોશી પ્રત્યેનો આદરભાવ ધરાવતાં લેખિકા ગીતા નાયકની ગેરહાજરી અને ગરજ સાહિત્ય સમાજને આજે પણ વર્તાય છે. ‘ગદ્યપર્વ’ના અંકો અને ‘સાહચર્ય’નાં પ્રકાશનોમાં તેઓની અપૂર્વ દૃષ્ટિની પ્રતીતિ થાય. મુંબઈની સાહિત્યકળાની પ્રવૃત્તિઓમાં ગીતા નાયક હંમેશાં મોખરે રહેતાં. તેમની રસ-રુચિ સંપન્ન પ્રવૃત્તિઓનું સચોટ ઉદાહરણ એટલે ૩૩ કાવ્યો સમાવતો તેમનો કાવ્યસંગ્રહ ‘વહેતું તેજ’. જેમાં ‘આ ક્ષણ’, ‘ગુલમ્હોર’, ‘જનની’, ‘અશ્વત્થામા’, ‘કન્યાકુમારી’, ‘સ્મરણ’ વગેરે કાવ્યોમાં તેમની નિષ્ઠાનું તેજ ઉજાગર થાય છે.

સામેના ગુલમ્હોરની સુકાયેલી સ્થિતિ જોઈ
રોજ થતું, હું ક્યારે ખીલીશ?
બે-ચાર પાંદ જન્મ્યાં
થયું હવે જીવી જઈશ.

લીલી તાજગી વચ્ચે ઝળૂંબતા કેસરી આકાશને પોતાના રંગે રંગી દેવાની અદમ્ય ઇચ્છા અહીં દેખાય છે, તો યાત્રિકની જીવ ધબકતી આંખો કોઈકની રાહમાં ઓલવાતી નજરે પડે છે.

યાત્રિકની નજરમાં
આમ તો વણથંભ્યો મારગ હતો
ચરણમાં કશીક શોધના પડઘમ
વૃક્ષોની વણજાર પાછળ છોડતો

ચાલ્યો જતો હતો...

અંતે, તેમની યાદમાં તેમનાં જ કાવ્ય 'સ્મરણ'ની એક પંક્તિ અહીં ઉલ્લેખનીય છે.

મરણ અને સ્મરણ
શીદને આમ જોડાજોડ?
દૃષ્ટિથી દૂર જનાર
શું સમાઈ જાય નયનોમાં?
શું પછી ચહેરો ચોખ્ખો દેખાતો થાય!

વ્યક્તિ દૃષ્ટિથી દૂર જાય છે, પરંતુ તેમની સ્મૃતિઓનું વહેતું તેજ સમીપ રહે છે.

❑



બે તારીખો વચ્ચે – ગિરીશ ભટ્ટ (વાર્તાસંગ્રહ)

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૧૩૬, કિં. રૂ. ૧૮૦/- પ્રકાશક : લટૂર પ્રકાશન, 'અવનિલોક', 3 શાંતિનગર સોસાયટી, ૨૨૭૩-હિલડ્રાઇવ, ભાવનગર – ૩૬૪૦૦૧. મો.: ૯૬૨૪૬૯૫૬૪૬.

૮૩મેં વર્ષે પણ કલમની કૃપા ધરાવનાર ગિરીશભાઈ ભટ્ટનાં કવિતા, નવલકથા, નવલિકા, બાળસાહિત્ય અને સંપાદન ક્ષેત્રે ૨૧થી વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'બે તારીખો વચ્ચે' તેમનો આઠમો વાર્તાસંગ્રહ છે. તેમના મતે 'બે તારીખો વચ્ચે' એટલે એક એવો સમય ખંડ, જેને આપણે જિંદગી કહી શકીએ, જે સમયને સુપેરે પસાર કરી શકે એમાં જ મનુષ્ય માત્રની સાર્થકતા.

પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં 'બે તારીખો વચ્ચે', 'અંત વિનાની ગલી', 'આશ્રય', 'બે બહેનો', 'છેલ્લી ઘડી' જેવી કુલ ચૌદ વાર્તાઓનો સમાવેશ થયો છે. એમાં ઇતિહાસની બે તારીખો વચ્ચે હિરોશીમાના વિનાશની બનેલી ઘટના, સંકડાશ, ભીનાશ, ઝંખતું અજવાળું અને મંદ કોલાહલ ધરાવતી બનારસની અંત વિનાની ગલીઓની સ્મૃતિઓ, મનોરમા અને અમોલા વચ્ચેના આશ્રિત ભાવ અને આશ્રયસ્થાન વચ્ચેની મનોરમાની મનઃસ્થિતિ, જીવતા બાપને ધિક્કારનાર પુત્ર બાપના અસ્થિ વિસર્જન પછી પણ પોતાની નફરતથી મુક્ત ન કરી શકે એવી કરુણ ઘટના, બીમાર પિતાની સારવાર સાથે તમામ જવાબદારીનો બોજ ઉઠાવનાર બે બહેનોની સમજદારી વગેરે જેવી અનેક કરુણ અને વાસ્તવિક

ઘટનાઓને આવરી લે છે. દરેક મનુષ્યના જીવનમાં બે તારીખો વચ્ચેની સારી-ખરાબ ઘટના મનમાં એક છાપ છોડીને જાય છે, જેની અસર જીવનભર રહી જતી હોય છે. આ પ્રકારની ઘટનાઓને આલેખીને વાર્તાકાર ગિરીશ ભટ્ટ વાચકો સમક્ષ અનોખી છાપ છોડે છે.

❑

ગુલામ – વલ્લભ નાંઢા (નવલકથા)



પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૧૯૨, કિં. રૂ. ૨૭૫/-
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨. રતનપોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.


વાર્તાસંગ્રહ, લેખસંગ્રહ, નવલકથા તેમજ સંપાદન ક્ષેત્રે વલ્લભભાઈ નાંઢાના અઢાર જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'ગુલામ' નવલકથા શીર્ષક પરથી જ 'ગુલામી પ્રથા'નું સૂચન કરે છે. ત્રણ સદીથી ચાલતી પશ્ચિમ આફ્રિકા ખંડના મૂળ વતનીઓની ઉઠાંતરી સામે અવાજ ઉઠાવવાનો પ્રશ્ન મુખ્ય વિષયવસ્તુ બની રહે છે. આ પ્રથાને નાબૂદ કરવા માટે ઘણા સમયથી આકરી લડત ચાલુ હતી. બ્રિટનની પાર્લમેન્ટમાં ગુલામોના વેપાર પર પ્રતિબંધ મૂકતું બિલ પસાર થયા બાદ ધીમે-ધીમે ગુલામી પ્રથા સંપૂર્ણપણે નાબૂદ થઈ, ત્યાં સુધી ગુલામોનું બ્રિટનવાસીઓના ઘરમાં નોકર કે નોકરાણી તરીકે થતું શોષણ આ કથાપ્રવાહમાં વણી લેવાયું છે. નવલકથાનાં પાત્રો અને કથાવસ્તુ કાલ્પનિક ભૂમિકા પર રચાયાં છે.

પ્રસ્તાવનામાં ડૉ. બળવંત જાની નોંધે છે એમ વલ્લભ નાંઢાની આ નવલકથા 'ગુલામ'માં ગુલામો વેચવા માટે ખરીદવાનું અને વેચાણ પૂર્વે ગુલામને કેળવવાનું કામ જેમના હસ્તક હતું તેમનો ગુલામ વ્યક્તિત્વ પરત્વેનો સદ્ભાવ કેવો વિકાસ પામે છે અને એથી પરિવારમાં, પોતાનામાં તથા ગુલામમાં કેવાં આંદોલનો પ્રગટે છે એનું આલેખન આસ્વાદ્ય, રસપ્રદ અને બોધપ્રદ બની રહે એ રીતે થયું છે.

❑

કલાસંપદા – સં. નિસર્ગ આહીર

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૩૩૨, કિં. રૂ. અમૂલ્ય, પ્રકાશક : કલાપ્રતિષ્ઠાન, 'રંગ' ૧૮, રાજાનન સોસાયટી વિભાગ-3, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત - ૩૯૫૦૦૪. મો : ૯૮૨૫૬ ૬૪૧૬૧. email : kalapratishthan2018@gmail.com



કલાપ્રતિષ્ઠાન, સુરત દ્વારા કલા અને કલાકારને લગતાં પુસ્તકોની શ્રેણી પ્રગટ થઈ છે એનો પ્રસ્તુત ગ્રંથ ૩૨મો મણકો છે. ગુજરાતમાં પોષાયેલી વિવિધ ચાક્ષુષ કલાઓનો પરિચયાત્મક આલેખ અહીં સંપાદિત થયો છે. અહીં કલા-વિચાર અને કલા-સંપદા બન્નેનો સુભગ સમન્વય સધાયો છે. ખ્યાતિપ્રાપ્ત કળા-મિમાંસકોથી લઈને અલ્પખ્યાત નવી કલમો પણ અહીં સામેલ છે. સુમન શાહ, મંજુલાલ ર. મજમુદાર, રસિકલાલ છો. પરીખ, મધુસૂદન ઢાંકી, નરોત્તમ પલાણ અને કનુ પટેલથી લઈને નિસર્ગ આહીર સુધીનો વ્યાપ છે. સંપાદક નિસર્ગ આહીર જણાવે છે કે ગ્રંથમાં વિવિધ કલારૂપોનું વૈવિધ્ય આસ્વાદાત્મક, સ્વરૂપલક્ષી, ઐતિહાસિક દૃષ્ટિકોણથી અનેક લેખકો દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. કલાસામગ્રીને વ્યાપક અને બહુવિધ બનાવવાના આશયથી કેટલાક લેખોનો અનુવાદ કરવામાં આવ્યો છે, કેટલાક લેખો પુસ્તક કે સામયિકમાંથી પસંદ કરીને પુનઃપ્રકાશિત કરવામાં આવ્યા છે, કેટલાક લેખો ખાસ આમંત્રણ આપીને લખાવવામાં આવ્યા છે.

જોકે ગુજરાતમાં સુવ્યાપ્ત કામાંગરી કલા કે ભીંતચિત્રો વિશેની સામગ્રીને વધુ ન્યાય મળી શક્યો હોત. તેમ છતાં કળા વિશેની એકસામટી આટલી સામગ્રી મળી રહે એ ગુજરાત માટે એક આંખનો ઉત્સવ જ છે.

સાભાર સ્વીકાર

* પ્રકાશક: અમિતાભ મેકવાન (48-1, રિદ્ધિ-સિદ્ધિ ટ્વીન્સ બંગલો, રઘુવીર ચેમ્બર પાછળ, વલ્લભવિદ્યાનગર-388120. મો. 9265016895) * માયાવનના મોર : અમિતાભ મેકવાન, પૃ. 232, કિં. રૂ. 350, પ્રથમ આવૃત્તિ - 2021. * અક્ષરા : અમિતાભ મેકવાન, પૃ. 128, કિં. રૂ. 225, પ્રથમ આવૃત્તિ - 2020. * ટહુકો : અમિતાભ મેકવાન, પૃ. 144, કિં. રૂ. 225, પ્રથમ આવૃત્તિ - 2021. * કોરાં નયન ભીનાં સપનાં... : અમિતાભ મેકવાન, પૃ. 216, કિં. રૂ. 325, પ્રથમ આવૃત્તિ - 2020.
* પ્રકાશક: પ્રવીણ પુસ્તક ભંડાર (લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ) * પરિભ્રમણ : હર્ષદ દવે, પૃ. 88, કિં. રૂ. 100, પ્રથમ આવૃત્તિ - 2021.

તમારી દૃષ્ટિએ

મીરાં અને રહીમ

ગત માર્ચ, ૨૦૨૨ના 'નવનીત સમર્પણ'નો લેખ 'જ્ઞાની અને વિજ્ઞાની'માં એવું લેખન થયું છે કે ૧. કોઈ કવિએ આપણે ત્યાં કહ્યું છે કે 'દધી મથી ધૃત કાઢી લિયો, ડાર દેહી છોરી.' અને ૨. વળી બીજું પણ કોઈએ કહ્યું છે કે 'એક સાધે સબ સધૈ, સબ સાધે સબ જાય.' અહીં પ્રથમનો સંદર્ભ તપાસીએ તો કોઈ કવિએ નહીં, પણ કવયિત્રી મીરાંબાઈ (૧૪૯૮-૧૫૪૬?) એ કહ્યું છે અને અણીશુદ્ધ પદ આ પ્રમાણે છે: 'દૂધ કી મથનિયાં બડે પ્રેમ સે બિલોયી, દધિ મથિ ધૃત કાઢિ લિયો, ડારિ દયી છોયી.' આ પદનાં ભાવસૌંદર્યનું દર્શન કરીએ તો, મીરાંબાઈ કહે છે કે, મળી ગયેલું દૂધ એટલે કે દહીં (દધિ)ને વલોવી (મથિ, મંથન કરી), તેનું સર્વાધિક મહત્ત્વપૂર્ણ તત્ત્વ ઘી (ધૃત) કાઢી લીધા બાદ શેષ રહેતી છાશને છોડી દીધી છે. આ પ્રકારે સંસાર જીવનનું મંથન કર્યા પછી મીરાંબાઈએ કૃષ્ણભક્તિ સારતત્ત્વરૂપે ગ્રહણ કરી, શેષ સંસારને છાશની જેમ વ્યર્થ ગણીને ત્યાગ કર્યો છે. આ પદના શિલ્પસૌંદર્યનું રૂપદર્શન કરીએ તો, તે અન્યોક્તિ અલંકારમાં શણગારાયેલું છે અને સંસ્કૃત તત્સમ (દધિ, ધૃત), તદ્ભવ (દૂધ), રાજસ્થાની (મથનિયા, બિલોયી) અને બ્રજ (ડારિ દયી છોયી) ભાષામાં રચાયેલું છે. તે પ્રતીકાત્મક છે. અહીં 'ઘી' ભક્તિ અને 'છાશ' સાંસારિકતાના પ્રતીક છે. બીજા ક્રમાંકને જાણીએ તો, 'એક સાધે સબ સધૈ...' એ દોહો છે અને તે કોઈએ નહીં. પણ અબ્દુર્રહીમ ખાન-એ-ખાના ઉર્ફે રહીમ (૧૫૫૬-૧૬૨૭)એ કહ્યો છે. આખો દોહો આ પ્રમાણે છેઃ 'એક સાધે સબ સધૈ, સબ સાધે સબ જાય; રહિમન મુલહિ સીંચિબો, ફૂલહિ ફલહિ આધાય.'

પ્રસ્તુત લેખમાં ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનો ૫૯મો શ્લોક આ રીતે ટાંકવામાં આવ્યો છેઃ 'વિષયા વિનિવર્તન્તે, નીરાહારસ્ય દેહીનઃ રસોપ્યસ્ય રસોવર્જમ્, પરમ દૃષ્ટ્વા નિવર્તતે.' અહીં રજૂ થયેલા શ્લોકમાં શબ્દ-જોડણીદોષો જોવા મળે છે. નમૂના દાખલ ખરી જોડણીઃ 'નિરાહારસ્ય, દેહિન, રસોડપ્યસ્ય, રસોવર્જ, પરં'ને બદલે, ખોટી જોડણી 'નીરાહારસ્ય, દેહીન, રસોપ્યસ્ય, રસોવર્જમ, પરમ' થઈ છે. તદુપરાંત શબ્દ-સ્થાન ફેરને તપાસીએ તો 'રસોવર્જ રસોડપ્યસ્ય'ના બદલે 'રસોપ્યસ્ય રસોવર્જમ' રજૂ થયા છે. ટૂંકમાં ભાષાશુદ્ધિ અને શબ્દસ્થાન ન જળવાતા, શ્લોકના હાર્દ અને મૂળભૂત અર્થને ઘણી હાનિ પહોંચે છે. તે અહીં ખાસ નોંધવું ઘટે.

સુરત - પ્રા. જે. આર. વઘાશિયા

* * *



ભવન્સ - વૃત્ત

નવી મુંબઈ કેન્દ્ર

ડૉ. પ્રકાશ અને ડૉ. મંદા આમટે સાથે વાર્તાલાપ

નવી મુંબઈ કેન્દ્ર દ્વારા આયોજિત ૩૦મા ઑનલાઇન કાર્યક્રમમાં પદ્મશ્રી ડૉ. પ્રકાશ બાબા આમટે અને ડૉ. મંદાકિની આમટે સાથે એક રસપ્રદ વાર્તાલાપ યોજાયો હતો. ડૉ. પ્રકાશે રીંછ, ચિત્તો, સાપ, મોર અને અન્ય જંગલી પ્રાણીઓ દ્વારા આપવામાં આવતા પ્રેમ વિશે વાત કરી હતી. તેઓએ હેમલકાસામાં આમટે



પ્રાણી વર્તુળની સ્થાપના કરી છે. એમાં દરેક પ્રકારનાં જંગલી પ્રાણીઓ, અન્ય પ્રાણીઓ માણસોની વચ્ચે શાંતિથી રહી શકે છે.

૧૯૭૩માં ડૉ. પ્રકાશ અને ડૉ. મંદાકિનીએ મળીને, તેમના પિતા બાબા આમટેના જન્મદિવસની ભેટ રૂપે હેમલકાસામાં જ રહીને આદિવાસીઓનું ધ્યાન રાખવાનું નક્કી કર્યું. ભવનના ચિલ્ડ્રન્સ ક્લબના સભ્યો આ વાર્તાલાપ અને આમટેનાં પ્રાણીઓ સાથેના વીડિયો જોઈને ખૂબ પ્રભાવિત થયા.

વડોદરા કેન્દ્ર : સ્થાપના દિવસની ઉજવણી

ભવનની વી. એમ.પબ્લિક સ્કૂલ, વડોદરાએ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ તેમના સ્થાપના દિવસ નિમિત્તે ઑનલાઇન ઉજવણી કરી હતી. કાર્યક્રમની શરૂઆત ભગવાન ગણેશનું ભાવપૂર્વક આહ્‌વાન કરીને થઈ હતી. ત્યારબાદ પ્રાર્થના, નૃત્ય, જનની જન્મભૂમિ વગરે જેવી રચનાઓ પ્રેમાળ માતૃભૂમિને સમર્પિત કરી.

ઇનામવિતરણ સમારોહ દરમિયાન શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં

આવ્યું હતું. 'અમૃતધારા : એક અનાવ્રત ભારત કી ગાથા' વિષય આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંગીત અને નૃત્યની રંગીન શ્રેણીની ભવ્ય રજૂઆત દ્વારા આપણી માતૃભૂમિને શ્રદ્ધાંજલિ આપી.



કોલકાત્તા કેન્દ્ર : BGKV ખાતે રસીકરણ શિબિર

૧૭ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ, ભવનની ગંગાબક્ષ કનોરિયા વિદ્યામંદિર, કોલકાત્તા- બિધાનનગર મ્યુનિસિપલ કૉર્પોરેશનના સહયોગથી ૧૫થી ૧૮ વર્ષની વયના વિદ્યાર્થીઓ માટે મફત રસીકરણનું આયોજન કરવામાં આવ્યું





હતું. વિદ્યાર્થીઓના બહોળા પ્રતિસાદે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. બી.એમ. સી.નાં કૉમ્યુનિટી સ્વાસ્થ્ય મંત્રી ડૉ. કુસુમ અધિકારે અને સંયોજક શ્રીમતી તુલસી સિન્હા રોય શિબિરમાં ઉપસ્થિત હતાં. બી.એમ.સી.એ શિબિરની સરળ કામગીરી માટે શાળાના સભ્યો અને બી.એમ.સી. કમિટીના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

કોચી કેન્દ્ર : આચાર્યો માટે ૧૨મી અખિલ ભારતીય પરિષદ

શિક્ષણ ભારતી દ્વારા આયોજિત ભવનની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો માટે ભવનના કોચી કેન્દ્ર દ્વારા ૧૨મી અખિલ ભારતીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. એનું ઉદ્‌ઘાટન ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ સી.બી.એસ.સી., આઇ.એ.એસ. અધ્યક્ષ શ્રી મનોજ આહુજા દ્વારા ઑનલાઇન પ્લૅટફૉર્મ પર થયું હતું. ભારતીય વિદ્યા ભવન - કોચી કેન્દ્રના નિર્દેશક શ્રી ઈ. રમણકુટ્ટીએ પરિષદનો વિષય 'સ્થાયી વિકાસ - વાસ્તવિકતા તરફ દૃષ્ટિ' રજૂ



કર્યો. આ જ કેન્દ્રના અધ્યક્ષ શ્રી વેણુગોપાલ સી ગોવિંદે પ્રમુખ સંબોધન કર્યું. ચિન્મય મિશન, ચેન્નાઈના પૂજ્ય સ્વામી મિત્રાનંદે તેમના સંબોધનમાં આશીર્વચન આપીને ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''માણસના સ્થાયી વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરિયાત છે, એના દ્વારા જ તે સંપૂર્ણ બને છે.''

આમ, બે દિવસીય પરિષદ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ વિદાય સમારંભ દ્વારા સમાપ્ત થઈ.

બિલ્ડિંગ અને પ્રિન્ટિંગ યુનિટનું ઉદ્‌ઘાટન

તાજેતરમાં ભવનના કોચી કેન્દ્ર મહિલા વિભાગની સામાજિક શાખામાં બે ઇમારતો વધારીને એમાં આધુનિક પ્રિન્ટિંગ યુનિટની સુવિધા ઊભી કરવામાં આવી હતી. મહિલા વિભાગની સ્થાપના ૧૯૮૪માં થઈ હતી, જેનો મુખ્ય આશય મહિલાઓના સામાજિક ઉત્થાન માટે હતો. ગ્રેટર કોચીન વિકાસ સમિતિએ તેની પ્રશંસા કરીને ગાંધીનગર ખાતે ૨૦% જમીન આપી હતી, જેમાં ભવનનો મહિલા વિભાગ પ્રિન્ટિંગ યુનિટ બનાવીને નોટબુક ઉત્પાદન દ્વારા આસપાસની ગરીબ મહિલાઓને રોજગારી પૂરી પડે છે. આ યુનિટમાં અનેક કલ્યાણકારી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે, જેમ કે આરોગ્ય તપાસ કેન્દ્રો, નિઃશુલ્ક દવાઓ, આંગણવાડી, વિદ્યાર્થીઓને મધ્યાહ્‌ન ભોજન, નર્સિંગ સ્ટાફ, મહિલાઓને વૃદ્ધાવસ્થામાં પેન્શન વગેરે.

આ ઇમારત અને મશીનનું ઉદ્‌ઘાટન તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ભારતીય વિદ્યા ભવન કોચી કેન્દ્રના ઉપાધ્યક્ષ, સચિવ અને ખજાનચી સી. એ. શંકરનારાયણ તેમજ અધ્યક્ષ શ્રી ઈ. રમણકુટ્ટીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ચંડીગઢ કેન્દ્ર : વસંતપંચમીની ઉજવણી

ભવન વિદ્યાલય, ચંડીગઢ ખાતે વસંતપંચમીના શુભ અવસરની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના સંગીત ક્લબે વસંતોત્સવને આનંદપૂર્વક ઊજવવા માટે દેવી સરસ્વતીની પૂજા કરી હતી. આ પ્રસંગે ભારતીય વિદ્યા ભવનના પ્રાદેશિક શિક્ષણ અધિકારી ડૉ. અનિલકુમાર શર્મા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ખાસ પ્રસંગે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરવા માટે દેવ સમાજ મહિલા કૉલેજ, સેક્ટર ૪૫ - સંગીત વિભાગના મદદનીશ અધ્યાપક, હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના તજજ્ઞ ડૉ. સૌરભ સૂદને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. સંગીત વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમે વસંતોત્સવને પ્રશંસનીય બનાવ્યો હતો.

ત્રિપુરા કેન્દ્ર : સિલ્વર જ્યુબિલી (૨૫ વર્ષની ઉજવણી)



ભવનની ત્રિપુરા વિદ્યામંદિરે એની ગૌરવશાળી યાત્રાના ૨૫ વર્ષની ઉજવણી કરી

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com

કૂપમંડૂક: ફોન : 022 23630786

રાજેશ વ્યાસ: 1, સરસ્વતી સોસાયટી, જૈન મેમૉરિયલની પાછળ, પાલડી, અમદાવાદ-380 007.

વિનોદ જોશી: 'પ્રયાગ', 32, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-364 001. મો. 9825989737

વિવેક મનહર ટેલર: આયુષ્ય મેડી કેર હોસ્પિટલ, 47, સ્વીટી સોસાયટી, ભાટર રોડ, સુરત-395001. મો. 9824125355

અશ્વિન ચંદારાણા: એ-228, સૌરભ પાર્ક, મમતા ફ્લેટ પાછળ, સુભાનપુરા, વડોદરા-390023, મો. 9601257543

બાદલ પંચાલ: 2-80, હરીબાગ બિલ્ડિંગ, સનમિલ રોડ, લોઅર પરેલ, મુંબઈ-400 013.

ડૉ. ભાલચન્દ્ર હ. હાથી : 677, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર - 21, ગાંધીનગર-382 021. મો. 94278 18473.

દીપક જોશી: એ/6, પ્રમુખ જિયોન બંગ્લોઝ, પ્રમુખનગર રોડ, સરગાસણ, ગાંધીનગર-382 421. મો. 99784 05662

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015

કિરણ વી. મહેતા: સરસ્વતી કૃપા, ભાગ્યોદય સોસાયટી, માનસરોવર રોડ, પાલનપુર-385001.

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026

આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au

નટવર પંડ્યા: S.M.C. ફ્લૅટ્સ નં-આઈ/ ૪ /૮, (નં I/4/8), બાપા સીતારામ સોસાયટી, સાગર સોસાયટીની બાજુમાં, કૉમ્યુનિટી હૉલ સામે, L. H. રોડ, કાપોદ્રા, સુરત-6, Mob. 8530669907

નયના પટેલ: 1201/2, સુંદરમ્ લિંડિસ્ફર્ને રોડ, રંગરાગ રેસિડન્સી, લેઈસેસ્ટર, જહાંગીરપુરા, સુરત-395 005

હસમુખ જોષી: મુ. ખીચા, તા. ધારી, જી. અમરેલી. મો. 9725862500

ભાણદેવ: સરસ્વતી નિકેતન આશ્રમ, કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન, પો. જોધપુર રીવર, મોરબી-363 642.

માના વ્યાસ: બી-401, ક્રિષ્નરાજ, સેન્ટ ઝેવિયર સ્કૂલ રોડ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ-400 056. મો 9820107622

ડૉ. પંકજ જોશી: psjcosmos@gmail.com

રાધિકા પટેલ: 402, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પ્રીતમ નગર, એલિસ બ્રિજ, પાલડી ક્રોસ રોડ, અમદાવાદ-380 007.

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009

વૉટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

હું ભાડાના મકાનમાં રહેતો હતો, પણ એકવાર મેં મારા મકાનમાલિકને શૅરબજાર વિશે વાત કરી. તમે માનશો, હવે અમે બંને ભાડાના મકાનમાં રહીએ છીએ.

☺ ☺ ☺

રતની : ''અલ્યા મુઆ હું તો કાલે બે કલાક એક્સિલેટર પર ફસાઈ ગઈ.''
ગટોર : ''પણ કેમ કરતા?''
રતની : ''અલ્યા ચોથે પગથિયે પોગ્યા તાંતો લાઈટ ગઈ તે હું તે ઠઠી રઈ....''

☺ ☺ ☺

પોલિસે રાડ પાડી : ''એ... એ... બેન આ સ્કૂટર પર L લગાવીને એકલાં કેમ ચલાવો છો? જેને બરાબર આવડતું હોય એવું માણસ તમારી પાછળ હોવું જોઈએ એવો નિયમ છે ઈ નથી ખબર?''

બેને સ્કૂટર ઊભું રાખ્યું ને પાછળ ફરીને રાડ પાડી : ''લે ઈ હતા તો ખરા! પડી ગ્યા લાગે સે.''

☺ ☺ ☺

પતિ (પ્રેમથી ઊભરાઈ જતા અવાજે) : ''હું તને જીવનમાં ક્યારેય ઝઘડવાની તક નહીં આપું પ્રિયે...''
પત્ની : ''હું તક બકની મોહતાજ થોડી છું? હું તો બધી બાબતે આત્મનિર્ભર છું.''

☺ ☺ ☺

''અલ્યા ઈ સાચું કે જોડીઓ સ્વર્ગમાં બને?
જો હા, તો પાછી સિધાવેય સ્વર્ગમાં જ ને?
તે ખાલી લડવા માટે થઈને ધરતીને ધક્કો?''

સુધારો : એપ્રિલ ૨૦૨૨ના અંકમાં 'વૉટ્સએપ'નું પાનું સરતચૂકથી ગયા મહિનાનું જ પ્રગટ થયું છે. દરગુજર કરશો. - સં.

હાસ્યેન સમાપયેત

પિતા : ''જો બેટા તારા માટે નવા ચંપલ લાવ્યો છું!''

પુત્ર : ''વાહ, સરસ છે! પણ મારી સાઈઝ કરતાં મોટા છે!''

પિતા : ''હા, પહેરવાના તો મારે જ છે પણ તારે ક્યારેક મેથીપાક ખાવો પડે એટલે બતાવી દીધા.''

☺ ☺ ☺

પાડોશી : ''તમારા પતિ મૃત્યુ પામ્યા એ જાણીને ખૂબ દુઃખ થયું.''

પત્ની : ''હા, તેઓ ટેબલ ઉપરથી પડી ગયા...''

પાડોશી : ''ટેબલ ઉપર તેઓ શું કરતા હતા?''

પત્ની : ''ફાંસી માટે દોરડું બાંધી રહ્યા હતા.''

☺ ☺ ☺

જજ : ''તમે ગાડી આટલી ઝડપથી કેમ ચલાવી રહ્યા હતા?''

આરોપી : ''સર, બ્રેક ખરાબ થઈ ગઈ હતી એટલે મને લાગ્યું કે જલ્દી જલ્દી ઘરે પહોંચી જાઉં તો અકસ્માતથી બચી જવાય.''

☺ ☺ ☺

પિતા : ''આટલું નબળું પરિણામ? મને જરાય ગમ્યું નથી!''

પુત્ર : ''પપ્પા, મેં પણ ટીચરને એ જ કહ્યું, છતાં એમણે તમને મોકલી આપ્યું.''

☺ ☺ ☺

મેનેજર : ''તમને નોકરીની જરૂર છે?''

અરજદાર : ''હા, સર...''

મેનેજર : ''તમે ક્યારેય ખોટું બોલો છો?''

અરજદાર : ''ના, સર પણ શીખી જઈશ...!''

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

ISBN 978-81-7276-581-1

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.